4. Family budgets.
5. Distribution of income.
6. Computation of National income and Social accounting.
7. Analysis of time series, statistical measurement of Business cycles.
8. Statistical Laws of Supply and Demand.

Paper II : Statistical Quality Control — One Paper of 100 marks.

1. Shewart Control Chart for variables, for fraction defective and for defects.
2. Theory of runs.
3. Sampling inspection.
4. Acceptance Procedures. Sequential Sampling, Simon Charts, Dodge Roming tables.
5. Organisation of Statistical Quality Control.

Paper III : Demography — One paper of 100 marks.

Vital Statistics including Census, birth, death, marriage and migration statistics; the use of such statistics in population and related problems, including population trends. The computation and interpretation of reproduction rates and other fertility indices. Family distributions. Occupational fertility, sickness and mortality.

Paper IV : Econometrics — One paper of 100 marks.

Functions and Diagrams in Economic Theory — Elasticities (Demand, Supply, Substitution, etc.) — The Theory of Consumer's Choice — Indifference

Technique — The Slutsky Equation and its Extensions—The Generalised Law of Demand — The Concept of Equilibrium — General and Particular — Equilibrium and Stability Conditions under Perfect Competition and Monopoly — The Determinateness of Equilibrium under Duopoly and Oligopoly—The Production Function — The Law of Diminishing Marginal Productivity—Euler's Theorem and the Pricing of Factors — The Problem of Production Discontinuities — Inter-relationship of Factors and Products — Mathematical Formulations of Welfare Propositions : Pareto, Pigou, Hotelling, Bergson, Kaldor, Hicks, Lange, Samuelson, etc. — Theories of Capital and Interest—The Technique of Aggregate Analysis — The Consumption Function and the Multiplier — Dynamic Analysis — Hicks, Kalecki, Samuelson.

પરિશિષ્ટ "૬"

કામકાજ નં. ૮૩

ANCIENT INDIAN CULTURE

for the B.A. Examination

Paper I :

Cultural History of Ancient India from earliest times to 1000 A.D.

Topics :

The meaning of culture and civilization, general features of Indian Culture, Sources, Stone Ages, Indus Valley Civilization, Early Vedic and Later Vedic Civilization.
Rise and growth of Buddhism, Jainism and Later Brahmanism ; the epics — the Darsanas — the Smritis and the Puranas with special emphasis on their influence on society in general.
Expansion of Indian culture outside India.

Paper II :

An outline of the cultural History of Gujarat upto 1300 A.D.

Topics :

Gujarat and its people — special features of its culture, sources, early sub-divisions of Gujarat — Pauranic traditions — Mouryan period — The Yavana period — the Ksha'trapa period — the Gupta period — the Maitraka period — the Pratihara — Rastrakuta period — the Golden age of the Solankis (Including the Vaghelas).

Paper III :

General acquaintance with Principal Tenets of the Vedic, Buddhist, Jain religions with special reference to Bhagwadgeeta, the Dhammapada and the Yogadrasti-Samucchaya.

Topics :

Vedic religion — Vaishnavism and other allied systems — Early Buddhism — Himayana and Mahayana — Early Jainism — Digambara and Swetambara sects :

Paper IV :

An Outline of Indian Architecture, Sculpture and Painting upto 1600 A.D.

Topics :

Architecture and sculpture of the Indus Valley—Buddhist monuments ; the Stupas, the Chaitya Halls ; the Viharas — (both structural and Rock Rock-cut) ; Brahmanical Monuments ; Evolution of the temples, Indo-Aryan and Dravidian Styles (both Structural and Rock-cut) ;

Jain Monuments ; Caves, Stupas and temples ; Forts, Palaces, wells, step-wells etc., Statutes, Figuring ; Terracottas, Bronzes, different schools of Indian Plastic Art.

Paintings : Early Mural Paintings — Later Mural Paintings Ajanta and Bagh Painting — Medieval — Mural Paintings — Miniature Paintings — Different Schools of Indian Paintings.

Paper V :

A detailed study of Varnas, Ashramas and Samskaras of Ancient India.

Topics :

Varnas ; The development of the Varna system and its Social implications Ashramas — evolution and significance of Ashram ideals ; Samskaras ; with special emphasis on Upanayana, Vivah and Antyeshthi-marriage customs and rituals, A widow-hood, re-marriage, and divorce — five great sacrifices.

Paper VI :

A study of the Main works of Ancient Indian Drama with special emphasis on Social life depicted therein.

Topics :

An outline History of Sanskrit Drama with special reference to the Dramatic works of Bhasa, Sudraka, Kalidasa, Vishakhadatta Harsha and Bhavabhuti.

પરિશિષ્ટ "ધ"

કામકાજ નં. ૯૨

નં. સિં. ૭૫૮૭૧-૭૬-૧૯૫૪,
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૨૨-૧૨-૧૯૫૪,

એફિલિયેટેડ કૉલેજોના અને માન્ય થયેલી સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર ઉપર વિચારણા અને રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સ્ટેંડિંગ કમિટીની ૮મી બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં શુક્રવાર તા. ૩-૧૨-૧૯૫૪ના રોજ સાંજના ૪-૦ કલાકે મળેલી જેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ-ચાન્સેલર	હાજર,
૨. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ	હાજર,
૩. પ્રિન્સિપાલ એન. એમ. શાહ	ગેરહાજર,
૪. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	હાજર,
૫. ડૉ. સી. એસ. પટેલ	ગેરહાજર,
૬. પ્રિન્સિપાલ એ. ડિસોઝા	હાજર.

૧. તા. ૨-૭-૧૯૫૪ના રોજ મળેલી ૭મી બેઠકની નોંધને બહાલી આપવા બાબત:

તા. ૨-૭-૧૯૫૪ના રોજ મળેલી ૭મી બેઠકની નોંધને બહાલી આપવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઈસ-ચાન્સેલરે સહી કરી.

૨. તા. ૨-૭-૧૯૫૪ના રોજ મળેલી ૭મી બેઠકના ઠરાવ મુજબ જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના શ્રી. એલ. એચ. ટેન્ગશેની નિમણૂકને હાલ માન્ય રાખવામાં આવી નહોતી. પરંતુ આ સત્રના અંત સુધીમાં પી. એચ. ડી. થઈ જાય તો માન્ય રાખવી એમ મજકૂર કૉલેજના પ્રિન્સિપાલને જાણ કરતાં તેમના તરફથી આવેલો નીચે મુજબનો પત્ર:

"Now that Prof. L. H. Tengshe has already secured the Ph.D. Degree, by Thesis (in English) of the Bombay University, as per your above letter, the College Authorities assume that his appointment as a Prof. of English stands approved."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એલ. એચ. ટેન્ગશેની નિમણૂક મંજૂર કરવી.

૩. તા. ૨-૭-૧૯૫૪ના રોજ મળેલી ૭મી બેઠકના ઠરાવ મુજબ સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટરને સૌરાષ્ટ્ર સરકારની કૉલેજોમાં યુનિવર્સિટીએ ઠરાવેલ લાયકાતો મુજબના માણસો નિમણૂકો કરવા માટે ધ્યાન આપવા જણાવતા તેમના તરફથી આવેલો નીચે મુજબનો જવાબ:

"The procedure as laid down by Government is being duly followed."

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર સરકારની કૉલેજોમાં સ્ટાફ અંગેની નિમણૂકો કરવામાં યુનિવર્સિટીએ ઘડેલા નિયમો પાળવા અને તે નિયમો વિરુદ્ધની નિમણૂકોને બહાલી આપવામાં આવશે

નહિ. યુનિવર્સિટીના ધારાધોરણને અનુસરીને નિમણૂકો કરવી. આ મુજબ સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને જવાબ આપવો.

૪. તા. ૨-૭-૧૯૫૪ના રોજ મળેલી ૭મી બેઠકના ઠરાવ મુજબ શેઠ વાડિલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઈ મેટર્નિટી હોમ, અમદાવાદના ડૉ. જે. ટી. ભટ્ટ કયા વિષયો કયા ક્લાસીસમાં તેઓ શીખવે છે અને અઠવાડિક કેટલા પિરિયડ્સ લે છે તે બાબત અંગે મજકૂર સંસ્થાને પુછાવતાં જવાબ આવ્યો કે ડૉ. જે. ટી. ભટ્ટની નિમણૂક શેઠ લલ્લુભાઈ ગોરધનદાસ જનરલ હૉસ્પિટલ, મણિનગરમાં થઈ છે, અને તેમની જગ્યાએ મજકૂર સંસ્થામાં ડૉ. એસ. સી. શાહની નિમણૂક થઈ છે તો તે રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એસ. સી. શાહની નિમણૂક મંજૂર કરવી.

તા. ૨-૭-૧૯૫૪ના રોજ મળેલી ૭મી બેઠક વખતે સંકળાયેલી કૉલેજો અને માન્ય થયેલ સંસ્થાના સ્ટાફમાં થયેલ ફેરફારમાંની નીચે જણાવેલી કૉલેજોના અને સંસ્થાના સભ્યોનાં નામ સામે જણાવેલી મંગાવવામાં આવેલી હકીકત:

કૉલેજ સંસ્થાનું નામ:	સ્ટાફ સભ્યની મંગાવવામાં આવેલી હકીકત
૧. પેટલાદ કૉલેજ, પેટલાદ,	શ્રી. કે. એન. ગુપ્તેએ, બી. એસ. સી. ની પરીક્ષા કયા વિષયો સાથે કયા વર્ગમાં પાસ કરી છે અને એમ. એસ. સી. ની પરીક્ષા પેપર્સ સાથે પાસ કરી છે કે થિસિસથી પાસ કરી છે તે બાબત વિષે પુછાવતાં તે અંગે કૉલેજ તરફથી આવેલ પત્ર.
૨. સામળદાસ કૉલેજ, ભાવનગર.	શ્રી. એસ. એસ. દવેની બાબતમાં એમ. એસ. સી. ઍપ્લાઇડ મૅથેમેટિક્સમાં ૧૯૩૭માં ક્લાસ અપાતો હતો કે કેમ તે અંગે મુંબઈ યુનિવર્સિટીમાં પુછાવતાં તેમ જ એમ. એસ. સી. મૅથેમેટિક્સ ગ્રૂપ "બી"માં ૧૯૪૭માં ક્લાસ અપાતો હતો કે કેમ તે અંગે મુંબઈ યુનિવર્સિટીમાં પુછાવતાં મજકૂર યુનિવર્સિટી તરફથી આવેલો પત્ર.
૩. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	૧. શ્રી. બાળગોપાળ કેશવ આચાર્ય, ૨. શ્રી. દોલતરાય નારણજી દેસાઈ, અને ૩. શ્રી. હાકોરદાસ મનમોહનદાસ વકીલની જગ્યાઓએ જે માણસોની નિમણૂકો થાય તેમના રિપોર્ટો મુકરર કરેલા ફૉર્મમાં તુરત જ કરવા તે બાબત વિષે જાણ કરતાં કૉલેજ તરફથી આવેલા રિપોર્ટો.

આથી ઠરાવવામાં આવે છે કે —

૧. શ્રી. કે. એન. ગુપ્તેની નિમણૂકને મંજૂર રાખવી.

૨. શ્રી. એસ. એસ. દવેની નિમણૂકને મંજૂર રાખવી.

૩. શ્રી. એમ. એસ. દત્તાત્રય, શ્રી. કે. આઈ. ઠક્કર અને શ્રી. એમ. એસ. પારેખની નિમણૂકોને મંજૂર રાખવી.

૬. તા. ૨-૭-૧૯૫૪ના રોજ મળેલી ૭મી બેઠકના ઠરાવ મુજબ આર. આર. લાલન ઇન્ટર મિડિયેટ કૉલેજ, ભૂજ-કચ્છના પ્રિન્સિપાલને આ યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાતો ધરાવતા માણસની તાકીદે પશિંયન શીખવવા માટે નિમણૂક કરવા જણાવતાં તેમના તરફથી આવેલ રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એસ. પાઠકજીએ બી. એ. અને એમ. એ.ની ડિગ્રી પર્શિયન વિષય સાથે પસાર કરી છે કે નહિ તે પુછાવવું.

૭. નીચે જણાવેલી માન્ય સંસ્થાઓ અને એફિલિયેટેડ કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફારો:

૧. ગુજરાત કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદ-૬

૨. એચ. એલ. કૉલેજ ઓફ કૉમર્સ, નવરંગપુરા, અમદાવાદ-૯

૩. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.

૪. એલ. ડી. કૉલેજ ઓફ એન્જિનિયરિંગ, નવરંગપુરા, અમદાવાદ-૯.

૫. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. સારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી.

૬. પેટલાદ કૉલેજ, પેટલાદ,

૭. એમ. એન. કૉલેજ, વીસનગર.

૮. એમ. ટી. બી. કૉલેજ, આથવા લાઇન્સ, સુરત.

૯. એ. જી. ટીચર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯.

૧૦. બી. જે. કૉલેજ ઓફ કૉમર્સ, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.

૧૧. શેઠ વી. એસ. જનરલ હૉસ્પિટલ એન્ડ શેઠ ચિનાઈ મેટર્નિટી હોમ, એલિસબ્રિજ, અમદાવાદ-૬.

૧૨. આર. આર. લાલન ઇન્ટરમિડિયેટ, કૉલેજ, ભૂજ-કચ્છ.

૧૩. એલ. ડી. આર્ટસ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવરંગપુરા, અમદાવાદ-૯.

૧૪. સામળદાસ કૉલેજ, ભાવનગર.

૧૫. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદ-૬.

૧૬. જે. એન્ડ જે. કૉલેજ ઓફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ.

૧૭. સર. કે. પી. કૉલેજ ઓફ કૉમર્સ, સુરત.

૧૮. એમ. જે. કૉલેજ ઓફ કૉમર્સ, ભાવનગર.

૧૯. શિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.

૨૦. શેઠ બી. જે ઇન્સ્ટિટ્યૂટ ઓફ લર્નિંગ એન્ડ રિસર્ચ, ભદ્ર, અમદાવાદ.

૨૧. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.

૨૨. મહાબુદ્દીન કૉલેજ, જૂનાગઢ.

૨૩. લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી.

અ. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજના નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલ ફેરફારો મંજૂર કરવા:

કૉલેજનું નામ:	સ્ટાફ સભ્યનું નામ:
૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. આર. એન. ઉસગાંવકર ૨. શ્રી. એન. ડી. કામત ૩. શ્રી. એસ. એ. કુલકર્ણી ૪. શ્રી. કે. એમ. મહેતા ૫. શ્રી. બી. ડબલ્યુ ચવાણ ૬. શ્રી. એસ. જે. સ્વામીનારાયણ ૭. શ્રી. કે. એમ. મહેતા ૮. શ્રી. જે. આઈ. સેતલવાડ ૯. શ્રી. ડી. પી. ઠાકર ૧૦. શ્રી. વી. જી. પંડ્યા
૨. એચ. એલ. કૉલેજ ઓફ કૉમર્સ, અમદાવાદ.	૧. શ્રી. એસ. એ. દવે.
૩. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.	૧. મિસ વી. પી. પંડ્યા ૨. શ્રી. કે. ત્રિપાઠી ૩. મિસ સાલ્ડન્હા નીના કારમેન
૪. એલ. ડી. કૉલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ.	૧. શ્રી. કે. એસ. શંકર ૨. શ્રી. પી. એસ. કોલવલકર
૫. એસ. બી. ગાર્ડા કૉલેજ એન્ડ બી. પી. મારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી	૧. મિસ એસ. સી. મહેતા ૨. શ્રી. એન. એલ. શાહ
૬. પેટલાદ કૉલેજ, પેટલાદ.	૧. શ્રી. વી. સી. ઉપાધ્યાય ૨. શ્રી. એ. એમ. તલાટી ૩. કો. એસ. વી. શાહ ૪. શ્રી. એમ. આર. કોટડાવાળા

૭. એમ. એન કૉલેજ, વીસનગર.	૧. શ્રી. જી. એમ. પાટીલ ૨. શ્રી. એસ. એસ. મેંસીકાર્ન ૩. પ્રિન્સિપાલ સી. ડી. દેશપાંડે ૪. શ્રી. કે. એચ. કુલકર્ણી ૫. શ્રી. એચ. જી. માને ૬. શ્રી. આર. બી. શ્રીવાસ્તવની ફોર્મર મેમ્બર તરીકે આવેલા રિપોર્ટની નોંધ લેવી.
૮. એમ. ટી. બી. કૉલેજ, સુરત.	૧. શ્રી. વાય. એ. જમાલ ૨. શ્રી. એમ. સી. જોષી ૩. મિસ. વી. એસ. નવલકર ૪. શ્રી. જે. એચ. પાઠક
૯. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. જે. કે. શુકલ, ૨. શ્રી. બી. એ. લાલા
૧૦. ભીખાભાઈ જવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય વલ્લભ વિદ્યાનગર વાયા આણંદ.	૧. મિસ. વી. પી. પંડ્યા ૨. શ્રી. ડી. એમ. માસ્તર ગુજરાતી વિષય શિખવાડવા માટે લેક્ચરર તરીકે માન્ય કરવામાં આવે છે, પરંતુ ઇંગ્લિશ વિષય શિખવાડવા માટે યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાતો ધરાવતા ન હોવાથી મજકૂર વિષય માટે માન્ય કરવામાં આવતા નથી.
૧૧. શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ એન્ડ શેઠ ચિનાઈ મેટર્નિટી હોમ, અમદાવાદ.	૧. ડૉ. એમ. ડી. પટેલ
૧૨. આર. આર. લાલન ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભુજ – કચ્છ.	૧. શ્રી. આર. એમ. ચીટનીસ
૧૩. એલ. ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	૧. શ્રી. જે. એલ. ધોળકિયા ૨. શ્રી. સી. જે. પટેલ

૧૪. સામળદાસ કૉલેજ ઍન્ડ સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર.	૧. શ્રી. બી. એસ. પટેલ ૨. ડૉ. સી. એન. વાડિયા ૩. શ્રી. આર. એન. દવે ૪. શ્રી. ડી. એચ. પંડ્યા ૫. શ્રી. એન. ડી. વાણી
૧૫. સર એલ. એ. શાહ લૉ કૉલેજ અમદાવાદ.	૧. શ્રી. આર. સી. ત્રિપાઠી ૨. શ્રી. ડી. પી. મહેતા
૧૬. જે ઍન્ડ જે કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ.	૧. પર્શિયન વિષય શીખવા માટે કોઈ વિદ્યાર્થી ન હોવાથી, શ્રી. એસ. એમ. મહેતાની જગ્યાએ કોઈ નવી નિમણૂક કૉલેજે કરી નહિ હોવાથી અગાઉની નિમણૂકના શ્રી. એસ. એમ. મહેતાના રિપોર્ટની નોંધ લેવી. ૨. શ્રી. આર. એલ. ઉમરવાડિયા ૩. શ્રી. એમ. એમ. પટેલ
૧૭. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	૧. શ્રી. એમ. આર. કોટડાવાલા
૧૮. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.	૧. શ્રી. ડી. સી. મહેતા
૧૯. બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય વલ્લભ વિદ્યાનગર	૧. શ્રી. આર. કે. અમીન ૨. શ્રી. સરદારચંદ ચીમાહ ૩. શ્રી. કે. એન. શાહ ૪. શ્રી. એસ. પી. ઓસ્તવાલ
૨૦. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ	૧. શ્રી. આર. આર. મીશ્ર ૨. મિસ જે. ટી. દોશી ૩. એન. રામરાવ નાગર ૪. શ્રી. આર. કે. ગાંધી ૫. શ્રી. એસ. એમ. મહેતા ૬. શ્રી. વી. બી. નાડકર્ણી ૭. શ્રી. એમ. એચ. એસ. મુથી
૨૧. મહાબુદ્દીન કૉલેજ, જૂનાગઢ.	૧. શ્રી. એ. એસ. પ્રભુદેસાઈ ૨. શ્રી. એમ. જે. પાડકજી

૨૨. લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી.	૧. શ્રી. ઓમકારસિંગ ૨. શ્રી. વી. જે. ભટ્ટ ૩. શ્રી. કે. વી. વસાવડા ૪. શ્રી. ટી. એમ. પરીખ ૫. શ્રી. પી. કે. બાલકૃષ્ણન્ ૬. શ્રી. એસ. એસ. પુંતાંબેકર ૭. શ્રી. વી. એમ. ભટ્ટ ૮. શ્રી. એસ. જી. પટેલ ૯. શ્રી. સી. કે. નારાયણસ્વામી

બ. નીચે દર્શાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલ સ્ટાફના સભ્યોની નિમણૂકો મંજૂર રાખવી નહિ.

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી.	૧. મીસ ભરૂચા તેહમી ફિરોઝ (આગ્રા યુનિવર્સિટીની પરીક્ષાઓ આ યુનિવર્સિટીએ માન્ય કરેલ નથી.)
૨. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર.	૧. શ્રી ગોવિંદ ચંદ બેરી (આગ્રા યુનિવર્સિટીની પરીક્ષાઓ આ યુનિવર્સિટીએ માન્ય કરેલ નથી.) ૨. શ્રી. એસ. રાજગોપાળ (યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી. લેક્ચરર ઇન કૉમર્સની જગ્યાએ લેક્ચરર ઇન કૉમર્સની નિમણૂક કરવી.)
૩. શ્રી. આર. આર. લાલન ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભૂજ – કચ્છ.	૧. શ્રી. કે. કે ચિનાપ્પા, (આ યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી.)
૪. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	૧. શ્રી. એન. એમ. સંઘાણી (યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી તેમ જ લેક્ચરરની જગ્યાએ ટ્યૂટર નીમી શકાય નહિ.)
૫. સામળદાસ કૉલેજ એન્ડ સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર	૧. શ્રી. સી. જી. માંડવિયા, (યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી)

૬. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	૧. શ્રી. ડી. એચ. ઓક (આગ્રા યુનિવર્સિટીની પરીક્ષાઓ આ યુનિવર્સિટીએ માન્ય કરેલ નથી.)
૭. બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર.	૧. શ્રી એસ. બી. પંડિત (ઇકોનોમિક્સ તેમ જ એન્જિનિયરિંગ વિષયો શિખવાડવા માટે યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાતો ધરાવતા નથી.)
૮. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.	૧. શ્રી મોહનલાલ ગાગ (આગ્રા યુનિવર્સિટીની પરીક્ષાઓ આ યુનિવર્સિટીએ માન્ય કરેલ નથી.)
૯. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.	૧. મિસ મીનાક્ષી કાન્તિલાલ વોરા (યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી. લેકચરરની જગ્યાએ લેકચરરની નિમણૂક તાત્કાલિક કરવી.)
૧૦. લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી	૧. શ્રી. એ. પી. ગાગ (એફ. ઈ. અને એસ. ઈ. નાં લેકચરો લઈ શકે નહિ તેથી આસિસ્ટન્ટ લેકચરર તરીકેની નિમણૂકને મંજૂર રાખવામાં આવી નથી. ૨. શ્રી જી. બી. સાઠે (ડિગ્રી કલાસીસ માટે લાયકાત ધરાવતા નહિ હોવાથી તેમની નિમણૂક નામંજૂર કરવામાં આવે છે.) શ્રી ટી. આર. કારાડ (ડિગ્રી કલાસીસ માટે લાયકાત ધરાવતા નહિ હોવાથી તેમની નિમણૂક નામંજૂર કરવામાં આવે છે.) ૪. શ્રી. એમ. આર. ગોખલે (યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી.) ૫. શ્રી. બી. આર. જુરહાડે (યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી.)

૬. નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ સ્ટાફ અંગે જરૂરી માહિતી મંગાવવી :

કૉલેજનું નામ	સ્ટાફ સભ્યનું નામ
૧. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ	૧. શ્રી મગનલાલ ગાંગૂએ અને શ્રી. એસ. એમ. વાડિયાએ ઈસ્ટ પંજાબ યુનિવર્સિટી સોલનમાંથી તેમણે એમ. એ. (ઇંગ્લિશ) ની ડિગ્રી પ્રાપ્ત કરી છે કે વેસ્ટ પંજાબ યુનિવર્સિટી, લાહોરમાંથી પ્રાપ્ત કરી છે ? અને કયા વર્ષમાં તેમણે મજકૂર ડિગ્રી મેળવી છે તે બાબત અંગે અને શ્રી. મગનલાલ કયા વિષયના લેક્ચરર છે અને શ્રી. એસ. એમ. વાડિયા કયા વિષયના પ્રોફેસર છે તે બાબત અંગે પુછાવવું.
૨. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.	૧. શ્રી. મગનલાલ ગાંગૂએ ઈસ્ટ પંજાબ યુનિવર્સિટી, સોલનમાંથી તેમણે એમ. એ. ની ડિગ્રી પ્રાપ્ત કરી છે કે વેસ્ટ પંજાબ યુનિવર્સિટી, લાહોરમાંથી પ્રાપ્ત કરી છે ? અને કયા વિષયો સાથે મજકૂર ડિગ્રી મેળવી છે તે બાબત અંગે પુછાવવું.
૩. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	૧. શ્રી. એન. એમ. પંડ્યાએ બી. એસ. સી. (ઓનર્સ.) અને એમ. એસ. સી. (ઓનર્સ.)માં કયા વર્ગો (classes) મેળવ્યા હતા તે બાબત અંગે પુછાવવું.
૪. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, આર્ટ્સ સેક્શન, અમદાવાદ.	૧. શ્રી. એમ. સી. શાહ, ઇંગ્લિશ વિષયના પ્રોફેસર છે કે કેમ તે બાબત અંગે પુછાવવું.
૫. બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.	૧. શ્રી. વી. બી. પ્રિયાણીનો શૈક્ષણિક તેમ જ પ્રોફેશનલ અનુભવ કુલ કેટલો છે તે બાબત અંગે વિગતવાર જણાવવા લખવું.
૬. લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી.	૧. શ્રી. એસ. પી. વૈરાગકરના હોદ્દા અંગે પુછાવવું.

૭. નીચે જણાવેલ કૉલેજના નામ સામે જણાવેલ સ્ટાફના સભ્ય પ્રોફેસરમેનનું કામકાજ કરતા હોવાથી તેમની નિમણૂંક અંગેનો રિપોર્ટ યુનિવર્સિટીને કરવાની જરૂરિયાત નથી.

૧. લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી	૧. શ્રી. ચાવડા એમ. એન.

૪. નીચે જણાવેલ સંસ્થાના નામ સામે જણાવેલ ફોરમર મેમ્બર્સ ઑફ સ્ટાફના સભ્યોને શી. જે. ટ્રસ્ટ એકઝીકયુટીવ કમિટીના ઠરાવ અનુસાર તેમના સ્ટાફના સભ્યોની યાદીમાંથી કમી કરવામાં આવેલા હોવાથી તેમની નોંધ લેવી.

સંસ્થાનું નામ :	સ્ટાફના ફોરમર મેમ્બર્સનાં નામો :
૧. શેઠ. બી. જે. ઇન્સ્ટિટયૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ.	૧. પ્રોફેસર ભારતી સારાભાઈ
	૨. ,, કે. વી. અભ્યંકર
	૩. ,, ઉમાશંકર જે. જોષી
	૪. ,, આર. એમ. રાવલ
	૫. ,, આર. બી. જોટે.

૮. નીચે જણાવેલી એફિલિયેટેડ કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફારો :-

૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટયૂટ, અમદાવાદ-૯.

૨. એમ. એન. કૉલેજ, વીસનગર

૩. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત

૪. બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.

૫. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ-૯.

૬. પેટલાદ કૉલેજ, પેટલાદ.

અ. આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના નામ સાથે જણાવેલ સ્ટાફમાં થયેલા ફેરફારો મંજૂર કરવા :

કૉલેજનું નામ :	સ્ટાફના સભ્યનું નામ :
૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટયૂટ, અમદાવાદ.	૧. શ્રી. પી. જી. માવળંકર, (યુનિવર્સિટીના નિયમો અનુસાર તેમને લેકચરર તરીકે નીમવા જોઈએ એ. પ્રોફેસરની જગ્યા માટે યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી.)
૨. એમ. એન. કૉલેજ, વીસનગર.	૧. શ્રી. એસ. એન. દેસાઈ
૩. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	૧. શ્રી. આર. એમ. શુકલ
૪. બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર.	૧. શ્રી. એન. પી. જોષી
૫. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ-૯.	૧. શ્રી. પી. એ. ત્રિવેદી
	૨. શ્રી. પી. જે. શાહ,
	૩. શ્રી. જે. સી. ત્રિવેદી

૬. પેટલાદ કૉલેજ, પેટલાદ	૧. શ્રી. વાય. જી. નાયક ૨. શ્રી. ડી. એસ. પટેલ.

બ. નીચે દર્શાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલ સ્ટાફના સભ્યોની નિમણૂકો મંજૂર રાખવી નહિ :

	કૉલેજનું નામ :	સ્ટાફના સભ્યનું નામ :
૧.	૧. એમ. એન. કૉલેજ, વીસનગર.	૧. શ્રી. આર. વી. શાહ, (યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી.)
	૨. બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.	૧. શ્રી. વાય. વી. હુપ્રીકર, (અનુભવ નહિ હોવાથી તેમની નિમણૂકને નામંજૂર કરવામાં આવી છે.)

ક. નીચે જણાવેલી કૉલેજના નામ સામે જણાવેલ સ્ટાફના સભ્ય અંગે જરૂરી માહિતી મંગાવવી :

કૉલેજનું નામ :	
પેટલાદ કૉલેજ, પેટલાદ.	૧. શ્રી. એસ. એસ. દવેને શૈક્ષણિક અનુભવ કઈ કઈ સંસ્થાઓમાં છે તે બાબત અંગે પુછાવવું.

ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

જ. મં. મહેતા
For રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ન"

કામકાજ નં. ૧૦૨

A meeting of the Committee appointed by the Syndicate to consider cases of candidates who have resorted to unfair means during the examinations of the University held in second half of the year 1954 and to report thereon was held in the University Office on 17-11-1954 at 4-30 p.m. when the attendance was as under :

1.	The Vice-Chancellor	Present
2.	Shri Batubhai H. Desai	Present
3.	Principal R. P. Patel	Present
4.	Shri R. M. Trivedi	Present

The explanation of candidate No. 62 at Second LL.B. (Old Course) which was received on 16-11-1954 i.e. after the last meeting of the Committee held on 12-11-1954 was considered and it was resolved that no change be made in the punishment proposed to be given to him.

The draft letter asking for certain information from Principal M. M. Thakore in this matter was considered and approved with certain changes.

The case of mistake committed in the result of candidate No. 43 at the First LL.B. (New Rules) Examination of declaring him to have passed when he really fails was considered and it was resolved that Rs. 10/- be deducted from the remuneration each of (1) Shri J. M. Mehta, Assistant Registrar and (2) Shri H. B. Kharod, Head Clerk, Examination Section, who are responsible for the mistake.

Sd - H .V. Divatia
Sd/- Batubhai H. Desai
Sd/- R. P. Patel
Sd/- R. M. Trivedi

Ahmedabad
Dated 14-1-1955

A meeting of the Committee appointed by the Syndicate to consider cases of candidates who have resorted to unfair means at the examinations of the University held during the second half of the year 1954 and to report thereon was held in the University Office on 7-12-1954 at 5-30 p.m. when the attendance was as under :—

1.	The Vice-Chancellor	Present
2.	Shri B. H. Desai	Present
3.	Principal R. P. Patel	Present
4.	Shri R. M. Trivedi	Present

The Committee considered the letter of Principal M. M. Thakore received in reply to the University's letter to him asking for certain information from him and resolved to report to the Syndicate as under :

1. No remuneration be paid to Principal M. M. Thakore for his work as a paper-setter at the 2nd LL.B. Examination (Old & New Course held in October 1954 and he be not appointed as a paper-setter or as an examiner at any of the University Examinations till 30-6-1956.

2. The seal to be affixed on the envelopes containing manuscripts of question papers must be of one of the paper-setters where the paper is settled at a meeting and of the senior paper-setter where the paper is settled by correspondence. Seal of any institution must not be used.

Dated 14-1-1955

Sd/- H. V. Divatia
Sd/- Batubhai H. Desai
Sd/- R. P. Patel
Sd/- R. M. Trivedi

પરિશિષ્ટ "૫"

કામકાજ નં. ૧૦૫

નં. સિ. બો. ૯૭૫-૮૭-૫૫
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૭-૧-૫૫.

સિન્ડિકેટે તેની તા. ૯-૧૦-૧૯૫૪ની બેઠકમાં નીમેલી, ટર્મિનોલૉજી અંગે સમગ્રપણે વિચારણા કરી રિપોર્ટ કરવા અંગેની કમિટીની બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં શુક્રવાર તા. ૩-૧૨-૫૪ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૩.	પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક	હાજર
૪.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૫.	શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ	ગેરહાજર
૬.	પ્રોફેસર શ્રી. આર. શેનોય	હાજર

૭.	શ્રી. પી. જી. શાહ	ગેરહાજર
૮.	શ્રી. ઉમાશંકર જોષી	ગેરહાજર
૯.	ડૉ. એમ. ડી. દેસાઈ	હાજર
૧૦.	ડૉ. વાય. જી. નાયક	હાજર
૧૧.	પ્રોફેસર જે. ડી. ઓઝા	હાજર
૧૨.	પ્રોફેસર એન. એમ. શાહ	હાજર
૧૩.	શ્રી. અંબાલાલ ગાંધી	હાજર

મજકૂર વિષય પર સમગ્રપણે વિચાર કરી આથી આ કમિટી સિન્ડિકેટને નીચે મુજબની ભલામણો કરે છે :

(1) The terminology at present in use in the Secondary Schools and in the text books for the Secondary Schools for teaching different subjects in Gujarati should be retained as basis for teaching respective subjects in the colleges and the further vocabulary for college studies be based thereon and on those lines.

(2) International symbols, signs and formula be retained for use as they are in use at present.

(3) English Scientific terms may be retained if suitable Gujarati equivalents cannot be immediately framed or are not available.

(4) The Committee envisages that in order to see that the Terminology may not be rigid and it may be elastic, it is desirable that for the time being English equivalents should be shown in brackets along with the Hindi or Gujarati equivalents that may be used.

Sd/- B. A. Patel
Registrar

પરિશિષ્ટ "ફ"

કામકાજ નં. ૧૧૪

No. 68

University School of Social Sciences,
Gujarat University,
Ahmedabad 9.
13 January 1955.

Dear Sir,

Please refer to the correspondence resting with my letter to you No. 1215 dated 13 December 1954 regarding the Advanced Refresher Course. Having scrutinised the qualifications of the persons recommended by the Constitutent Colleges of the Universit", I wish to recommend for the consideration of the Syndicate the following persons for nomination by the University for the Advanced Refresher Course:

(1) Mr. J. L. Dholakia, M.A.,
Lecturer in Economics,
L. D. Arts College,
Ahmedabad.

(2) Mr. G. C. Beri, M.Com.,
Lecturer in Commerce,
B. J. Vanijya Mahavidyalaya.

Mr. Dholakia is at present engaged in writing a thesis for the Ph.D. degree on Industrial Finance in India with special reference to the finance of the Textile Industry in Ahmedabad. He has written two papers which were read before the Indian Economic Conference. We may nominate him as our first choice.

Mr. Beri secured a first class at the B.Com. and at the M.Com. examinations of the Agra University. He is comparatively young, being 23 years of age, but in view of his class at B.Com. and M.Com. he merits encouragement. We may nominate him as an alternative to Mr. Dholakia in case Mr. Dholakia should be unable to attend the course.

Yours faithfully,
Sd/- B. R. Shenoy
Director

The Registrar,
Gujarat University.

ખાનગી

સિન્ડિકેટ (ખાસ સભા)
તા. ૧૬–૧–૧૯૫૫

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક અસાધારણ સભા તા. ૧૬–૧–૧૯૫૫ના રોજ સવારે ૯–૦૦ વાગે બોલાવવામાં આવી હતી, તેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દ્વિવેદિયા વાઇસ–ચાન્સેલર
૨. શ્રી. મટુભાઈ એચ. દેસાઈ
૩. શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી
૪. શ્રી ભાઈલાલભાઈ ડી. પટેલ
૫. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર
૬. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી
૭. પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ
૮. ડૉ. મોતીભાઈ ડી. પટેલ
૯. શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ
૧૦. શ્રી. બી. આર. શેનોય
૧૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ
૧૨. શ્રી. બી. કે. મુઝૂમદાર

પરંતુ સિન્ડિકેટનું ધ્યાન એ બાબત ઉપર ખેંચવામાં આવ્યું હતું કે નોટિસનો સમય પૂરતો નથી, એટલે કાંઈ પણ કામકાજ કર્યા વિના મીટિંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

નં. સિ. ૭૧૧૨–૨૮ : ૧૯૫૫
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ
અમદાવાદ–૯. તા. ૧ ફેબ્રુ. ૧૯૫૫

જ. મં. મહેતા
ઑફિસિએટિંગ રજિસ્ટ્રાર

CONFIDENTIAL

Syndicate (Special)
Date : 27-1-1955

GUJARAT UNIVERSITY

Minutes of the Special Meeting of the Syndicate held on Thursday the 27th January 1955 at 12-30 p.m.

The following members were present :

1. Shri H. V. Divatia, Vice-Chancellor
2. Principal A. K. Trivedi
3. Principal Dr. R. P. Patel
4. Principal Dr. M. D. Patel
5. Shri B. K. Muzumdar
6. Shri Bhailalbhai D. Patel
7. Shri Ratilal M. Trivedi
8. Dr. Motibhai D. Patel
9. Shri Maganbhai P. Desai
10. Shri Batubhai H. Desai
11. Shri Navnitlal S. Shodhan

Dr. K. G. Naik's letter was read and filed.

The meeting discussed the matter on the agenda and after full consideration, it was unanimously resolved as follows :

RESOLVED that the services of Shri Bhadriklal Ambalal Patel, Registrar of the University, be terminated by giving him six calendar months' notice under Statute 132 of the Gujarat University.

Further resolved that Shri B. A. Patel be relieved of his charge from today, i.e. the 27th of January 1955, and that he be paid his salary and all allowances for January 1955 and that he be also paid his salary and dearness allowance for the period of six calendar months ending on the 31st of July 1955, in lieu of the notice period.

IT WAS FURTHER RESOLVED that the question of the payment of house allowance, Foreign Universities Information Bureau allowance and Examination allowance for the said period be referred to the Government Auditor and the Vice-Chancellor is authorised to act according to his opinion.

The Vice-Chancellor is authorised to communicate this resolution to Shri B. A. Patel to-day.

No. Syn/7129-45 of 1955
Office of the Gujarat University
Ahmedabad-9. Dated 1 Febry. 1955

Sd./- J. M. Mehta,
Offg. Registrar.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની ત્રીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૫–૨–૧૯૫૫ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે મળેલી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા વાઇસ–ચાન્સેલર	હાજર,
૨. શ્રી. એસ. એસ. ભાંડારકર ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, મુંબઈ સ્ટેટ, પૂના	ગેરહાજર, હાજર,
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૪. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર,
૫. ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,
૬. શ્રી. ભાઈલાલ ડી. પટેલ	હાજર,
૭. શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ	હાજર,
૮. શ્રી. બી. કે. મુઝૂમદાર	ગેરહાજર,
૯. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૧૦. શ્રી. રતિલાલ મો. ત્રિવેદી	હાજર,
૧૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર,
૧૨. પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક	હાજર,
૧૩. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	હાજર,
૧૪. પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ	હાજર,
૧૫. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	હાજર,
૧૬. શ્રી. બી. આર. શેનોય	હાજર,
૧૭. પ્રિન્સિપાલ ડૉ. એમ. ડી. પટેલ	હાજર.

૧. તા. ૧૫-૧-૧૯૫૫ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત :

નીચેના સુધારા સાથે કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી :

"કામકાજ નં. ૧૦ના સિન્ડિકેટના ઠરાવના ફકરો (૫) માંથી 'immediately' શબ્દ કાઢી નાખવો."

૧અ. તા. ૧૬-૧-૧૯૫૫ના રોજ મળેલી સિન્ડિકેટની અસાધારણ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત :

તા. ૧૬-૧-૧૯૫૫ની સિન્ડિકેટની અસાધારણ સભાની નોંધને બહાલી આપવામાં આવી અને શ્રી વાઇસ-ચાન્સેલરે તેના ઉપર સહી કરી.

૧બ. તા. ૨૭-૧-૧૯૫૫ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત :

તા. ૨૭-૧-૧૯૫૫ની સિન્ડિકેટની સ્પેશિયલ સભાની નોંધને બહાલી આપવામાં આવી અને શ્રી. વાઇસ-ચાન્સેલરે તેના ઉપર સહી કરી.

૧ક. શ્રી. બી. એ. પટેલ તરફથી આવેલો તા. ૩૧-૧-૧૯૫૫નો વાઇસ-ચાન્સેલર ઉપર આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એ. પટેલ તરફથી આવેલા પત્રનો જવાબ આપવો તથા જો કેસ થાય તો તેને માટે જરૂરી પગલાં લેવા માટે શ્રી. વામનરાવ ચોળકિયાને તે કામ સોંપવું.

૨. શ્રી. ચાન્સેલર તરફ મોકલેલા સ્ટેટયુટ્સ પૈકી સ્ટેટયુટ્સ નં. ૯૭-એ, ૯૮, ૧૦૮ અને ૧૭૬ સિવાયના મંજૂર કર્યા બાબતનો શ્રી. ચાન્સેલરના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ચાન્સેલરના પત્રની નોંધ લેવી અને તે બાબતમાં જરૂરી લખાણ કરવું અને આ બાબત વાઇસ-ચાન્સેલરોની બોર્ડ સમક્ષ પણ મૂકવી.

૩. મુંબઈ સરકારે, યુનિવર્સિટીઓમાંની ટિચીંગ અને રિસર્ચ માટેની સગવડોના "કો-ઓર્ડિનેશન" અંગે નીમેલી ઇનફોર્મલ સમિતિના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે રિપોર્ટ તથા ઑફિસની નોંધ વગેરે અંગે વિચાર કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની કમિટી નીમવી :

૧. પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક
૨. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી
૩. પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ
૪. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર
૫. પ્રિન્સિપાલ ડૉ. એમ. ડી. પટેલ
૬. શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ.

૪. એમ. એ., એમ. એસસી., એમ. કોમ., લૉ પ્રિલિમિનરી, ફર્સ્ટ એલએલ. બી., સેકન્ડ એલએલ. બી. અને એન્જિનિયરિંગની પરીક્ષાઓ ઑર્ડિનાન્સ પ્રમાણે તા. ૧૧-૪-૫૫થી શરૂ થાય પરંતુ બી. એ., બી. એસસી. અને મેડિકલની પરીક્ષાઓ ૧૪ મી સુધી ચાલતી હોવાથી ૧૧ મીએ પ્રશ્નપત્રો છાપવાનું કામ ઘણું વધી જાય તેથી આ પરીક્ષાઓ તા. ૧૫-૪-૫૫ થી શરૂ કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એ., એમ. એસસી., એમ. કોમ., તથા લૉ અને એન્જિનિયરિંગની પરીક્ષાઓ તા. ૧૫-૪-૧૯૫૫ થી શરૂ કરવી.

૫. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને બી. એસસી. બોટાની (સબ્સિડિયરી) માટે કાયમનું જોડાણ આપવા બાબતની અરજી અંગે સિન્ડિકેટે મૂકેલી એડિશનલ લેક્ચરર ઇન બાયોલૉજીની નિમણૂક કરવા બાબતની શરત રદ કરવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખવી અને શરતોમાં તે પ્રમાણે ફેરફાર કરવો. વધુમાં પ્રિન્સિપાલને જણાવવું કે બાયૉલૉજીમાં વધારાનો લેક્ચરર હોય તે ઇચ્છવા યોગ્ય છે માટે તે અને તો નીમવો.

૬. અનુસ્નાતક વિદ્યાર્થીઓએ જે કૉલેજમાં રજિસ્ટર થયા હોય ત્યાં હાજરી આપવી જોઈએ કે અમુક કેન્દ્રમાં આવેલી બધી જ કૉલેજોમાં અપાતાં લેક્ચર્સમાં હાજરી આપવી જોઈએ તે બાબત જણાવવા તથા ૨. યુનિવર્સિટી તરફથી આ પ્રકારનો કેન્દ્રમાં આવેલી બધી કૉલેજોમાંની હાજરી આવશ્યક ગણતો પરિપત્ર આવ્યો નથી અને આવી હાજરી અંગેનો નિયમ કોઈ એક કો-ઑર્ડિનેશન કમિટી વગર શક્ય નથી તેથી તે અંગે યોજના તથા નિયમો ઘડવા બાબત વિચારણા કરવા બાબતનો ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે કો-ઑર્ડિનેશન કમિટીના રિપોર્ટ ઉપર છેવટનો નિર્ણય લેવાય ત્યાં સુધી અત્યારની પ્રથા ચાલુ રાખવી.

૭. "Youth Camps and Labour Welfare by Students"ના ઑર્ગેનાઇઝિર્સની ટ્રેઇનિંગ માટેનો કૅમ્પ યોજવા બાબતની હિંદ સરકારના કેળવણી ખાતાના એડિશનલ સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત રૂા. ૨,૦૦૦-૦-૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૮. એમ. ઈડી.ની પરીક્ષાની તારીખ ૨-૫-૫૫ની છે તેને બદલીને જૂનના પહેલા અઠવાડિયામાં રાખવા બાબતની એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓ તરફથી મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

પ્રિન્સિપાલે તેમના શેરામાં નીચે મુજબ જણાવ્યું છે :

"The applicants have all applied for admission to the M.Ed. Examination this year. They are all working as Assistant Masters in Schools and till the end of April the school work will continue making it almost impossible for them to prepare for the examination. It therefore appears reasonable to shift the date of the examination to the first week of June 1955. I therefore

recommend that the date of the M.Ed. Examination be shifted to 6th June 1955."

આથી ઠરાવવામાં આવે છે કે વિનંતી માન્ય રાખવી.

૯. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના એમ. ઈડી.ના વિદ્યાર્થી શ્રી. સી. એમ. મહેતાની તેઓના ડેસર્ટેશનનો ટોપિક "A study of Maths. ability of Primary School teachers" છે તેને બદલે "A study of the Arithmetical ability of Primary School teachers under training" એ રાખવા બાબત પરવાનગી આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીએ માગેલી પરવાનગી આપવી.

૧૦. સિનિયર ક્લાર્ક શ્રી. જી. એ. દેસાઈ યુનિ. સ્કૂલ ઑફ સોસિયલ સાયન્સીઝમાં ફુલ ટાઈમ કામ કરે છે તે દરમિયાન જુનિયર ક્લાર્ક શ્રી. જી. એન. પટેલે શ્રી. જી. એ. દેસાઈનો ચાર્જ સંભાળી કામ કરે છે તે જોતાં તેમને સિનિયર ક્લાર્ક તરીકેનું ઑફિસિયેટિંગ એલાવન્સ આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એન. પટેલની વિનંતી માન્ય રાખવી અને તેમને તે મુજબ એલાવન્સ આપવું.

૧૧. યુનિવર્સિટી સામે ચાલતા દાવાની અપીલ અંગેની ફી રૂ. ૧૨૧૦નું વકીલ શ્રી. વામનરાવ આર. ધોળકિયા તરફથી આવેલું બિલ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિલ શ્રી. બટુભાઈ એચ. દેસાઈને બતાવી બિલ ચૂકવવું.

૧૨. મુંબઈ સ્ટેટમાં સરકાર તરફથી ડી. ડી. ટી. છાંટવા અંગેની યોજનામાં વિદ્યાર્થીઓની મદદ લેવા બાબતનો અને આ અંગે જેટલા દિવસ વિદ્યાર્થીઓ કૅમ્પમાં હોય તેટલા દિવસ તેમને કૉલેજની હાજરીમાંથી માફી આપવા અંગેનો ડેપ્યુટી સેક્રેટરી ટુ ધી ગવર્નમેન્ટ ઑફ બૉમ્બે, લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ એન્ડ પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટના સેક્રેટરીનો મુંબઈ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી મારફત આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓ જેટલા દિવસ કૅમ્પમાં હોય તેટલા દિવસની તેમની હાજરી ગણવા વિષેની માગણી માન્ય કરી શકાય તેમ નથી તેમ જણાવવું.

૧૩. ૧૯૫૫-૫૬નું બજેટ તૈયાર કરવા માટે બજેટ કમિટી નીમવા બાબત.

(નોંધ :— ૧૯૫૪-૫૫ માટે બજેટ કમિટી ઉપર નીચેના સભ્યો હતા :

૧. શ્રી. એચ. વી. દ્વિવેદીયા, વાઈસ-ચાન્સેલર
૨. શ્રી. બી. ડી. પટેલ
૩. પ્રિન્સિપાલ આર. પી. પટેલ
૪. શ્રી. આર. એમ. ત્રિવેદી
૫. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ.)

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના સભ્યોની કમિટી નીમવી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર

૨. શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ

૩. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ

૪. શ્રી. નવનીતલાલ એસ. શોધન

૫. પ્રિન્સિપાલ ડૉ. એમ. ડી. પટેલ.

૧૪. એમ. ટી. બી. કૉલેજ, સુરતના વિદ્યાર્થી શ્રી. આર. કે. મપારાની પીએચ. ડી. ની થિસિસ રેફરીઝે મજકૂર ડીગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૫. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. વી. ટી. ઓઝાની પીએચ. ડી. ની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૬. રજિસ્ટ્રારની જગ્યા પૂરવા માટે જરૂરી પગલાં લેવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે કર્ણાટક અને પૂના યુનિવર્સિટીના ધોરણે સ્ટેટયુટ ઘડી ડ્રાફ્ટ સ્ટેટયુટ આવતી સેનેટ સમક્ષ મૂકવો. (સુધારેલા સ્ટેટયુટની નકલ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૭. નીચે મુજબનો પ્રસ્તાવ સિન્ડિકેટ સમક્ષ મૂકવા બાબતનો શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલનો પત્ર:

"ગુજરાત યુનિવર્સિટીના સ્ટાફના સભ્યોનું કામ તપાસી તેમાં રહેલી ગેરરીતિઓ સંબંધી હેવાલ રજૂ કરવા, અને તે દૂર કરવા શું પગલાં લેવા તે જણાવવા એક કમિટી નિયુક્ત કરવી."

શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલે પોતાની દરખાસ્ત મિટીંગમાં પાછી ખેંચી લીધી તેથી કામ પડતું મૂકવામાં આવ્યું.

૧૮. બી. એસસી. ભોટાની પ્રિન્સિપાલ માટેની શરતો પૂરી કરી હોવાથી તે અભ્યાસક્રમ શીખવવા અને જુન ૧૯૫૫ થી ૧૯૫૭ સુધી બે વર્ષને માટે એફિલિએશન આપવા બાબતનો એલ. ડી. આર્ટસ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટીટયુટ, અમદાવાદના પ્રિન્સિપાલનો પત્ર:

(નોંધ:- મજકૂર કૉલેજે ૧૯૫૨ ના જૂનથી આ અભ્યાસક્રમ શરૂ કરવા અરજી કરેલી અને સેનેટે તે મંજૂર કરેલી અને તે પ્રમાણે મુંબઈ સરકારને જણાવવામાં પણ આવ્યું હતું. પરંતુ કૉલેજે, આ અભ્યાસક્રમ શરૂ કરવાના નથી તેમ જણાવતાં, સિન્ડિકેટ સમક્ષ જાણ માટે મૂકવામાં આવ્યું. મુંબઈ સરકારને પણ લખવામાં આવ્યું હતું. હવે કૉલેજ ૧૯૫૫ ના જૂનથી આ વિષય શીખવવા માગે છે અને

તે બાબતની શરતો મુજબ વ્યવસ્થા કરી છે એમ જણાવે છે તો હવે મુંબઈ સરકારને આ બાબત નોટિફિકેશન મોકલવા લખવું કે કેમ ?)

આથી ઠરાવવામાં આવે છે કે એફિલિએશન અંગે સરકારને જણાવવું.

૧૯. ગુજરાત યુનિવર્સિટીમાં ભણાવાતા વિવિધ વિષયોની પારિભાષા નક્કી કરવા અંગે એકેડેમિક કાઉન્સિલે નીમેલી ફેકલ્ટીઓની સમિતિઓની સંયુક્ત બેઠકમાં થયેલી નીચે મુજબની ભલામણો :

ભલામણો :

૧. પરિભાષા સંબંધી વિચાર કરવા બાબત "ગ્લોસરી ઑફ સાયન્ટીફિક ટર્મિનોલોજી બાય પી. જી. શાહની" નકલો કમિટીના દરેક સભ્યને મોકલવી.

૨. દરેક ફેકલ્ટીએ નીમેલી સમિતિએ મંજૂર કામ માટે જોઈતાં પુસ્તકોની યાદી પંદર દિવસમાં યુનિવર્સિટીને મોકલી આપવી અને યુનિવર્સિટીએ તે પુસ્તકો મંગાવી સમિતિને મોકલી આપવાં. સમિતિએ તે કામ પૂરું થયે તે પાછાં ઑફિસને સુપ્રત કરવાં.

૩. દરેક ફેકલ્ટીની આવી સૂચિ તૈયાર કરવા માટે યોગ્ય સ્નાતક અથવા અનુસ્નાતક વિદ્યાર્થીને યોગ્ય સમય માટે તે તે ફેકલ્ટીના સભ્યની દોરવણી નીચે પરિભાષાની સૂચિ તૈયાર કરવાના કાર્ય માટે મદદનીશ તરીકે નીમવા. આવી નીમેલી વ્યક્તિને યોગ્ય મહેનતાણું આપવું જોઈએ એમ આ સમિતિનું દૃઢ મંતવ્ય છે.

૪. વધુમાં આ સમિતિ સર્વાનુમતે ઠરાવે છે કે આ સંબંધી સૂચિઓ તૈયાર કરવા માટે નીચે મુજબનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે તે ખર્ચ યુનિવર્સિટીએ મંજૂર કરવો :

૧.	રૂા. ૫,૦૦૦-૦-૦	અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, હિંદી અને બંગાળીનાં પુસ્તકો જે તે વિષયમાં સૂચિઓ તૈયાર કરવા માટે ખરીદવા સંબંધી.
૨.	રૂા. ૫,૦૦૦-૦-૦	આર્ટસ ફેકલ્ટીમાં શિખવાતા વિષયોની સૂચિની તાત્કાલિક જરૂરિયાત હોવાથી પરિભાષા નક્કી કરવા સંબંધના મુખ્ય પાંચ વિષયો માટે રૂા. ૧,૦૦૦-૦-૦ દરેકના લેખે, આ ખર્ચ જે મદદનીશ વ્યક્તિને નીમવામાં આવે તેના વેતન માટે (આશરે રૂા. ૭૫ થી ૧૦૦ માસિક) વાપરવાનો અંદાજ ધ્યાનમાં લઈ નક્કી કરવામાં આવ્યો છે.
૩.	રૂ. ૨૫,૦૦૦-૦-૦	ઉપરના ધોરણ મુજબ દરેક ફેકલ્ટીની સૂચિ તૈયાર કરવા માટે રૂ. ૫,૦૦૦-૦-૦ લેખે પાંચ ફેકલ્ટી (વિજ્ઞાન, વાણિજ્ય, ખેતીવાડી, ઇજનેરી અને દાક્તરી) માટે ૧૯૫૩-૫૪ના વર્ષ માટે મંજૂર કરવા બાબત.
૪.	રૂ. ૧૨,૦૦૦-૦-૦	દરેક ફેકલ્ટીના પરચૂરણ ખર્ચ બાબત દરેક ફેકલ્ટી દીઠ રૂા. ૨,૦૦૦-૦-૦ લેખે.
	રૂા. ૪૭,૦૦૦-૦-૦	

(તા. ક. આર્ટસની ફેકલ્ટીના વિષયોની સૂચિઓ તાકીદે જરૂરિયાત હોવાથી તે આર્ટસ ફેકલ્ટીના વિષયો માટે સૂચિ તૈયાર કરવા માટે રજૂ કરેલા રૂ. ૫,૦૦૦-૦-૦ના અંદાજની રકમ તાકીદે યુનિવર્સિટીએ મંજૂર કરવી એમ આ સમિતિ ઠરાવે છે.")

સિન્ડિકેટનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા sine die મુલતવી રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ ૧૯૫૫ના ઓકટોબર સુધી મુલતવી રાખવું.

૨૦. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરને ફર્સ્ટ ઈયર કોમર્સમાં મેથેમેટિકસનો ઓપ્શનલ વિષય શીખવવા પરવાનગી આપવા બાબતનો મજકૂર કોલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર :

પત્રમાં નીચે પ્રમાણે જણાવેલું છે :

"With a view to give F.Y. Commerce Students, the benefit of taking up Mathematics as an optional subject, we have asked Miss V. P. Pandya, a Lecturer in Mathematics, at Vithalbhai Patel Mahavidyalaya, Vallabh Vidyanagar, to take three Lectures per week. Separtae statement re. her qualifications, experience, etc. and another statement re. requisite books purchased for reference are attached herewith.

Out of nearly 80 students of the F.Y. Com. Class nearly 25 students have opted for Mathematics, which please note and oblige.

I therefore request you to get the necessary approval by the University authorities of the provision made by us for the teaching of Mathematics as an optional subject."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલે માગેલી પરવાનગી આપવાનું મંજૂર કરવું.

૨૧. બી. એ. માં હોમ સાયન્સનો અભ્યાક્રમ સિન્ડકેટે મંજૂર કર્યો છે, તો હવે નીચેની બાબતો અંગે જણાવવા બાબતનો શ્રી. અ. ક. ત્રિવેદીનો પત્ર :

"૧. નવા એફિલિએશનની જરૂર છે? તે જરૂર ને ગણુશો તો તો જૂન ૧૯૫૫થી કોઈ પણ કોલેજ આ ગ્રુપ અમલમાં આણી શકે નહિ. હું નથી ધારતો કે આવો ઇરાદો યુનિવર્સિટીનો હોય.

૨. પત્રમાં દર્શાવ્યું છે તે પ્રમાણે જુદાં જુદાં પેપરો માટે જુદી જુદી લાયક વ્યક્તિને કામ સોંપી હું કામ લઈ શકું કે કેમ? મારી યોજના મેં વિગતવાર જણાવી છે. તે મુજબ મારી કોલેજમાં ૧૯૫૫ના જૂનથી હું હોમ સાયન્સ બી. એ. માં દાખલ કરી શકું? અલબત્ત, મારે ત્યાંનું ટાઈમટેબલ વિગતવાર હું મોકલીશ.

૩. હું સમજું છું કે આ વિષય માત્ર વિદ્યાર્થિનીઓ માટે રાખવામાં આવ્યો નથી. મારું માનવું ખરું છે કે કેમ તેનો ખુલાસો કરશો."

આથી ઠરાવવામાં આવે છે કે હોમ સાયન્સનો વિષય દાખલ કરવા માટે એફિલિએશનની અરજીની જરૂર છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ બાબત કોલેજને પરિપત્ર દ્વારા જણાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ વિષય ફકત વિદ્યાર્થિનીઓ માટે જ નથી.

૨૨. ઠરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય તરફથી ૧૯૫૫ના જૂનથી વિજ્ઞાન મહાવિદ્યાલય શરૂ કરવાની અને તે અંગે ઇન્ટર સાયન્સ સુધીના અભ્યાસક્રમ માટે એફિલિએશનની અરજી withdraw કર્યા બાબતનો વિદ્યામંડળ, અલિયાબાડાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર :

આથી ઠરાવવામાં આવે છે કે પત્રની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એફિલિએશન અંગેના ઑર્ડિનાન્સ ૧૨૦ માં સુધારો કરવો કે એફિલિએશન અરજી કરનારે રૂા. ૨૦૦–૦–૦ની ફી આપવી જોઈએ અને તેનો ખરડો આવતી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવો.

૨૩. ગુજરાતી ડિપાર્ટમેન્ટમાં રિડરો તથા લેક્ચરરોની જગ્યાઓ અંગેના શ્રી. અ. ક. ત્રિવેદીના પત્ર અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિનો નીચે મુજબનો રિપોર્ટ :

" આ સભા સર્વાનુમતે ઠરાવે છે કે :—

૧. ગુજરાતીમાં પી. એચ. ડી. માટે હાલ જે પ્રોફેસરોને માન્યતા મળેલી છે તેમને પોતપોતાની કૉલેજમાં અથવા સંસ્થામાં થોડાંક વર્ષો સુધી પોતપોતાનું કામ ચાલુ રાખવાની છૂટ આપવી.

૨. અમદાવાદ વિસ્તારમાં ગુજરાતીનું એમ. એ. નું શિક્ષણ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ગુજરાતીને હસ્તક રહે, એ સ્કૂલના અધ્યક્ષ (ડિરેક્ટર) એ કાર્યના નિયામક રહે, આ કાર્ય માટે હાલ અમદાવાદ વિસ્તારમાંના ગુજરાતીના એમ. એ. ના શિક્ષણ માટે માન્ય થયેલા અધ્યાપકોમાંથી જરૂર પ્રમાણે મદદ લેવાય.

૩. સ્કૂલ ઑફ ગુજરાતીમાં અધ્યક્ષને ડિરેક્ટરને સહાય કરવા માટે નીચેની જગ્યાઓ મંજૂર કરવી :

૧. ગુજરાતીમાં ત્રણ રિડરો જેમાં એક રિડર ભાષાવિજ્ઞાન માટે હોય.

૨. ગુજરાતીના ત્રણ લેક્ચરરો.

વિશેષમાં આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે આ ઠરાવનો અમલ થઈ શકે તે માટે કરવા જોઈતા સ્ટેટયુટસ વગેરે અનતી ત્વરાએ ઘડીને આવતી સેનેટ સમક્ષ મંજૂરી માટે મૂકે. "

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટિચિંગ તરફ મોકલવી.

૨૪. નીચે મુજબની કામચલાઉ નિમણૂકો કર્યા બાબતના શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત :

૧. શ્રી. જે. એમ. મહેતા	ઍક્ટિંગ રજિસ્ટ્રાર
૨. શ્રી. એસ. પી. મેઢ	ઍક્ટિંગ આસિ. રજિસ્ટ્રાર
૩. શ્રી. વી. એમ દેસાઈ	ઑફિશિએટિંગ ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એમ. મહેતાની નિમણૂક ઑફિશિએટિંગ રજિસ્ટ્રાર તરીકે લીવ રૂલ નં. ૭ પ્રમાણે કરવી અને શ્રી. મેઢ અને શ્રી. દેસાઈને તેમની મૂળ જગ્યાએ જ રહેવા દેવા.

૨૫. યુનિવર્સિટી પોસ્ટ–ગ્રેજ્યુએટ ટિચિંગ રિસર્ચ ખાતે સને ૧૯૫૨–૫૩માં રૂ. ૮૬,૦૦૦, સને ૧૯૫૩–૫૪માં રૂા. ૧,૦૦,૦૦૦ મળી કુલ રૂા. ૧,૮૬,૦૦૦ ઇયર માર્કડ કરેલા છે. વળી ગુજરાતીમાં પાઠ્ય પુસ્તકો છપાવવા માટે સને ૧૯૫૨–૫૩માં રૂા. ૧,૦૦,૦૦૦ તથા સને ૧૯૫૩–૫૪માં રૂા. ૧,૦૦,૦૦૦ ઇયર માર્કડ કરેલ છે તથા સને ૧૯૫૪–૫૫માં બજેટમાં રૂા. ૧,૦૦,૦૦૦નું પ્રોવિઝન કરેલ છે તો આ રકમો કેવી રીતે વાપરવી તે બાબત નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે વિગતવાર યોજના તૈયાર કરી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા નીચેના સભ્યોની કમિટી નીમવી :

૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ

૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ

૩. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી

૪. શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી

૨૬. ફર્સ્ટ ઈયર એગ્રિ. અને સેકન્ડ ઈયર એગ્રિ. અને બી. એસ. સી. એગ્રિ. એમ ત્રણેય પરીક્ષા એકી સાથે તા. ૨૮-૩-૫૫ થી શરૂ કરવા નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે એગ્રિકલ્ચર પરીક્ષાઓ એકી સાથે તા. ૨૮-૩-૫૫થી શરૂ કરવી.

૨૭. એફ્. ઈ., એસ. ઈ. અને બી. ઈ. ની પરીક્ષાઓ ગયે વર્ષે જેમ એકી સાથે શરૂ કરવામાં આવી હતી તેમ આ વર્ષે પણ એ જ પ્રમાણે કરવા બાબતના બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર :

આથી ઠરાવવામાં આવે છે કે એન્જિનિયરિંગ પરીક્ષાઓ એકી સાથે શરૂ કરવી.

૨૮. દહેરાદૂન ખાતે તા. ૧૭, ૧૮ અને ૧૯ મી એપ્રિલ ૧૯૫૫ દરમ્યાન મળનારી પહેલી ઈન્ડિયન સોશિયોલોજીકલ કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીના ડેલિગેટ તરીકે મોકલવા બાબતની રિડર ઈન સોશિયોલોજી શ્રીમતી તારાબહેન એન. પટેલની, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટર મારફત આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી તારાબહેન પટેલને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવાં.

૨૯. લેબર વેલ્ફેર ડિપ્લોમાના કલાસીઝ અંગેના એસ્ટીમેટ્સ બાબતનો યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટરનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેના જરૂરી સ્ટેટયુટ્સ તૈયાર કરી માર્ચ માસની સેનેટ સમક્ષ મૂકવા.

૩૦. સર એલ. એ. શાહ લૉ કૉલેજને બી. એ. સ્પેશ્યલ (હિસ્ટ્રી) માટે વધારાનું એફિલિએશન આપવા બાબતની ગુજરાત લૉ સોસાયટીના માનદ મંત્રી તરફથી આવેલી અરજી :

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના સભ્યોની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી :

૧. પ્રોફેસર કે. એચ. કામદાર

૨. પ્રોફેસર ડી. એન. પાઠક.

૩૧. ભાણાના લગ્ન હોવાથી તેના ખર્ચ અંગે યુનિવર્સિટીમાંના પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રિબ્યુશનમાંથી રૂા. ૧૦૦ ની લોન આપવા બાબતની ટાઇપિસ્ટ શ્રી. કે. જે. શાહની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૨. પિતાશ્રીને માંદગીને કારણે પૈસા મોકલવાના હોવાથી યુનિવર્સિટીમાંના પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૧૨૫ ની લોન આપવા બાબતની ટાઇપિસ્ટ શ્રી. આર. એમ. શેઠની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૩. બી. એ. માં ઇન્ડિયન ઇકોનોમિકસ પ્રોબ્લેમ્સમાં પ્રો. ડી. એસ. નામજોષીને કન્વીનર તરીકે રાખેલા હોઈ પ્રિ. સી. ડી. દેશપાંડે જણાવે છે કે શ્રી. નામજોષી તેમનાથી ઘણા જ જુનિયર હોઈ તેમના હાથ નીચે કામ કરી શકે એમ નથી તો આ બાબતમાં શું કરવું તે નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. દેશપાંડેને કન્વીનર નીમવા.

૩૪. મેન્ટલ હોસ્પિટલની માન્યતા અંગે સ્થાનિક તપાસણી સમિતિના રિપોર્ટમાં જણાવેલી ખામીઓ છ માસમાં દૂર થાય તે માટે જરૂરી પગલાં લેવા બાબત સિન્ડિકેટના ઠરાવ અનુસાર બી. જે. મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલને લખતાં તેમના તરફથી આવેલો પત્ર :

આથી ઠરાવવામાં આવે છે કે આ પત્રની નોંધ લેવી અને સરકારમાં આ અંગે રિપોર્ટ કરવો.

૩૫. એમ. ફાર્મ. માટે રજિસ્ટર થયેલા શ્રી. બી. સી. મહેતાની તેઓના ૧. ફાર્માકોગ્નોઝી અને ૨. ફાર્માસ્યુટીકલ કેમિસ્ટ્રીને બદલે ૧. ફાર્માકોગ્નોઝી અને ૨. ફાર્માસ્યુટીક્સ રાખી વિષયોની ફેરબદલી કરવા પરવાનગી આપવા બાબતની એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

(નોંધ :- ફાર્મસીનો એમ. ફાર્મ. માટેનો અભ્યાસક્રમ નવો હોવાથી પોસ્ટ-ગ્રેજ્યુએટ નિયમોમાં એલ. એલ. એમ. અને એમ. કોમ. ની માફક વિષય બદલવા અંગેનું પ્રોવિઝન નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીએ માગેલી પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નિયમમાં જરૂરી ફેરફાર કરવો કે જેથી એમ. ફાર્મ.નો પણ સમાવેશ થાય.

૩૬. બિલ્ડિંગ કમિટીની તા. ૪-૨-'૫૫ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડિંગ કમિટીના કામકાજની નોંધ મંજૂર કરવી.

(કામકાજની નોંધ આ પરિશિષ્ટ " ખ " તરીકે આપવામાં આવી છે.)

૩૭. તા. ૫. ૨. ૧૯૫૫ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની નીચે મુજબની ભલામણો :

માર્ચ-એપ્રિલની પરીક્ષા માટે જુદા જુદા સેન્ટરો ઉપર નીચે પ્રમાણે પ્રેસોને પ્રશ્નપત્રો છાપવા નીચે પ્રમાણે વ્યવસ્થા કરવાનું મંજૂર કરવું.

૧. અમદાવાદ સેન્ટર ઉપર નવજીવન પ્રેસ તથા સૂર્યપ્રકાશ પ્રેસના ભાવ નીચે પ્રમાણે છે :

૧. મે. નવજીવન પ્રેસ : ૧. પહેલી ૫૦૦ નકલ સુધી પ્રશ્નપત્ર દીઠ રૂા. ૪૪-૦-૦ દરેક વધારાની ૧૦૦ નકલ દીઠ રૂા. ૨-૦-૦ પહેલી ૧૦૦૦ નકલના પ્રશ્નપત્ર દીઠ રૂા. ૫૦-૦-૦ દરેક વધારાની ૧૦૦ નકલ દીઠ રૂ. ૨-૦-૦ કાગળનો ભાવ રૂા. ૦-૧૨-૬ રતલ લેખે. ટેકસીસ સાથે જુદો ગણવાનો.

૨. મે. સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ. ૨. પહેલી ૫૦૦ નકલ દીઠ પ્રશ્નપત્ર દીઠ રૂા. ૪૫-૦-૦ વધારાની દરેક ૧૦૦ નકલના રૂા. ૨-૦-૦ પેપર તથા પેકિંગનો ચાર્જ અલગ લેવામાં આવશે.

નવજીવનના ભાવ સૌથી ઓછા છે. પરંતુ સિન્ડીકેટે તેની તા. ૧૫-૧-૫૫ની સભામાં નક્કી કરેલ છે પ્રશ્નપત્રોનું કામ તે પ્રેસને આપવું નહી તો તે બેનાં નવજીવનને કામ આપવું કે નહીં તે નક્કી કરવા સિન્ડિકેટ તરફ આ કામ મોકલી આપવું.

૨. આણંદ સેન્ટર.

૧. એગ્રિકલ્ચર પરીક્ષાઓ માટે ચરોતર પ્રિન્ટિંગ પ્રેસને રૂા. ૫૦ના દરે કામ આપવું. કાગળની કિંમત અલગ આપવી.

૨. તે સિવાયની પરીક્ષાઓ માટે ગ્રામોદ્ધાર મુદ્રણાલયને મેથેમેટિકસ સિવાયના પેપરો માટે રૂા. ૫૦ તથા મેથેમેટિકસ પેપરના રૂા. ૬૦ ના દરે કામ આપવું. કાગળની કિંમત અલગ આપવી.

૩. નવસારી સેન્ટર.

મણી મુદ્રણાલયને નીચેના ભાવે આપવું.

પહેલી ૨૦૦ નકલ	રૂા. ૫૨-૦-૦
વધારાની ૧૦૦ નકલ	રૂા. ૨-૦-૦
પહેલી ૫૦૦ નકલ	રૂા. ૫૮-૦-૦
વધારાની ૧૦૦ નકલ	રૂા. ૨-૦-૦
પહેલી ૧૦૦૦ નકલ	રૂા. ૬૮-૦-૦
વધારાની ૧૦૦ નકલ	રૂા. ૨-૦-૦

૪. સુરત સેન્ટર.

મિશન પ્રેસ, સુરતને ગઈ સાલના ભાવ રૂા. ૫૦ (કાગળ સાથેના) ના દરે કામ આપવું.

રાજકોટ સેન્ટર.

મોહનલાલ દામોદર પ્રિન્ટિંગ પ્રેસને રૂા. ૫૦ના દરે કામ આપવું. કાગળની કિંમત અલગ આપવી.

૬. ભાવનગર, મોરબી, તથા જૂનાગઢ માટે સૌરાષ્ટ્ર સરકારના પ્રેસોને સરકારી દરે આપવું.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે અમદાવાદ સેન્ટરના પ્રશ્નપત્રો નવજીવન પ્રેસમાં છપાવવા. તે ઉપરાંત ફાઇનાન્સ કમિટીની બીજી ભલામણો મંજૂર કરવી.

૩૮. સિન્ડિકેટે તેની તા. ૪-૧૨-'૫૪ ની સભામાં "ડાજ" ગાડી ખરીદવા ઠરાવ કરેલ પરંતુ તેની ડિલીવરી તાત્કાલિક મળી શકે તેમ ન હોઈ અને તે જ ભાવે "પ્લીમાઉથ" ગાડી રેડી ડિલીવરી મળતી હોઈ "પ્લીમાઉથ" ગાડી ખરીદવા શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલા હુકમને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૯. પત્ની બિમાર હોવાથી દવા વગેરેના ખર્ચ માટે યુનિવર્સિટીમાંના પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૫૦ ની લોન આપવા બાબતની યુનિવર્સિટીના લાયબ્રેરીના સ્ટોક રૂમ એટેન્ડેન્ટ શ્રી. મેઘજી ચાંડ્યાની અરજી ઉપરથી તે મંજૂર કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત;

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૦. ગુજરાત પુસ્તકાલય મંડળ તરફથી ચલાવવામાં આવનાર ગ્રંથપાલ તાલીમ વર્ગમાં સૂચિકરણ તથા વર્ગીકરણના વિષયો શિખવાડવા માટે ગુજરાત યુનિવર્સિટીના સહાયક ગ્રંથપાલ શ્રી. અમૃતલાલ ર. દેસાઈને સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મંજૂરી આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૧. સિન્ડિકેટે ફેકલ્ટીઝને આપવાના મહેનતાણા બદલ નિયમો નક્કી કરવા અને તે શ્રી. બટુભાઈ દેસાઈને બતાવ્યા ઠરાવ્યા પ્રમાણે ઘડાયેલા નિયમો સ્વીકારવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે રજૂ કરેલા નિયમો ચાલુ સાલથી સ્વીકારવા.

(આ નિયમો પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૨. મોરબીને ચાલુ વર્ષે બી. ઈ. માટેનું સેન્ટર બનાવવાની ફેર વિચારણા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ વર્ષે તે વિનંતી માન્ય કરી શકાય તેમ નથી તેમ જણાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જે. એમ. મહેતા
ઓફિસિએટિંગ રજિસ્ટ્રાર.

નં. સિં. ૧૧૩૦૬-૨૨-૧૯૫૫,
અમદાવાદ-૯,

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૧૬

Amended Statute 134.

S.134 : The salary of the Registrar shall be fixed from time to time by the Syndicate and he shall be, in addition, entitled to receive such allowances as may be granted to him by the Syndicate.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૩૬

નં. જન. ૮૦૮૯-૬૪ -૫૫
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૫-૨-૧૯૫૫,

બિલ્ડિંગ કમિટીની એક સભા ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં તા. ૪-૨-૧૯૫૫ને શુક્રવારના રોજ સાંજના ૫-૦ વાગ્યે મળી હતી તે વખતે સભાસદોની હાજરી નીચે મુજબ હતી.

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨.	શ્રી. બી. ડી. પટેલ	હાજર
૩.	શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ	હાજર
૪.	શ્રી. જી. એસ. દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. બી. કે. મુઝુમદાર	ગેરહાજર
૬.	ચિફ એન્જિનીયર ટુ ધી ગવર્નમેન્ટ ઑફ બોમ્બે.	ગેરહાજર

૧. તા. ૨-૪-૧૯૫૪ના તથા તા. ૨૫-૪-૧૯૫૪ના રોજ મળેલી બિલ્ડિંગ કમિટીની મિનિટસને બહાલી આપવા બાબત.

તા. ૨-૪-૫૪ અને તા. ૨૫-૪-'૫૪ના રોજ મળેલી બિલ્ડિંગ કમિટીની મિનિટસને બહાલી આપવામાં આવી હતી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. સેનેટ હોલના પ્લાન્સ તથા ડિઝાઇન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગજ્જરે રજૂ કરેલા સેનેટ હોલના સુધારેલા આઉટ લાઇન સ્કેચ પ્લાન મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. શ્રી. વાઇસ-ચાન્સેલર, સિન્ડિકેટ અને રજિસ્ટ્રારની ઑફિસના રૂમ્સમાં એર કન્ડીશન પ્લાન્ટ નાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે આ કામની વિચારણા હાલ મુલતવી રાખવી અને શ્રી. ગજ્જરને જણાવવું કે શ્રી. વાઇસ-ચાન્સેલર અને સિન્ડિકેટના રૂમ્સને એર કન્ડીશન કરવા કેટલો ખર્ચ થશે તેનો ચોક્કસ અંદાજ રજૂ કરવા જણાવવું.

૪. બ્લાઇન્ડ વેનીશીયન્સ ખરીદવા રૂ. ૧૦૫૮-૧૩-૦ની શ્રી વાઇસ-ચાન્સેલરે મંજૂરી આપી હતી તે કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૫. ગુજરાત ઇલેકટ્રીક કું. લી. ના પત્ર નં. જીઆરસી-બી એન જે-૧૩૫ તા. ૨૨-૧-૫૫ પર વિચારણા કરવા બાબત.

આ કમિટી આથી સિન્ડિકેટને ભલામણ કરે છે કે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની માલિકીના સબ-સ્ટેશનની રૂમમાં યુનિવર્સિટીની એચ. ટી. સ્વીચ બોર્ડ વગેરે મૂકવા જરૂરી સુધારો (Addition and Alteration) કરવા માટે અંદાજે રૂા. ૫૦૦૦નો ખર્ચ કરવા મંજૂરી આપવી.

૬. મી. બેટલીની કન્સલ્ટિંગ ફી આપવા માટે વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી સિન્ડિકેટને ભલામણ કરે છે કે ગુજરાત યુનિવર્સિટીના એડમિનિસ્ટ્રેટીવ બિલ્ડિંગના કામકાજ અંગે સલાહ આપવા માટે અત્યાર સુધીના કુલ રૂા. ૨૫૦૦ આપવા મંજૂર કરવા.

ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

જ. મં. મહેતા
એક્ટિંગ રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૪૧

RULES REGARDING APPOINTMENTS OF FACTOTUM

1. Appointments of Factotum shall be made by the Vice-Chancellor, after considering recommendations of senior supervisors.

2. There shall be appointed only one factotum at a place for all examinations starting on the same date.

3. F.E., S.E. & B.E. Examinations (Engineering) and/or F.Sc., S.Sc. and B.Sc. (Agriculture) shall be deemed to be one Examination and as such only one Factotum (Facultywise) shall be appointed to work at these examinations.

4. A Factotum shall be paid at the rate of Rs. 0-3-0 per candidate registered to appear, subject to a minimum of Rs. 50/- or a maximum of Rs. 150/-.

5. If the examinations at which the Factotum is appointed last for more than 10 days he shall be paid the amount worked out under item No. 3 as above or at the rate of Rs. 5/- per day whichever is more.

6. In case where more than one Factotum is appointed at examination or examinations starting on the same date, no separate remuneration shall be paid for the extra appointments made.

7. Where the candidates appearing at the examination or examinations starting on the same date are not more than twenty five in number, only one additional Junior supervisor in place of a Factotum shall be appointed to do the job of the Factotum and he shall be paid at the rates admissible to Junior Supervisors.

8. Person appointed as Factotum shall not be appointed to work in any other capacity during the conduct of the examinations at which he is appointed. He shall also not be eligible to work as Factotum at other Examinations during the same examination season.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એકત્રીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૫-૩-૧૯૫૫ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર
૨. શ્રી. એસ. એસ. ભાંડારકર ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, મુંબઈ સ્ટેટ.	ગેરહાજર
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૪. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર
૫. ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર
૬. શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ	હાજર
૭. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૮. શ્રી. બી. કે. મુન્શી	ગેરહાજર
૯. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૧૦. શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી	હાજર
૧૧. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૨. પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૩. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	હાજર
૧૪. પ્રિન્સિપાલ ડૉ. આર. પી. પટેલ	હાજર
૧૫. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	ગેરહાજર
૧૬. શ્રી. બી. આર શેનોય	હાજર
૧૭. પ્રિન્સિપાલ એમ. ડી. પટેલ	હાજર

૧. તા. ૫-૨-૧૯૫૫ના રોજ મળેલી સિન્ડિકેટની ત્રીસમી સામાન્ય સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત:

તા. ૫-૨-૧૯૫૫ના રોજ મળેલી સિન્ડિકેટની ત્રીસમી સામાન્ય સભાની નોંધને મંજૂર રાખવામાં આવી અને શ્રી. વાઇસ-ચાન્સેલરે તેના પર સહી કરી.

૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટિકસની જગ્યા સિન્ડિકેટે મંજૂર કરી છે, તે અંગેનો ગ્રેડ તથા લાયકાત વગેરે નક્કી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટિકસની જગાનો પગાર સ્કેલ નીચે પ્રમાણે રાખવો :

રૂા. ૨૦૦-૧૦-૩૦૦ અને તે જગા માટે લાયકાતનું ઓછામાં ઓછું ધોરણ એમ. એ. સેકન્ડ કલાસ અથવા એમ. એસ. સી. સેકન્ડ કલાસ રાખવું.

૩. ગુજરાત યુનિવર્સિટીની પબ્લિકેશન બોર્ડની તા. ૩-૨-૧૯૫૫ના રોજ મળેલી ચોથી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજની નોંધ મંજૂર રાખવી. આ નોંધની આઇટેમ નં. ૯ની બાબતમાં આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર પાઠકને સિન્ડિકેટે જે ધોરણે ઠરાવેલું છે તે ધોરણે જ મહેનતાણું આપવું. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ " ક " તરીકે સામેલ છે.)

૪. શ્રી. પી. એમ. બુચની એમ. એ. ફિલોસોફી માટેની થિસિસ તપાસવા માટે એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપરથી સિન્ડિકેટે નીમેલા બે એકસ્ટર્નલ રેફરી પૈકી ડૉ. ચબ, એમણે થિસિસ તપાસવા અશક્તિ દર્શાવી છે તો તેમને બદલે કોને એકસ્ટર્નલ રેફરી તરીકે નીમવા તે અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. એન. આર. કુલકર્ણી, ધારવારની રેફરી તરીકે નિમણૂક કરવી.

૫. એમ ડી. ના પાસિંગ સર્ટિફિકેટમાં ક્ષતિ દર્શાવી ફોર્મ સુધારવું કે કેમ તે બાબત સિન્ડિકેટે મેડિકલ ફેકલ્ટી તરફ મોકલતાં થયેલી નીચે મુજબની ભલામણ :

મેડિકલ ફેકલ્ટીની ભલામણ

" આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એમ. ડી. ના પાસિંગ સર્ટિફિકેટમાં ક્ષતિ દર્શાવી સર્ટિફિકેટનું ફોર્મ સુધારવું. "

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીની ભલામણ સ્વીકારવી અને તે પ્રમાણે સર્ટિફિકેટનું ફોર્મ સુધારવું.

૬ સૌરાષ્ટ્ર સરકાર તરફથી પોરબંદર ખાતે ૧૯૫૫ના જૂનથી શરૂ કરાનાર બી. ટી. કૉલેજને જોડાણ આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ અને એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

" Resolved that it be recommended to the Syndicate and the Senate that the B. T. College at Porbander to be started by the Saurashtra Government, be granted affiliation for teaching courses of study leading upto the B.Ed. Degree Examination for a period of two years from the 20th June, 1955, i.e. upto the 19th June 1957 on the College authorities fulfilling the following conditions to the satisfaction of the Syndicate on or before 31st May, 1955 :

(1) By the 15th of May 1955, necessary additions and alterations be made in the Dariya Mahal so as to make it suitable for lodging the College, the hostel and at least two from the staff, the Principal and the Warden.

(2) Members of the teaching staff, besides the Principal, with adequate academic and sufficient teaching experience, according to University Rules, be appointed and their letter of acceptance of appointments be secured before 31st of May.

(3) A graduate trained Physical Instructor and a qualified Art Master be employed on at least a part-time basis.

(4) The salary scales should be revised so as to be in conformity with those suggested by University.

(5) Books and journals worth Rs. 10,000/- be purchased for the Library and the Reading Room during the first year and an annual recurring grant of Rs. 2,500/- be provided.

(6) Psychological apparatus worth Rs. 2,500/- and educational apparatus worth Rs. 7,500/- be purchased and an annual recurring grant of Rs. 2,000/- be provided for.

(7) Necessary desks, benches, chairs, tables, cup-boards and other items of furniture worth about Rs. 15,000/- be purchased and an annual recurring grant of Rs. 1,500/- be provided for.

(8) The number of students to be admitted be restricted to 50."

આથી ફરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સેનેટને રિપોર્ટ કરવો.

૭. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને બી. એસ. સી. (મેડિકલ) અને એમ. એસ. સી. (મેડિકલ)ના અભ્યાસક્રમો માટે કાયમનું જોડાણ આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ અને એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the B. J. Medical College, Ahmedabad, be granted permanent affiliation for teaching courses of study leading upto the B.Sc. (Medical) and M.Sc. (Medical) degree Examinations from 20th June, 1955."

આથી ફરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સેનેટને રિપોર્ટ કરવો.

૮. લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબીને બી. ઈ. (સિવિલ, મિકૅનિકલ અને ઇલેક્ટ્રિકલ) ના અભ્યાસક્રમો માટે કાયમનું જોડાણ આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ અને એકૅડેમિક કાઉન્સિલની ભલામણ.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ:

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the Lukhdhirji Engineering College, Morvi, be granted continuation of affiliation for teaching courses of study leading upto the B.E. (Civil, Mechanical and Electrical) Degree Examinations for a period of three years from the 20th June, 1955 i.e. upto the 19th June 1958 on the College authorities fulfilling the following conditions to the satisfaction of the Syndicate on or before 31st May 1955 :

1. That a Professor is available in all Departments.
2. Necessary alterations are made in the building to render it suitable for teaching purposes.
3. That the time-tables are suitably framed so that students can attend their classes or their laboratories and drawing halls without undue waste of time between the two centres of the college.
4. Necessary provision in the building be made for proper drainage and ventilation and lighting of the workshops and laboratories be improved.
5. That the College authorities should undertake spraying of D.D.T. in the College Hostels periodically in the interest of the health of resident students.
6. That a statement of the equipment ordered out for the various laboratories and received should be submitted to the University.
7. A Lecturer in Applied Mechanics Department is appointed.
8. That a Lecturer in Electrical Engineering is appointed as the present Lecturer does not possess qualifications required by the University.
9. The College authorities should submit a list of staff members appointed, which should not contain the names of members who are teaching diploma classes."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સેનેટને રિપોર્ટ કરવો.

૯. શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઈ મૅટર્નિટી હોમ, અમદાવાદને એમ. એસ., એમ. ડી. (મેડિસિન અને થેરાપ્યુટિક્સ) અને એમ. ડી. (મિડવીફરી અને ગાયનેકૉલોજી વીથ ડીસીઝીઝ ઑફ વુમન્સી) અને મેડિસિનમાં સંશોધન માટે અનુસ્નાતક સંસ્થા તરીકે કાયમની માન્યતા આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ અને એકૅડેમિક કાઉન્સિલની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"Resolved that it be recommended to the Syndicate that Sheth Vadilal Sarabhai General Hospital and Sheth Chinai Maternity Home, Ahmedabad, be granted permanent recognition as a recognised institution for postgraduate courses in M.S., M.D. (Medicine and Therapeutics) and M.D. (Midwifery and Gynaecology with diseases of infancy) and for research work in Medicine."

આ આઇટેમ લેવામાં આવતી વખતે શ્રી. વાઇસ-ચાન્સેલરે આ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલમાં થયેલી ચર્ચાની વિગતો સભા સમક્ષ રજૂ કરી હતી અને ડૉ. ભાસ્કર પટેલ જેઓ આજની મિટિંગમાં હાજર હતા તેમને પૂછવાથી તેમણે સિન્ડિકેટના સભાગૃહને જણાવ્યું હતું કે સિન્ડિકેટે ધડેલા મેડિકલ ઇન્સ્ટિટ્યૂશનના રેકગ્નિશન માટેના નિયમોથી કમિટી માહિતગાર હતી. એટલું જ નહિ પરંતુ કમિટીએ એ નિયમો ધ્યાનમાં રાખીને રિપોર્ટ કરેલો છે. તે બાબત ધ્યાનમાં લઈ ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે સેનેટને નીચે મુજબ રિપોર્ટ કરવો :

"Report that the Sheth V. S. General Hospital and Sheth Chinai Maternity Home, Ahmedabad, be granted permanent recognition as a recognised institution for post-graduate courses in M.S., M.D. (Medicine and Therapeutics) and M.D. (Midwifery and Gynaecology with diseases of infancy) and for research work in Medicine."

૧૦ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદને બી. ફાર્મ માટે કાયમનું જોડાણ આપવા માટે તથા ડિપ્લોમા ઇન ફાર્મસી માટેનું વધારાનું જોડાણ આપવા અંગે સેનેટે મૂકેલી શરતો પરિપૂર્ણ કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્રો.

આથી ઠરાવવામાં આવે છે કે શરતો પૂરી કર્યા બાબતનો સરકારમાં રિપોર્ટ કરવો.

૧૧. ચાલુ વર્ષના બજેટમાં એન. સી. સી. માટે રૂા. ૪,૦૦૦-૦-૦નું પ્રોવિઝન છે તેમાંથી એન. સી. સી. યુનિટસને ચાલુ વર્ષે કેટલી ગ્રાન્ટ આપવી તે નક્કી કરવા બાબત.

(નાઇન્થ બૉમ્બે બેટેલિયન એન. સી. સી. વલ્લભ વિદ્યાનગરના કમાન્ડર તરફથી આવેલા પત્રની નકલ મોકલવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે ગયા વર્ષના ધોરણે ચાલુ વર્ષે પણ એન. સી. સી. ને ગ્રાન્ટો આપવી.

૧૨. નોર્થ ઝોન લોકલ સ્પોર્ટસ કમિટીને રૂા. ૫૦૦. વધારાની ગ્રાન્ટ તરીકે આપવા બાબતની મજકૂર કમિટીના પ્રેસિડેન્ટ તરફથી ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટસના સેક્રેટરી મારફત આવેલો પત્ર.

(નોંધ:- મુંબઈ યુનિવર્સિટી તરફથી, ગુજરાત યુનિવર્સિટી શરૂ થઈ તે પહેલાંના ગુજરાત ઝોનના રૂા. ૨,૭૧૩-૭-૯ આપણને મળેલા છે તે રકમ કેમ વાપરવાની છે તે પ્રશ્ન હજી નક્કી થયેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે માગેલી બેાટ આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બેાર્ડ ઑફ સ્પોર્ટસને જણાવવું કે કોઈ પણ ઝોન પોતાના બજેટ કરતાં વધુ ખર્ચ ન કરે અને યુનિવર્સિટી ગ્રાન્ટનું સરખું વિભાગીકરણ બધા ઝોનને કરવામાં આવે તે જોવું.

મુંબઈ યુનિવર્સિટી તરફથી આવેલી રકમ ચારે ઝોનમાં તેમના કોન્ટ્રિબ્યૂશનના પ્રમાણમાં વહેંચી આપવી.

૧૩. સિન્ડિકેટના ઠરાવ અનુસાર રજિસ્ટ્રારે ઘડેલો બે. ૧૨૦ નો સુધારેલો નીચે મુજબનો ખરડો :

0.120:—"All applications for the affiliation, extension of affiliation of colleges shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him on or before the 1st July of the year preceding the year from which affiliation is intended to take effect.

Every application for affiliation, continuation of affiliation or extension of affiliation shall be accompanied with a fee of Rs. 200/- which will be returned after the same is finally disposed of, but will be forfeited in the case the same is withdrawn.

The Syndicate reserve to themselves the right to refuse to consider any application received after the aforesaid date."

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો બે. ૧૨૦ મંજૂર કરવો.

૧૪. આગામી સેનેટની બેઠક સમક્ષ નીચે મુજબનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. ગિરિજાશંકર બી. ઓઝાનો પત્ર.

ઠરાવ

" ગુજરાત યુનિવર્સિટીના માધ્યમિક શિક્ષક મતદાર વિભાગ માટેનાં હાલનાં મતદાન કેન્દ્રો પૂરતા પ્રમાણમાં નહિ હોવાથી, શકય એટલાં વધુ મતદાન કેન્દ્રો તાકીદે બેાલવા સેનેટની આ સભા સિન્ડિકેટને બાસ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી એવેા સેનેટને અભિપ્રાય આપવેા.

૧૫. આગામી સેનેટની બેઠક સમક્ષ નીચે મુજબનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એમ. જે. પાઠકજીનો ઠરાવ:

ઠરાવ

"This meeting of the Senate resolves that a Committee of the following members of the Senate with powers to co-opt additional members from the Senate or from outside be appointed to prepare a scheme to introduce gradually classical music as a voluntary subject of study in all the Faculties, from the lowest to the highest college classes :—

Members :—

(1) Shri Rasiklal C. Parikh,
(2) Principal K. L. Desai,
(3) Professor S. R. Bhatt,
(4) Shri Girishbhai Desai,
(5) Shrimati Jyotsnaben Shukla,
(6) Shri Jhinabhai Desai,
(7) Shri M. J. Pathakji.

Professor S. R. Bhatt may be requested to call the first meeting of these members for the purpose."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી એવો સેનેટને અભિપ્રાય આપવો.

૧૬. આગામી સેનેટની બેઠક સમક્ષ નીચે મુજબનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એમ. જે. પાઠકજીનો પત્ર.

ઠરાવ

"This meeting of the Senate resolves to give a directive to the History Board of our University to prepare a scheme for writing an all comprehensive history of the entire area under the Gujarat University jurisdiction. The scheme should be submitted by the History Board to the Vice-Chancellor before the end of the term of the present Senate."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી એવો સેનેટને અભિપ્રાય આપવો.

૧૭. આગામી સેનેટની બેઠક સમક્ષ નીચે મુજબનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એમ. જે. પાઠકજીનો પત્ર.

ઠરાવ

"This meeting of the Senate resolves that in view of the fact that the average physical condition of students in the Gujarat University Area is not

satisfactory and also in view of the fact that the strategic position of the Gujarat Saurashtra area for the defence of the country is important a Committee of the following members of the Senate be appointed to prepare a scheme for compulsory military and naval training of all students seeking admission in any of the colleges of the Gujarat University. This training may be either military or naval but compulsory for one year for every student. The scheme prepared by the following Committee after being approved by the Senate and the Syndicate be presented to the Government of India as the considered opinion and recommendation of the Senate, to be implemented as early as possible.

(1) Shri Dinkerrao Desai
(2) Shri Jadavjibhai Modi
(3) Shri Bhailalbhai Patel
(4) Principal N. M. Shah
(5) Principal K. L. Desai
(6) Principal S. V. Desai
(7) Principal K. G. Naik
(8) Shri Balvantrai Mehta
(9) Shri B. K. Muzumdar
(10) Shri Batubhai Desai
(11) Shri Navnitlal Shodhan
(12) Shrimati Indumatiben Sheth
(13) Shri Maganbhai P. Desai
(14) Principal R. D. Desai
(15) Shri M. J. Pathakji

Shri Batubhai Desai may be requested to call the first meeting of this Committee, to consider this entire question fully."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી એવો સેનેટને અભિપ્રાય આપવો.

૧૮. આગામી સેનેટની બેઠક સમક્ષ નીચે મુજબનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એમ. જે. પાઠકજી તરફથી આવેલો પત્ર.

ઠરાવ

"This meeting of the Senate resolves to appoint a Committee of the following members of the Senate to consider and then to implement a scheme of practical scientific and technical training to be imparted through the Mills, factories, business firms etc. to the students of the Arts, Science, Commerce and Engineering Faculties, in short to prepare a common meeting ground between the colleges which give academic education and the factories which have got to train apprentices later on. This is in order to solve the problem of un-

employment and to save the years of students. This practical study should spread over the entire period of undergraduate years for every student.

Names of the members :—

(1) Shri Kasturbhai Lalbhai
(2) Shri Navnitlal Shodhan
(3) Shri B. K. Muzumdar
(4) Shri Bhailalbhai Patel
(5) Principal S. V. Desai
(6) Principal R. D. Desai
(7) Dr. Y. G. Naik
(8) Prof. M. M. Patel, B.E.
(9) Shri Maganbhai Desai
(10) Prof. Shenoy
(11) Shri M. J. Pathakji

Shri Maganbhai Desai may be requested to call the first meeting of these members. The Committee to make its report before the end of the term of the present Senate."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી એવો સેનેટને અભિપ્રાય આપવો.

૧૯. આગામી સેનેટની બેઠક સમક્ષ નીચે મુજબનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. યશવંત પ્રા. શુકલ તરફથી આવેલો પત્ર.

ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટીએ બોધભાષા તરીકે ગુજરાતી ભાષાને માન્ય કરી હોવાથી ગુજરાત યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાં સામર્થ્યવાળી ગુજરાતી ભાષા પ્રયોજવાના મહત્ત્વના કાર્યમાં સહાયરૂપ થવા તેમ જ પ્રાન્તીય અને વિદેશીય ભાષાઓમાં જ્ઞાનની વિવિધ શાખાઓમાં રચાયેલા ઉત્તમ ગ્રંથોને પણ ગુજરાતી ભાષામાં સુલભ બનાવવા ગુજરાત યુનિવર્સિટીમાં એક અલાયદો ભાષાન્તર વિભાગ સ્થાપવો એમ ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા ઠરાવે છે અને આ વિભાગને અસ્તિત્વમાં લાવવા માટે જે કંઈ પ્રબંધ કરવો ઘટે તે કરવાની તેમ જ તે અંગેના રૂલ્સ્ રેગ્યુલેશન્સ વગેરે ઘડીને સેનેટની હવે પછીની બેઠક સમક્ષ તે રજૂ કરવાની સિન્ડિકેટને આ સભા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી એવો સેનેટને અભિપ્રાય આપવો.

૨૦. આગામી સેનેટ સમક્ષ નીચે મુજબનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. યશવંત પ્રા. શુકલ તરફથી આવેલો પત્ર.

ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા, તમામ સેનેટ સભ્યોને, યુનિવર્સિટીના તમામ અધિકારીઓને, તેમ જ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયો અને યુનિવર્સિટી માન્ય વિદ્યાસંસ્થાઓના

તમામ આચાર્યો તથા અધ્યાપકોને, શબ્દરચના હરીફાઈઓ સાથે કોઈ પણ પ્રકારનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ નહીં રાખવાની આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ બાબતમાં કાંઈ પણ અભિપ્રાય આપવા માંગતી નથી.

૨૧. આગામી સેનેટની બેઠક સમક્ષ નીચે મુજબનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. મ. દ. અવસારે તરફથી આવેલો પત્ર.

ઠરાવ

"શિક્ષક અને શિષ્ય વચ્ચે ગાઢ સંપર્ક સધાય અને અભ્યાસના વિષયોમાં બુદ્ધિનો સર્વાંગી વિકાસ થાય તે માટે યુનિવર્સિટી સાથે જોડાયેલાં મહાવિદ્યાલયોમાં, ટ્યુટોરિયલ અને સેમિનારની પ્રથા દાખલ કરવા યોગ્ય પગલાં સિન્ડિકેટે લેવાં, તેવી સેનેટ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે આ બાબતમાં નિયમો ઘડેલા છે અને તે દરેક કૉલેજોમાં મોકલવામાં આવ્યા છે.

૨૨. ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટના પ્રમુખ પાસેથી ખુલાસો મેળવી તે વિષે શ્રી. વાઇસ-ચાન્સેલરે રિપોર્ટ કરવા સિન્ડિકેટે ઠરાવ્યા પ્રમાણે શ્રી. વાઇસ-ચાન્સેલરનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટના પ્રમુખ તરફથી આવેલા પત્ર અંગે જરૂરી ખુલાસા મેળવ્યા પછી શ્રી. વાઇસ-ચાન્સેલરે જે રિપોર્ટ કર્યો છે તે પ્રમાણે ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટની જે મિલકત આ યુનિવર્સિટીને સોંપાય છે તેનો સાભાર સ્વીકાર કરવો. અને એ સ્વીકાર કરવામાં સિન્ડિકેટ એમ સમજે છે કે ટ્રસ્ટડીડની કલમ ૩ પ્રમાણે જે કીર્તિમંદિર બાંધવાનું છે તે યુનિવર્સિટીએ બાંધવાનું નથી. પરંતુ ટ્રસ્ટના પ્રમુખના કાગળમાં લખ્યા પ્રમાણે ટ્રસ્ટીમંડળ તે બાંધશે. એવું શ્રી. વાઇસ-ચાન્સેલરે જે સ્પષ્ટીકરણ કર્યું છે તેની નોંધ લે છે.

૨૩. હમાલ નારાયણ દોલાજીની નિમણૂકને તા. ૧૬-૩-૧૯૫૫ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે તારીખથી તે જગ્યાએ કાયમ કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે હમાલ નારાયણ દોલાજીને તા. ૧૬-૩-૧૯૫૫થી કાયમ કરવા.

૨૪. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. સી. સી. પટેલની પી. એચ. ડી. ની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૨૫. સિન્ડિકેટના ઠરાવ અનુસાર મુલતવી રાખેલી ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફ કમિટીની નીચે મુજબની ભલામણ :

"નીચે જણાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલા સ્ટાફના સભ્યોની નિમણૂક મંજૂર રાખવી નહિ :

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટચૂટ, નવસારી.	૧. મીસ ભરૂચા તેહમી ફિરોઝ આગ્રા યુનિવર્સિટીની પરીક્ષાઓ આ યુનિવર્સિટીએ માન્ય કરેલ નથી.
૨. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર.	૧. શ્રી. ગોવિંદચંદ ખેરી, આગ્રા યુનિવર્સિટીની પરીક્ષાઓ આ યુનિવર્સિટીએ માન્ય કરેલ નથી.
૩. સર એલ. એ. શાહ લૉ કૉલેજ અમદાવાદ.	૧. શ્રી. ડી. એચ. ઓક આગ્રા યુનિવર્સિટીની પરીક્ષાઓ આ યુનિવર્સિટીએ માન્ય કરેલ નથી.
૪. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ	૧. શ્રી. મોહનલાલ ગાર્ગ, આગ્રા યુનિવર્સિટીની પરીક્ષાઓ આ યુનિવર્સિટીએ માન્ય કરેલ નથી.

(નોંધ :– સિન્ડિકેટના ઠરાવ અનુસાર આગ્રા યુનિવર્સિટીને પુછાવતાં તેઓ તરફથી નીચે મુજબ જવાબ આવ્યો છે :

"I have to inform you that Degrees of all Indian Universities are recognised for purposes of appointment of teachers in the affiliated colleges of the University.")

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર શિક્ષકોની નિમણૂકો મંજૂર કરવી અને બધી સ્ટેટયુરી યુનિવર્સિટીની ડિગ્રીઓને શિક્ષકોની નિમણૂક માટે reciprocal basis થી માન્ય રાખવી.

૨૬. ૧૯૫૪ની સાલ માટેના વલ્લભ વેદાન્ત પ્રાઇઝ માટેની નિબંધ હરીફાઈ માટે બે પરીક્ષકોની નિમણૂક કરવા સંસ્કૃત બોર્ડના ચેરમેને સૂચવેલાં નીચેનાં પાંચ નામોમાંથી કોની નિમણૂક કરવી તે નક્કી કરવા બાબત તથા તેમને મહેનતાણું આપવા બાબત નક્કી કરવા :

૧. શ્રી. ગોવિંદલાલ ભટ્ટ, પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા

૨. શ્રી. ભવાનીશંકર વ્યાસ, ભવાન કૉલેજ, મુંબઈ

૩. શ્રી. જે. ટી. પરીખ, એમ. ટી. બી. કૉલેજ, સુરત

૪. શ્રી. નાગરદાસ બાંભણિયા, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ

૫. શ્રી. જેઠાલાલ શાહ, મહિલા વિદ્યાલય, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગોવિંદલાલ ભટ્ટ તથા શ્રી. નાગરદાસ બાંભણિયાને પરીક્ષક નીમવા અને દરેકને રૂા. ૫૦ રેમ્યુનરેશન આપવું.

૨૭. વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલના એમ. ડી. અને એમ. એસ.ના વિદ્યાર્થી-ઓની તેઓના મજકૂર પરીક્ષા માટે એનેટોમીના રેકનાઇઝ્ડ ટીચરના સર્ટિફીકેટની જરૂરિયાત waive કરવા બાબતની અરજી સિન્ડિકેટના ઠરાવ અનુસાર બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલ તરફ રિમાકર્સ માટે મોકલતાં તેમના તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલનો જવાબ ધ્યાનમાં લઈ મજકૂર વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિ. બર્વેને પુછાવવું કે સિન્ડિકેટ આ બાબતમાં સ્પષ્ટ જવાબ ઇચ્છે છે એમ જણાવવું.

૨૮. અખિલ હિંદ મહિલા પરિષદ, ગુજરાત શાખાની કપડવંજ ખાતે મળેલી પ્રાંતિક પરિષદે પસાર કરેલા નીચે મુજબના ઠરાવ અંગે આ યુનિવર્સિટીએ યોગ્ય કરવા બાબતના મજકૂર પરિષદના મંત્રી અને શાખા પ્રતિનિધિ તરફથી આવેલો પત્ર:

ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટી સેનેટમાં ગુજરાતમાંના અ. હિં. મહિલા પરિષદના સભ્યમાંથી એક બહેનને બેઠક મળવી જોઈએ તેમ આ સભા માને છે. આથી આ બાબત યોગ્ય વાતચીત કરવા ગુજરાત શાખા પ્રતિનિધિને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં મુંબઈ સરકારને લખવા તેમને જણાવવું.

૨૯. બિહાર સ્કૂલ એકઝામિનેશન બોર્ડ તરફથી લેવાતી ફિઝિકલ એજ્યુકેશનની પરીક્ષાઓને આ યુનિવર્સિટીએ માન્ય રાખવા બાબતનો બિહાર સરકારના કેળવણી ખાતાના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકલ એજ્યુકેશનના ઇન્સ્ટ્રકટર તરીકેની લાયકાત માટે આ પરીક્ષાને માન્ય કરવી.

૩૦. શ્રી. જી. એમ. મતાઈને પ્રોવિઝનલ સર્ટિફિકેટ સિવાય લૉ પ્રિલિમિનરીના વર્ગમાં કેમ દાખલ કર્યા તે અંગે સાર્વજનિક લૉ કૉલેજ, સુરતના પ્રિન્સિપાલને પુછાવતાં આવેલા ખુલાસા ઉપર વિચાર કરી મજકૂર વિદ્યાર્થીને પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ આપવું કે કેમ તે નક્કી કરવા બાબત:

(નોંધ: — વિદ્યાર્થીએ તા. ૨૭–૧–૧૯૫૫ના રોજ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ માટે અરજી કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ વિદ્યાર્થીને એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવું.

૩૧. લેબર વેલ્ફેરના ડિપ્લોમા અંગેના ઑર્ડિનાન્સિઝ અને રેગ્યુલેશન્સ મંજૂર કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે લેબર વેલ્ફેર અંગેના ઑર્ડિનાન્સિઝ અને રેગ્યુલેશન્સ મંજૂર કરવા, અને તે અંગે સ્ટે. ૨૦૨માં સુધારો કરવો. સુધારેલો સ્ટે. ૨૦૨ આ સાથે પરિશિષ્ટ "ખ"માં છે તે પસાર કરવા સેનેટને ભલામણ કરવી. (ઑર્ડિનાન્સિઝ અને રેગ્યુલેશન્સ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૨. લેબર વેલ્ફેરનો સર્ટિફિકેટ કોર્સ આ યુનિવર્સિટીમાં ઇન્સ્ટિટ્યૂટ કરવો કે કેમ તે અંગે નિર્ણય કરવા બાબત:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં લેબર વેલ્ફેરનો સર્ટિફિકેટ કોર્સ ઇન્સ્ટિટ્યૂટ કરવો અને તે અંગેના ઑર્ડિનાન્સિઝ તથા રેગ્યુલેશન્સ મંજૂર કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને આ યુનિવર્સિટીમાં લેબર વેલ્ફેરનો સર્ટિફીકેટ કોર્સ ઇન્સ્ટિટ્યૂટ કરવા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગે ઘડેલા ઑર્ડિનાન્સીઝ તથા રેગ્યુલેશનો મંજૂર કરવાં.

(નકલ આ સાથે પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૩૩. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટમાં સુધારો થવાથી સ્ટેટ્યૂટ ૧૫૩ (d) ની પહેલી લીટીમાં "Sec 16 (1) Class II (A) (iv)" પછી, અને "(c) (d) (e)" પહેલાં તેમ જ સ્ટેટ્યૂટ ૧૬૩ની બીજી લીટીમાં "named in sub-clauses" પછી અને "(c) (d) (e)" પહેલાં (bb) ઉમેરી સ્ટેટ્યૂટ્સમાં સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઍક્ટમાં થયેલા સુધારાને લીધે સ્ટે. ૧૫૩ (d) ની પહેલી લીટીમાં Sec. (16) (1) Class II(A) (iv)" પછી, અને "(c), (d), (e)" પહેલાં "(bb)" શબ્દ મૂકી સ્ટેટચૂટમાં સુધારો કરવો અને તે પ્રમાણે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઍક્ટમાં થયેલા સુધારાને લીધે સ્ટે. ૧૬૩ની બીજી લીટીમાં "named in Sub-clauses" પછી અને "(c), (d), (e)" પહેલાં "(bb)" શબ્દ મૂકી સ્ટેટચૂટમાં સુધારો કરવો અને તે પ્રમાણે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૩૪. સેનેટે મૂળ સ્ટેટ્યૂટ ૧૫૭માં "and to elections held at a meeting of the Senate" એ શબ્દો ઉમેરી સ્ટે. ૧૫૭ સુધાર્યો હતો પરંતુ શ્રી. ચાન્સેલરે તેની મંજૂરી withhold કરેલી છે, તેમાંથી હવે ઉમેરેલા શબ્દો કાઢી નાખી સ્ટેટ્યૂટ હાલમાં છે તેમ રાખવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે તેની તા. ૨૮/૨૯-૬-'૫૪ની મિટિંગમાં સુધારેલા સ્ટેટચૂટ ૫૫૭માંથી છેવટના શબ્દો "and to elections held at a meeting of the Senate એ શબ્દો કમી કરવા.

૩૫. મોરબીને આગામી બી. ઈ.ની પરીક્ષાઓ માટે કેન્દ્ર તરીકે રાખવા બાબતમાં ફરીથી વિચારણા કરવા બાબતનો સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાના જોઈન્ટ સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મોરબીને ફક્ત ચાલુ સાલ માટે બી. ઈ.નું સેન્ટર બનાવવું. વધુમાં ઠરાવવામાં આવે છે કે એક સિનિયર સુપરવાઈઝર બહારથી નીમી ત્યાં મોકલવો.

૩૬. મુંબઈ યુનિવર્સિટીમાં જેમ ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન માળા ચાલે છે તે જ પ્રમાણે આ યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા અને સાહિત્ય અંગે દર વર્ષે પાંચેક ભાષણો રાખીને "ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા" ગોઠવવા માટે મેસર્સ એન. એમ. ત્રિપાઠી લિમિટેડ તરફથી શાહુકારા (દિલ્હી) સહરાનપુર લાઈટ રેલવે કંપની લિમિટેડના શેર નંગ ૬૦ રૂપિયા ૧૧,૫૦૦ની પડતર કિંમતના આ યુનિવર્સિટીને ડોનેશન તરીકે આપવા અંગેના પત્રો.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલે સૂચવેલી શરતોએ દાતા તે દાન આપવા તૈયાર છે કે કેમ તે પુછાવવું.

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર ડોનેશન નીચેની શરતોએ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવીઃ

૧. મજકૂર શેર નં. ૭૦ જે યુનિવર્સિટીને આપવામાં આવે છે તેને વેચી નાખી ઉત્પન્ન સરકારી સીકયુરિટીમાં રોકવું.

૨. વ્યાખ્યાનમાળા દર બે વર્ષે યોજવી.

૩૭. ૧૯૫૫ના વર્ષના પહેલા છ માસ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓ માટે સિનિયર સુપરવાઇઝરો નીમવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર આર્ટ્સમાં પ્રિ. એમ. એમ. ઠાકોરને શ્રી. એમ. કે. નાયકને સ્થાને ઉમેરવા અને બી. એસસી. માં શ્રી. એમ. કે. નાયકને રાખવા તથા પ્રિ. જે. એમ. ડી. પટેલને આણંદમાં આખી પરીક્ષા માટે નીમવા. (સુધારેલી યાદી આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૮. આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં, અંગ્રેજીના લેક્ચરર તરીકે નિમાયેલા શ્રી. કે. કે. ચિનાપ્પા યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા ન હોવાથી તેમની નિમણુક નામંજૂર કરેલી તે અંગે મજકૂર કોલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. કે. ચિનાપ્પાની નિમણૂકને મંજૂર રાખવી.

૩૯. જે વિદ્યાર્થી એક કૉલેજ છોડીને જુદી જુદી બે કૉલેજોમાં એક પોસ્ટ-ગ્રેજ્યુએટ અને એક અન્ડર-ગ્રેજ્યુએટ એમ બે કોર્સ માટે દાખલ થાય તેઓના ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટ માટે કેવી જાતનો પ્રોસિજર રાખવો તે વિષે ઓ. ૮૪ માં પ્રોવિઝન ન હોવાથી નીચે મુજબ પ્રોવિઝો મૂકી મજકૂર ઓર્ડિનાન્સમાં સુધારો કરવા બાબત :

"Notwithstanding anything contained above, a student who prosecutes study for one post-graduate and one under-graduate courses simultaneously in two different institutions, other than the original institution or college he leaves, shall produce a Transference Certificate in original to the institution or college he joins first and a copy attested by the Principal of the College or the Head of the Institution he so joins, to the other."

આથી ઠરાવવામાં આવે છે કે ઓ. ૮૪ માં સૂચવેલો સુધારો મંજૂર કરવો. (સુધારેલો ઓર્ડિનાન્સ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૪૦. પોતાના ભાણાના લગ્ન અંગે તેમ જ માતુશ્રીની લાંબી માંદગી અંગેના ખર્ચ માટે યુનિવર્સિટીમાંના પોતાના પ્રોવિડંટ ફંડના કૉન્ટ્રિબ્યૂશનમાંથી રૂા. ૫૦૦,ની લોન આપવા બાબતની સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્યની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૧. સ્ટેટિસ્ટિક્સ ડિપાર્ટમેન્ટ માટે હિંદ સરકાર તરફથી આવેલી રૂા. ૧૦,૦૦૦. ની ગ્રાન્ટમાંથી સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે ૮ ફેસીટ મશીનો ખરીદવાનું મંજૂર થયું હતું પરંતુ આ મશીનો અંગેના એજન્ટ માત્ર બે જ મશીનો આપી શકે એમ હોવાથી યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટરની ભલામણ ઉપરથી બાકીનાં ૬ ફેસીટ મશીનોને બદલે ૬ એવરેસ્ટ મશીનો ખરીદવા સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મંજૂરી આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૨. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદને બી. એ. (સ્પેશિયલ) હિસ્ટ્રી માટે જોડાણનું એકસ્ટેન્શન આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ અને તે ઉપરની એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that Sir L. A. Shah Law College, Ahmedabad, be granted extension of affiliation for teaching courses of study leading upto B.A. Special in History for a period of

two years from the 20th June 1954 i.e. upto 19th June 1956 on the College authorities fulfilling the following conditions to the satisfaction of the Syndicate on or before 31st May 1955 :

1. A Lecturer with qualifications in History and Politics according to the University Regulations is appointed.

2. The management provides for a special grant of Rs. 1,500/- for the purchase of books and maps on European and Indian History. The recurring grant for the subject concerned be suitably increased.

3. The College acquires for its Reading Room leading journals on History and Politics, as for instance, Current History, Journal of the Indian Political Science Association, Foreign Affairs, Bharatiya Vidya, Forbes Sabha Quarterly, Journal of the Gujarat Research Society, Journals of Indian History (Madras and Calcutta) Indian Quarterly (Indian Council of World Affairs, Delhi) etc."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સેનેટને રિપોર્ટ કરવો.

૪૩. ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન ઉપરના ઇન્ટર યુનિવર્સિટી બોર્ડના એક પ્રતિનિધિ નોમિનેટ કરવા માટે આ યુનિવર્સિટીના એક પ્રતિનિધિની સૂચના કરવા બાબતનો ઇન્ટર યુનિવર્સિટી બોર્ડના ચેરમેન તરફથી આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી તરફથી શ્રી. આર. એમ. ત્રિવેદીનું નામ સૂચવવું.

૪૪. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં સિનિયર બી. એ. ના વર્ગમાં ભણતા વિદ્યાર્થી શ્રી. એ. એમ. ભટ્ટની હાજરી માંદગીને કારણે નિયમ કરતાં ઓછી હોવાથી ખટતી હાજરી કોન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી તેમની અરજી.

(નોંધ : — વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે :

	ભરેલી હાજરી	જોઈતી હાજરી	ખૂટતી હાજરી
પહેલું સત્ર	૩૮	૬૫	૨૭
બીજું સત્ર	૪૭	૬૫	૧૮
ત્રીજું સત્ર	૬૭	૬૫	૨ વધારે હાજરી
		કુલ ખૂટતી હાજરી	૪૩

(વિદ્યાર્થીએ માંદગી માટે મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીની ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૪૫. ગુજરાત યુનિવર્સિટી એકટની સુધારેલી કલમ ૩૫ની પેટા કલમ ૪ અનુસાર સિન્ડિકેટે બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ લર્નિંગ એન્ડ રિસર્ચને અનુસ્નાતક સંસ્થા તરીકે માન્યતા આપ્યા અંગેના સિન્ડિકેટે કરેલા રિપોર્ટ ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

સિન્ડિકેટનો રિપોર્ટ

"Report that the B. J. Institute of Learning and Research, Ahmedabad, be recognised for a period of three years from 15-6-1955 to 19-6-1958 for teaching the following subjects for the M.A. Degree by papers and the Ph.D. Degree by Research :

(a) Sanskrit, (b) Gujarati, (c) Persian, (d) Arabic and (e) Ancient Indian Culture."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે આ સંસ્થાને ત્રણ વર્ષ માટે માન્યતા આપી છે તેને બદલે કાયમની માન્યતા આપવી જોઈએ એવો એકેડેમિક કાઉન્સિલનો મત છે, તે બાબતની જાણ સિન્ડિકેટને કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ વિચારણા માટે આવતી મીટિંગમાં મૂકવું.

૪૬. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફના ૫૦ ટકા ઉપરાંતના સભ્યોએ મેસર્સ, ન્યૂ ઇન્ડિયા એસ્યુરન્સ કું. લિમિટેડનો સ્ટાફ ઇન્સ્યુરન્સ યોજના હેઠળ વીમો ઉતરાવવા ખુશી દર્શાવી છે તો આ સ્કીમ હેઠળ સ્ટાફના સભ્યોને વીમો ઉતરાવવા દેવા અને તેઓના પગારમાંથી દર મહિને પ્રિમિયમની રકમ કાપી લેવા મંજૂરી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફે માગેલી પરવાનગી આપવી.

૪૭. સુરેન્દ્રનગર ખાતે શરૂ કરાનારી ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ કૉલેજને શરૂ કરવાનો વિચાર બંધ રાખ્યા બાબતનો ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, ગવર્નમેન્ટ ઑફ સૌરાષ્ટ્ર, રાજકોટનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર સરકારના પત્રની નોંધ લેવી.

૪૮. પોરબંદર ખાતે શરૂ થનારી મહિલા મહાવિદ્યાલયના જોડાણ અંગેની સેનેટે મૂકેલી શરતો પરિપૂર્ણ કર્યા બાબતનો શેઠ એન. કે. મહિલા મહાવિદ્યાલયના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી તરફથી આવેલો પત્ર.

અને

૪૯. પોરબંદર ખાતે જૂન ૧૯૫૫માં શરૂ કરાનારી મહિલા વિદ્યાલય માટે ગુરુકુળનું જૂનું મકાન વપરાશે એમ મૂળ અરજીમાં જણાવેલું છે પરંતુ હવે કૉલેજ માટેનું નવું મકાન તથા હૉસ્ટેલ્સ વગેરે નવાં બંધાયાં હોવાથી આ અંગે યુનિવર્સિટીને યોગ્ય લાગે તો તપાસણી

સમિતિ મોકલવા બાબતના શેઠ એન. કે. મહિલા મહાવિદ્યાલય ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી અને પ્રેસિડેન્ટનો આવેલ પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે તેઓ ઇન્ટરમિડિયેટનો વર્ગ આ વર્ષથી ચાલુ કરનાર છે કે કેમ તે પુછાવવું અને ત્યાર બાદ આ બાબતમાં વિચાર કરવો.

૫૦. વાર્ષિક ૧૦૦ વિદ્યાર્થીઓને દાખલ કરતી મેડિકલ કૉલેજો માટે મુખ્ય જરૂરિયાતો અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલ પત્ર અંગે મેડિકલ ફેકલ્ટીએ કરેલો નીચે મુજબનો ઠરાવ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ પત્ર મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલને તેમ જ વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટને જાણ સારુ મોકલી આપવો."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીનો ઠરાવ મંજૂર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૫૧. એકેડેમિક કાઉન્સિલે પસાર કરેલા રેગ્યુલેશન ૧૧, ૧૬, ૨૩, ૬૯, ૧૫૧, ૨૦૪ અને ૨૦૮ તથા નં. ૯, ૧૮, ૭૭, ૨૧૬, અને ૨૧૮ના સુધારા મંજૂર કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલે મંજૂર કરેલા રેગ્યુલેશન નં. ૯, ૧૧, ૧૬, ૧૮, ૨૩, ૬૯, ૭૭, ૧૫૧, ૨૦૪, ૨૦૮, ૨૧૬ તથા ૨૧૮ના સુધારા મંજૂર કરવા.

(નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૫૨. હોમ સાયન્સનું ગ્રૂપ બી. એ. માં ઉમેર્યું હોવાથી એકેડેમિક કાઉન્સિલે સુધારેલો ઓ. ૧૬૯ મંજૂર કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઓ. ૧૬૯ મંજૂર કરવો. (નકલ આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૫૩. એમ. કૉમ. માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ, કૉસ્ટિંગ અને ઇન્ડસ્ટ્રિયલ એડમિનિસ્ટ્રેશનના બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન એકાઉન્ટન્સીએ ડ્રાફ્ટ કરેલા અભ્યાસક્રમ મંજૂર કરવા બાબત:

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડે રજૂ કરેલો અભ્યાસક્રમ મંજૂર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલે મંજૂર કરેલો અભ્યાસક્રમ સ્વીકારવો.

(નકલ આ સાથે પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૫૪. બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન હિન્દીની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૫ ની પરીક્ષા માટે હિન્દીના ૭ મા અને ૮ મા પેપર અંગેની મંજૂરી એકેડેમિક કાઉન્સિલ આપે તો આ વર્ષે પણ એમ. એ. ના વિદ્યાર્થીઓને ૭ મા અને ૮ મા પેપરમાં બેસવા દેવા અને ૧૯૫૬–૫૭ માટે મંજૂર કરેલો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો આ વર્ષે પણ અમલમાં મૂકવાં એવી ભલામણ આ બોર્ડ એકેડેમિક કાઉન્સિલને કરે છે. "

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડની ભલામણ મંજૂર કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૫૫. ફર્સ્ટ ઇયર કૉમર્સના હિન્દી ફરજિયાત વિષયના અભ્યાસક્રમ તથા પાઠ્યપુસ્તકો અંગેની બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન હિન્દીની ભલામણ અને તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ :

ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૫ના જૂનથી ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને સાયન્સ માટે જે પાઠ્યપુસ્તક નિયત કરવામાં આવ્યું છે તે પાઠ્યપુસ્તક અને તે વર્ગો માટે જે અભ્યાસક્રમ રાખવામાં આવ્યો છે તે જ અભ્યાસક્રમ ૧૯૫૫ ના જૂનથી ફર્સ્ટ ઇયર કૉમર્સ માટે પણ મંજૂર કરવો એવી ભલામણ આ બોર્ડ એકેડેમિક કાઉન્સિલને કરે છે. "

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડની ભલામણ મંજૂર કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૫૬. ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરીના સિનિયર ક્લાર્ક શ્રીમતી એમ. એમ. શાસ્ત્રીનું રાજીનામું મંજૂર થવાથી તેમને ખાતે જમા થયેલી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મિસ શાસ્ત્રીને તેમની પ્રોવિડન્ટ ફંડની જમા થયેલી રકમ વ્યાજ સહિત પાછી આપવી.

૫૭. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. આર. એચ. ઠાકરની પી. એચ. ડી.ની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૫૮. સિન્ડિકેટના ઠરાવ અનુસાર યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ અને યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ અને લિટરેચરમાં ૧. મેરિટ સ્કૉલરશિપ અને ૨. ફ્રીસ્ટુડન્ટશિપ અંગે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટરે રજૂ કરેલા નિયમો ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે રજૂ કરેલા નિયમો મંજૂર કરવા. (નકલ આ સાથે પરિશિષ્ટ "હ" તરીકે સામેલ છે.)

૫૯. યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશન તરફથી બેંગ્લોર ખાતે તા. ૨ જી મેથી ૨૭ મી મે ૧૯૫૫ દરમિયાન યોજનાર અમેરિકન ઇન્સ્ટિટ્યૂશન અૅન્ડ કલ્ચર અંગેના સેમિનાર માટે આ યુનિવર્સિટી તરફથી ડેલિગેટ તરીકે ડેપ્યુટ કરવા બાબતની યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના રીડર ઇન સોશિયોલોજી, શ્રીમતી તારાબહેન એન. પટેલની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રીમતી તારાબહેન પટેલને મોકલવાં.

૬૦. તા. ૧-૩-૧૯૫૫ ના રોજ મળેલી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભાના નીચે જણાવેલા ઠરાવ નં. ૧૨ અને ૧૭ ને મંજૂરી આપવા બાબત:

ઠરાવ નં. ૧૨.

"આથી સને ૧૯૫૫-૫૬ના વર્ષ માટેના બોર્ડ ઑફ સ્પોર્ટ્સના નીચે પ્રમાણેના બજેટને મંજૂર કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે:

૧. ઇન્ટર કૉલેજિયેટ સ્પોર્ટ્સ	રૂ. ૮,૦૦૦
૨. ઇન્ટરગ્રૂપ સ્પોર્ટ્સ	રૂ ૪,૦૦૦
૩. ઇન્ટર યુનિવર્સિટી સ્પોર્ટ્સ	રૂ. ૧૩,૦૦૦
	રૂ. ૨૫,૦૦૦

નોંધ: – ઇન્ટરયુનિવર્સિટી સ્પોર્ટ્સ અંગેના બજેટમાંથી રૂ. ૩,૦૦૦ સુધીની રકમ ઠરાવ નં. ૧૬ પ્રમાણે હરીફોને પ્રેકટિસ આપવા માટે તથા કોચ રાખવા માટે ખર્ચવી તથા ઠરાવ નં. ૧૭ પ્રમાણે જો આપણું આમંત્રણ સ્વીકારીને ઇન્ટરયુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ વોલીબોલની હરીફાઈ યોજવાનું ગુજરાત યુનિવર્સિટીને સોંપે તો તે અંગેના ખર્ચની જોગવાઈ પણ ઉપરના બજેટમાંથી જ કરવી."

ઠરાવ નં. ૧૭

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૫–૫૬ની સાલની ઇન્ટરયુનિવર્સિટીની વોલીબોલની હરીફાઈ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજવા માટે ઇન્ટરયુનિવર્સિટી સ્પોર્ટસ બોર્ડને આમંત્રણ આપવાનું મંજૂર કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્પોર્ટસની ભલામણો મંજૂર કરવી.

૬૧. ગુજરાતી ડિપાર્ટમેન્ટમાં રીડરો અને લેક્ચરરોની જગ્યાઓ અંગેના શ્રી. અ. ક. ત્રિવેદીના પત્ર ઉપર સિન્ડિકેટે નીમેલી સમિતિના રિપોર્ટ ઉપરની તથા ભાષાશાસ્ત્રીઓ અને કેળવણીકારોની પૂના ખાતે મળેલી કૉન્ફરન્સમાં વિચારાયેલી યોજના અંગેના ડેક્કન કૉલેજ પોસ્ટ–ગ્રેજ્યુએટ અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટરના પત્ર અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચે મુજબની ભલામણ :

કમિટીનો રિપોર્ટ

"આ સભા સર્વાનુમતે ઠરાવે છે કે —

૧. ગુજરાતીમાં પી. એચ. ડી. માટે હાલ જે પ્રોફેસરોને માન્યતા મળેલી છે તેમને પોતપોતાની કૉલેજમાં અથવા સંસ્થામાં થોડાંક વર્ષો સુધી પોતપોતાનું કામ ચાલુ રાખવાની છૂટ આપવી.

૨. અમદાવાદ વિસ્તારમાં ગુજરાતીનું એમ એ. નું શિક્ષણ યુનિવર્સિટી સ્કૂલ ઑફ ગુજરાતીને હસ્તક રહે, એ સ્કૂલના અધ્યક્ષ (ડિરેક્ટર) એ કાર્યના નિયામક રહે. આ કાર્ય માટે હાલ અમદાવાદ વિસ્તારમાંના ગુજરાતીના એમ. એ. ના શિક્ષણ માટે માન્ય થયેલ અધ્યાપકોમાંથી જરૂર પ્રમાણે મદદ લેવાય.

૩. સ્કૂલ ઑફ ગુજરાતીમાં અધ્યક્ષને (ડિરેક્ટરને) સહાય કરવા માટે નીચેની જગ્યાઓ મંજૂર કરવી :

૧. ગુજરાતીમાં ત્રણ રીડરો જેમાં એક રીડર ભાષાવિજ્ઞાન માટે હોય.

૨. ગુજરાતીના ત્રણ લેક્ચરરો.

વિશેષમાં આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે આ ઠરાવનો અમલ થઈ શકે તે માટે કરવા જોઈતા સ્ટેટચૂટસ વગેરે બનતી ત્વરાએ ઘડીને આવતી સેનેટ સમક્ષ મંજૂરી માટે મૂકે."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કમિટીની ભલામણ પૈકી ગુજરાતી ભાષાસાહિત્યભવનમાં ડિરેક્ટર ઉપરાંત તાત્કાલિક ભાષાવિજ્ઞાન માટે એક રીડર તથા બીજા એક રીડર અથવા લેક્ચરરની નિમણૂક કરવાનું મંજૂર કરવું તેમ જ ગુજરાતીના ડિપાર્ટમેન્ટ માટે તેના વિકાસની તેમ જ સૂચવાયેલા ત્રણ રીડરો અને ત્રણ લેક્ચરરોના કામકાજ વગેરેની સમગ્ર યોજના તૈયાર કરી જરૂરી જગ્યાઓ કાઢવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને ભલામણ કરવી."

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ મંજૂર કરવો તેમ જ ભાષાવિજ્ઞાન માટે એકેડેમિક કાઉન્સિલની ભલામણો પ્રમાણેની બે જગ્યાઓ ઉપર નિમણૂક કરવાનું મંજૂર કરવું તથા ગુજરાતી ભાષા સાહિત્યભવનના ભાવિ વિકાસ અંગેની સમગ્ર યોજના તૈયાર કરી રજૂ કરવા ગુજરાતી ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટરને જણાવવું.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ બાબત સેનેટ પાસે પસાર કરાવવા માટે જરૂરી પગલાં પણ તાકીદે લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણને મંજૂર કરવી.

૬૨. ફાઇનાન્સ કમિટીની નીચે મુજબની ભલામણ :

" આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વલ્લભવિદ્યાલયનું આમોદ્ધાર મુદ્રણાલય નડિયાદ સેન્ટરનાં પ્રશ્નપત્રો છાપી શકે તેમ ન હોવાથી નડિયાદ સેન્ટરનાં પ્રશ્નપત્રો લોકમત પ્રકાશન લિમિટેડ, નડિયાદ પાસે દરેક પેપરના રૂા. ૫૦–૦–૦ ના ભાવે છપાવવાં. કાગળની કિંમત રૂા. ૭–૦–૦ રીમના જુદા આપવા.

વધુમાં આ અંગે થનારા વધારાના ખર્ચ બાબતમાં શું કરવું તે પ્રશ્ન પણ સિન્ડિકેટ તરફ નિર્ણય માટે મોકલવો."

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ કમિટીની ભલામણ મંજૂર કરવી અને જરૂરી ખર્ચ મંજૂર કરવો.

૬૩. લૉના અભ્યાસક્રમોના રિવિઝન અંગે વિચારણા કરવા માટે હાઈકોર્ટ ઑફ મુંબઈના ચિફ જસ્ટિસે બોલાવેલ મિટિંગમાં હાજર રહેવા માટે, પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર, પ્રિન્સિપાલ ટી. કે. મોદી (સરદાર હાવર) અને ફેકલ્ટી ઑફ લૉના ડિન શ્રી. એચ. પી. શુકલનાં ટી. એ. બિલો મંજૂર કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

નીચેની આઇટમો પ્રમુખની પરવાનગીથી રજૂ કરવામાં આવી હતી.

૬૪. આગામી કૉન્વોકેશન માટે બી. ફાર્મની ડિગ્રી લેવા સારુ રજૂ કરેલું સારાભાઈ કેમિકલ્સ લિ. નું સર્ટિફિકેટ માન્ય રાખવા બાબતની શ્રી. જે. એમ. ઉપાધ્યાયની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એમ. ઉપાધ્યાયને ખાસ કેસ તરીકે ગણી બી. ફાર્મ. ડિગ્રી માટે રજૂ કરેલું સર્ટિફિકેટ માન્ય રાખી ડિગ્રીને લાયક ગણવા.

૬૫. નીચેના ચાર વિદ્યાર્થીઓને સિંધીનો ખાનગી અભ્યાસ કરી ઇન્ટર સાયન્સમાં બેસવા પરવાનગી આપવા બાબતની તેઓની એલ. ડી. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી નામંજૂર કરી હતી. તે અંગે ફરી વિચારણા કરવા બાબત.

૧. શ્રી. પી. જી. છબ્લાની
૨. શ્રી. આર. ડબ્લ્યુ. શહાની
૩. શ્રી. ડી. ટી. છાબ્રીઆ
૪. શ્રી. કે. બી. ખુબચંદાની.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના વિદ્યાર્થીઓની વિનંતી મંજૂર રાખવી.

૬૬. પ્રકાશ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રો. એસ. આર. ભટ્ટ વચ્ચે પ્રિન્સિપાલની નિમણુક અંગે થયેલા પત્રવ્યવહારની પ્રો. એસ. આર. ભટ્ટ તરફથી આવેલી નકલો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં પ્રકાશ એજ્યુકેશન ટ્રસ્ટને આગામી સેનેટ સમક્ષ મજકૂર કૉલેજની ઍફિલિયેશનની બાબત આવનાર છે, તો આ બાબત શી પરિસ્થિતિ છે તેની સ્પષ્ટતા તાકીદે કરવા જણાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૧૭૩૧૩-૨૯-૧૯૫૫,

અમદાવાદ-૯,
તા. ૨૨-૩-૧૯૫૫.

જ. મં. મહેતા
ઑફિસિયેટિંગ રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૩

નં. જન. ૧૦૫૬૦–૫૭૪ –૧૯૫૫
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ–૯. તા. ૧૫–૨–૫૫.

ગુજરાત યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડની ચોથી બેઠક, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં ગુરુવાર તારીખ ૩–૨–૧૯૫૫ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે મળેલી તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. વાઇસ–ચાન્સેલર	હાજર
૨. શ્રી. આર. સી. પરીખ	હાજર
૩. શ્રી. એમ. ડી. અવસારે	હાજર
૪. શ્રી. એ. ડિસોઝા	હાજર
૫. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૬. શ્રી. મગનભાઈ ડી. પંટેલ	ગેરહાજર
૭. શ્રી. એચ. પી. શુકલ	હાજર
૮. શ્રી. એસ. વી. દેસાઈ	ગેરહાજર
૯. શ્રી. એન. એમ. શાહ	હાજર
૧૦. શ્રી. આર. પી. પટેલ	હાજર
૧૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૧૨. ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર
૧૩. ડૉ. એમ. ડી. દેસાઈ	હાજર
૧૪. ડૉ. સી. સી. શાહ	હાજર
૧૫. શ્રી. આર. એચ. ચોખાવટિયા	હાજર

૧. તા. ૪–૨–૧૯૫૪ના રોજ મળેલી સભાની મિનિટ્સને બહાલી આપવા બાબત:

કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ–ચાન્સેલરે સહી કરી.

૨. શ્રી. ગોવિંદલાલ ડી. પટેલની પી. એચ. ડી. ની થિસિસ પબ્લિશ કરવા અંગે શ્રી. બી. ડી. પટેલના આવેલા અભિપ્રાય પર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે થિસિસ ઘણી મોટી હોવાથી તેને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરી શકાય માટે શ્રી. જી. ડી. પટેલ તેને સંક્ષિપ્ત રૂપે (Abridged form) ટૂંકાવી આપી શકશે કે કેમ તે પુછાવવું.

૩. ડૉ. એલ. એચ. ટેન્ગશેની તા. ૯–૮–૧૯૫૪ની પબ્લિકેશન ગ્રાન્ટ માટેની અરજી પર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એલ. એચ. ટેન્ગશેની માગણી નામંજૂર કરવી.

૪. ગુજરાત રિસર્ચ સોસાયટીના આસિસ્ટન્ટ સેક્રેટરીની તા. ૧૨-૭-૧૯૫૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રિસર્ચ સોસાયટીના આસિસ્ટન્ટ સેક્રેટરીની માગણી નામંજૂર કરવી.

૫. પ્રો. આઈ. આર. દવેની તા. ૭-૧૦-૧૯૫૪ની અરજી પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. આઈ. આર. દવેનો સંશોધન અંગેનો રિપોર્ટ યુનિવર્સિટી જર્નલના જનરલ એડિટોરિયલ બોર્ડ તરફ મોકલી આપવો.

૬. એક્સ્ટ્રા ક્યુરલ પ્રવૃત્તિઓના આશ્રયે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીમાં શ્રી. ટી. કે. શહાણીએ "પૉલિટિકલ સાયન્સ અને વર્લ્ડ વૉર" પર આપેલું ભાષણ તથા દરબાર ગોપાળદાસ, અલિયાબાડામાં પંડિત બેચરદાસ દોશીએ "જૈન ધર્મનો પરિચય" ના વિષય પર આપેલાં ભાષણોની નકલો યુનિવર્સિટી ઑફિસે મોકલવામાં આવી છે. આવાં ભાષણો છપાવવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદર ભાષણો યુનિવર્સિટી જર્નલના જનરલ એડિટોરિયલ બોર્ડ તરફ મોકલી આપવાં. તેમને યોગ્ય લાગે તો તે જર્નલમાં પ્રસિદ્ધ કરે.

૭. મુંબઈ યુનિવર્સિટીના પત્ર નં' ૧૨૬૦૭ તા. ૭-૫-૫૪ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ યુનિવર્સિટીને જણાવવું કે સદર પુસ્તકના વોલ્યુમ ૧ નું ભાષાંતર શ્રી. રામપ્રસાદ પી. બક્ષીએ કર્યું હતું તેમની પાસે જ વોલ્યુમ ૨ નું પણ ભાષાંતર કરાવવામાં આવનાર છે. વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. બક્ષીને તે અંગે આપવામાં આવનારા મહેનતાણાની જાણ કરવી.

૮. શ્રી. પ્રબોધ પંડિતના તા. ૧૦-૩-૫૪ તથા ૪-૪-૫૪ના પત્રો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતી બોર્ડે સૂચવેલાં પુસ્તકો પૈકી સદર બોર્ડે "Origin and Development of Language by Otto Jesperson પુસ્તકનો અનુવાદ કરવા ઠરાવેલ તેને બદલે શ્રી. પ્રબોધ પંડિતે સૂચવેલા "Language, A Linguistic Introduction to History by J. Vendrey's Published by Kegan Paul London," પુસ્તકનો અનુવાદ કરવો કે કેમ તે માટે ગુજરાતી બોર્ડનો અભિપ્રાય પુછાવવો.

૯. શ્રી. દેવવ્રત પાઠકના તા. ૧૭-૧૧-૫૪ના પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. પાઠકના પત્રની આઈટેમ ૩ બાબત શ્રી. પાઠક હવે યુનિવર્સિટીના નોકર હોવાથી તેમને મહેનતાણું આપવું કે કેમ અને તે કયા ધોરણે આપવું તે નક્કી કરવા બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૧૦. જ્યોર્જ એલન એન્ડ અનવિન લિ. લંડનના તા. ૧૮-૧૨-૫૪ના પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે " Grammar of Politics " by Harold Laski એ પુસ્તકના ગુજરાતી ભાષાંતર બાબત જ્યોર્જ એલન એન્ડ અનવિન લિમિટેડ, લંડન એમની શરતોનો સ્વીકાર કરવો અને તેમનું એગ્રીમેન્ટ ફોર્મ મંગાવવું.

૧૧. "સોસાયટી" નામનું પુસ્તક છાપવાની પરવાનગી માગતા પબ્લિશર્સ તરફથી આવેલા તા. ૨૮-૬-'૫૪ના પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે " Society by Maciver " એ પુસ્તકના ગુજરાતી ભાષાંતર બાબત મેસર્સ કર્ટીસ બ્રાઉન લિમિટેડ, લંડન એમની શરતોનો સ્વીકાર કરવો અને તેમનું એગ્રીમેન્ટ ફોર્મ મંગાવવું. તેમ જ Maciver ની છેલ્લી આવૃત્તિનો અનુવાદ કરાવવો. અનુવાદ અને તેટલો જલદી કરવો જોઈએ એમ શ્રી. એ. આર. દેસાઈને જણાવવું.

૧૨. શ્રી. એલ. આર. દેસાઈના પત્ર નં. ૧૩૨ તા. ૨૬-૨-'૫૪ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એલ. આર. દેસાઈએ સૂચવેલ પુસ્તકનો અનુવાદ કરવો અને તે કામ પ્રિન્સિપાલ એલ. આર. દેસાઈ પોતે લેવા તૈયાર છે કે કેમ તે પુછાવવું. જો તેઓ લઈ શકે તેમ ન હોય તો તે પુસ્તકોનો અનુવાદ કરવા માટે કોને કામ સોંપવું તે માટે તેમની સૂચના મંગાવવી.

૧૩. શ્રી. ડી. એમ. કાપડિયાના તા. ૧-૩-'૫૪ના પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતનું કામ કોને સોંપવું તે માટે શ્રી આર. સી. પરીખની તથા શ્રી. મગનભાઈ પી. દેસાઈની ભલામણો મંગાવવી અને તે ભલામણો આવેથી શ્રી. વાઈસ-ચાન્સેલરે તેના પર નિર્ણય લઈ આગળ પગલાં લેવાં.

૧૪. કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ, લંડનના પત્ર નં. એફ. જે. એસ. પી. સી. તા. ૧-૯-'૫૪ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે " Caste in India " by Hutton એ પુસ્તકના ગુજરાતી ભાષાંતર બાબત મેસર્સ કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ, લંડન એમની શરતોનો સ્વીકાર કરવો અને તેમનું એગ્રીમેન્ટ ફોર્મ મંગાવવું.

૧૫. બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન ઇકોનોમિક્સની તા. ૨૭-૮-'૫૪ના રોજ મળેલી સભાના ઠરાવ નં. ૩. પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ટેકસ્ટ બુક તૈયાર કરવા અંગે પ્રશ્ન જુદો હોવાથી આ બાબતમાં હાલ કાંઈ કરવાનું રહેતું નથી.

૧૬. જુદા જુદા બોર્ડ ઑફ સ્ટડીઝ તરફથી આવેલી પુસ્તકોની યાદી પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે બાકી રહેલાં બોર્ડોની ભલામણો પર વિચારણા કરી એમ ઠરાવવામાં આવ્યું કે તે અંગે હાલમાં કશાં પગલાં લેવાં નહિ પરંતુ એનેટોમી અને ફિજિયોલોજીનાં કયાં પુસ્તકોનો અનુવાદ કરાવવો અને તે કોની પાસે કરાવવો તે બાબતમાં ડૉ. મોતીભાઈ ડી. પટેલનાં સૂચનો મંગાવવાં.

૧૭. ડૉ. મુઝૂમદારે અંગ્રેજીમાં લખેલા ગુજરાતના ઇતિહાસને યુનિવર્સિટી તરફથી છપાવી પ્રસિદ્ધ કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મુઝૂમદારની હસ્તપ્રત નીચે જણાવેલા સભ્યોની કમિટીને બતાવવી અને તેમનો અભિપ્રાય મંગાવવો :

૧. શ્રી. વાઇસ–ચાન્સેલર
૨. શ્રી. આર. સી. પરીખ
૩. શ્રી. મગનભાઈ પી. દેસાઈ

આથી ઠરાવવામાં આવે છે કે માધ્યમિક શિક્ષકો અને હેડમાસ્તરોનાં મતદાર વિભાગોમાંથી ચૂંટણીઓ માટે પરિશિષ્ટ "ગ"માં જણાવ્યા મુજબના મતદાન કેન્દ્રો અને ચૂંટણી અધિકારીઓ રાખવા.

૨૩. બ. આગામી ચૂંટણીઓ અંગે, ખાસ કરીને રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સ, સેકન્ડરી શિક્ષકો અને હેડમાસ્ટર્સ કૉન્સ્ટીટ્યુઅન્સી અંગેના ચૂંટણી કેન્દ્રો તથા ચૂંટણી અમલદારો નકકી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સ કૉન્સ્ટીટ્યુઅન્સી માટે નીચે પ્રમાણે પોલીંગ સેન્ટર્સ અને પોલીંગ ઓફિસરોની નિમણૂક કરવી:

૧. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો પૈકી પેટલાદ કૉલેજ અને દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા સિવાયની બધી કૉલેજોને મતદાન કેન્દ્રો તરીકે રાખવી અને કૉલેજોના પ્રિન્સિપાલોને ચૂંટણી અધિકારીઓ તરીકે નીમવા.

૨. ઉપરાંત નીચે પ્રમાણેનાં વધારાનાં મતદાન કેન્દ્રો રાખવાં:

સ્થળ:	પોલિંગ સેન્ટર:	ચૂંટણી અધિકારી:
૧. વડોદરા:	મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફિસ	તે યુનિવર્સિટીના અધિકારી
૨. ગોધરા:	મ્યુનિસિપલ ઑફિસ	તે સંસ્થાના અધિકારી
૩. હિમ્મતનગર:	મ્યુનિસિપલ ઑફિસ	તે સંસ્થાના અધિકારી
૪. મહેસાણા:	મ્યુનિસિપલ ઑફિસ	તે સંસ્થાના અધિકારી
૫. પાલનપુર:	મ્યુનિસિપલ ઑફિસ	તે સંસ્થાના અધિકારી
૬. મુંબઈ:	મુંબઈ યુનિવર્સિટી ઑફિસ	તે યુનિવર્સિટીના અધિકારી
૭. સુરેન્દ્રનગર:	મ્યુનિસિપલ ઑફિસ	તે સંસ્થાના અધિકારી

અને દરેક મતદારને ઓળખપત્ર આપવો કે જેથી તે ગમે તે સ્થળે મતદાન કરી શકે.

૨૪. એસ. એસ સી. બોર્ડ તરફથી નવો અભ્યાસક્રમ દાખલ થવાને કારણે ૧૯૫૬ના જુનથી સ્ટેટ્યુટ ૧૯૩માં જરૂરી ફેરફાર કરવા બાબત:

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઉપર વિચારણા કરી રિપોર્ટ કરવા અને જરૂરી સ્ટેટ્યુટ તૈયાર કરવા નીચેની કમિટી નીમવી:

૧. આર્ટ્સ ફૅકલ્ટીના ડીન
૨. સાયન્સ ફૅકલ્ટીના ડીન
૩. કૉમર્સ ફૅકલ્ટીના ડીન
૪. શ્રી અદુભાઈ એચ. દેસાઈ
૫. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૬. ડૉ. વાય. જી. નાયક
૭. શ્રી. એસ. આર. ભટ્ટ. "

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે નીમેલી કમિટીને મંજૂર રાખવી.

૨૫. લૉ ફૅકલ્ટીની નીચે મુજબની ભલામણો તથા ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

લૉ ફૅકલ્ટીની ભલામણ

૧. "આથી આ ફૅકલ્ટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે એલ. એલ. બી. ના નવા

કોર્સના ઍાર્ડિનાન્સ નં. ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૪૬ અને ૨૪૭માં નીચે પ્રમાણે સુધારો કરવો:

O. 242: Lines 2 and 3 : Add the words "Or Intermediate Science" after the words "Intermediate Arts."

O. 243: Line 2 : Add the words " or Science " after the words " Faculty of Arts ".

O. 244: Line 3 : Add the words "or Science" after the words "Faculty except Arts".

O. 245: Line 2 : Add the words "or Intermediate Science" after the words "Intermediate Arts".

O. 245: Line 6 : Add the words "or Science" after the words " Faculty except Arts ".

O. 246: Line 2 : Add the words "or Intermediate Science" after the words " Intermediate Arts ".

O. 246: Line 6 : Add the words "or Science" after the words " Intermediate Arts ".

Delete the following given below the O 245 on page 641 of the Gujarat University Hand Book Part II, 1953 :

Delete :

Reasons : The Law Preliminary course is not a course in Legal subjects, but comprises general Arts subjects. There is no reason why the facilities that are given to Intermediate students in the pursuit of their studies for the graduate courses should not be given to students wishing to join the Law Preliminary course. Law Preliminary Course is equivalent to Jr. B.A. Course and the terms kept in the said course are to be counted for the purposes of appearance at the B.A. Senior Examination. Hence, the said two courses stand on the same footing and are inter-connected.

And substitute the following "Note" below the O. 246 :

Note : Law Preliminary Course is equivalent to Jr. B.A. Course and the terms kept in the said course are to be counted for the purpose of appearance at the B.A. Senior Examination for those students who have joined the Law Preliminary course after passing the Intermediate Examination, Vide O. 174.A.

O. 247: Line 5: Add the words "or Science" after the words "Faculties of Arts"

૨. "આથી આ ફૅકલ્ટી ઠરાવે છે કેઃ—

જ્યાં સુધી જુના કોર્સ પ્રમાણેની સેકન્ડ એલ એલ. બી. ની પરીક્ષા આ યુનિવર્સિટી તરફથી લેવામાં આવે ત્યાં સુધી જુના કોર્સ પ્રમાણે ટર્મ્સ રાખેલ સેકન્ડ એલ. એલ. બી. ના વિદ્યાર્થી નવા કોર્સની પરીક્ષામાં બેસી શકે નહિ.

૩. વધુમાં આ ફૅકલ્ટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ફર્સ્ટ એલ. એલ. બી. ઑલ્ડ કોર્સમાં પાસ થનાર વિદ્યાર્થી સેકન્ડ એલ. એલ. બી. નવા કોર્સમાં ટર્મ્સ રાખી શકશે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે લૉ ફૅકલ્ટીની ભલામણ મંજૂર કરીને તે પ્રમાણે ઑર્ડિનાન્સોમાં સુધારા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને સુધારેલા ઑર્ડિનાન્સનો અમલ આજથીજ કરવો.

(મંજૂર થયેલા સુધારેલા ઑર્ડિનાન્સ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે આપવામાં આવ્યા છે.)

૨૬. આયુર્વેદિક મેડિસિનની ફૅકલ્ટી અંગે શ્રી. ચાન્સેલરની એસેન્ટ આવી ગઇ હોવાથી આ અંગે આગળ શું પગલાં લેવાં તે બાબત અંગે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં આગળ શું પગલાં લેવાં તે વિષે વિચારણા કરી રિપોર્ટ કરવા નીચેના સભ્યોની કમિટી નીમવી:

૧. શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય —ચેરમેન
૨. ડૉ. મોતીભાઇ ડી. પટેલ, ડીન મેડિકલ ફૅકલ્ટી.
૩. શ્રી. જાદવજી ત્રિ. આચાર્ય, મુંબઇ
૪. શ્રી. હરદત્ત શર્મા, મુંબઇ
૫. શ્રી. વાસુદેવ ત્રિવેદી, રાજકોટ.
૬. શ્રી. લક્ષ્મીશંકર રામકૃષ્ણ શાસ્ત્રી, આયુર્વેદાચાર્ય, અમદાવાદ.
૭. શ્રી. પ્રાણજીવન મહેતા,
૮. શ્રી. એમ. ડી. દેસાઇ.

૨૭. જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૧૮/૧૯-૪-૧૯૫૫ ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવ અંગે આ યુનિવર્સિટીનો અભિપ્રાય આપવા બાબત:

"After considerable discussions it was resolved that the Universities in the State be requested to give their opinion in the matter of adopting a three years' integrated degree cource recommended by the Secondary Education Commission. The Universities be also requested to send their reports latest by the end of July 1955 to this Board and these reports be considered at the next meeting."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૮. સેકન્ડરી એજ્યુકેશન કમિશનની ભલામણો અંગે ઘટતાં પગલાં લેવા બાબતના હિંદ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર તથા તે ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કમિશનની ભલામણો મંજૂર કરવી અને તે પ્રમાણે પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૯. જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૧૮/૧૯-૪-૧૯૫૫ ના રોજ મળેલી બેઠકમાં થયેલા ઠરાવ અનુસાર પુના યુનિવર્સિટીની ફૅકલ્ટી ઑફ મેડિસિનની ભલામણ મુજબ મુંબઇ રાજ્યની મેડિકલ કૉલેજોના પ્રોફેસર્સ અને લેક્ચરર્સની રિક્રુટમેન્ટ અંગેના નિયમોના પ્રશ્ન ઉપર વિચારણા કરવા જોઇન્ટ બૉર્ડે નીમેલી સમિતિ ઉપર આ યુનિવર્સિટીની મેડિકલ ફૅકલ્ટીના બે પ્રતિનિધિઓ નીમવા બાબત:

"Resolved that the recommendations of the Faculty of Medicine of the Poona University to appoint a Committee of two representatives from the Medical Faculty of each University in the Bombay State having a Medical Faculty, be accepted and such a Committe be appointed by the Board to consider this question in detail and to make recommendations in this behalf. The Universities be requested to send names of two representatives on the above Committee to this Board."

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના ગૃહસ્થોને યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે મોકલવા:

૧. ડૉ. મોતીભાઇ ડી. પટેલ

૨. ડૉ. જી. વી. ખર્વે

૩૦. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ તરફથી એડવાન્સડ્ રીફ્રેશર કૉર્સ ઇન ઇકોનોમિક્સ માટે નોમિનેટ કરેલા શ્રી. જે. એલ. ધોળકીયાને પુના સુધીનું મુસાફરી ભથ્થું યુનિવર્સિટી આપવાની છે કે તેમને પોતાને આપવાનું છે તે જણાવવા બાબતના તેમના પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે કોઈપણ જાતનું મુસાફરી ભથ્થું યુનિવર્સિટી આપી શકે તેમ નથી એમ જવાબ આપવો.

૩૧. સ્ટે. ૩ માં જણાવ્યા મુજબના ટ્રેડ યુનિયનોમાંથી કેટલાંક કમી કરી અને બેનાં નામ બદલી સ્ટેટ્યુટમાં સુધારો કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૩ માં નીચે પ્રમાણે સુધારા કરવા સેનેટને ભલામણ કરવી:

(1) Delete the names of the following Trade Unions and renumber the remaining :—

10. The Ahmedabad Textile and Technical Supervisory Staff Union,
Anath Ashram Buildings, Outside Raipur, Kagdapith,
Ahmedabad.

15. The Ahmedabad Municipal Shikshak Mandal
81/1 Kochrab, Ellis Bridge, Ahmedabad.

26. The Food Controller's Staff Union, Ahmedabad
120 Makeriwad, Ahmedabad.

29. The Ahmedabad Municipal Transport Service Employees' Union,
Opp. Dhanjibhai, Rambali Bhavan, Mission Road,
Bhadra, Ahmedabad.

33. The Brick Workers' Union, Ahmedabad
c/o Majur Office, Bhadra, Ahmedabad.

37. The Mill Jobbers, Fitters, Mahinadars Sabha, Ahmedabad
Natvarlal Vakil's Chawl, Toll Naka, Raipur, Ahmedabad.

43. The Mill Mazdoor Sabha, Cambay
Dholka Kui, Cambay.

44. The Dairy Workers' Union, Anand
Majur Office, Lal Darwaja, Ahmedabad.

49. The Surat Mill Workers' Union
Viramgam-Mohalla, Begumpura, Surat.

53. The Surat Gumasta Maha Mandal
New Vithalwadi, Nanavat, Surat.

56. The Imperial Bank of India Staff Union, Surat
Chawk Bazaar, Surat.

59. The Engineering Mazdoor Sabha, Surat
c/o. Mazdoor Panchayat, Viramgam Moholla, Begumpura, Surat.

60. The Shahukari Ghoda Gadi Hanknar Nokar Mandal
c/o. Mazdoor Panchayat, Zampa Bazaar, Surat.

62. The Surat Sarvajanik Education Society's Pattwalas' Union
c/o. Mazdoor Panchayat, Zampa Bazaar, Surat.

64. The Gaekwar Mills' Clerk Union, Billimora
c/o. Chhotubhai P. Desai, Brahmanwadi, Billimora.

66. The Lakkad Udyog Majoor Mahajan
Majur Mahajan Karyalaya, Navsari.

68. The Mill Mazdoor Sabha, Siddhpur
Near Afin Gate, Siddhpur.

74 The Chhota Udepur State Deshi Daruna Dukandars' and Staff Union,
Station Road, Chhota Udepur,

2) Add the following :

(1) Ahmedabad District

1. The Dairy Workers' Union, Anand
Gandhi Majoor Sevalaya, Bhadra, Ahmedabad.

2. Press Kamdar Sangh, Ahmedabad
c/o. Ahmedabad Municipal Servants' Association
Opp. Municipal Office, Sardar Vallabhbhai Road, Ahmedabad.

3. The Ahmedabad Mills' Canteens & Hotels' Staff Association
Ramnik Bldg., Opp. Zakaria Masjid, Relief Road, Ahmedabad.

4. Bidi Kamdar Union, Ahmedabad
Prarthna Samaj, Raikhad, Ahmedabad.

5. Sevalial Cement Workers' Union, Sevalia
Gandhi Majur Sevalaya, Bhadra, Ahmedabad.

6. Municipal Kamdar Mandal, Sanand
Holi Chakla, Sanand. (Dist. Ahmedabad)

7. The Ahmedabad Chemical Workers' Union
Mahilal Buildings, Opp. Rani Rupmati's Masjid
Mirzapur Road, Ahmedabad.

8. The Ahmedabad Ration Shops Employees' Association
Golgali. Dhalgarwad, Pankorenaka, Ahmedabad.

9. State Transport Workers' Union (Ahmedabad Division)
Gandhi Majur Sevalaya, Bhadra, Ahmedabad.

સિન્ડિકેટ (ખાસ સભા)
૬/૭—૬—૧૯૫૫

10. The Ahmedabad Mill Mazdoor Mandal
Mahilal Buildings, Opp. Rani Rupmati's Masjid
Mirzapur Road, Ahmedabad.

11. Pottery Mazdoor Sabha, Ahmedabad
Toll Naka, Rajpur, Ahmedabad.

12. The Ahmedabad Cinema Workers' Association
Mahilal Buildings, Opp. Rani Rupmati's Masjid
Mirzapur Road, Ahmedabad.

13. Ghar Kamdar Mandal, Ahmedabad
c/o. Maheshchandra Jaswantlal Shah
Navavas Raikhad, Ahmedabad.

14. Hotel Mazdoor Sabha, Ahmedabad
Toll Naka Rajpur, Ahmedabad–10.

15. Mazdoor Seva Sangh, Ahmedabad
Near Vivekanand Mills, Parmanand Chawl, Rakhial
Ahmedabad.

16. Ahmedabad Municipal Corporation Employees' Association
Gandhi Majur Sevalaya, Bhadra, Ahmedabad.

17 The Ahmedabad Buildings & Construction Workers' Union
Opp. Rani Rupmati's Masjid, Mirzapur Road, Ahmedabad.

18. Imperial Tabacco Co. of India Ltd. Employees' Union, Ahmedabad
c/o. A. Rodriques, Opp. Sandesh Bldg.
Mirzapur Road, Ahmedabad.

19. Engineering Kamdar Union, Ahmedabad
c/o. Mill Kamdar Union, Rakhial Road, Ahmedabad–10.

20. The Gujarat Electricity & Wireless Workers' Union
Opp. Rani Rupmati's Masjid, Mirzapur Road, Ahmedabad.

21. The Ahmedabad Miscellaneous Industrial Workers' Union
Opp. Rani Rupmati's Masjid, Mirzapur Road, Ahmedabad.

22 Municipal Kamgar Sangh, Dehgam
Mansingh Bhuvan, Dr. Ambedkar Road, Navtad, Ahmedabad.

23. State Transport Workers' Union (Panch Mahals Division)
Gandhi Majur Sevalaya, Bhadra, Ahmedabad.

24. Auto Rikshaw Drivers' Union, Ahmedabad
Mission Road, Bhadra, Ahmedabad.

25. Kathwada Resham Mazdoor Sabha
Rajpur, Toli Naka, Ahmedabad-10.

26. Maize Products Ltd. (Weaving Division Silk)
Silk Kamgar Union, Kathwada
C/o. Mill Kamdar Union, Rakhial Road, Ahmedabad.

27. Ahmedabad District Bobbin Factory Workers' Union
c/o. Mill Kamdar Union, Rakhial Road, Ahmedabad.

28. The Private Motor Drivers' Association, Ahmedabad.
Opp. District Court, Bhadra, Ahmedabad.

29. National Insurance Employees' Union, Ahmedabad Branch
3105/2/3, Gandhi Road, Ahmedabad-1.

30. Taxi Drivers' Union, Ahmedabad.
Mission Road, Bhadra, Ahmedabad.

31. The Gujarat Local Authorities Employees' Union
Opp. Rani Rupmati's Masjid, Mirzapur Road, Ahmedabad.

32. Viramgam Municipal Safai Kamdar Mandal
Bhangivas, Viramgam.

(2) Kaira District

33. The Mill Mazdoor Sabha, Petlad
Gandhi Chowk, Petlad.

34. Mill Mazdoor Mandal, Nadiad
Ahmedabadi Bazaar, Nadiad.

35. Dyes and Chemical Workers' Union, Petlad
C/o Majur Mahajan Sangh, Station Road, Petlad.

36. Kaira District Tobacco Kamdar Mandal
Dabhan Bhagole, Nadiad.

37. Factory Kamdar Mandal, Nadiad
Dabhan Bhagole, Nadiad.

38. The Bombay State Transport Employees' Union, Nadiad
Dabhan Bhagole, Nadiad.

39. Petlad Municipality Safai Sevak Mahajan
Harijanwas, Opp. Club, Petlad. (Dist. Kaira)

40. A. C. C. Sevalia Cement Kamdar Sabha
Dabhan Bhagole, Nadiad.

41. The Cambay Textile Kamdar Mandal
Opp. Gopal Talkies, Cambay, (Dist. Kaira)

42. State Transport Workers' Union (Kaira Division)
Gandhi Majoor Sevalaya, Bhadra, Ahmedabad.

43. Gumasta Mandal, Cambay
C/o. Himmatlal Bhogilal Shah, Dhariwada, Cambay.

44. The Cambay Taluka Handloom Workers' Union
Chhatri Bazaar, Cambay, Dist. Kaira.

45. The Kaira District Building and Road Construction Workers' Union
Dabhan Bhagole, Nadiad.

46. Nadiad Press Kamdar Mandal
C/o. Chhabildas P. Vyas, Santh Pippli, Dalal Pole, Nadiad.

47. Power House Kamdar Sabha, Petlad
Opp. Mahatma Gandhi Bust, Petlad.

(4) Broach District

48. Broach Municipal Kamdar Union (Lal Bavta)
Lallubhai's Chakla, Majumdar's Bldg., Broach.

49. The Broach Mill Kamdar Mandal (Lal Bavta)
Panch Fanas, Broach,

50. Broach Municipal Employees' Union, (Staff) Broach
Municipal Office, Broach.

51. The Ankleshwar Municipal (Staff) Union,
C/o. Ankleshwar Municipality, Ankleshwar, Dist. Broach.

52. Chemical Mazdoor Sabha, Rajpipla
Near Vegetable Market, Rajpipla,

53. Narmada Valley Chemical Industries Kamdar Mandal (Lal Bavta)
Madhiwala Chawl, Rajpipla, Dist. Broach.

(5) Surat District

54. The Surat Silk Mill Workers' Union
c/o. Mazdoor Panchayat, Zampa Bazaar, Surat.

55. The Motor Workers' Association, Surat.
Gumasta Maha Mandal Office, Nanavat, Surat.

56. Metal Works Majoor Mahajan, Navsari
Rangunwala Chawl, Station Road, Navsari.

57 The Navsari Electric Kamdar Mandal
Gumasta Maha Mandal Office, Nanavat, Surat.

58. Indian Cotton Oil Mill Majoor Mahajan, Navsari
Rangoonwala Chawl, Navsari.

59. Silk Mill Majoor Mahajan, Navsari
Rangoonwala Chawl, Navsari.

60. The Paper Mill Workers' Union, Bilimora
c/o. Majoor Mahajan Sangh, Vallabhbhai Patel Road,
Bilimora.

61. Surat Municipal Kamdar Union (Red Flag)
Near Vasant Talkies, Surat.

62. The Navsari Municipal Staff Union
c/o. Dhirajlal K. Desai, 25, Nagarwad, Navsari. (W. Rly.)

63. Khalasi Mandal, Surat
Gumasta Mandal Office, Nanavat, Surat.

64. Silk Workers' Union, Bilimora
c/o. Majoor Mahajan Sangh, Sardar Vallabhbhai Patel Road
Bilimora.

65. Safai Kamdar Mandal, Bilimora
c/o. Majoor Mahajan Sangh, Sardar Vallabhbhai Patel Road
Bilimora.

66. The Bobbin Factory Kamdar Mandal, Navsari
1495/1, Golwad, Navsari, W. Rly.

67. Surat Bidi Kamdar Union (Red Flag)
Near Vasant Talkies, Surat.

68. Surat Factory Kamdar Union (Red Flag)
Near Vasant Talkies, Surat

69. State Transport Workers' Union (Surat and Broach Division)
Gumasta Mandal Office, Nanavat, Surat.

70. Safai Kamdar Mandal, Navsari
Thakkar Bapa Vas, Navsari.

71. The Navsari Station Hamals' Union
Juna Thana, Khatriwad, Navsari.

72. The Surat Jari Jardosh Association
Gumasta Maha Mandal Office, Nanavat, Surat.

73. The Government Electric Grid Power House Staff Union,
Utran, Gumasta Maha Mandal Office, Nanavat, Surat.

74. Surat District Cement Pipe Kamdar Union (Red Flag)
Near Vasant Talkies, Surat.

75. Bobbin Works Kamdar Mandal, Bilimora
Majoor Mahajan Sangh, Sardar Vallabhbhai Patel Road,
Bilimora.

76. The Bobbin Workers' Union (Lal Bavta) Bilimora
Hajat Building, Station Road, Bilimora.

77. The Spun Pipe Workers' Union, Surat.
C/o. Gumasta Maha Mandal Office, Nanavat, Surat.

78. The Navsari City Bus Service Corporation Employees' Union
C/o. Madhusudan M. Amin, Jain Society, Navsari.

79. The Surat Station Hamals' Union
Juna Thana, Khatriwad, Navsari. (District Surat).

80. Surat Municipal Borough Public Works Department Kamdar Union
Surat, Congress House, Nanavat, Surat.

81. The Navsari Mill Workers' Mandal
Juna Thana, Khatriwad, Navsari. (Dist. Surat)

82. The Silk Mills Kamdar Union (Lal Bavta) Bilimora
Hajat Building, Station Road, Bilimora.

(7) Banaskantha District

83. Sudhrai Kamdar Sangh, Palanpur
Mehta Nivas, Moti Bazaar, Palanpur (Dist. Banaskantha).

84. Banaskantha Motor Transport Workers' Union
Abu Road, (Dist. Banaskantha.)

85. Banaskantha Electricity Workers' Union
Mehta Nivas, Moti Bazaar, Palanpur.

86. The Palanpur Municipal Employees' Association
District Congress Committee Office, Kirti Stambh,
Palanpur (Banaskantha)

સિન્ડિકેટ (ખાસ સભા)
૬/૭—૬—૧૯૫૫

(8) Mehsana District

87. Mill Mazdoor Sabha, Kalol
Kalal Building, Opp. Police Payaga, Kalol.

88. Municipal Workers' Union, Kalol
C/o. Majoor Mahajan Sangh, Kalol
Mahatma Gandhi Road, Kalol (N. Gujarat)

89. Municipal Kamdar Mandal, Siddhpur
C/o Majoor Mahajan Sangh, Ganj Bazaar, Siddhpur (N. G)

90. Bone Factory Workers' Union, Kalol
C/o. Majoor Mahajan Sangh, Mahatma Gandhi Road, Kalol (N.G.)

91. The Ahmedabad Division Postmen and Lowar Grade Staff Union Kalol, Kalol, (N.G.)

92. Bobbin Factory Kamdar Mahajan, Kalol
C/o. Majoor Mahajan Sangh, Mahatma Gandhi Road, Kalol.

93. Mill Mazdoor Mandal, Siddhpur
Trambawala Building, Station Road, Siddhpur.

94. Bidi Majoor Mahajan Sangh, Patan,
C/o. Textile Labour Association, Post Box No. 110
Bhadra, Ahmedabad.

95. Mill Kamdar Mandal, Kalol
C/o. Shankarji, Swadeshi Chawl
Navajivan Road, Kalol (N. G.)

96. Kadi Municipal Kamdar Mandal
Station Road, Kadi (N. G.)

97. The Patan Municipal Employees' Union
Opp. Zaveriwada, Ghivata, Patan.

98. Kadi Mill Mazdoor Mandal
Chabutra Chawk, Kadi. (N.G.)

99. The Kalol Mill Mazdur Mandal
New Tower, Kalol. (N. G.)

100. Municipal Kamdar Sangh, Patan
Patan Zini Ret Bhangi Was, Patan, North Gujarat.

101. Unjha Silk Factory Majoor Mahajan Sangh, Unjha
C/o. Majoor Mahajan Sangh, Ganj Bazaar, Siddhpur (N.G.)

102. Unjha Pharmacy Majoor Mahajan Sangh, Unjha
C/o. Majoor Mahajan Sangh, Ganj Bazaar, Siddhpur (N.G)

(9) Amreli District

103 Burmah–Shell Clerks' Association, Port Okha
C/o. Messrs. Burmah–Shell, Port Okha.

104. Chemical Kamdar Sangh, Mithapur
Mithapur (Okhamandal).

105. Okha Port Workers' Union
Karimbhai's Chawl, Room No 3, Bazaar Lane, Okha.

106. The Okha Kamdar Union
C/o. C. K. Mehta. Burmah–Shell, Port Okha.

(3) Amend the names of the following:

In the Surat District, change No. 47, "The Surat District Motor Drivers' and Cleaners' Association to " Motor Workers' Association, Surat."

In the Amreli District, change No. 72, "The Okha Cement Works Employees' Union" to "The Dwarka Cement Works Employees' Union, Dwarka."

૩૨. શ્રી. એચ. એ. અહલુવાલીયા કે જેઓની ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી મારફત પી.એચ.ડી. ડિગ્રી માટે ફિઝિકસ વિષયમાં રજિસ્ટર થવા માટે અરજી આવેલ છે તેઓ લૅબોરેટરીમાં તા. ૯–૮–૧૯૫૪ ના રોજ દાખલ થયેલ હોવાથી અને તેમને ઓગસ્ટ ૧૯૫૪ થી યુનિવર્સિટી સ્કોલરશિપ મળતી હોવાથી તેઓને ઑગસ્ટ ૧૯૫૪ **(Retrospective effect)** થી રજીસ્ટર કરવા બાબત તેમના શિક્ષક ડૉ. વિક્રમ સારાભાઇ તરફથી આવેલ માગણી ઉપર બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો ઠરાવ:

બૉર્ડનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે. કે શ્રી. એચ. એ અહલુવાલીયાને માગણી પ્રમાણે પી. એચ. ડી. માટે ઑગસ્ટ ૧૯૫૪ થી (retrospective effect) રજિસ્ટર કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડનો ઠરાવ મંજુર રાખવો.

૩૩ **શ્રી.** યુ. આર. રાવ કે જેઓની ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી મારફત પી.એચ ડી. ડિગ્રિ માટે ફિઝિકસ વિષયમાં રજિસ્ટર થવા માટે અરજી આવેલ છે તેઓ લૅબોરેટરીમાં તા. ૪–૧૦–૧૯૫૪ ના રોજ દાખલ થયેલા હોવાથી અને તેમને ઑકટોબર ૧૯૫૪ થી કર્મક્ષેત્ર એજ્યુકેશનલ ફાઉન્ડેશન સ્કોલરશિપ મળતી હોવાથી તેઓને ઑકટોબર ૧૯૫૪ થી **(retrospective effect)** રજિસ્ટર કરવા બાબત તેમના શિક્ષક ડૉ. વિક્રમ સારાભાઇ તરફથી આવેલ માગણી ઉપર બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો ઠરાવ:

ઑર્ડનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. યુ. આર. રાવને માગણી પ્રમાણે પી.એચ.ડી. માટે ઑક્ટોબર ૧૯૫૪ થી (retrospective effect) રજિસ્ટર કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડનો ઠરાવ મંજૂર રાખવો.

૩૪. ગુજરાત કૉલેજના કેમિસ્ટ્રીના લેક્ચરર શ્રી. એન. એમ. શાહ કે જેઓ એમ.એસ.સી. અને પી.એચ.ડી. માટે કેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેઓ તા. ૧૪-૩-૧૯૫૫ થી સરકારી નોકરીમાંથી છૂટા થયેલ હોવાથી તેઓને ગુજરાત કૉલેજમાં દાખલ થઇ ચુકેલા વિદ્યાર્થીઓને ઑક્ટોબર ૧૯૫૫ સુધી હોરવણી આપવા ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન, પુના તરફથી પરવાનગી મળેલ છે તે આવકારે તેમની અનુસ્નાતક માન્યતા ચાલુ રાખવા અહલ પ્રિન્સિપાલ મારફત આવેલ માગણી ઉપર ઑર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો ઠરાવ:

ઑર્ડનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એન. એમ. શાહને કૉલેજમાં દાખલ થઇ ચૂકેલા વિદ્યાર્થીઓને ઑક્ટોબર ૧૯૫૫ સુધી હોરવણી આપવાની પરવાનગી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડનો ઠરાવ મંજૂર રાખવો.

૩૫. રજિસ્ટ્રારની જગ્યા માટે આવેલી અરજીઓ તપાસી તેમાંથી કોને કોને ક્યારે ઈન્ટરવ્યુ માટે બોલાવવા તે નક્કી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના ઉમેદવારોને તા. ૧ લી જુલાઈની સિન્ડિકેટ મિટીંગ સમક્ષ ઈન્ટરવ્યુ માટે બોલાવવા:

૧. શ્રી. મજમુદાર કે. જે.
૨. શ્રી. પરીખ કે. સી.
૩. શ્રી. દવે કે. કે.
૪. શ્રી. ઠાકર એન. એચ.
૫. શ્રી. જમુંદવાલા એસ. એન.
૬. શ્રી. દવે કે. આર.
૭. શ્રી. ઠાકર એમ. બી.
૮. શ્રી. મહેતા જે. એમ.
૯. શ્રી. દીક્ષિત જે. એ.
૧૦. શ્રી. ત્રિપાઠી આર. સી.
૧૧. શ્રી. પાઠક પી. વી.

આ વખતે કામકાજ નં. ૧૪૧ હાથ ઉપર લેવામાં આવ્યું.

૧૪૧. શ્રી. બી. એ. પટેલને એકઝામિનેશન તથા બીજાં એલાવન્સીઝ આપી શકાય કે કેમ તે અંગે એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સને પૂછાવતાં તેમના તરફથી આવેલો પત્ર તથા તે બાબતમાં શ્રી. બી એ. પટેલ તરફથી આ ઑફિસને મળેલા બે પત્રો અંગે વિચારણા કરવા બાબત:

આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સના તા. ૩૦–૫–૫૫ના પત્ર અનુસાર શ્રી. બી એ પટેલને એમની નોકરીમાંથી છૂટા કર્યા પછી પરીક્ષાનું એલાવન્સ તથા એફ. યુ. આઈ. બી. ના સેક્રેટરી તરીકેનું એલાવન્સ આપી શકાય નહિ. શ્રી. પટેલને તેમના તા. ૩૦–૫–૫૫ના પત્રના જવાબમાં જણાવવું કે આ બંને એલાવન્સીઝ તેમને મળી શકે નહિ

વધુમાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એ. પટેલને હાઉસ રેન્ટ એલાવન્સ બાબતમાં તેમના તા. ૩૦–૫–૫૫ ના પત્રના જવાબમાં જણાવવું કે એ બાબતમાં મુંબઈ સરકારના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ સાથે પત્રવ્યવહાર હજી ચાલે છે તેથી સરકાર તરફથી તેનો છેવટનો નિર્ણય લેવાય નહિ ત્યાં સુધી તેમને તે અંગે કાંઈ પણ રકમ આપી શકાય નહિ.

શ્રી. બી. એ. પટેલની તેમનું પ્રોવિડંટ ફંડ આપવાની માગણી વિષે એમ ઠરાવવામાં આવે છે કે જ્યાં સુધી હાઉસ રેન્ટ એલાવન્સના પ્રશ્નનો નિકાલ થાય નહિ ત્યાં સુધી પ્રોવિડંટ ફંડની રકમ એમને મળી શકે નહિ એમ એમને જણાવવું.

શ્રી. પટેલને જણાવવું કે એમના પગાર પર જે ઇન્કમટેક્સ કાપ્યો છે તે કાયદા પ્રમાણે છે. તેમ છતાં શ્રી. પટેલ ઇન્કમટેક્સ કપાવો ન જોઇએ એમ માનતા હોય તો તે ઇન્કમટેક્સ ઑફિસને અરજી કરી નિયમ પ્રમાણે રિફન્ડ મેળવી શકે છે.

વધુમાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એ. પટેલના તા. ૩૦–૫–૫૫ ના રજિસ્ટ્રાર ઉપરના પત્ર તથા તે જ તારીખના એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ ઉપર તેમણે લખેલા પત્રની નકલ. એ બે પત્રોમાં તેમણે શ્રી. વાઇસ–ચાન્સેલર ઉપર જે આક્ષેપો કર્યા છે તે તદ્દન ખોટા, બિનપાયાદાર અને દ્વેષબુદ્ધિથી કરાયા છે. શ્રી. વાઇસ–ચાન્સેલરને અપાયેલાં મુસાફરી ભથ્થાં નિયમ પ્રમાણે છે અને તેમાં કોઈ પણ જાતની ગેરરીતિ થઈ નથી. શ્રી. પટેલે તેમના તા. ૩૦–૫–૫૫ ના રજિસ્ટ્રાર ઉપરના પત્રમાં એમ જણાવ્યું છે કે શ્રી. વાઇસ–ચાન્સેલરે રિસિટ બુકમાંથી ન વપરાયેલી રિસિટો કેન્સલ કરી છે અને તે પછી નવી રિસિટ બુક શરૂ કરવાનો હુકમ આપી હિસાબમાં મેનિપ્યુલેશન કરેલું છે, આ લખાણ હડહડતું જૂઠું છે તેમજ દ્વેષથી ભરેલું છે. હિસાબમાં કોઇ પણ જાતનું મેનિપ્યુલેશન થયું નથી.

છેવટે સર્વાનુમતે એમ ઠરાવવામાં આવે છે કે શ્રી. પટેલના તા. ૨૪–૫–૫૫ ના શ્રી. વાઇસ–ચાન્સેલરના ઉપરના પત્રમાં જે જે ઠરાવો તથા કાગળોની નકલો માંગી છે તે તેમને આપવી નહિ.

ત્યારબાદ સભા તા. ૭–૬–૫૫ ને મંગળવાર પર મુલતવી રહી હતી.

મિટીંગ મંગળવાર તા. ૭-૬-૧૯૫૫ ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ફરીથી મળી.

૩૬. પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેના વિદ્યાર્થીઓની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તેમાં જણાવેલા કારણોસર તેમની ખૂટતી હાજરી કોન્ડોન કરવા બાબતની તે તે વિદ્યાર્થીઓની જે તે કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજીઓ.

(પરિશિષ્ટ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. આર. સૈયદ, શ્રી. સી એચ ભટ્ટ, શ્રી. એચ. ટી. પાઠક અને શ્રી. બી. એ. નાગાસંપાગીની ખૂટતી હાજરી માફ કરવી અને તે સિવાયના બધાની ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૩૭. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં એમ.એ. જુનિયર વર્ગમાં ૧૯૫૪-૫૫ ના પ્રથમ સત્રમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બાંધછોડને કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. અબ્દુલ્લાહ એસ. એમ. ઉરેઝી તરફથી મજકૂર કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

(**નોંધ**:–માંદગી બતાવતું ડાક્ટરનું સર્ટિફીકેટ મજકૂર વિદ્યાર્થીએ સામેલ કર્યું છે. તેમને "Pulmonary Tuberculosis" તા. ૨૧-૬-૧૯૫૪ થી થયો હતો એમ જણાવે છે.)

વિદ્યાર્થીની હાજરી નીચે મુજબ છે:

કુલ લેક્ચર્સ:	ભરવાં જોઇતાં લેક્ચર્સ:	ભરેલાં લેક્ચર્સ:	ખૂટતી હાજરી
૨૭	૧૮	૭	૧૧)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની ખૂટતી હાજરી માફ કરવા નહિ.

૩૮. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં સિનિયર એમ.કૉમ. ના વર્ગમાં ભણતા વિદ્યાર્થી શ્રી. વિનુભાઈ જે. જોષીની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી ખૂટતી હાજરી બાંધછોડના કારણે કોન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

(**નોંધ**:–વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

૧૯૫૪-૫૫	કુલ લેક્ચર્સ:	ભરવાં જોઇતાં લેક્ચર્સ:	ભરેલાં લેક્ચર્સ	ખૂટતાં લેક્ચર્સ:
પહેલું સત્ર:	૨૮	૧૯	૧૮	૧
બીજું સત્ર:	૩૫	૨૩	૧૪	૯
			કુલ ખૂટતાં લેક્ચર્સ:	૧૦

વિદ્યાર્થીએ માંદગી માટેનું મેડિકલ સર્ટિફીકેટ રજૂ કરેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૩૯. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં સિનિયર બી.એ. ના વર્ગમાં ભણતા વિદ્યાર્થી શ્રી. મધુસુદન બી. શુકલની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી ખૂટતી હાજરી અસાધારણ સંજોગોને કારણે માફ કરવા બાબતની મજકૂર કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. વાય જી. નાયક મારફત આવેલી અરજી.

(નોંધ:–વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

૧૯૫૪–૫૫	કુલ લેક્ચર્સ:	ભરવાં જોઈતાં લેક્ચર્સ:	ભરેલાં લેક્ચર્સ	ખૂટતી હાજરી
પહેલું સત્ર:	૯	૬	૮	૨ વધારે હાજરી
બીજું સત્ર:	૮	૬	૭	૧ વધારે હાજરી
ત્રીજું સત્ર:	૧૪	૧૦	૧૪	૪ વધારે હાજરી
ચોથું સત્ર:	૧૭	૧૧	૧૦	૧ ખૂટતી હાજરી

વિદ્યાર્થી પોતાની અરજીમાં ચોથા સત્રમાં ૧ ખૂટતી હાજરી રહી જવાના કારણમાં અસાધારણ સંજોગો હતા એમ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની ખૂટતી હાજરી માફ કરવી નહિ

૪૦. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના બી.ઇડી. ના વર્ગમાં ભરેલાં લેક્ચર્સ નિયમ કરતાં ઓછાં હોવાથી તે બાંધછોડને કારણે કોન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી શ્રી. વી. પી. મહેતાની અરજી.

(નોંધ:–વિદ્યાર્થીએ ડાક્તરનું સર્ટિફીકેટ રજૂ કરેલું છે.

વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

કુલ લેક્ચર્સ:	ભરવાં જોઈતાં લેક્ચર્સ:	ભરેલાં લેક્ચર્સ:	ખૂટતી હાજરી:
૨૨	૧૫	૮	૭)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૪૧. સેનેટે લેબર વેલ્ફેરના ડિપ્લોમા અંગે નીચેનો ઠરાવ પસાર કર્યો હોવાથી તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવાં બાબત.

સેનેટનો ઠરાવ

"સેનેટની આ સભા આથી ઠરાવે છે કે આ યુનિવર્સિટીમાં ડિપ્લોમા ઇન લેબર વેલ્ફેર ઈન્સ્ટીટ્યુટ કરવા બાબતની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણો મંજૂર કરવી અને આગળનાં ઘટતાં પગલાં લેવાં સિન્ડિકેટને ભલામણ કરવી."

અને

૧૬૭. યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં લેબર વેલ્ફેર ડિપ્લોમાનો અભ્યાસક્રમ શીખવવા માટે શિક્ષકોની જગાઓ ઇન્સ્ટીટ્યુટ કરવા અંગે ઍકેડેમિક કાઉન્સિલની નીચે મુજબની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે લેબર વેલ્ફેર ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે નીચેની જગ્યાઓ ઇન્સ્ટીટ્યુટ કરવી:

૧. રિડર એક.

૨. લેકચરરના બે. "

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇકોનોમિક્સ વગેરેના રીડરની જગ્યા માટે જે સિલેક્શન કમિટી નીમેલી હતી તે તરફ આ કામ મોકલવું: શ્રી. નારાયણસ્વામી નાયડુને બદલે શ્રી. ડબલ્યુ. આર. નાડુને નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અભ્યાસક્રમ શીખવવા અંગે આગળનાં ઘટતાં પગલાં લેવાં.

૪૨. સેનેટે લેબર વેલ્ફેરના સર્ટિફિકેટ કોર્સ અંગે નીચેનો ઠરાવ પસાર કર્યો હોવાથી તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત:

સેનેટનો ઠરાવ

"સેનેટની આ સભા આથી ઠરાવે છે કે આ યુનિવર્સિટીમાં લેબર વેલ્ફેરનો સર્ટિફિકેટ કોર્સ ઇન્સ્ટીટ્યુટ કરવા બાબતની ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની ભલામણો મંજૂર કરવી અને આગળનાં ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ અભ્યાસક્રમ શીખવવા અંગે આગળનાં ઘટતાં પગલાં લેવાં.

૪૩. નીચેના ઠરાવમાં જણાવેલું કામ ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા વગર સેનેટ પાસે ગયેલું હોવાથી આઉટ ઑફ ઑર્ડર થયું હતું તેથી હવે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને મોકલવા વિચારણા કરવા બાબત:

સેનેટનો ઠરાવ

'આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં લેકચરર ઇન સોશિયોલૉજી (ઇન્ડસ્ટ્રીઅલ સાયકોલૉજી) ની જગ્યાને લેક્ચરર ઇન સોશિયોલૉજીમાં ફેરવવા બાબતની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવી અને આગળનાં ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.''

સિન્ડિકેટની ભલામણ

''આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર ઇન સોશિયોલૉજી (ઇન્ડસ્ટ્રીયલ સાયકોલૉજી)ની જગ્યાને લેક્ચરર ઇન સોશિયોલૉજીમાં ફેરવવા સેનેટને ભલામણ કરવી.''

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ ઍકેડેમિક કાઉન્સિલ તરફ રિપોર્ટ કરવા માટે મોકલવું.

૪૪. સેનેટે નીચેનો ઠરાવ પસાર કર્યો હોવાથી આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત:

સેનેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કુલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચરમાં સિન્ડિકેટના ઠરાવ અનુસાર ત્રણ રિડર અને ત્રણ લેક્ચરરની જગાઓ કાઢવાનું (ઇન્સ્ટીટ્યુટ કરવાનું) મંજૂર કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ યુનિવર્સિટી સ્કુલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચરના ડાયરેક્ટર શ્રી. ઉમાશંકર જોષીને મોકલી આપવું અને તેમની ભલામણ પ્રમાણે જરૂરી જગાઓ પૂરવા પગલાં લેવાં.

૪૫. સેનેટે નીચેનો ઠરાવ પસાર કર્યો હોવાથી તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત:

સેનેટનો ઠરાવ

"સેનેટની આ સભા આથી ઠરાવે છે કે યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝ અને યુનિવર્સિટી સ્કુલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચરમાં ફ્રી સ્ટુડન્ટશીપ્સ ઇન્સ્ટીટ્યુટ કરવા બાબતની ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની ભલામણો મંજૂર કરવી."

અને

૪૬. સેનેટે નીચેનો ઠરાવ પસાર કર્યો હોવાથી તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત:

સેનેટનો ઠરાવ

"સેનેટની આ સભા આથી ઠરાવે છે કે યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં અને યુનિવર્સિટી સ્કુલ ઑફ ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચરમાં સ્કોલરશિપો રાખવા (ઇન્સ્ટીટ્યુટ કરવા) અંગેની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણો મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેના નિયમો મંજૂર થયેલા હોવાથી તે પ્રમાણે તેનો અમલ કરવો.

૪૭. પ્રિન્સિપાલ એલ. આર. દેસાઈનો નીચે મુજબનો ઠરાવ સેનેટે પસાર કર્યો હોવાથી તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત:

ઠરાવ

"The Senate is of the opinion that emphasis should be laid on the practical aspect of Geography prescribed for the First Year Arts to B A. and a suitable syllabus in Practical Geography based on the theory prescribed for the respective classes be drawn up at an early date."

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે જરૂરી પગલાં લેવા માટે આ કામ બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન જોગ્રૉફી તરફ મોકલવું.

૪૮. શ્રી. રાવજીભાઈ સી. પટેલનો નીચે મુજબનો ઠરાવ સેનેટે પસાર કર્યો હોવાથી તે અંગે આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત:

ઠરાવ

"સેનેટની આ સભા એવો અભિપ્રાય ધરાવે છે કે યુનિવર્સિટીમાં વ્યાયામવિદ્યાના વિશેષ અભ્યાસને સ્થાન હોવું જોઇએ, તેથી તે વિદ્યાનો "ડિપ્લોમા" તથા "ડિગ્રી" સુધીનો પણ અભ્યાસક્રમ યોજવો જોઇએ, એમ આ સભા માને છે, અને સિન્ડિકેટને ભલામણ કરે છે કે તેને સારૂ યોગ્ય પગલાં યોજવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેનો અભ્યાસક્રમ તૈયાર કરવા માટે નીચે મુજબની કમિટી નીમવી:

૧. શ્રી. રાવજીભાઈ સી. પટેલ
૨. શ્રી. પી. એમ. જોસેફ
૩. શ્રી. બી. કે નાયક
૪. શ્રી. રમણલાલ ગીરધરલાલ પટેલ
૫. ગુજરાત યુનિવર્સિટીના ડાયરેકટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન —કન્વીનર

૪૯. જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૧૮/૧૯-૪-૧૯૫૫ ના રોજ મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવ અંગે ઘટતાં પગલાં લેવા બાબત.

"Resolved that it be recommended to the Universities in the State of Bombay that the cases of defaults in attendance by N. C. C cadets and the extent of punishment be left to the University concerned, on their own merits."

આથી ઠરાવવામાં આવે છે કે જોઇન્ટ બૉર્ડ વાઇસ-ચાન્સેલર્સના ઠરાવ સાથે સિન્ડિકેટ સંમત છે તેમ જણાવવું.

૫૦. જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૧૮/૧૯-૪-૧૯૫૫ ના રોજ મળેલી બેઠકમાં થયેલા ઠરાવ અનુસાર ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની મૈસુર ખાતે મળેલી ૨૯ મી વાર્ષિક બેઠકમાં પસાર થયેલા ઠરાવો નં. I (5) અને IX (3) ઉપર આ યુનિવર્સિટીનો અભિપ્રાય આપવા બાબત.

જોઇન્ટ બૉર્ડના ઠરાવ

"Resolved that the resolutions of the Inter-University Board of India be sent to the Universities in the State of Bombay for their opinion."

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબનો અભિપ્રાય આપવો:

(1) Resolution No. I (5)

This Syndicate is of the opinion that as the course has been recently revised, the consideration of this matter is premature.

(2) Resolution No. IX (3):

The Syndicate agrees with the principle that the age of admission should be 18 plus in case of Universities which have two years' Intermediate course followed by a two years' Degree course.

(ઉપર જણાવેલા ઠરાવોની નકલ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૧. સિન્ડિકેટની તા. ૧૩-૧૧-૧૯૫૪ ના રોજ મળેલ સભાએ આઇટેમ નં. ૧૩ ઉપર સેનેટે મંજૂર કરેલી રૂ. ૧૦૦-૬-૦ ની દસ સ્કૉલરશીપો પૈકી ત્રણ સ્કૉલરશીપો આપવાનું મંજૂર કર્યા બાદ નીચે દર્શાવેલો ઠરાવ કર્યો હતો તે અંગે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો અભિપ્રાય.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ત્રણે અરજદારોને સ્કૉલરશિપો આપવાનું મંજૂર કરવું અને થિસિસ માટેનો વિષય બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની પ્રથમ મંજૂરી મેળવી નક્કી કરવો

જોઇએ એવું ઠરાવવાનું જરૂરી છે કે કેમ તે બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો અભિપ્રાય મેળવવો."

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે થિસિસ માટેનો વિષય આ બૉર્ડની પ્રથમ મંજૂરી મેળવી નક્કી કરવો જોઇએ એવું ઠરાવવાનું જરૂરી નથી એવો સિન્ડિકેટને અભિપ્રાય આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડના ઠરાવની નોંધ લેવી.

૫૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં વિઝિટીંગ લેક્ચરર્સની પ્રથા રાખવા અંગે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગના ઠરાવ પ્રમાણે સ્થાનિક કૉલેજોમાંથી માહિતિ મંગાવ્યા પછી બૉર્ડે કરેલો નીચે મુજબનો ઠરાવ મંજૂર રાખવા બાબત.

બૉર્ડનો પ્રથમનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલની બીજી ટર્મ માટે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં "ઇકોનોમિક્સ," "પોલિટિક્સ" અને "સોશિયોલૉજી" શીખવતા માન્ય અનુસ્નાતક શિક્ષકોને મદદ કરવા માટે આ વિષયો શીખવતા અધ્યાપકોની સ્થાનિક કૉલેજોમાંથી માહિતી મંગાવવી તેમજ તેઓ ઉપર દર્શાવ્યા પ્રમાણે મદદ કરવા તૈયાર છે કે કેમ તે પૂછાવવું. તેઓ માન્ય અનુસ્નાતક શિક્ષક હોવા જોઇએ એ જરૂરનું નથી.

પેમેન્ટ વિગેરે માટે હાલની વ્યવસ્થા ચાલુ રાખવી.

બૉર્ડનો પછીનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બૉર્ડ એવો અભિપ્રાય ધરાવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં વિઝિટીંગ લેક્ચરર્સની પ્રથા બાબતમાં બહારના લેક્ચરર્સની મદદ મેળવતાં પહેલાં અમદાવાદમાંથી મળી શકતા માન્ય અનુસ્નાતક શિક્ષકોની મદદ પ્રથમ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડનો છેવટનો ઠરાવ મંજૂર કરવો અને યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટરને જણાવવું કે પસંદગી કરતી વખતે ગ્રૂપની અંદરના પેટા વિષયોની લાયકાતને પણ ધ્યાનમાં લેવી.

૫૩. સિન્ડિકેટે તેની તા. ૧૫-૧-૧૯૫૫ના રોજ મળેલ સભામાં આઇટેમ ૬ પર એ. જી. ટીચર્સ કૉલેજના બી. કૉ. સુધીના અભ્યાસક્રમ અંગેના કાયમી જોડાણ (affiliation) માટેની અરજી અંગે લોકલ ઇન્સ્પેક્શન કમિટીના રિપોર્ટ બાબતમાં સિન્ડિકેટના ઠરાવ અનુસાર બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે કરેલો નીચે મુજબનો ઠરાવ:

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સેનેટને રિપોર્ટ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસણી સમિતિએ પોસ્ટગ્રેજ્યુએટ ટીચીંગ માટે જે શરતોની ભલામણ કરી છે તે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ તરફ યોગ્ય કરવા માટે મોકલી આપવી."

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે રિપોર્ટમાં જણાવેલ શરતોનું પાલન કરવા એ. જી. ટીચર્સ કૉલેજના પ્રિન્સિપાલને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે રિપોર્ટમાં જણાવેલી શરતોનું પાલન કરવા એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલને જણાવવું.

૫૪. સિન્ડિકેટે તેની તા. ૯-૧૦-૧૯૫૪ની સભામાં આઇટેમ નં. ૨૩ પર યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝ માટે સેનેટે મંજૂર કરેલી રિડર ઇન એન્થ્રોપોલૉજીની જગ્યાને રિડર ઇન ઇકોનોમિક્સમાં ફેરવવા બાબત સેનેટને ભલામણ કરવા બાબતની યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટરની સુચના, બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગના અભિપ્રાય માટે મોકલવા ઠરાવ્યા પ્રમાણે બૉર્ડનો અભિપ્રાય તથા ભલામણ:

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામ બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ તરફ રિપોર્ટ માટે મોકલી આપવું અને દરમિયાનમાં મુંબઈ યુનિવર્સિટીની સ્કુલ ઑફ ઇકોનોમિક્સ અને યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટ ઑફ કેમિકલ ટેકનોલૉજી માટે બૉર્ડ ઑફ વિઝિટર્સ નીમવામાં આવ્યા છે કે કેમ તે તપાસ કરવી અને નીમવામાં આવ્યા હોય તો તે અંગેના નિયમો અને બંધારણ મંગાવવાં."

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો અભિપ્રાય તથા ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બૉર્ડ રિડર ઇન એન્થ્રોપોલૉજીની જગ્યાને રિડર ઇન ઇકોનોમિક્સમાં ફેરવવાની તરફેણમાં નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કુલ ઑફ ઇકોનોમિક્સ માટે નીચે પ્રમાણે બૉર્ડ ઑફ વિઝિટર્સની નિમણૂક કરવા તેમજ તે અંગે જરૂરી ઑર્ડિનાન્સો ઘડવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર

૨. ડાયરેક્ટર, યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝ

૩. સિન્ડિકેટે પોતાનામાંથી નોમિનેટ કરેલા બે સભ્યો

૪. સિન્ડિકેટે નિયુક્ત કરેલા ત્રણ પ્રતિષ્ઠિત વિદ્વાનો. "

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડનો અભિપ્રાય મંજૂર રાખવો અને યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટો માટે "બૉર્ડ ઑફ વિઝિટર્સ" નીમવા અંગેની ભલામણ પણ મંજૂર કરી તે પ્રમાણે ઑર્ડિનાન્સ ઘડી સિન્ડિકેટની આવતી મિટીંગ સમક્ષ રજૂ કરવો.

૫૫. સર તખ્તસિંહજી હૉસ્પિટલ, ભાવનગરના ડૉ. એમ. સી. મકોડીની તેઓને ડી. ઓ. એમ. એસ. ડિગ્રી માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા બાબત ગોહિલવાડ ડિસ્ટ્રીક્ટ, ભાવનગરના ચિફ્ મેડિકલ ઑફિસર મારફત આવેલી માગણી અંગે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ:

બૉર્ડ ઑફ્ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એસુન્ડ એપોઇન્ટમેન્ટ્સ અંગેના નિયમો પસાર કરેલા હોવાથી આ બાબત તપાસ સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત નીચેની તપાસ સમિતિ નીમવી:

૧. ડૉ વી. બી. માંકડ

૨. ડૉ. ઈ. ડી. અંકલેસરીઆ

૫૬. તા. ૭-૩-૧૯૫૫ના રોજ મળેલી ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીનો સાતમી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજની નોંધને મંજૂર કરવી.

(કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે આપવામાં આવી છે.)

૫૭. તા. ૪-૩-૧૯૫૫ના રોજ મળેલી નોર્મ્સ કમિટીના નીચે જણાવેલા ઠરાવ નં. ૨ પ્રમાણે ડૉ. ડી. એલ. અમીને રજૂ કરેલી યોજના અમલમાં મૂકવી કે કેમ તે ઉપર વિચારણા કરવા બાબત:

ઠરાવ

"આથી આ કમિટીને લાગે છે કે ડૉ. ડી. એલ. અમીને રજૂ કરેલી યોજના ઉપર વિચાર કરતાં આ સમિતિને લાગે છે કે તે અમલમાં મૂકવા જેવી છે પણ તે અંગે રૂા. ૫,૦૦૦ જેટલો ખર્ચ થતો હોવાથી સિન્ડિકેટ સમક્ષ તે યોજના અમલમાં મૂકવી કે કેમ તેની વિચારણા માટે રજૂ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે "નોર્મ્સ કમિટી" ની ભલામણ મંજૂર કરવી નહિ.

૫૮. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં એમ.એસ.સી. કેમિસ્ટ્રી માટે શિક્ષણ અને સંશોધન માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા ડૉ. જી. સી. અમીન કે જેઓની ગુજરાત કૉલેજમાંથી એમ. એન. કૉલેજ, વિસનગરમાં કામચલાઉ બદલી થઇ છે તેમની ગુજરાત કૉલેજમાં તેમના હાથ નીચે રજિસ્ટર થયેલ ત્રણ વિદ્યાર્થીઓને બાકીના સમય માટે પત્રવ્યવહાર (કોરસ્પોન્ડન્સ) દ્વારા દોરવણી આપવા ચાલુ રાખવા પરવાનગી આપવા તેમજ તેમની વિમનગર કૉલેજમાં પણ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ટ્રાન્સફર કરવા અંગે આવેલ માગણીને બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ મંજૂર કરી છે તો તે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી.

૫૯. પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચીંગ અને રિસર્ચ તથા ગુજરાતીમાં પાઠયપુસ્તકો છપાવવા માટે ઠયર માર્ક્ડ થયેલી રકમનો ઉપયોગ કેમ કરવો તે બાબતમાં વિચારણા કરી રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ મંજૂર કરવો અને ઈન્ટરમિડિયેટ પછીના સ્ટેજ માટે પણ પાઠ્યપુસ્તકો લખવાનું બાનગી સાહસ પર છોડી દેવું

(રિપોર્ટ પરિશિષ્ટ "ઝ" તરીકે આ સાથે સામેલ છે)

૬૦. તા. ૪-૩-૧૯૫૫ ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની છઠ્ઠી સભાના કામકાજની નોંધને મહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ટ" તરીકે આપવામાં આવી છે)

૬૧. સિન્ડિકેટે નીમેલી પી. ટી. સુધારણા સમિતિની ત્રીજી બેઠકના કામકાજની નોંધને મહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ઠ" તરીકે આપવામાં આવી છે.)

૬૨. તા. ૧૩-૧૧-૧૯૫૪ ના રોજ મળેલી સિન્ડિકેટના ઠરાવ અનુસાર કૉલેજોની હોસ્ટેલોના ઈન્સ્પેક્શન અંગે મુદ્દાઓ નક્કી કરવા માટે નીમાયેલી કમિટીનો રિપોર્ટ આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના પ્રિન્સિપાલો તથા માન્ય થયેલી સંસ્થાઓના વડાઓને અભિપ્રાય માટે મોકલી આપતાં તેમના તરફથી આવેલા જવાબો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીની ભલામણો મંજૂર કરવી અને પ્રિન્સિપાલોને બને તેટલો તે ભલામણોનો અમલ કરવા જણાવવું. (કમિટીનો રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ડ" તરીકે આપવામાં આવ્યો છે.)

૬૩. ગુજરાત યુનિવર્સિટીના ટીચીંગ સ્ટાફના લિવ રૂલ્સ અંગે સિન્ડિકેટે ઠરાવ્યા પ્રમાણે ડાયરેક્ટર શ્રી. બી. આર. શેનોયે રજૂ કરેલા ખરડા ઉપર અને તે ઉપરની ઑફિસની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-આ રૂલ્સ બરોડા અને પૂના યુનિવર્સિટીના લિવ રૂલ્સ ધ્યાનમાં લઈને ઘડવામાં આવ્યા છે. મુંબઈ યુનિવર્સિટીના લિવ રૂલ્સ મુંબઇ સરકારના લિવ રૂલ્સને મળતા આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે વિચારણા કરી રિપોર્ટ કરવા નીચેની કમિટી નીમવી:

૧. શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈ
૨. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર
૩. શ્રી. ત્રીભુવનદાસ ર. દેસાઈ
૪. શ્રી. બી. આર. શેનોય —કન્વીનર
૫. શ્રી ઉમાશંકર જોષી)

૬૪. નીચેનું સૂચન સિન્ડિકેટ સમક્ષ મૂકવા બાબતનો પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીનો પત્ર.

"હવે હિંદીને ઘણું અગત્યનું સ્થાન પ્રાપ્ત થયું છે તેથી જેવી રીતે ગુજરાતી ને અંગ્રેજીને મહત્વના વિષયો ગણવામાં આવ્યા છે તે હિંદીને ગણો. જેમ બી.એ. સ્પેશ્યલ શીખવવા માટે કોઇપણ વિષયમાં પ્રોફેસર નીમવો જોઇએ તેમજ હિંદીમાં પણ નીમવો જોઇએ. સારાંશ, લેકચરરથી ન નિભાવતાં જે જે કૉલેજમાં બી.એ. ના વર્ગોમાં હિંદી સ્પેશ્યલ હોય તે તે કૉલેજમાં પ્રોફેસર નીમવો આવશ્યક ગણવો.

આ અંગે જરૂરી પગલાં લેવા. આ નિયમ જૂન ૧૯૫૫ થી અમલમાં આણવો. કારણ કે હિંદીના સમર્થ શિક્ષણ માટે આપણી યુનિવર્સિટીમાં પ્રોફેસરની લાયકાતને તેના પક્ષના માણસો આવશ્યક છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ આઇટેમ નં. ૧૮ માં નીમેલી કમિટી તરફ રિપોર્ટ માટે મોકલી આપવું.

૬૫. પ્રિન્સિપાલ ડૉ. એમ. એસ. શાહ હવે પ્રિન્સિપાલ તરીકે ચાલુ ન હોવાથી ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફ કમિટી ઉપર તેમની જગ્યાએ બીજા સભ્ય નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬૬. પ્રિન્સિપાલ ડૉ. એમ. એસ. શાહ હવે પ્રિન્સિપાલ તરીકે ચાલુ ન હોવાથી બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર ઉપર તેમની જગ્યાએ બીજા સભ્ય નીમવા બાબત.

(નોંધઃ– ઑર્ડિનાન્સ ૫૨ (૬) પ્રમાણે સિન્ડિકેટે પ્રિન્સિપાલ એમ. એસ. શાહને મજકૂર બૉર્ડ ઉપર નોમિનેટ કર્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬૭. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદમાં ૧૯૫૪ ના માર્ચ–એપ્રિલમાં લેવાયેલી એમ એસસી. ની પરીક્ષામાં કૉલેજે કુલ્લે રૂા. ૧૬૬૧ નું ખર્ચ કરેલું છે જ્યારે યુનિવર્સિટીના નિયમો મુજબ રૂા. ૧૩૦૧ નું ખર્ચ મંજૂર કરેલું છે તો બાકીની રકમ રૂા. ૩૬૦ આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– ટૂંકમાં તેમની માગણી નીચે મુજબ છેઃ

૧. પ્રેક્ટીકલ માટે વિદ્યાર્થીઓને બેચ માટે જે સંખ્યા નક્કી કરી હોય તેના ૫૦ ટકા કરતાં વધારે વિદ્યાર્થીઓને બેચમાં લેવામાં આવે ત્યારે સ્ટાફ ડબલ આપવો.

૨. એક બેચ ચાલુ હોય તે દરમિયાન બીજી બેચ ચાલુ થાય ત્યારે તેને succeeding બેચ ન ગણતાં તેને સ્વતંત્ર બેચ ગણી તૈયારીના તથા સાફસુફીના દિવસો સ્ટાફને આપવા જોઈએ.

૩. ૧૯૫૩માં સ્પેશ્યલ કેસ તરીકે સિન્ડિકેટે એ જાતની માગણી મંજૂર કરેલી હતી તેવીજ માગણી ૧૯૫૪ના વર્ષ માટે ફરીથી કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ખર્ચની વધારાની રકમ આપવાનું મંજૂર કરવું નહિ.

૬૮. ડૉ. ડી. એમ. તેલંગને ૧૯૫૪ના ઑક્ટોબરની એમ.એસ.સી. (મેડિકલ) ની પ્રેક્ટીકલ પરીક્ષા માટેનું ટી. એ. આપવા બાબતનો પત્ર.

(નોંધઃ– યુનિવર્સિટીના નિયમો મુજબ તેમને પ્રેક્ટીકલ માટે ટી. એ. મળી શકે નહિ. ૧૯૫૪ની બેચ્રોલની પ્રેક્ટીકલ પરીક્ષા માટે તેમનું ખાસ કેસ તરીકે સિન્ડિકેટે ટી. એ. મંજૂર કર્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે ખાસ કેસ તરીકે તેમને ટ્રાવેલીંગ એલાવન્સ આપવું.

૬૯. સિન્ડિકેટના ઠરાવ અનુસાર બીજી યુનિવર્સિટીઓમાં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ પાસેથી વધારે ફી લેવાય છે કે કેમ તે અંગે પૂછાવતાં યુનિવર્સિટીઓમાંથી આવેલી માહિતી ઉપરથી આ યુનિવર્સિટીમાં સદર વિદ્યાર્થીઓ પાસેથી વધારે ફી લેવી કે નહિ તે અંગે વિચારણા કરવા બાબત.

(બીજી યુનિવર્સિટીઓમાંથી આવેલી માહિતી નીચે મુજબ છે:

કુલ ૨૪ યુનિવર્સિટીઓમાંથી જવાબ આવ્યા છે તેમાંથી ૧૦ યુનિવર્સિટીઓમાં એફ્સ્ટર્નલ પરીક્ષા નથી. ૬ યુનિવર્સિટીઓમાં એફ્સ્ટર્નલ પરીક્ષાઓ માટે વધારે ફી નથી.

નીચેની યુનિવર્સિટીઓમાં વધારે ફી લેવાય છે:

યુનિવર્સિટી ઑફ જમ્મુ ઍન્ડ કાશ્મીર, શ્રીનગર.	રેગ્યુલર કરતાં પ્રાઇવેટ કેન્ડીડેટને દરેક પેપરમાં વધારે એડમીશન ફી ભરવી પડે છે ઈન્ટર તથા બી.એ. માં રૂા. ૬ વધારે લેવાય છે.
નાગપુર યુનિવર્સિટી, નાગપુર.	**વધારાની ભરવી પડતી ફી:** સ્ત્રી ઉમેદવાર રૂા. ૫ રજિસ્ટ્રેશન ફી શિક્ષક ઉમેદવાર રૂા. ૧૦ ,, લાયબ્રેરીયન, કારકુન વિ. રૂા. ૧૦ ,, એમ. એ. બહારના રૂા. ૨૦ ,,
રજપુતાના યુનિવર્સિટી, જયપુર,	ઈન્ટર આર્ટ્સના નોન-કૉલેજીએટ વિદ્યાર્થી માટે રૂા. ૫ વધારે પરીક્ષા ફી ડિગ્રી અને પોસ્ટગ્રેજ્યુએટના નોન-કૉલેજીએટ માટે વધારે પરીક્ષા ફી નથી પણ તેઓએ રૂા. ૧૦ **એપ્લીકેશન** ફી ભરવાની હોય છે.
સૌગર યુનિવર્સિટી, સૌગર.	એકસ અને રિપીટર પ્રાઇવેટ વિદ્યાર્થીઓએ મુકરર કરેલી **પરીક્ષા ફી ઉપરાંત** રૂા. ૮ ભરવાના હોય છે. સ્ત્રી અને શિક્ષક ઉમેદવારોએ ડિગ્રી પરીક્ષાઓ માટે **રૂા. ૧૦ રજિસ્ટ્રેશન ફી, રૂા. ૧૦ એડિશનલ ફી** અને પોસ્ટગ્રેજ્યુએટ પરીક્ષાઓ માટે **રૂા. ૨૦ રજિસ્ટ્રેશન અને રૂા. ૧૦ એડિશનલ ફી** ભરવાની હોય છે.
આગ્રા યુનિવર્સિટી, આગ્રા	શિક્ષક, ઈન્સ્પેકટીંગ ઑફિસર્સ અને સ્ત્રી ઉમેદવારોને **પરીક્ષા ફી ઉપરાંત રૂા. ૧૦ એપ્લીકેશન ફી** તરીકે પરીક્ષામાં બેસવા પરવાનગી માગતી વખતે ભરવાના હોય છે. એકસ સ્ટુડન્ટ પાસેથી રૂા. ૨ એડિશનલ ફી લેવામાં આવે છે.

એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ.

પરીક્ષા ફી ઉપરાંત રજિસ્ટ્રેશન ફી જુદી જુદી પરીક્ષાઓ માટે નીચે પ્રમાણે હોય છે:

	રજિસ્ટ્રેશન ફી	પરીક્ષા ફી
એફ. વાય. આર્ટ્સ	૨૦	૨૫
એસ. વાય. આર્ટ્સ	૨૦	૩૦
બી.એ.	૩૦	૪૦
એમ.એ.	૩૦	૭૫
બી.ટી.	—	૭૫

આન્ધ્ર યુનિવર્સિટી, વોલ્ટેર

પરીક્ષા ફી ઉપરાંત હાજરીમાંથી મુક્ત થવા માટે નીચે પ્રમાણે એક્ઝમ્પશન ફી લેવાય છે:

પરીક્ષાનું નામ	એક્ઝમ્પશન ફી
૧. મેટ્રીકયુલેશન ૨. ઈન્ટરમિડિયેટ ૩. બી.એ. ડિગ્રી ૪. બી.કૉમ. ડિગ્રી ૫. બી.એડ. ડિગ્રી ૬. ડિપ્લોમા ઇન મ્યુઝીક	દરેક પરીક્ષા માટે રૂા. ૫૦.

ઓરિએન્ટલ ટાઇટલ એક્ઝામિનેશન્સ:

ભાષા પ્રવીણ અથવા વિદ્યા પ્રવીણ	પ્રિલિમિનરી	રૂા. ૧૫.
ભાષા પ્રવીણ અથવા વિદ્યા પ્રવીણ	પ્રિલિમિનરી અને ફાઇનલ	રૂા. ૨૫.

પંજાબ યુનિવર્સિટી, સોલન. સીમલા હિલ્સ

ઈન્ટર આર્ટ્સ અને બી.એ. ના રેગ્યુલર અને પ્રાઇવેટ ઉમેદવારો પાસેથી નીચે જણાવ્યા પ્રમાણે એડમિશન ફી લેવાય છે:

ઇન્ટર આર્ટ્સ

૧. કૉલેજના વિદ્યાર્થીઓ	રૂા. ૨૯
૨. પ્રાઇવેટ "	રૂા. ૩૫
૩. ફક્ત ઈંગ્લીશમાં બેસનાર ઉમેદવાર	રૂા. ૨૦

એક અથવા વધારે વિજ્ઞાનના વિષયો લેનાર પાસેથી રૂા. ૩ વધારે લેવામાં આવે છે.

ભૂગોળ, સંગીત અથવા કળાનો વિષય લેનાર પાસેથી પ્રેકટીકલ પરીક્ષા ફી તરીકે રૂા. ૩ વધારે લેવામાં આવે છે.

બી.એ.

૧.	કૉલેજના વિદ્યાર્થીઓ	રૂા. ૪૦
૨.	પ્રાઈવેટ વિદ્યાર્થીઓ	રૂા. ૪૬
૩.	ફક્ત ઇંગ્લીશમાં બેસનાર ઉમેદવાર	રૂા. ૩૦
૪.	બે ઇલેકટીવ વિષયો લેનાર ઉમેદવાર	રૂા. ૪૬

એક અથવા વધારે વિજ્ઞાનના વિષયો લેનાર ઉમેદવાર પાસેથી રૂા. ૫ વધારાની ફી લેવામાં આવે છે.

ભૂગોળ, સંગીત અથવા કળાના વિષય લેનાર ઉમેદવાર પાસેથી રૂા. ૫ વધારાની ફી લેવામાં આવે છે.)

અને

૭૧. અ. એકસ્ટર્નલ રજિસ્ટ્રેશન ફી હાલ રૂા. ૫-૦-૦ છે પરંતુ જો વિદ્યાર્થી લાયક ન હોય તો અડધી ફી પાછી આપવી તેવો નિયમ છે તેને બદલે એકવાર રજિસ્ટ્રેશન માટે અરજી આપ્યા પછી કોઇ પણ સંજોગોમાં રજિસ્ટ્રેશન ફી પાછી મળી શકે નહિ તેવો નિયમ કરવા બાબત:

બ. એફ. વાય. આર્ટ્સ એકસ્ટર્નલ પરીક્ષાની ફી રૂા. ૨૫-૦-૦ છે તેમાંથી હાલ રૂા. ૧૫-૦-૦ વિદ્યાર્થી દીઠ કૉલેજને આપવામાં આવે છે જ્યારે રૂા. ૧૦-૦-૦ યુનિવર્સિટી રાખે છે તેને બદલે રૂા. ૧૦-૦-૦ કૉલેજને આપવા અને રૂા. ૧૫-૦-૦ યુનિવર્સિટીએ રાખવા તેમ ઠરાવવા બાબત:

(ઉપરની સૂચનાઓ બજેટ કમિટીની બેઠકમાં કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે:—

અ. ઑર્ડિનાન્સ ૧૭૪—એ. માં જણાવેલી રજિસ્ટ્રેશન ફી રૂા. ૫-૦-૦ ને બદલે રૂા ૧૦-૦-૦ કરવી અને તે પ્રમાણે ઑર્ડિનાન્સમાં ઘટતો સુધારો કરવો.

બ. ઑર્ડિનાન્સ ૧૭૪—એ. ના રજિસ્ટ્રેશન ફી બાબતના પેરામાં "circumstances" પછી પૂર્ણવિરામ મૂકવું અને પેરામાંનો બાકીનો ભાગ રદ કરવો.

ક. ઍાર્ડિનાન્સ ૧૭૪-ડી. માં નીચે પ્રમાણે સુધારો કરવો:

ફસ્ર્ટ ઇયર આર્ટ્સની પરીક્ષાની ફી રૂા. ૨૫-૦-૦ ને બદલે રૂા. ૩૦-૦-૦ કરવી.

ઇન્ટર આર્ટ્સની પરીક્ષાની ફી રૂા. ૩૦-૦-૦ ને બદલે રૂા. ૫૦-૦-૦ કરવી.

બી.એ. ની પરીક્ષાની ફી રૂા. ૫૦-૦-૦ ને બદલે રૂા. ૭૫-૦-૦ કરવી.

એમ.એ. ની પરીક્ષા અને તે અંગેનો ઉલ્લેખ આ ઍાર્ડિનાન્સમાંથી કમી કરવો.

ડ. ફસ્ર્ટ ઇયર આર્ટ્સની એકસ્ટર્નલ વિદ્યાર્થી પાસેથી લેવાની ફી રૂા. ૩૦-૦-૦ નિયત કરવામાં આવી છે તે પૈકી રૂા. ૧૫-૦-૦ કૉલેજને આપવા અને બાકીના રૂા. ૧૫-૦-૦ યુનિવર્સિટીએ રાખવા.

સુધારેલા ઍાર્ડિનાન્સનો અમલ આજથીજ શરૂ કરવો.

(સુધારેલા ઍાર્ડિનાન્સો આ સાથે પરિશિષ્ટ "ઢ" તરીકે આપવામાં આવ્યા છે.)

૬૦. નડિયાદ અને નવસારી આ વર્ષે બી.એ. અને બી.એસસી. માટે નવાં કેન્દ્ર થયાં છે. ડૉ. કે. જી. નાયક અને શ્રી. એ કે. ત્રિવેદીને તે તે કેન્દ્રમાં આખી પરીક્ષાની જવાબદારી આપી સિનિયર સુપરવાઇઝર નીમ્યા છે. તો તેમને મહેનતાણું કયા ધોરણે અને કેટલું આપવું ?

(નોંધ:- બી.એ. અને બી એસસી. ની પરીક્ષા તા. ૪ થી તા. ૨૦ સુધી હતી. સિનિયર સુપરવાઈઝરને રૂા. ૨૫ હરેાજના આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. જી. નાયક અને પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીને આ કામ બદલ રૂા. ૨૦૦-૦-૦ ઓનોરિયમ આપવું.

૭૨. ઇન્ટરમિડિયેટ આર્ટ્સની અમદાવાદ કેન્દ્રની પરીક્ષા ગુજરાત કૉલેજ તથા લૉ કૉલેજમાં હતી તેમાં ફેકટોટમ તરીકે શ્રી. બી. જી. શાહને અને તેના આસિસ્ટન્ટ તરીકે શ્રી. જે. જે. જોષીની નિમણૂકોને બહાલી આપવા બાબતનો મજકૂર પરીક્ષાના સિનિયર સુપરવાઇઝર તરફથી આવેલો પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે કરેલી નિમણૂકોને બહાલી આપવી અને આ બાબતમાં એક ફેકટોટમને નિયમ પ્રમાણે વધુમાં વધુ થતું હોય તેટલું મહેનતાણું આપવું અને બીજાને લૉ કૉલેજમાં બેઠેલા વિદ્યાર્થીઓની સંખ્યાની મર્યાદામાં રહીને નિયમ મુજબ આપવું.

૭૩. બી.એસસી. પ્રેકટીકલ પરીક્ષા માટેનાં કેટલાંક સૂચનો દર્શાવતો શ્રી. એસ. એ. વૈષ્ણવનો પત્ર, તે ઉપરનો સાયન્સ ફૅકલ્ટીના ડીનનો અભિપ્રાય તથા તે ઉપરની ઑફિસ નોંધ સિન્ડિકેટે ફૅકલ્ટી ઑફ સાયન્સ તરફ રિપોર્ટ માટે મોકલ્યાં હતાં તે અંગે મજકૂર ફૅકલ્ટીનો રિપોર્ટ:

ફૅકલ્ટીની ભલામણ

"આથી આ ફૅકલ્ટી સિન્ડિકેટને ભલામણ કરે છે કે:–

1. Present timings of Practical Examination at the B.Sc. should be continued.

2. The Practical examination at the Intermediate Science must begin at the latest by Monday following the completion of the theory examination. The B Sc. Practical Examination at any Centre will start on the first Monday after the theory examination is over or at least immediately on completion of the Intermediate Science Practical Examination with a break of a day or two.

3. The Faculty is not in favour of the suggestion.

4. The Chairman should distribute the work in such a way that, as a Principle, the same person is not sent to a given centre for more than one time and no examiner should examine at his own centre. This practice should be adhered to.

5. At the final meeting for settling the B.Sc. Practical Examination result, each group of examiners should be represented by one of them.

6. The Faculty does not want to opine on the matter.

7. The present practice be followed."

આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટીની ભલામણો મંજૂર કરવી.

૬૪. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના એમ.એસસી. (મેડિકલ) ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. મહેન્દ્ર જી. અમીને મજકૂર પરીક્ષામાં કેટલુંક બહારનું અને અસંબંધ લખાણ હિન્દી, ગુજરાતી અને સંસ્કૃતમાં આપેલ હોવાથી તે બાબત ઉપર યોગ્ય પગલાં લેવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થી બીજી વખતે પરીક્ષામાં બેસી શકે છે તેમ જણાવવું.

૬૫. એફ. ઇ. (સિવિલ) અને એસ. ઇ. (સિવિલ) ની હીટ એન્જીન્સ અને ઇલેકટ્રીકલ એન્જિનિયરીંગના ટર્મ વર્કના જર્નલ તપાસવા માટેનું રેમ્યુનરેશન જર્નલ દીઠ રૂા. ૭-૧૨-૦ એટલે કે વિદ્યાર્થી દીઠ રૂા. ૧-૮-૦ રાખવા બાબતની ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલુડીંગ એન્જિનિયરીંગના ડીનની ભલામણ:

આથી ઠરાવવામાં આવે છે કે ડીનની ભલામણ મંજૂર કરવી નહિ.

૬૬. ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી કમિટીના નીચે જણાવેલા ઠરાવો નં. ૧૬૯, ૧૭૦, ૧૯૭ તથા ૨૦૪માં જણાવેલી ભલામણો મંજૂર કરવા બાબત:

ઠરાવ નં. ૧૬૯: "તા. ૧-૭-૫૪ થી તા. ૩૧-૧૨-૫૪ સુધીના છ માસિક આવક ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે. આ હિસાબ સિન્ડિકેટની જાણ માટે મોકલી આપવો. (નકલ આ સાથે પરિશિષ્ટ 'ણ" તરીકે સામેલ છે.)

ઠરાવ નં. ૧૭૦: "સને ૧૯૫૪-૫૫નું રિવાઇઝ્ડ અંદાજપત્રક તથા ૧૯૫૫-૫૬નું અંદાજપત્રક જે ઑફિસ તરફથી તૈયાર કરવામાં આવ્યું હતું તે મિટીંગ વખતે થયેલા સુધારા સાથે મંજૂર કરવામાં આવ્યું છે. આ અંદાજપત્રક મંજૂર કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. તા. ૧લી જુલાઈ ૧૯૫૬થી ગ્રંથાલય સ્ટાફમાં નીચેની નિમણૂંકો કરવાની જરૂર છે: (અંદાજપત્રકની નકલ આ સાથે પરિશિષ્ટ "ણ" માં સામેલ છે.)

૧ ઇસ્યુ ક્લાર્ક: ગ્રેડ રૂા. ૫૫-૩-૮૫-૪-૧૨૫-૫-૧૩૦

૧ પટાવાળા: ગ્રેડ રૂા. ૩૦-½-૩૫

૧ હમાલ: ગ્રેડ રૂા. ૩૦-½-૩૫ "

ઠરાવ નં. ૧૯૭: "નીચેની જગ્યાઓ ઉભી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે:

૧ ઇસ્યુ ક્લાર્ક: ગ્રેડ રૂા. ૫૫-૩-૮૫-૪-૧૨૫-૫-૧૩૦

૧ પટાવાળો: ગ્રેડ રૂા ૩૦-½-૩૫

૧ હમાલ: ગ્રેડ રૂા. ૩૦-½-૩૫ "

ઠરાવ નં. ૨૦૪: "દરેક ભવનના અધ્યક્ષને ગ્રંથાલય કમિટીના સભ્ય બનાવવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટીના ઠરાવ નં. ૧૬૯, ૧૭૦ અને ૨૦૪ મંજૂર કરવા અને ઠરાવ નં. ૧૯૭ની વિચારણા હાલ તુરત મુલતવી રાખવી.

૬૭. ગુજરાત યુનિવર્સિટીના જુદા જુદા બૉર્ડ ઑફ સ્ટડીઝ તરફ પોતાનાં પુસ્તકો અંગે વિચારણા કરવા માટે કેટલાક નવા બુકસેલર્સ અને પબ્લીશર્સ પોતાના નામ નોંધાવવા માગે છે તો તે અંગે ફી કેટલી રાખવી તે નક્કી કરવા બાબત તેમજ તે માટેનું ફૉર્મ તૈયાર કરવા બાબત મંજૂરી આપવા બાબત:

(નોંધ:- હાલમાં નોંધાયેલા બુકસેલર્સ અને પબ્લીશર્સના નામો ૧૦૫ છે. સાધારણ રીતે હાલ એવો નિયમ છે કે જે બુકસેલર્સ અને પબ્લીશર્સને પાઠયપુસ્તકો અંગે વિચારણા કરાવવી હોય તો તેમણે બે નકલો યુનિવર્સિટીને મોકલવી પડે છે. અને તે દરેક પુસ્તકની એકેક નકલ બૉર્ડના સભ્યોને મોકલવાની હોય છે. હાલ રજિસ્ટ્રેશન માટે કોઇ પણ ફી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે જે પબ્લીશર્સ પોતાનાં પુસ્તકો મંજૂર કરાવવા મોકલે તેમણે દરેક પુસ્તક દીઠ રૂા. ૧૦-૦-૦ ની ફી તથા પુસ્તકની પાંચ નકલો યુનિવર્સિટી ઑફિસને મોકલવી જોઇએ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પાઠયપુસ્તકોની માદિઓ વગેરે તેની નિયત કરેલી કિંમત લઇને જ આપવી.

૭૯. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન હિસ્ટ્રી, આર્કિયોલૉજી, એપીગ્રાફી અને ન્યુમિસ્મેટિક્સની નીચે મુજબની ભલામણ:

"It is resolved to recommend to the Syndicate that all the books prescribed and suggested for the History Course from F Y Arts to M.A. should be ordered out before the 31st of March 1955."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત વિચારણા કરી રિપોર્ટ કરવા માટે આ કામ લાયબ્રેરી કમિટી તરફ મોકલવું.

૭૯. રેકગ્નીશન ઑફ ટર્મ્સ અંગેના કામ ચલાઉ ઑર્ડિનાન્સ જની મુદત તા. ૩૧-૫-૫૫ના રોજ પૂરી થઇ હોવાથી તે લંબાવવા વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આ ઑર્ડિનાન્સની મુદત તા ૩૧-૫-૧૯૫૭ સુધી લંબાવવી.

૮૦. અંગ્રેજીના લેકચરરની જગ્યા માટે કોઇ લાયક માણસ મળતો નહિ હોવાથી આ જગ્યા માટેની ઓછામાં ઓછી લાયકાત એમ.એ. પાસ કલાસ રાખવા બાબતનો પેટલાદ કૉલેજ, પેટલાદના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે પેટલાદ કૉલેજને ખાસ કેસ તરીકે એક વર્ષ માટે એમ.એ. પાસ તથા બી.એ. સેકન્ડ કલાસ હોય તેવા માણસને અંગ્રેજીના લેકચરર તરીકે નીમવા મંજૂરી આપવી.

૮૧. ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્કલુડીંગ ઍન્જિનિયરીંગના ડીન પ્રિન્સિપાલ એ. ડિસોઝાએ ઍન્જિનિયરીંગ કૉલેજના આસિસ્ટન્ટ લેકચરરો માટે સૂચવેલી નીચે મુજબની ઓછામાં ઓછી લાયકાતો નિયત કરવા બાબત:

"(i) Degree in Engineering in the appropriate branch of Engineering,

(ii) 2 years' practical experience in Engineering works or industries. However, in view of the fact that it is very difficult to get experienced graduates, I suggest that for the present this condition of 2 years' practical experience may be waived for the next 2 years and the position reviewed again.

It is very necessary however that such Asst. Lecturers should not be appointed as lecturers later on after completion of 5 years teaching experience unless he has had the equivalent of 24 months' practical training earned during vacation."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૮૨. મેટ્રિક થયેલા અને બાર-એટ-લૉ ની પરીક્ષા પાસ કરેલા કે જેઓ આર્ટ્સ, સાયન્સ અથવા લૉ ના ગ્રેજ્યુએટ નથી તેવા ઉમેદવારને લૉ ફૅકલ્ટીમાં પ્રોફેસર તરીકે લાયક ગણવા કે કેમ તે જણાવવા બાબતનો સૌરાષ્ટ્ર સરકાર પબ્લીક સર્વિસ કમીશનના સેક્રેટરી તરફથી આવેલો પત્ર:

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મેટ્રીક થયેલા બાર-એટ-લૉને લૉ ફૅકલ્ટીમાં પ્રોફેસર તરીકે નિમણૂક માટે લાયક ગણવા."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૮૩. બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝ તરફથી સને ૧૯૫૪-૫૫ ના વર્ષ દરમિયાન થયેલ પ્રવૃત્તિનો અહેવાલ: (જાણ માટે)

આથી ઠરાવવામાં આવે છે કે રિપોર્ટની નોંધ લેવી.

(રિપોર્ટની નકલ આ સાથે પરિશિષ્ટ "ત" તરીકે આપવામાં આવી છે.)

૮૪. સને ૧૯૫૫-૫૬ના વર્ષ માટે એકસ્ટ્રા મ્યુરલ પ્રવૃત્તિઓ અંગે રૂા. ૧૧,૦૦૦-૦-૦નું બજેટ મંજૂર કરવાની બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યુરલની ભલામણ:

આથી ઠરાવવામાં આવે છે કે એકસ્ટ્રા મ્યુરલ બૉર્ડનું બજેટ મંજૂર કરવું.

(બજેટ આ સાથે પરિશિષ્ટ "થ" તરીકે આપવામાં આવ્યું છે.)

૮૫. બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝ તરફથી હાથ ઉપર લેવા યોગ્ય પ્રવૃત્તિઓ અંગે મજકૂર બૉર્ડે પસાર કરેલા ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત:

ઠરાવો

"આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથમાં લેવી:

૧. વિદ્યાર્થીઓનો સામાન્ય જ્ઞાનનો વિકાસ થાય તથા તેઓ કૉલેજમાં શીખતા હોય તે સિવાયના બીજા વિષયોથી પણ જાણકાર થાય તે હેતુથી જુદા જુદા વિષયોના નિષ્ણાતોના ભાષણો

રેડિયો પર બ્રોડકાસ્ટ કરવાની વ્યવસ્થા કરવી. આ અંગે મિનિસ્ટ્રી ઑફ ઈન્ફર્મેશન અને બ્રોડકાસ્ટીંગનો સંપર્ક સાધી ઘટતાં પગલાં લેવાં.

૨. વિદ્યાર્થીઓમાં શ્રમની ભાવના કેળવવા માટે અમદાવાદમાં યુનિવર્સિટી કેમ્પસ ઉપર અથવા અન્ય સ્થળે તેમજ જ્યાં કૉલેજ હોય તેવાં બીજાં કેન્દ્રોમાં યોગ્ય સ્થળે કોઈ ચોક્કસ કામ (પ્રોજેક્ટ) હાથ ઉપર લઈ તે પાર પાડે તેવી વ્યવસ્થા કરવી. આ અંગે પ્રિન્સિપાલ અથવા આવા કામમાં રસ લઈ કામ કરી શકે એવા સ્ટાફના સભ્યોમાંથી દર કૉલેજ દીઠ એક પ્રતિનિધિને આમંત્રી તેમની ચોક્કસ યોજના જુન માસની આખર સુધીમાં તૈયાર કરવી અને તે અમલમાં મૂકવા યોગ્ય પગલાં લેવાં."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણો સ્વીકારવી

૮૬. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફના સભ્યો રિટાયર થાય ત્યારે ગ્રેજ્યુઈટી આપવા બાબત તેમજ રિટાયરમેન્ટ માટેની ઉપરની મર્યાદા ૬૦ વર્ષની ઠરાવવા બાબતની સ્ટાફના સભ્યો તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત:

(**નોંધ**:– મુંબઇ રાજ્યની સ્ટેટ્યુટરી યુનિવર્સિટીઓમાં આ અંગે તપાસ કરાવતાં આવેલી વિગત નીચે મુજબ છે:

ક્રમ નં.	યુનિવર્સિટીનું નામ	ગ્રેજ્યુઈટી	રિટાયરમેન્ટની મર્યાદા
૧.	મુંબઈ યુનિવર્સિટી	આ બાબતમાં નવા નિયમો યુનિવર્સિટીની વિચારણા હેઠળ છે.	સમય મર્યાદા ૫૫ વર્ષની છે. પરંતુ સામાન્ય રીતે પાંચ વર્ષ સુધી વધારવામાં આવે છે. પરંતુ દર વર્ષે એક્સ્ટેન્શન લેવાનું હોય છે. આ નિયમ એડમિનિસ્ટ્રેટીવ સ્ટાફ માટે છે.
૨.	એમ. એસ યુનિવર્સિટી ઑફ બરોડા.	હાલમાં ગ્રેજ્યુઈટી આપવાની પ્રથા નથી.	કલાસ ૧, ૨, ૩, માટે સમય મર્યાદા ૫૫ વર્ષની છે છે. કલાસ ૪ માટે ૬૦ વર્ષની છે.
૩.	પુના યુનિવર્સિટી	હજુ સુધી કાંઇ નિયમ ઘડયા નથી.	૬૦ વર્ષ.
૪.	કર્ણાટક યુનિવર્સિટી	હાલ કંઇ પ્રથા નથી.	સુપિરિયર સર્વિસ માટે ૫૫ વર્ષની છે અને ઇનફિરિયર સર્વિસ માટે ૬૦ વર્ષની છે.

ક્રમ નં.	યુનિવર્સિટીનું નામ	ગ્રેજ્યુઇટી	રિટાયરમેન્ટની મર્યાદા
૫.	એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ.	એક મહિનાના બેઝિક પગાર જેટલા, જેટલા વર્ષ નોકરી કરી હોય તેટલા વર્ષના એક મહિના લેખે પરંતુ ૧૨ મહિનાથી વધુ નહિ એમ આપવામાં આવે છે. પરંતુ આ ગ્રેજ્યુઇટી જેઓ યુનિવર્સિટીની નોકરીમાં પ્રોવીડન્ટ ફંડ દાખલ થયા પહેલાં જોડાયા હોય કે નોકરી કરતાં કરતાં નોકરી કરવા માટે અશક્ત થઇ ગયા હોય તેજ મળે છે. વધુમાં ઓછામાં ઓછી પાંચ વર્ષ નોકરી કરી હોવી જોઇએ.	૫૫ વર્ષ. પરંતુ તંદુરસ્ત હોય તો ૬૦ વર્ષ સુધી એકસ્ટેન્શન આપે છે.

)

આથી ઠરાવવામાં આવે છે કે આઇટેમ નં. ૬૭માં નીમાયેલી કમિટી તરફ આ કામ રિપોર્ટ માટે મોકલવું.

૮૭. ૫'૫ રૂમની બાજુમાં બે સરવન્ટ્સ ક્વાર્ટર્સ તૈયાર થઇ ગયા હોવાથી તે કઇ શરતોએ સ્ટાફને આપવા તે અંગે નક્કી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે હાલમાં યુનિવર્સિટીના ચોકીદારને એક ક્વાર્ટર આપવું અને તેને ઘરભાડું આપવું નહિ.

૮૮. યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં રિડરો તરીકે કામ કરતા ૧. શ્રી. એચ. એન. પાઠક અને ૨. શ્રી. ડી. એન. પાઠક અને ૩. શ્રીમતિ તારાબેન પટેલ, એઓએ યુનિવર્સિટીની નોકરીમાં જોડાયા પછી યુ. પી. એસ. સી. ટ્રેનીંગ વર્ગોમાં આપેલાં લેક્ચર્સ માટે રેમ્યુનરેશન આપવું કે કેમ તે બાબત ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આઇટેમ નં. ૬૭માં નીમાયેલી કમિટી તરફ આ કામ રિપોર્ટ માટે મોકલવું.

૮૯. સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્યની તેઓને અંગ્રેજી તથા ગુજરાતી સ્ટેનોગ્રાફી માટે એલાવન્સ આપવા બાબતની અરજી સિન્ડિકેટે નામંજૂર કરી હતી, તે અંગે તેમની, આ પ્રશ્ન અંગે સરકારમાંથી માહિતી મંગાવવા બાબતની, અને ટાઇપિસ્ટોને આ પ્રકારનું

એલાવન્સ આપવાનું સિન્ડિકેટે ઠરાવ્યું છે તે ધ્યાનમાં લઇ તેમનો કેસ વિચારવા બાબતની અરજી:

(નોંધ:-સિન્ડિકેટના ઠરાવ અનુસાર માહિતી મંગાવતાં ટ્રેઝરી ઑફિસ, અમદાવાદ તરફથી નીચે મુજબની માહિતી આવી છે:

"Govt. in P. & S. Dept. have prescribed the grant of personal pay of Rs. 10/- p.m. to the Typists who furnish the requisite certificate in typing in the local official regional language. No allowance is granted to the Stenographer of the Revenue Department"

પોલિટિકલ ઍન્ડ સર્વિસ ડિપાર્ટમેન્ટ તરફથી આવેલો માહિતી નીચે મુજબ છે:

"(i) No allowance or personal pay similar to the one given to Typists in Government Resolution, Political and Services Department No. OFL/1153/32885-B, dated the 31st October 1953 is granted to a Stenographer in English doing the work of a steno in a regional language.

(ii) With a view to encouraging the knowledge of stenography in regional languages, an allowance in the nature of personal pay may be granted to the stenos in English in addition to the scales of their posts as is paid to clerk typists doing typing work both in English and regional language, provided there is no special scale for stenos in regional languages."

આપણે ત્યાં અંગ્રેજીના સ્ટેનોગ્રાફર કરતાં અંગ્રેજી-ગુજરાતીના સ્ટેનોગ્રાફર માટે સ્પેશ્યલ સ્કેલ નથી. બન્નેના એક જ સ્કેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે આઇટેમ નં. ૬૩ માં નીમાયેલી કમિટી તરફ આ કામ રિપોર્ટ માટે મોકલવું.)

૯૦. ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એન. સી. દેસાઇ રાજીનામું આપીને છૂટા થયેલા હોવાથી, તેઓએ ત્રણ વર્ષ કરતાં વધુ નોકરી કરેલી હોવાથી, તેઓનું પ્રોવિડન્ટ ફંડનું કોન્ટ્રીબ્યુશન તેમજ યુનિવર્સિટી કોન્ટ્રીબ્યુશન આપવા બાબતની તેમની અરજી:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. સી. દેસાઇને પ્રોવિડન્ટ ફંડની યુનિવર્સિટી કોન્ટ્રીબ્યુશન સાથેની રકમ વ્યાજ સહિત આપવી.

૯૧. ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં હુમાલ તરીકે કામ કરતા શ્રી. દયાલભાઇ પારેખને ઑફિસ તરફથી છૂટા કરવામાં આવતા તેમને ખાતે જમા થયેલી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબતની અરજી:

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોવિડન્ટ ફંડમાંના તેમના પોતાના કોન્ટ્રીબ્યુશનની રકમ વ્યાજ સહિત પાછી આપવી

૯૨. બેનનો લગ્ન પ્રસંગ હોવાથી તેના ખર્ચ અંગે યુનિવર્સિટીના પોતાના પ્રોવિડન્ટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૨૦૦ ની લોન આપવા બાબતની પરવાળા શ્રી. બેચરજી ચેલાજી મકવાણાની અરજી ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે માગેલી લોન આપવી.

૯૩. ઇન્ટરમિડિયેટ કૉમર્સના વર્ગમાં વધુમાં વધુ ૧૬૮ વિદ્યાર્થીઓને દાખલ કરવાની પરવાનગી આપવા બાબતના એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના ઇન ચાર્જ પ્રિન્સિપાલ શ્રી. પી. પી. મહેતાના પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

(નોંધ:–મજકૂર કૉલેજને ઈન્ટરમિડિયેટ વર્ગમાં ૧૦૦ વિદ્યાર્થીઓને દાખલ કરવાની પરવાનગી આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટરમિડિયેટ કૉમર્સમાં વધુમાં વધુ ૧૫૦ વિદ્યાર્થીઓને દાખલ કરવાની પરવાનગી આપવી અને ૧૫૦ ઉપરાંત વિદ્યાર્થીઓ લેવા દેવામાં આવશે નહિ તેમ કૉલેજને જણાવવું.

૯૪. એમ.બી.,બી.એસ. ની પરીક્ષામાં જે વિદ્યાર્થીની પરીક્ષામાં વધારેમાં વધારે માર્કસ મેળવી ગાયનેકોલૉજી વિષય લઈ એમ.ડી. માટે અભ્યાસ ચાલુ રાખે તેને એક વર્ષ સુધી "બાઇ ગોદાવરી ચિમનલાલ ચોકસી સ્કોલરશિપ" નામની સ્કોલરશિપ આપવા માટે અથવા તેવી વિદ્યાર્થીનીના અભાવે આવી રીતે અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને આપવા માટેનું રૂા. ૧૦,૦૦૦ નું દાન શ્રી. સી. સી. ચોકસી તરફથી સ્વીકાર્યું તે અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર મુંબઇ સ્ટેટની બધી યુનિવર્સિટીઓને પૂછાવીને મુંબઇ સ્ટેટના વાઇસ-ચાન્સેલર્સના જોઇન્ટ બૉર્ડ તરફ મજકૂર પ્રશ્ન મોકલતાં બૉર્ડે તેની તા. ૧૮/૧૯-૪-૫૫ની બેઠકમાં કરેલા નીચે મુજબના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"Resolved that in view of the reply received from the Government of Bombay, the Board is of the opinion that the endowment can be accepted and that the constitution Act does not prohibit it."

આથી ઠરાવવામાં આવે છે કે જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની બેઠકમાં થયેલા ઠરાવની નોંધ લેવી અને "બાઇ ગોદાવરી ચિમનલાલ ચોકસી સ્કોલરશિપ" આપવી.

૯૫. શ્રી. મગનભાઇ પ્ર દેસાઇ હવે બુલેટીનના તંત્રી મંડળમાં કામ કરવા સમય કાઢી શકે એમ નથી અને તેથી તેમને છૂટા કરવા બાબત તથા બુલેટીન ગુજરાતીમાં કાઢવું એમ જણાવતા તેમના પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

(નોંધ:–તંત્રીમંડળ સિન્ડિકેટે નીમ્યું હતું અને તેના સભ્યો નીચે મુજબ છે:

૧. શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ
૨. શ્રી. એસ. વી. દેસાઇ
૩. શ્રી. ડૉ. મોતીભાઇ ડી. પટેલ.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇને બદલે શ્રી. બી. આર. સેનોય તથા શ્રી. ઉમાશંકર જોષીને યુનિવર્સિટી બુલેટીન માટે નીમવા.

૯૬. નીચે મુજબના માઇગ્રેશન સર્ટિફિકેટ અંગેના ઑર્ડિનાન્સને મંજૂર કરવા બાબત:

(અત્યાર સુધી મુંબઈ યુનિવર્સિટીના ધોરણે માઇગ્રેશન સર્ટિફિકેટ અંગેની ફી લેવાતી હતી.)

O. 88. A–"A student migrating from this University will be issued a migration certificate on applying on a prescribed form through the Principal of his/her College or Institution last attended on paying a fee of Rs. 5/– which will in no case be refunded if the Migration Certificate applied for is issued in favour of the student concerned."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબનો ઑર્ડિનાન્સ ૮૮–એ. મુંજુર કરવો અને તેને આજની તારીખથી અમલમાં લાવવો.

૯૭. **"Transmission of light through clouds of drops of different liquids and through Colloids"** ઉપર સંશોધનના કામ માટે રૂા. ૫૦૦૦–૦–૦ની ગ્રાન્ટ આપવા બાબતની શ્રી. વાય. જી. નાયકની અરજી ઉપરથી ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીના ઠરાવ અનુસાર આ યુનિવર્સિટી રૂા. ૨૫૮૦–૦–૦ની ગ્રાન્ટ આપી શકશે તેમ શ્રી. વાય. જી. નાયકને જણાવતા મજકૂર ગ્રાન્ટને સ્વીકારી હોવાથી મજકૂર કમિટીએ મંજૂર કરેલી રૂા. ૨૫૦૦–૦–૦ની ગ્રાન્ટને મંજૂરી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૯૮. **બ્રિટિશ કાઉન્સિલ તરફથી ઇંગ્લીશ લિટરેચર અંગે યોજનાર સેમિનારમાં યુનિવર્સિટી તરફથી માણસ મોકલવા કે કેમ અને જો મોકલવા હોય તો તેનો ખર્ચ કેવી રીતે આપવો તે બાબત વિચારણા કરવા બાબત:**

(નોંધ:–એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રોફેસર એમ. એન. પંડયા આ સેમિનારમાં જવાની તૈયારી બતાવે છે પરંતુ તે માટેની ફી તથા ખર્ચ યુનિવર્સિટી તરફથી અપાય તેમ ઇચ્છે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એમ. એન. પંડયાને જણાવવું કે તેઓ સેમિનારમાં યુનિવર્સિટી તરફથી જઇ શકે છે, પણ તે માટેની ફી તથા ખર્ચ યુનિવર્સિટી આપી શકે તેમ નથી.

૯૬. મુંબઇ યુનિવર્સિટીમાં જેમ ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા ચાલે છે તે જ પ્રમાણે આ યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા અને સાહિત્ય અંગે દર વર્ષે પાંચેક ભાષણો રાખીને "ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા" ગોઠવવા માટે મેસર્સ એન. એમ. ત્રિપાઠી લિમિટેડ તરફથી શાહુદારા (દિલ્હી) સહરાનપુર લાઇટ રેલ્વે કંપની લિમિટેડના શેર નં. ૭૦ રૂપિયા ૧૧,૫૦૦ ની પડતર કિંમતના આ યુનિવર્સિટીને ડોનેશન તરીકે આપવા અંગેના પત્રો ઉપરના ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટના ઠરાવ અનુસાર તેઓને લખતાં તેમના તરફથી આવેલો જવાબ:

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકુર ડોનેશન નીચેની શરતોએ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. મજકૂર શેર નંગ ૭૦ જે યુનિવર્સિટીને સોંપવામાં આવે છે તેને વેચી નાંખી ઉત્પન્ન સરકારી સીકયુરીટીમાં રોકવું.

૨. વ્યાખ્યાનમાળા દર બે વર્ષે યોજવી. "

સિન્ડિકેટનો ઠરાવ

આથી ઠરાવવામાં આવે કે ઍકેડેમિક કાઉન્સિલે સૂચવેલી શરતોએ દાતા તે દાન આપવા તૈયાર છે કે કેમ તે પૂછાવવું. "

આથી ઠરાવવામાં આવે છે કે:-

અ. વ્યાખ્યાનમાળા માટે યુનિવર્સિટીએ સૂચવેલી શરતો દાતાને માન્ય હોવાથી દાનનો સાભાર સ્વીકાર કરવો અને સેનેટને તે બાબત રિપોર્ટ કરવો

બ. વ્યાખ્યાનમાળા યોજવા માટે જરૂરી નિયમો વગેરે ઘડવા માટે ઘટતાં પગલાં લેવાં.

(દાતા તરફથી આવેલા પત્રોની નકલો આ સાથે પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૦૦. ધી ઇન્ડિયન ફીલોસોફીકલ કોન્ગ્રેસ, બૅંગ્લોર તેના પબ્લીકેશનના ખર્ચને સભ્યોની ફીમાંથી હાલ પહોંચી શકતા નહિ હોવાથી ત્રણ વર્ષને માટે વાર્ષિક ગ્રાન્ટ આપવા બાબતના મજકૂર કોન્ગ્રેસના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાંઇ ગ્રાન્ટ આપી શકે તેમ નથી તેમ જણાવવું.

૧૦૧. ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની કારોબારી સમિતિએ નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો હોવાથી અને તે ઠરાવને મજકૂર કાઉન્સિલે બહાલી આપેલી હોવાથી તેના ઉપર આ યુનિવર્સિટીનો અભિપ્રાય આપવા બાબત તેમજ ઘટતાં પગલાં લેવા બાબત:

૬૨૧૨

"It has been brought to the notice of the executive Committee that some Universities have decided to change the medium of instruction for the teaching of Pharmacy from English to the respective regional languages. The Executive Committee considers that such a step will not be conducive to the development of Pharmacy and the Pharmaceutical profession on an all India basis, especially because all the important Pharmacopoeias are in English and the prescriptions of Medical Practitioners continue to be written in English. The Committee, therefore, recommends that the Government of India, the State Governments and the Universities should be requested to continue the teaching of Pharmacy in English until such time as the preliminaries necessary for making the change over of the Medium of Instruction to the national language are completed."

આથી ઠરાવવામાં આવે છે કે પસાર થયેલા સ્ટેટ્યુટની નકલ મોકલી આપી જવાબ આપવો કે ફાર્મસીના અભ્યાસક્રમ માટે ગુજરાતી માધ્યમ હાલ સ્ટેટ્યુટમાં ઠરાવવામાં આવ્યું નથી.

૧૦૨. શાહપુરમાં તા. ૨-૩-૧૯૫૫ ના રોજ ભરાયેલ અમદાવાદ શહેર પુસ્તકાલય સંમેલનના ત્રીજા અધિવેશનમાં પસાર થયેલા નીચે મુજબના ઠરાવ ઉપર ઘટતું કરવા બાબતનો મજકૂર સંમેલનના પ્રમુખ વિદ્યાબહેન ૨. નીલકંઠ તરફથી આવેલો પત્ર:

"આ સંમેલન ગુજરાત યુનિવર્સિટીને વિનંતિ કરે છે કે ગ્રંથપાલોને યોગ્ય તાલીમ મળે તે હેતુથી યુનિવર્સિટીએ લાયબ્રેરીનો ડિપ્લોમા કોર્સ વહેલામાં વહેલો તકે શરૂ કરવો જોઈએ. ગુજરાત યુનિવર્સિટી આ દિશામાં યોગ્ય પગલાં તાત્કાલિક લેશે એવી આશા છે."

આથી ઠરાવવામાં આવે છે આ કામ લાયબ્રેરી કમિટી તરફ અભિપ્રાય માટે મોકલી આપવું.

૧૦૩. પબ્લિક સર્વિસ ઈન ઇન્ડિયાની રીક્રુટમેન્ટ પોલીસી તપાસવા ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાએ નીમેલી સમિતિએ કાઢેલી પ્રશ્નાવલીમાં માગેલી માહિતી પૂરી પાડવા તેમજ આ યુનિવર્સિટીનો અભિપ્રાય આપવા બાબતનો મજકૂર સમિતિના મેમ્બર સેક્રેટરી શ્રી. આર. સી. દત્ત તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે નીચલી પાયરીની જગ્યાઓ માટે ડિગ્રી માટે આગ્રહ રાખવાની આવશ્યકતા નથી એવો આ યુનિવર્સિટી અભિપ્રાય ધરાવે છે.

૧૦૪. ફાયનાન્સ કમિટીની તા. ૧-૪-૧૯૫૫ના રોજ મળેલી બેઠકની નીચે મુજબની ભલામણ:

ભલામણ

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નીચેનું ફરનીચર આવેલા ત્રણ ટેન્ડરોમાંથી નીચે જણાવેલા વેપારીઓ પાસેથી તેઓના ભાવ સૌથી ઓછા હોવાથી ખરીદવું.

		જરૂરિયાત	ભાવ		વેપારીનું નામ
૧.	ઑફિસ ખુરશીઓ	નં. ૧૭૫	રૂા. ૧૯–૦–૦	નંગના	કાન્તિલાલ પરસોત્તમદાસ મિસ્ત્રી.
૨.	કમિટી ટેબલો	નં. ૧૦	રૂા. ૧૩૫–૦–૦	,,	ન્યુ ફરનીચર માર્ટ
૩.	પટાવાળા માટેના સ્ટુલ	નં. ૧૦	રૂા. ૧૧–૦–૦	,,	,,
૪.	લાકડાના પડદા	નં. ૧૦	રૂા. ૫૨–૦–૦	,,	અમરીષ ફરનીચર માર્ટ
૫.	પ્લેટફોર્મ માટેના ટેબલો	નં. ૪	રૂા. ૧૫૫–૦–૦	,,	,,
૬.	પ્લેટફોર્મ ઉપર ચડવાના પગથીયા	નં. ૨	રૂા. ૪૦–૦–૦	,,	ન્યુ ફરનીચર માર્ટ
૭.	ફોલ્ડીંગ ખુરશીઓ સ્પેશ્યલ રામા ચેર	નં. ૫૦૦	રૂા ૧૧–૪–૦	,,	,,
	(આવેલા નમુનામાંથી આ ખુરશીઓ સારી છે.)				
૮.	ટાઇપરાઈટર બ્રીફ સાઈઝ	નં. ૨	રૂા. ૭૬૫–૦–૦		લેધામ એવર કોમ્બી ઍન્ડ કું. લી.

આથી ઠરાવવામાં આવે છે કે ફાયનાન્સ કમિટીની ભલામણ મંજૂર કરવી.

૧૦૫. એકાઉન્ટ્સ ખાતામાં કામ કરતા જુનિયર કલાર્ક શ્રી. એ. સી. ભાવસારને પોતાના ભાઈની માંદગીના કારણે દવા માટે જરૂર હોવાથી રૂા. ૫૦–૦–૦ ની લોન પોતાના પ્રોવિડન્ટ ફંડમાંથી આપવા બાબતની તેમની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઈસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૬. ટાઇપિસ્ટ શ્રી. વી. એમ. વ્યાસને, દાક્તરોના કેટલાક બીલો ચૂકવવાના હોવાથી તેમજ બીજા આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે જરૂર હોવાથી રૂા. ૧૦૦-૦-૦ ની લોન પોતાના પ્રોવિડન્ટ ફંડમાંથી આપવા બાબતની તેમની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઈસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૭. એમ. એન. કૉલેજ, વિસનગરના પ્રિન્સિપાલ સી. ડી. દેશપાંડે કે જેઓ હિસ્ટરી ગ્રુપ "એ" અને "સી" માટે અનુસ્નાતક શિક્ષક તરીકે તા. ૮-૧૦-૧૯૫૪ ના રોજ મળેલ બૉર્ડની સભામાં માન્ય થયેલ છે તેમને હિસ્ટરી ગ્રુપ "બી" માટે કોઇ અનુસ્નાતક શિક્ષક ત્યાં માન્ય થયેલ ન હોવાથી "બી" ગ્રુપ માટે પણ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે બહાલી આપી છે તેને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૮. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના ફર્સ્ટ ઇયર આર્ટ્સના વિદ્યાર્થી શ્રી. આર. એન. ભરૂચાની ખૂટતી હાજરી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ માફ કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

(નોંધ:- કુલ હાજરી ૧૦૭ દિવસની તા. ૨૧-૨-૧૯૫૫ સુધીની છે તે ઉપરાંત ત્યાર તા. ૧૫-૩-૫૫ સુધી ૧૭ દિવસની શકય હાજરી છે તે ઉમેરતાં ૧૨૪ દિવસની કુલ હાજરી તેની થશે. ખૂટતી હાજરીના કારણમાં પ્રિન્સિપાલ જણાવે છે કે આ વિદ્યાર્થી મુંબઇ યુનિવર્સિટીની ભવાન્સ કૉલેજમાં દાખલ થયેલો પરંતુ મુંબઈ યુનિવર્સિટીના નિયમ પ્રમાણે એસ.એસ.સી.ની લાયકાત તે ન ધરાવતાં તેનો તે કૉલેજમા પ્રવેશ યુનિવર્સિટીએ માન્ય રાખ્યો નહિ હોવાથી તે કૉલેજના પ્રિન્સિપાલે તેમને તા. ૧૩-૮-૧૯૫૪ના રોજ ખબર આપતાં ગાર્ડા કૉલેજમાં તે મોડા દાખલ થઇ શકયા હતા)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૯. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી મીસ એમ. જે. સાચાની એમ.એસસી. ની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૦. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. નિરંજન કુલચંદ્ર શાહ બી.કૉમ. થયા પછી ગઇ સાલ ઑર્ડિનાન્સ ૧૭૪ હેઠળ ઇન્ટર આર્ટ્સની સંસ્કૃત વિષયની પરીક્ષામાં અને બી.એ. ની પરીક્ષામાં બેઠેલા પરંતુ બી.એ. માં પાસ થયા અને ઇન્ટર આર્ટ્સના સંસ્કૃત વિષયમાં નાપાસ થયા તેથી આ વર્ષે ઑર્ડિનાન્સ ૧૧૬ હેઠળના કન્સેશન્સ આપી ફક્ત ઇન્ટર આર્ટ્સના સંસ્કૃત વિષયમાં બેસવાની મજકૂર વિદ્યાર્થીને સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ પરવાનગી આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૧. કચ્છના રણ અંગેની ગ્રાન્ટ ૧૯૫૩-૫૪ ના વર્ષ માટે મંજૂર થયેલી પરંતુ આ અંગેની સમિતિના સભ્ય ડૉ. એ. એમ. ત્રિવેદીને રૂા. ૨૫૦-૦-૦ તથા ફિઝીકલ રિસર્ચ લૅબોરેટરીને રૂા ૩૦૬-૯-૦ આપવાનું મંજૂર કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૨. સર એલ. એ. શાહ લૉ કૉલેજમાં ફર્સ્ટ એલ.એલ.બી. માં દાખલ થયેલા શ્રી. એસ. એમ. જોષીએ ૧૯૫૪ ના જૂનથી નવેમ્બર ૧૯૫૪ સુધી ભરેલું સત્ર મંજૂર રાખવા બાબતની તેમની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૩. લાયબ્રેરી બિલ્ડિંગમાં હાલની લોખંડની આરીઓ પાછળ જાળીઓ નાંખવા અંગે રૂા. ૧૨,૨૧૦-૦-૦ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૪ એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. અજીતરાય કનકરાય માંકડની એમ.એસસી. ની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકારી નહિ હોવા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં નાપાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજીસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૫. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. ગુણવંત ટી. ઓઝાની એમ.એસસી. ની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૬. સામળદાસ કૉલેજ, ભાવનગરના વિદ્યાર્થી શ્રી. નવીનચંદ્ર એમ. દલાલની એમ.એસસી. ની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૭. વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરના વિદ્યાર્થી શ્રી રમણલાલ મગનલાલ દેસાઇની એમ.એસસી. ની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબતઃ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૮. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. દોરા સ્વામી વેન્કટેશનની પી.એચ.ડી ની ડિગ્રી માટેનાં થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબતઃ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૧૯. પોતાના નાના ભાઇનું લગ્ન હોવાથી તે અંગેના ખર્ચ માટે યુનિવર્સિટીના પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૨૦૦-૦-૦ ની લોન આપવા બાબતનો કેશિયર શ્રી. એન. જે. પાઠકની અરજી ઉપરથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ સદર રકમ મંજૂર કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબતઃ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૦. પત્નીની માંદગીના અંગે દાક્તરનું બીલ તેમજ બીજા ખર્ચના પૈસા ચૂકવવાના હોવાથી યુનિવર્સિટીના પોતાના પ્રોવીડન્ટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૪૫-૦-૦ ની લોન આપવા બાબતની લાયબ્રેરીના પટાવાળા શ્રી. મેઘજી ડી. ચાંડયાની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબતઃ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૧. પોતાની તબીયત અંગે તેમજ કુટુંબના અન્ય સભ્યોની તબીયત વગેરે અંગે વૈદકીય સારવાર માટેનાં બીલો તેમજ અન્ય ખર્ચ વગેરે માટે યુનિવર્સિટીમાંના પોતાના પ્રોવીડન્ટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૨૫૦-૦-૦ ની લોન આપવા બાબતની હેડ કલાર્ક શ્રી. કે. સી. જાનીની અરજી ઉપરથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ સદર રકમ મંજૂર કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબતઃ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૨. આર. આર. લાલન ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભૂજ-કચ્છના ઇન્ટર આર્ટ્સના વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. પી. એલ. જોષીની વાલીની માંદગીને કારણે હાજરી ખૂટતી હોવાથી તે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ માફ કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબતઃ

(નોંધઃ- શ્રી. પી. એલ. ભેષીની કુલ હાજરી ૧૨૭ દિવસની છે. તેની જે પહેલી ટર્મની હાજરી ખૂટે છે તે તેના વાલીની ગંભીર માંદગીને કારણે છે)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૩. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદમાં એમ.એસસી. માટે રજિસ્ટર થયેલા ઉમેદવાર શ્રી. એન. જી. નંદાની થિસિસ સબમીટ કરવાનો તા. ૨૧-૪-૫૫ હતી પરંતુ તે તા. ૫-૫-૧૯૫૫ સુધી લંબાવવા બાબતનો મજકૂર વિદ્યાર્થીની મજકૂર લૅબોરેટરીના ડાયરેક્ટર મારફત આવેલી અરજી ઉપરથી તે મંજુર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબતઃ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૪. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદમાં પી.એચ.ડી. માટે રજિસ્ટર થયેલા શ્રી. એસ. વી. વેંકટેશ્વરની થિસિસ સબમીટ કરવાની તા ૧૦-૫-૫૫ હતી પરંતુ તે તા. ૧૦-૬-૫૫ સુધી લંબાવવા બાબતની મજકૂર વિદ્યાર્થીની મજકૂર લૅબોરેટરીના ડાયરેક્ટર મારફત આવેલી અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબતઃ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૫. ફૅકલ્ટી ઑફ મેડિસિનની નીચે મુજબની ભલામણોઃ

"આથી ઠરાવવામાં આવે છે કે—

૧. ડૉ બીશ્વનાથ મુકર્જીને ગુજરાત યુનિવર્સિટીની બી.એસસી. (મેડિકલ)ની પરીક્ષામાં બેસવા દેવા.

૨. તેમણે યુનિવર્સિટીના બધા મુજબ જરૂરી ઍલિજિબિલિટી વગેરે સર્ટિફિકેટો મેળવવાં.

૩. આ યુનિવર્સિટીની એમ.ડી. પાર્ટ ૧ ની પરીક્ષા પસાર કર્યા પછી તેમને એમ.ડી. પાર્ટ ૨ની પરીક્ષામાં બેસવા દેવા પરંતુ તેમને એમ.ડી. પાર્ટ ૧ મુંબઈ યુનિવર્સિટીની પરીક્ષામાં મેળવેલા ક્રેડિટ પણ એક્ઝમ્પશન આ યુનિવર્સિટીની પાર્ટ ૧ કે પાર્ટ ૨ ની પરીક્ષામાં આપવા નહિ.

(નોંધઃ- શ્રી. બીશ્વનાથ મુકર્જીએ મુંબઈ યુનિવર્સિટીની એમ.ડી. પાર્ટ ૧ ની પરીક્ષા પસાર કરેલી છે અને આ યુનિવર્સિટીમાં બી.એસસી (મેડિકલ માં દાખલ થવા માગે છે. બી.એસસી. (મેડિકલ)માં ઑ. ૨૯૯ (૫) મુજબ ટર્મ્સ રાખવાની હોતી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફૅકલ્ટીની ભલામણ મંજૂર કરવી.

૧૨૬. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદને બી.એડ. ના કાયમના જોડાણ આપવા આબતની અરજી અંગે સેનેટે મૂકેલી શરતોનું પાલન કર્યા આબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલ પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે શરતોનું પાલન થયું છે એમ સરકારને રિપોર્ટ કરવો.

૧૨૭. શ્રા. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદના વર્ગોમાં યુનિવર્સિટીએ નિયત કરેલી સંખ્યા કરતાં વધુ વિદ્યાર્થીઓ દાખલ થવા માટે અરજી કરે તેવો સંભવ હોતાં, યુનિવર્સિટીના નિયમોમાં વશમાં રહીને એફ. વાય આર્ટ્સમાં ૧૫૦ અને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને બી.એ. દરેકમાં ૧૦૦ એ પ્રમાણે વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા પરવાનગી આપવા આબતનો બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ સમિતિના મંત્રી તરફથી આવેલો પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફમાં જરૂરી વધારા કરવાની શરતે વધારે વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે માગેલી પરવાનગી આપવી.

૧૨૮. જૂન ૧૯૫૫ થી લખધીરજી ઍન્જિનિયરીંગ કૉલેજ, મોરબીના ફર્સ્ટ ઇયર ઍન્જિનિયરીંગના વર્ગમા ૧૦૦ વિદ્યાર્થીઓને અને એસ.ઇ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રીકલ) ના બીજાવર્ગમાં ૮૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા મંજૂરી આપવા આબતનો મજકૂર કૉલેજના ઇન-ચાર્જ પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ અને ઇકવીપમેન્ટમાં જરૂરી વધારો કરવાની શરતે વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે માગેલી પરવાનગી આપવી.

૧૨૯. મુંબઇ રાજ્યની સ્ટેટ્યુટરી યુનિવર્સિટીઓની જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની બેઠકમાં પસાર થયેલા નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા આબત:

ઠરાવ

"Resolved that all the Universities in the State of Bombay be requested to send their remarks on the recommendations made by the Co-ordination Committee in their report regarding the Universities in General, in chapters 3 to 6 to this Board, by the month of August 1955 and the reports received from the Universities may be considered at the next meeting for giving the opinion of this Board to the Government."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણેની કમિટી નીમવી અને તે કમિટીને જૂન માસની આખર સુધીમાં પોતાનો રિપોર્ટ રજૂ કરવા જણાવવું.

બધી ફૅકલ્ટીઓના ડીન અને શ્રી. વાઇસ-ચાન્સેલર તરફથી નિયુક્ત થયેલા ત્રણ સભ્યો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને કમિ-ટીમાં બધી ફૅકલ્ટીઓના ડીન ઉપરાંત નીચેના ત્રણ વધુ સભ્યો ઉમેરવા:

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઇ
૨. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર
૩. પ્રિન્સિપાલ એ કે. ત્રિવેદી

૧૩૧. ઍફિલિએશનની અરજીઓ અંગે સુધારેલા ઑર્ડિનાન્સ પ્રમાણે ૨૦૦ રૂપિયા ડિપોઝીટ ભરવાના હોય છે તે નિયમ સરકારી કૉલેજોને પણ લાગુ પડશે કે તેઓને તેમાંથી એક્ઝમ્પશન મળશે તે જણાવવા બાબતના મુંબઇ સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનના પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે આ નિયમ બધી જ કૉલેજોને લાગુ પડે છે એમ જવાબ આપવો.

૧૩૨. એગ્રિકલ્ચરના અભ્યાસક્રમમાં દાખલ થવાનું ધોરણ એસ.એસ.સી. નું હોવાથી રટે. ૧૯૩ માં જરૂરી ફેરફાર કરવા બાબત:

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ્યુટમાં સુધારો કરવાનું મંજૂર કરવું અને ફર્સ્ટ ઇયર સાયન્સમાં દાખલ થવા માટે જે ધોરણ છે તે રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને સ્ટેટ્યુટમાં જયાં જયાં First Year Science શબ્દો આવતા હોય ત્યાં ત્યાં તેની સાથે First Year Agriculture શબ્દો પણ મૂકવા.

૧૩૩. ૧૯૫૫ના જૂનથી ફર્સ્ટ ઇયર આર્ટ્સ, સાયન્સ તેમજ કૉમર્સમાં શિક્ષણનું માધ્યમ બદલાતું હોવાથી આ પરીક્ષાઓમાં આવતા વિવિધ વિષયો માટે ગુજરાતીમાં પાઠ્યપુસ્તકો નિયત કરવા માટે શું કરવું તે બાબત જે તે વિષયની બૉર્ડ ઑફ સ્ટડીઝના ચેરમેન તરફ મોકલી છે તે પૈકી પ્રિન્સિપાલ અ. કે. ત્રિવેદીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીની સૂચનાઓ સ્વીકારવી.

(પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે)

૧૩૪. જુના અનુસ્નાતક શિક્ષકોની માન્યતા બંધ થઇ હોવાથી આગળની માન્યતા માટે પ્રિન્સિપાલ અ. કે. ત્રિવેદીની નીચેની સૂચના ઉપર વિચારણા કરવા બાબત:

"જેને જેને સ્વીકારવા હોય તેને જૂન ૨૦ પહેલાં સ્વીકારવા સૂચના છે. કૉલેજો ઉઘડે અને વિદ્યાર્થીઓને તેમજ કૉલેજોને ખબર ન મળે કે સ્વીકૃત અનુસ્નાતક શિક્ષકો કોણ કોણ છે તે સ્થિતિ યોગ્ય ન ગણાય. માટે સ્વીકાર યા અસ્વીકાર તરત નક્કી થવા ઘટે છે. ૨૦ મી જૂન પહેલા જાહેરાત થવી આવશ્યક છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં ઘટતું કરવા જરૂરી પગલાં લેવાં.

૧૩૫. જૂન ૧૯૫૫ થી અનુસ્નાતક શિક્ષકોની માન્યતા અંગેના સૂચનો બાબતના પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીની વિનંતી માન્ય રાખવી નહિ.

૧૩૬. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદને એમ.એસસી. અને પીએચ.ડી. ઇન ફિઝિકસના અભ્યાસક્રમો માટે કાયમની માન્યતા આપવા બાબતની અરજી:

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત નીચેની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. ડૉ. એચ. જે. ભાભા
૨. ડૉ. એચ. જે. ટેલર.

૧૩૭. મસુરી ખાતે મળેલી "Seminar on the Education of Blind" એઓએ કરેલા નીચેના ઠરાવ નં. ૨૫ ઉપર વિચારણા કરવા બાબતના હિંદ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર:

ઠરાવ નં. ૨૫

"This seminar recommends to the Universities and Secondary Boards that in view of the general condition and status of the Blind in India, Blind persons, taking up an examination be empted from all fees, i. e. admission fees and charges for invigilators and writers."

આથી ઠરાવવામાં આવે છે આ કાગળો દફતરે કરવા.

૧૩૮. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં જુનિયર એમ. કૉમ. ના વર્ગમાં ભરેલાં લેક્ચર્સ નિયમ કરતાં ઓછાં હોવાથી ખૂટતાં લેક્ચર્સની હાજરી બાંધછોડ કરીને કોન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી શ્રી. એમ. આઇ. મકવાણાની અરજી:

(વિદ્યાર્થીએ મેડિકલ સર્ટિફિકેટ રજૂ કર્યું છે.

વિદ્યાર્થીની હાજરી નીચે મુજબ છેઃ

સત્ર	કુલ લેક્ચર્સ	ભરવા જોગતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	ખૂટતી હાજરી
પહેલું	૨૬	૧૭	૫	૧૨
બીજું	૩૭	૨૪	૨૬	વધારે હાજરી ૨
				—
			કુલ ખૂટતી હાજરી...	૧૦)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૧૩૯. જુનિયર ક્લાર્ક શ્રીમતિ આઇ. બી. પટેલની નિમણૂકને તા. ૩૦-૪-૫૫ના રોજ એક વર્ષ પૂરું થયું હોવાથી તેમને તે તારીખથી કાયમ કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે મિસ આઇ. બી. પટેલને તા. ૩૦-૪-૫૫ થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૧૪૦. પટાવાળા શ્રી. છગન દેવજી ભોપેની નિમણૂકને તા. ૨૫-૪-૫૫ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબતઃ

આથી ઠરાવવામાં આવે છે કે પટાવાળા છગન દેવજી ભોપેને તા. ૨૫-૪-૧૯૫૫ થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૧૪૨. નીચેની કૉલેજોના ટ્રાયેનિયલ ઇન્સ્પેકશન માટે સમિતિઓ નીમવા બાબતઃ

૧. એમ. એન. કૉલેજ, વિસનગર. (આર્ટ્સ સાઇડ)
૨. શ્રી. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર. (આર્ટ્સ અને સાયન્સ સાઇડ)
૩. ધી એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારીયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી. (આર્ટ્સ અને સાયન્સ સાઇડ)
૪. ધી સામળદાસ કૉલેજ, ભાવનગર. (સાયન્સ સાઇડ)
૫. ધી બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ. (સાયન્સ સાઇડ)
૬. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.
૭. ધી સાર્વજનિક લૉ કૉલેજ, સુરત.
૮. ધી એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ, અમદાવાદ.
૯. ધી બીરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૪૩. યુનિવર્સિટી સ્કુલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં એમ એ. ના વર્ગમાં કેટલાક વિદ્યાર્થીઓએ ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી આ સાથે આપેલા પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે કોન્ડોન કરવા બાબતની મજકૂર સ્કુલના ડાયરેક્ટર મારફત આવેલી તેમની અરજીઓ ઉપરથી તે કોન્ડોન કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

(પરિશિષ્ટની નકલ આ સાથે પરિશિષ્ટ "ન" તરીકે સામેલ છે.)

૧૪૪. ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટીસ્ટીક્સની જગ્યા માટેના ઉમેદવારોના ઇન્ટરવ્યુ કોણે લેવા તે નક્કી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલર તથા શ્રી. બી આર. શેનોયે ઉમેદવારોની મુલાકાત લઇ નિમણૂક કરવી.

૧૪૫. અમદાવાદમાં યુનિવર્સિટીએ પોસ્ટ-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે હૉસ્ટેલ્સ ચલાવવા બાબત નીચે મુજબનો સ્ટેટ્યુટ મંજૂર કરવા બાબત:

(Under Sec. 28 (vi))

" Statute :

The University shall establish, if necessary, and maintain in Ahmedabad a Hostel for the Post-graduate students. "

આથી ઠરાવવામાં આવે છે કે—

અ. રજૂ કરેલા સ્ટેટ્યુટનો ખરડો મંજૂર કરવો અને સેનેટને તે પસાર કરવા ભલામણ કરવી.

બ. હૉસ્ટેલને અંગે જરૂરી સાધનો વગેરે ખરીદવા માટેનો, તથા નોકરો અને ચોકીદાર નીમવાનો જરૂરી ખર્ચ તથા રેક્ટરને રહેવા માટે હૉસ્ટેલની ફ્રેમોમાં જરૂરી ફેરફારો કરાવવા માટેનો ખર્ચ મંજૂર કરવો.

ક. હૉસ્ટેલની ફી વિદ્યાર્થી દીઠ રૂા. ૫૦-૦-૦ સત્ર દીઠ રાખવી અને સત્ર દીઠ રૂા. ૫-૦-૦ potshare માટે લેવા.

ડ. યુનિવર્સિટી સ્કુલના વિદ્યાર્થીઓનો સમાવેશ થયા બાદ જો જગ્યાઓ વધે તો યુ. પી. એસ. સી. ટ્રેનીંગ કલાસમાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને તથા અમદાવાદની કૉલેજોમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને જો તેઓ હૉસ્ટેલમાં દાખલ થવા માગતા હોય તો દાખલ કરવા.

૧૪૬. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. પી. એમ બુચે ફિલોસોફીમાં એમ.એ. ડિગ્રી માટે રજૂ કરેલા થિસિસ અંગે સિન્ડિકેટે નીમેલા રેફરીના અભિપ્રાયથી વિરૂદ્ધ રિપોર્ટ આવેલા હોવાથી આ અંગે બીજા રેફરી નીમવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. આર. વાડિયાને રેફરી તરીકે નીમવા.

૧૪૮. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતને જુનિયર અને સિનિયર બી.કૉમ. અંને વર્ગો મળીને કુલ ૩૦૦ વિદ્યાર્થીઓને દાખલ કરવા પરવાનગી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી થયેલી અરજી:

(નોંધ:– મજકૂર કૉલેજને જુનિયર અને સિનિયર બી કૉમ. અંને વર્ગો મળીને ૨૦૦ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર બી. કૉમ. તથા સિનિયર બી. કામ. એ દરેક વર્ગમાં જરૂરી સ્ટાફ વગેરે નીમવાની શરતે વધુમાં વધુ ૧૫૦ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવી.

૧૪૯. પોસ્ટ-ગ્રેજ્યુએટ શિક્ષણ અંગેના વિષયો મુકરર કરવા બાબતના ઍકેડેમિક કાઉન્સિલે મંજૂર કરેલો સ્ટેટ્યુટનો ખરડો:

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે રજૂ કરેલો સ્ટેટ્યુટનો ખરડો જુદી જુદી ફૅકલ્ટીઓ નીચે શીખવાતા વિષયોનો સમાવેશ કરીને મિટીંગમાં સુધાર્યા મુજબ મંજૂર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણેનું સ્ટેટ્યુટ મંજૂર કરવું:

"**S. 121. L:** Subjects comprised in each of the Faculties as mentioned in S. 99 will be the subjects of Post-graduate instruction, teaching and training conducted by the University or in its affiliated Colleges or recognised Institutions.

૧૫૦. યુનિવર્સિટીમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સમાં જુન ૧૯૫૫ થી હિન્દી ફરજિયાત દાખલ થયું હોવાથી હિન્દીના વિષય માટે લેકચરરની નિમણૂકો અંગેની લાયકાત નક્કી કરવા બાબત હિન્દી બૉર્ડની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

ભલામણ

"મજકૂર યુનિવર્સિટીમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સમાં જૂન ૧૯૫૫થી અને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સમાં જૂન ૧૯૫૬ થી હિન્દીને ફરજિયાત

વિષય તરીકે દાખલ કરેલું હોવાથી તે વિષયના લેકચરરોની દરેક કૉલેજમાં જરૂર પડશે. યુનિવર્સિટીનું શિક્ષણ ધોરણ નીચું ન ઉતરે અને સંસ્થાઓને એ વિષયના હિન્દીના લેકચરરો નીમવાની તકલીફ ન પડે એ મુદ્દા ધ્યાનમાં રાખીને હિન્દી બૉર્ડ બીજી યુનિવર્સિટીઓમાં હિન્દીના લેકચરરો માટેની લાયકાત ઇત્યાદિ નિયમો મેળવ્યા હતા.

બધાજ યુનિવર્સિટીઓમાં અત્યારે બીજા વિષયોના જેટલી જ લાયકાત હિન્દીના લેકચરર તથા પ્રોફેસર માટે નક્કી કરવામાં આવી છે.

ગુજરાત યુનિવર્સિટીમાં પણ હિન્દી જેવા અગત્યના વિષયનું શિક્ષણ સારી રીતે થઇ શકે તે માટે ભારતની બીજી યુનિવર્સિટીઓમાં છે તેવા જ લાયકાતના ધોરણો રાખવા એમ હિન્દી બૉર્ડ આથી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે. સાથે જ આ વર્ષે યુનિવર્સિટી સાથે સંકળાયેલી બધી જ કૉલેજોને એ વિષયના શિક્ષકો નીમવામાં મુશ્કેલી ન પડે એ હેતુથી વધુમાં આ બૉર્ડ ઍકેડેમિક કાઉન્સિલને એમ પણ ભલામણ કરે છે કે પ્રાચીન કે અર્વાચીન ભાષાને મુખ્ય વિષય તરીકે લઈને બી.એ. પ્રથમ વર્ગમાં અથવા એમ.એ. માં ઓછામાં ઓછા બીજા વર્ગમાં પાસ થયેલા હોય ઉપરાંત હિન્દી વિશ્વવિદ્યાલય, પ્રયાગની હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગની સાહિત્યરત્નની પરીક્ષા હિન્દી વિષય સાથે પસાર કરી હોય તેમને કૉલેજના પ્રથમ બે વર્ષના વર્ગોમાં હિન્દી શીખવવાની છૂટ આપવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી"

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ નીચેના સુધારા સાથે મંજૂર કરવો.

"સાહિત્યરત્નની પરીક્ષા અથવા તો ગુજરાત વિદ્યાપીઠની હિન્દી સેવકની પરીક્ષા પસાર કરી હોય તે ટીચર્સને પણ લાયક ગણવા."

૧૫૧. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૨૮ (૯) મુજબ અનુસ્નાતક શિક્ષણ માટે સેન્ટરો બનાવવા અંગેની શરતો બાબતનો રજિસ્ટ્રારે રજૂ કરેલો ઑર્ડિનાન્સોનો ખરડો અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે રજૂ કરવામાં આવેલા ઑર્ડિનાન્સના ખરડામાં નીચે પ્રમાણે સુધારા કરી પસાર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

In O. 65-D (1) after the words " full teaching of all " add the words " papers in the Principal subject in Languages and all eight papers in other subjects " and delete the word " the eight papers. "

In (2) for the word " eight " insert the words " all papers in Principal subject in Languages or all eight papers in other subjects " and add the words " two in case of Languages and " between the words " and " and " three ".

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે સુધાર્યા પ્રમાણેના ઑર્ડિનાન્સ મંજૂર કરવો અને તેનો અમલ આજની તારીખથી કરવો.

(સુધારેલા ઑર્ડિનાન્સીઝની નકલ આ સાથે પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

૧૫૨. મુંબઇ સ્ટેટની યુનિવર્સિટીઓના વાઇસ-ચાન્સેલર્સની જોઇન્ટ બૉર્ડની મુંબઇ ખાતે મળેલી બેઠકમાં થયેલા નીચે મુજબના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સનો ઠરાવ

" Resolved that it be recommended to all the Universities in the State that in view of the Resolution passed at the Meeting of the Vice-Chancellors, Deans of Law Faculty and the Principals of Law Colleges convened by the Chief Justice of Bombay on 26th February 1955, they should take steps to amend their Ordinances and Regulations in such a way as to enable the candidates who have passed the Inter Science and the B. Sc. Examinations to be admitted respectively to the Law Preliminary and the First LL. B. classes from the Academic year beginning from June 1955. "

આથી ઠરાવવામાં આવે છે કે જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની મિટીંગનો ઠરાવ મંજૂર કરવો.

૧૫૩. ફર્સ્ટ ઇયર એગ્રીકલ્ચર તથા ફર્સ્ટ ઇયર ઑફ ડિપ્લોમા ઇન ફાર્મસીમાં હિન્દી ફરજિયાત વિષય તરીકે દાખલ કરવું કે કેમ તે અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયર એગ્રિકલ્ચર અને ફર્સ્ટ ઇયર ફાર્મસીમાં હિન્દીને ફરજિયાત વિષય તરીકે દાખલ કરવું અને તે વિષયના પેપર તથા માર્કસ અને અભ્યાસક્રમ તાકીદે નક્કી કરવા તે તે ફૅકલ્ટીને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૧૫૪. ફર્સ્ટ ઇયર ગ્રુપ્સ બી અને સી માં હિન્દીનો ફરજીયાત વિષય દાખલ કર્યો હોવાથી રે. ૮ ગ્રુપ્સ બી અને સી માં ફેરફાર બાબત ફૅકલ્ટી ઑફ સાયન્સની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ફૅકલ્ટીની ભલામણ

" That Regulation 8 be amended so as to include in it the following matter regarding amendment of the papers, English, Hindi, and Modern Indian Languages as under :—

Paper I	English	One Paper	—	3 hours &	100 marks
Paper II	Section I Hindi 50 marks				
	Section II Modern Indian Languages or Additional English or Additional Hindi	50 marks			Total 100 marks of 3 hours' duration.

The marks of both papers shall be added and the candidate will be declared to have passed the examination with 30% marks of the total, provided that candidates secure at least 25% marks in each of the two papers. The marks obtained under the head of Languages, by the candidates shall not be counted in deciding the class at the First Year Science Examination. In short the arrangement will be the same for both First Year Science and Inter Science in regard to the distribution of marks and heads of papers regarding English, Hindi and Modern Indian Language.

Regulation 8 be amended accordingly and brought into force from June 1955.

" The recommendation mentioned under I above, be submitted to the Academic Council for their approval and Regulation 8 Groups C and B be amended and the courses be revised and books be recommended accordingly by the appropriate authorities. "

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ ફૅકલ્ટીએ સુધાર્યા પ્રમાણેનો રે. ૮ માં નો સુધારો મંજૂર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

(સુધારેલો રેગ્યુલેશન આ સાથે પરિશિષ્ટ "ફ" તરીકે સામેલ છે.)

૧૫૫. સુધારેલા રે. ૮ અને ૧૦ માં નીચેના ફેરફારો કરવા બાબત પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદી તરફથી આવેલા પત્રમાં જણાવેલા નીચેના સુધારા તથા તે ઉપરના ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

R. 8 and R. 10 : the following changes are proposed by me :

For (3) Modern Indian Languages at p. 164

Read (3) Mother Tongue or Additional English or Additional Hindi,

One of the following :

Gujarati, Marathi, Kannada; Urdu and Sindhi with Texts

Additional English — with Texts

Additional Hindi — with Texts

The Hindi in Old (3) at 164 **should be deleted.** This is essential. **For** (2) a Classical Language or a Modern European Language **Read** the same with one of the following :

Sanskrit, Pali, Ardh-Magadhi, Persian, Arabic, Avesta and Pahalavi, Greek, Latin, Italian, French. Russian, German, Portuguese, Spanish — with Texts.

General English (without Texts)

Also adopt similar specifications at p. 183 and p. 184.

Further, renumber the specifications at p. 164 and pp. 183, 184 so that (2) and (3) at p. 164 will be 2(b) for (3) and 2(a) for (2). Similarly at pp. 183, 184.

A substantial alteration is proposed here, and that is that General English (without Texts) should, I think, be one more possibility in First Year Arts and Inter Arts " Modern European Language. " This may be considered by the Academic Council and the Syndicate. "

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે રે. ૮ માં " મોડર્ન ઇન્ડિયન લેન્ગ્વેજીઝ " ને સ્થાને પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીએ સૂચવેલો સુધારો સ્વીકારવો. "જનરલ ઈંગ્લીશ" (without texts) દાખલ કરવા અંગેનો પોતાનો સુધારો પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીએ પાછો ખેંચી લીધો હતો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૧૫૬. પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીની નીચે મુજબની સૂચનાઓ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

સૂચના

(1) The last examination connected with the Old B. A. Philosophy courses will be held upto the examinations to be held in March/April 1957.

(2) The examinations connected with B. A. Philosophy (A) and (B) Groups will be held as from the examinations to be held in March/April 1957 and onwards, since the teaching is to come into force from June 1955. Stepts may be taken to communicate this to the colleges in time."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીની સૂચના મંજૂર રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૧૫૬. બી.એસસી ના નીચે જણાવેલા રે. ૭૪-એ. અંગે ફૅકલ્ટી ઑફ સાયન્સની નીચેની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

" R. 74(a) Candidate must select any two of the following subjects, one of them being the Principal subject and the other subsidiary. A student who takes the group of Physics and Chemistry for the B. Sc. Examination shall take a course in Calculus irrespective of the fact whether Physics is his Principal or his subsidiary subject :

1. Mathematics
2. Physics
3. Chemistry
4. Botany
5. Zoology
6. Geology
7. Microbiology
8. Animal Physiology
9. Comparative Anatomy and Embryology
10. Experimental Psychology
11. Geography (as a subsidiary subject)

ફૅકલ્ટી ઑફ સાયન્સની ભલામણ

"The Faculty resolves that students, who take up Principal Physics or Principal Chemistry, should be initiated to the principles of integral and differential calculus as applied to fundamental laws of science. Common lectures up to 10–12 should be organised at the beginning of the first term of the Jr. year of B. Sc. class."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટીની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૧૫૮ કૉમર્સમાં ઇન્ટરમિડિયેટ સ્ટેજ સુધી શીખવાડાતા સાંસ્કૃતિક (Cultural) વિષય એટલે કે ગુજરાતીના અભ્યાસક્રમ માટે ૧૦૦ ગુણ રાખવા એવી ભલામણ ફૅકલ્ટીએ

કરેલી તે ઍકેડેમિક કાઉન્સિલે સ્વીકારી છે પરંતુ તે ઉપરાંત ગુજરાતી સાથે આવતા બીજા ઐચ્છિક ભાષાના પેપર અંગે ફૅકલ્ટી ઑફ કૉમર્સની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

ફૅકલ્ટી ઑફ કૉમર્સની ભલામણ

"That the paper on composition which consists of all Modern Indian Languages as well as additional English, French and German should be one paper of hundred marks upto Intermediate stage instead of the present 50 marks.

The faculty further recommends that the respective Boards be advised to prescribe necessary additional text-books in the above languages before June .0th 1955."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉમર્સ ફૅકલ્ટીની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૧૫૯. મુંબઈ સ્ટેટની સ્ટેટ્યુટરી યુનિવર્સિટીઓની જોઈન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની મુંબઇ ખાતે મળેલી બેઠકમાં પસાર થયેલા ઠરાવમાંની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

ભલામણ

"Resolved that in view of the replies received from the Universities in the State the Board recommends to the Universities in the State that students who have passed an examination from one University should not be permitted to appear at the same examination of another University in the State with the same subjects, to improve their results and (ii) that necessary Regulations may be framed by each University in this behalf."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે જોઈન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની ભલામણ સ્વીકારવી અને તે મુજબ જરૂરી ઑર્ડિનાન્સ ઘડવા."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૧૬૦. મુંબઈ સ્ટેટની સ્ટેટ્યુટરી યુનિવર્સિટીની જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની મુંબઈ ખાતે મળેલી બેઠકમાં થયેલી નીચેની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

ભલામણ

"Resolved that the Resolution passed in the matter by this Board at its earlier meeting be approved with the modification that the words "or Government" be added at the end of the said Resolution. The amended Resolution will read as under:

"Resolved that it be recommended to the Universities in the State that the Matriculation Examination of the Statutory Universities in India be recognised only if passed through a school recognised by that University or Government."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે જૅાઇન્ટ બૅાર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની ભલામણ સ્વીકારવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૧૬૧. ઇન્ડિયન હિસ્ટોરીકલ રેકૉર્ડ્ઝ કમિશનની રિસર્ચ અને પબ્લીકેશન કમિટીના નીચે જણાવેલા ઠરાવ નં. ૨ ઉપર યુનિવર્સિટીએ ઘટતાં પગલાં લેવા બાબતના હિન્દી સરકારના કેળવણી ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલા પત્ર અંગે હિસ્ટ્રી, આર્કિયોલૉજી, એપિગ્રાફી અને ન્યુમિસમેટિક્સની બૅાર્ડની નીચેની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

ઠરાવ નં. ૨

"Resolved that this Committee requests the Universities and Institutions to take more active interest in the study of regional and local History, the materials of which are available in the State records offices."

બૅાર્ડની ભલામણ

૧. "એકસ્ટર્નલ પરીક્ષા માટે ૧૭૪–એ ઑર્ડિનાન્સથી રજિસ્ટ્રેશન ફી વધારી રૂા. ૧૦ કરવામાં આવી છે તથા ૧૭૪–ડી ઑર્ડિનાન્સથી એફ. વાય. આર્ટ્સ અને ઇન્ટર આર્ટ્સ તથા બી.એ ની પરીક્ષાઓમાં પરીક્ષા ફી વધારી રૂા. ૩૦, ૫૦, ૭૫ કરવામાં આવી છે તેથી ગરીબ તથા મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ પર ઘણો બોજો વધશે સેનેટમાં સરખા મત પડવાથી એ વિષયમાં એકમતિ નથી, એમ પણ જણાશે. તેથી રજિસ્ટ્રેશન ફી ખર્ચ વધુ થતું હોવાથી વધારવામાં આવે તો પણ પરીક્ષા ફીનો વધારો યોગ્ય નથી. તેમ છતાં સિન્ડિકેટ તેમાં વચલો માર્ગ કાઢી હાલ ફી છે તેના બદલે એફ. વાય. આર્ટ્સ રૂા. ૨૫, ઇન્ટર આર્ટ્સ રૂા. ૪૦ અને બી.એ. રૂા ૬૦ પરીક્ષાની ફી રાખે તેવી આગ્રહભરી વિનંતી છે."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. ડી. શુકલ તરફથી સૂચવાયેલા એકસ્ટર્નલ પરીક્ષાઓના ઑર્ડિનાન્સોમાંના સુધારા સ્વીકારવા નહિ.

૨૪. નીચે જણાવેલી બાબતોમાં યોગ્ય ખુલાસો કરવા બાબત પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદી તરફથી આવેલ પત્ર.

૧. માર્ચ ૧૯૫૫ માં અગર તે પહેલાંના વર્ષોમાં લેવાયેલી ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ નિયમિત ઉમેદવારો તરીકે પરીક્ષા આપી હોય પરંતુ તેમાં નાપાસ થયા હોય તેઓને ચાલુ વર્ષે કૉલેજમાં **પ્રવેશ લીધા વગર** માર્ચ ૧૯૫૬ માં લેવાનારી ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષામાં એકસ–સ્ટુડન્ટ તરીકે જુના કોર્સ પ્રમાણે બેસવાની છૂટ મળશે કે કેમ ? અને ઉપર જણાવેલા ઉમેદવારો માટે જુના કોર્સ પ્રમાણે ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષા લેવાની ગોઠવણ કરવાની છે કે કેમ કે પછી એકલા નવા કોર્સ પ્રમાણે માત્ર લેવાની છે તે બાબત વિષે સ્પષ્ટતા કરવા બાબત.

૨. વધારામાં આવા વિદ્યાર્થીઓએ તેમણે આગલી પરીક્ષાઓમાં એકઝમ્પશન્સ દા.ત , ગુજરાતી જેવા વિષયમાં મેળવેલા હોય તેનો લાભ માર્ચ ૧૯૫૬ માં લેવાનારી પરીક્ષામાં ચાલુ રાખવામાં આવશે કે કેમ તે બાબત અંગે સ્પષ્ટતા કરવા બાબત.

૩. માર્ચ ૧૯૫૫ માં અગર તે પહેલાંના વર્ષમાં લેવાયેલી ફર્સ્ટ ઇયર સાયન્સની પરીક્ષામાં નિયમિત વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપી હોય અને નાપાસ થયા હોય તેવાઓને માર્ચ ૧૯૫૬ માં ફર્સ્ટ ઇયર સાયન્સની પરીક્ષામાં ચાલુ વર્ષે કૉલેજમાં પ્રવેશ લીધા વગર એકસ–સ્ટુડન્ટ તરીકે જુના કોર્સ પ્રમાણે પરીક્ષા આપવાની છૂટ મળશે કે નહિ તેનો ખુલાસો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૫ અગર તે પહેલાંના વર્ષોમાં ફર્સ્ટ ઇયરમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને એકસ–સ્ટુડન્ટ તરીકે ૧૯૫૬ ના માર્ચની નવા કોર્સ પ્રમાણેની પરીક્ષામાં બેસવા દેવા તથા ફર્સ્ટ ઇયરની ૧૯૫૬ ની પરીક્ષા ફક્ત નવા કોર્સ પ્રમાણે જ લેવી અને આગળની પરીક્ષામાં જે એકઝમ્પશન હોય તે ચાલુ રાખવા દેવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ૧૯૫૬ ની ફર્સ્ટ ઈયર સાયન્સનો પરીક્ષામાં પણ ઓફસ-સ્ટુડન્ટ તરીકે બેસવા દેવા અને તેમની નવા કોર્સ પ્રમાણેની પરીક્ષા લેવી.

૨૫. આવતા ઑક્ટોબરમાં લેવાનારી પરીક્ષાઓ શરૂ કરવા માટે દરેક પરીક્ષા સામે નીચે ત્રીજા ખાનામાં પરીક્ષા શરૂ કરવાની તારીખ ગોઠવી છે તે તારીખો ઑર્ડિનાન્સ ૧૨૯ માં નિયત કરેલી તારીખો કરતાં જુદી તારીખો હોવાથી તે મંજૂર કરવા બાબત.

પરીક્ષાનું નામ	ઑ. ૧૨૯ પ્રમાણેની તારીખ	દરખાસ્ત મુજબની તારીખ
બી.એસસી સપ્લિમેન્ટરી	૩-૧૦-૧૯૫૫	૧૦-૧૦-૧૯૫૫
બી કૉમ.	૧૭-૧૦-૧૯૫૫	૧૦-૧૦-૧૯૫૫
પી.એચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ	૧૦-૧૦-૧૯૫૫	૧૫-૧૦-૧૯૫૫
પહેલી એમ.બી.,બી.એસ	૧૪-૧૦-૧૯૫૫	૧૭-૧૦-૧૯૫૫
બીજી એમ.બી.,બી.એસ.	૧૪-૧૦-૧૯૫૫	૧૭-૧૦-૧૯૫૫
ત્રીજી એમ.બી.,બી.એસ.	૧૪-૧૦-૧૯૫૫	૧૭-૧૦-૧૯૫૫
એમ ડી. પાર્ટ ૧ અને ૨	૩-૧૦-૧૯૫૫	૧૭-૧૦-૧૯૫૫
એમ.એસ. પાર્ટ ૧ અને ૨	૩-૧૦-૧૯૫૫	૧૭-૧૦-૧૯૫૫
બી.એસસી. મેડિકલ	૩-૧૦-૧૯૫૫	૧૭-૧૦-૧૯૫૫
એમ.એસસી. મેડિકલ	૩-૧૦-૧૯૫૫	૧૭-૧૦-૧૯૫૫

આથી ઠરાવવામાં આવે છે કે આવતા ઑક્ટોબર માસમાં લેવાનારી પરીક્ષાઓ માટે સૂચવેલી તારીખો મંજૂર રાખવી.

૨૬. આગામી ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સની પરીક્ષાઓ માટે સેન્ટર આપવા બાબતનો એમ. એન. કૉલેજ, વિસનગરના પ્રિન્સિપાલ તરફથી આવેલ પત્ર.

(**નોંધ**:-પત્રમાં ખર્ચની બાબતમાં મજકૂર પ્રિન્સિપાલ નીચે મુજબ જણાવે છે:

"A large number from this College is calculated to sit for these examinations, and hence the centre would not entail any economic loss to the University. Should there be any difference between the actual cost of running the centre, the students (as they were keen on assuring me last year) would be glad to share this expenditure, as it would be more economical for them to do so, than to incur the expenses in going to another place.")

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૭. નીચે મુજબના ઠરાવો સેનેટે પસાર કરેલા હોવાથી તે અંગે યોગ્ય પગલાં લેવા બાબત.

ઠરાવો

૧. "એકસ્ટર્નલ પરીક્ષાઓ માટે સિન્ડિકેટે ઘડેલો ઑર્ડિનાન્સ નં. ૧૭૪-એલ., ઑર્ડિનાન્સ નં. ૧૬૪ અને ઑર્ડિનાન્સ નં. ૧૬૬ માં કરેલી સગવડતા એકસ્ટર્નલ વિદ્યાર્થીઓને આપતો નથી અને એકસ્ટર્નલ વિદ્યાર્થીઓના માર્ગમાં વિશેષ અવરોધ ઉભો કરે છે તેથી ઑર્ડિનાન્સ નં. ૧૭૪-એલ. રદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

૨. "ઑર્ડિનાન્સ નં. ૧૬૪ અને ઑર્ડિનાન્સ નં. ૧૬૬ માં ઇન્ટર સાયન્સ અને ઇન્ટર કૉમર્સના વિદ્યાર્થીને ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં બેસવા માટે જે સગવડ આપેલી છે તે સગવડ એકસ્ટર્નલ વિદ્યાર્થીને આપવા માટે નીચે પ્રમાણેનો નવો ઑર્ડિનાન્સ ઘડવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે:

"Notwithstanding anything contained in Ordinances 164 & 166 relating to Intermediate Arts, Intermediate Commerce and Intermediate Science Examinations, a student who has passed the F.Y. Science or F.Y. Commerce Examination will be allowed to get himself registered and appear for the Intermediate Arts (External) Examination, but will not be declared to have passed the said examination under any circumstances unless he has passed an examination in a Classical Language or a Modern European Language of the F.Y. Arts External Examination at a college affiliated to this University in an examination held either in a previous or in the same examination season"

આથી ઠરાવવામાં આવે છે કે—

અ. ઑર્ડિનાન્સ ૧૭૪-એલ. રદ કરવા અંગેની ભલામણ સ્વીકારવી નહિ.

બ. ઇન્ટર સાયન્સ અને ઇન્ટર કૉમર્સના વિદ્યાર્થીઓને ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે બેસવા દેવા માટે નવો ઑર્ડિનાન્સ ઘડવા અંગેની જે ભલામણ છે તે સ્વીકારવી નહિ.

૨૮. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના સભ્ય તરીકે ચાલુ રહી શકે નહિ તેથી તેમની જગ્યાએ બીજા સભ્ય નીમવા બાબત.

(નોંધ:—શ્રી. એમ. એસ શાહ વી. પી. મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ તરીકે હોવાથી ઑ. નં. ૫૧ તળે અમદાવાદ વિસ્તાર બહારની કૉલેજોના પ્રિન્સિપાલોમાંથી રિપ્રેઝન્ટ મજકૂર બૉર્ડ ઉપર થઈ શકે પરંતુ પ્રિન્સિપાલ કોટવાલ મજકૂર કૉલેજ તરફથી રિપ્રેઝન્ટ મજકૂર બૉર્ડમાં થયેલા હોવાથી આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર ઉપર ડૉ. એમ. એસ. શાહની જગ્યાએ ડૉ. આર. પી. પટેલની નિમણૂક કરવી.

૨૯. મુંબઈ સ્ટેટની જુદી જુદી યુનિવર્સિટીઓમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્ટડીઝના કો-ઑર્ડિનેશન માટે મુંબઇ સરકારે નીમેલી કો-ઑર્ડિનેશન કમિટીના રિપોર્ટના પ્રકરણ ત્રણ અને ચારમાં કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટે નીમેલી કમિટીના રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીના રિપોર્ટ સ્વીકારવો અને તેમાં ટર્મ્સના ૨૦૦ દિવસ બની શકે તો રાખવા એ પ્રમાણે સૂચવવું.

(રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવ્યો છે)

૩૦. તા. ૫-૭-૧૯૫૫ ના રોજ મળેલી ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફ અંગેની સ્ટેન્ડીંગ કમિટીની નોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજની નોંધને બહાલી આપવી.

(કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે આપવામાં આવી છે)

૩૧. ઑર્ડિનાન્સ ૧૫૨ સેનેટે સિન્ડિકેટ તરફ પાછો મોકલ્યો હોવાથી તે વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલના ઑર્ડિનાન્સ ૧૫૨ માંથી ક્લોઝ (૨) રદ કરવું અને તેની જગ્યાએ "If the member concerned travels by Second Class each way, he will be paid 1½ Second Class Railway fare each way and he will not be required to sign a declaration." એ શબ્દો મૂકવા.

૩૨. નીચે મુજબનો ઠરાવ સેનેટે પસાર કર્યો હોવાથી તે અંગે આગળનાં યોગ્ય પગલાં લેવા બાબત.

ઠરાવ

"સેનેટની આ સભા આથી ઠરાવે છે કે લેબર વેલ્ફેર ડિપ્લોમાનો અભ્યાસક્રમ યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં શીખવવા માટે શિક્ષકોની જગ્યાઓ ઇન્સ્ટીટ્યુટ કરવા બાબતની ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણો મંજૂર કરવી અને આગળનાં ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણો નીચે મુજબ છે:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે લેબર વેલ્ફેર ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે નીચેની જગ્યાઓ ઇન્સ્ટીટ્યુટ કરવી:

૧. રિડર એક

૨. લેકચરરો બે ”

સિન્ડિકેટની ભલામણ

“આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને સેનેટને તે મંજૂર કરવા ભલામણ કરવી.”

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં એક રીડર અને બે લેકચરરની નિમણૂક કરવાનું મંજૂર કરવું અને તે માટે સરકારની પરવાનગી મેળવવા યોગ્ય કરવું.

૩૩. અમદાવાદમાં અનુસ્નાતક શિક્ષણ કો-ઑર્ડિનેટ કરવા માટે જે તે વિષયના અનુસ્નાતક શિક્ષકોની તેમનો આખા વર્ષનો કાર્યક્રમ નક્કી કરવા બોલાવેલી તે અંગે તેમને કન્વેયન્સ ઍલાવન્સ તથા મહેનતાણું આપવું કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પોસ્ટ-ગ્રેજ્યુએટ ઑર્ડિનાન્સોની વિચારણા કરવા માટે નિમાયેલી કમિટી તરફ મોકલવી અને તેમાં જે ધોરણ નક્કી થાય તે મુજબ તેમને જૂન માસથી મહેનતાણું આપવું.

૩૪. સામળદાસ કૉલેજ, ભાવનગરમાં ૧૯૫૪-૫૫ ના વર્ષમાં જુનિયર બી.એ. માં ભણતા વિદ્યાર્થીની શ્રીમતી સરોજબહેન પારેખની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે પ્રસુતિને કારણે કોન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફતે આવેલી અરજી.

(વિદ્યાર્થીનીની હાજરી નીચે મુજબ છે:

	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
સત્ર પહેલું	૬૫	૬૯	૪ વધારે હાજરી
બીજું સત્ર	૬૫	૨૫	૪૦ ખૂટતી હાજરી
			૩૬ કુલ ખૂટતી હાજરી

વિદ્યાર્થીનીએ પોતાની પ્રસુતિ બાબતમાં મેડિકલ સર્ટિફીકેટ રજૂ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૩૫. ગુજરાત કૉલેજ, અમદાવાદના શ્રી. ચીમનલાલ દેવશંકર રાવળે જુનિયર બી.એ. ના વર્ગમાં બીજા સત્રમાં ભરેલાં લેકચર્સ નિયમ કરતાં ઓછાં હોવાથી માંદગીને કારણે કોન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી તેમની અરજી.

(નોંધ:-વિદ્યાર્થીએ ડૉક્ટરનું સર્ટિફીકેટ રજૂ કરેલ છે.

તેમની હાજરી નીચે પ્રમાણે છે:

	કુલ લેક્ચર્સ	ભરવાં જોઇતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	ખૂટતી હાજરી
બીજું સત્ર:	૩૧	૨૧	૧૧	૧૦

વિદ્યાર્થી તેની અરજીમાં ૪ થી ૬ લેક્ચર્સની ખૂટ છે એમ જણાવે છે જ્યારે હાજરી પત્રક તપાસતાં ૧૦ લેક્ચર્સની ખૂટ પડે છે એમ જણાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૩૬. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં હાલમાં એક કારકુન તથા સ્ટેનોગ્રાફર ઉપરાંત એક ફુલ ટાઇમ ટાઇપિસ્ટ-ક્લાર્ક તથા બે પટાવાળાઓની જગ્યાઓ ઉભી કરવા બાબતનો મજકૂર સ્કૂલના ડાયરેક્ટરનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટરે માગેલી જગ્યાઓ સરકારની મંજૂરીને આધીન રહી મંજૂર કરવી.

૩૭. સ્ટાફના સભ્યો તરફથી જુદી જુદી પરીક્ષાઓમાં બેસવા દેવા પરવાનગી આપવા બાબતની આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાઓમાં બેસવા માટે કોઇને પરવાનગી આપવી નહિ.

૩૮. ધી ઇન્ડિયન લેન્ગ્વેજીઝ ન્યુઝ પેપર્સ એસોસિએશનની કમિટીના ઠરાવ મુજબ જીલ્લાઓની હકુમત તળે પબ્લીશ થતા ન્યુઝ પેપરોમાં આ યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓના પરિણામોની નકલ અગાઉથી મોકલવા બાબતના મજકૂર કમિટીના જનરલ સેક્રેટરી તરફથી આવેલ પત્ર.

(નોંધ:-એકઝામિનરોની છેવટની મિટીંગ પરીક્ષાનું પરિણામ જાહેર કરવાના દિવસે મળે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિનંતિ માન્ય થઈ શકે તેમ નથી તેમ જણાવવું.

૩૯. પોતાની માંદગી અંગેનાં ડૉક્ટરના તથા દવાનાં બીલો બાકી હોવાથી તેમજ પોતાનાં દાદીમા એકાદ માસથી ઘણાં બિમાર હોવાથી પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૭૫ ની લોન આપવા બાબતની પટાવાળા શ્રી. અગરસિંહ વી. ઝાલાની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતનો નિકાલ કરવાની સત્તા શ્રી. વાઇસ-ચાન્સેલરને આપવી.

૪૦. પબ્લીક સર્વીસીઝ ક્વોલિફિકેશન્સ ફોર રિક્રુટમેન્ટ કમિટીની મુંબઇ, મદ્રાસ, કલકત્તા અને દિલ્હી ખાતે મળનારી મિટિંગ માટે આ યુનિવર્સિટીના એક અથવા વધુ પ્રતિનિધિ યુનિવર્સિટી તરફથી ચારમાંથી કોઇપણ એક સ્થળે મોકલવા બાબતના મજકૂર કમિટીના સેક્રેટરી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. વાઇસ–ચાન્સેલરને નીમવા.

૪૧. સુધારેલા રેગ્યુલેશન ૨૩ ને જૂન, ૧૯૫૫ થી અમલમાં લાવવાને બદલે ઇંગ્લીશ બૉર્ડની છેલ્લી બેઠકના ઠરાવ અનુસાર જૂન ૧૯૫૬ થી અમલમાં લાવવા બાબતના મજકૂર બૉર્ડના પ્રમુખના પત્ર ઉપરથી સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ સુધારેલા રેગ્યુલેશન ૨૩ ને જૂન ૧૯૫૬ થી અમલમાં લાવવા કૉલેજોને ખબર આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૨. નાના ભાઇને અકસ્માત થવાથી તેની સારવાર માટે તાત્કાલિક પૈસાની જરૂર હોવાથી પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૨૫ ની લોન આપવા બાબતની શ્રી. એમ. બી. પુરાણીની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૩. બીમારી વખતનું ડાક્ટરનું બીલ ચુકવવાનું હોવાથી પૈસાની જરૂર હોવાથી પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૩૦ ની લોન આપવા બાબતની શ્રી. નાથાલાલ વી. ગોહિલની અરજી ઉપરથી રૂા. ૨૦ મંજૂર કર્યાના શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૪. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના જુનિયર અને સિનિયર બી.એ. ના દરેક વર્ગમાં ૨૦ ટકા વધારે વિદ્યાર્થીઓને દાખલ કરવા પરવાનગી આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલ અરજી ઉપરથી તે મંજૂર કર્યા બાબતના શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૫. બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના વિદ્યાર્થી શ્રી. વિનોદચંદ્ર ખુશાલભાઇ પટેલની એમ.એસસી. ની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબ-

તની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ–ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૬. ૧૯૫૫ ના માર્ચ–એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાઓ માટે નિમાયેલા પરીક્ષકો પૈકી જેમણે ના પાડેલી તેમની જગ્યાએ બીજા પરીક્ષકો નીમ્યા બાબતના શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૭. ૧૯૫૫ ના માર્ચ–એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાઓ માટે નિમાયેલા સિનિયર સુપરવાઇઝરો પૈકી જેમણે ના પાડેલી તેમની જગ્યાએ બીજા સિનિયર સુપરવાઇઝરો નીમ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૮. જૂન ૧૯૫૫ માં લેવાયેલી એમ.એડ. પરીક્ષા માટે પ્રિન્સિપાલ એલ. આર. દેસાઇ અને એમ.એસસી. એપ્રિ. પરીક્ષા માટે ડૉ. સી. સી. શાહને સિનિયર સુપરવાઇઝર તરીકે નીમ્યા બાબતના શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ–ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૯. ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોમાં ટ્યુશન અને બીજી ફીઓના રિફન્ડ અંગે નિયમો કરવા બાબતના ધી ડેપ્યુટી સેક્રેટરી ટુ ધી ગવર્નમેન્ટ ઑફ બૉમ્બે તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે તૈયાર કરેલા ખરડા ઉપર કૉલેજોના પ્રિન્સિપાલોના અભિપ્રાયો મંગાવવા.

૫૦. ગુજરાત લૉ સોસાયટીના આશ્રય હેઠળ સર લલ્લુભાઇ શાહ લૉ કૉલેજે શરૂ કરેલા લેબર લૉઝ અને ટેક્સેશનના અભ્યાસક્રમોને આ યુનિવર્સિટીએ માન્ય કરવા બાબતના તથા જે વિદ્યાર્થી મજકૂર સંસ્થામાંથી લેબર લૉઝનો એક વર્ષનો અભ્યાસક્રમ પસાર કરીને આવે તે વિદ્યાર્થીને આ યુનિવર્સિટીના શરૂ થનાર લેબર વેલ્ફેરના બે વર્ષના અભ્યાસક્રમમાંથી એક વર્ષ માફી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખી શકાય તેમ નથી તેમ જણાવવું.

૫૧. નીચેની બાબતો સિન્ડિકેટ સમક્ષ મૂકવા બાબતનો એસ. બી. ગાર્ડા કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર.

"પોસ્ટ-ગ્રેજ્યુએટ શિક્ષણની પ્રથામાં હોણ ઘણી સંદિગ્ધતા હતી તેથી ડામાડોળ સ્થિતિમાં ગામડાના વિદ્યાર્થીઓને હજી ખબર નથી કે રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ કયી છે. તો હું વિનંતી કરૂં છું કે વિદ્યાર્થીઓના હિતમાં રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ હોણ સાલ પૂરતી ૨૦મી ઓગસ્ટ ૧૯૫૫ રાખવી.

વધુમાં આટલું પણ સ્પષ્ટીકરણ કરવું ઘટે છે કે નવા નિયમો હોણના નવા નોંધાયેલા અનુસ્નાતક વિદ્યાર્થીઓને લાગુ પડશે નહિ અને માત્ર પહોરથી જે નોંધાય તેમને જ લાગુ પડશે એટલે કે હોણ નોંધાયા હોય તેનાં બન્ને વર્ષ ચાલુ પ્રથા પ્રમાણે તે પૂરાં કરી શકશે."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીની વિનંતી માન્ય રાખવી નહિ.

૫૨. અમદાવાદ શહેરમાં અનુસ્નાતક શિક્ષણના કોઑર્ડિનેશન અંગે જુદા જુદા વિષયોના અનુસ્નાતક શિક્ષકોએ તૈયાર કરેલાં ટાઇમટેબલો પ્રમાણે અમદાવાદની કૉલેજોને બબર આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ શહેર માટે અનુસ્નાતક શિક્ષણ અંગેના તૈયાર કરેલાં ટાઇમટેબલો કૉલેજોમાં મોકલાવી આપવાં.

૫૩ જૂના નિયમો હેઠળ, હાલમાં બે અનુસ્નાતક શિક્ષકોને કે જેઓ પહેલાં જૂના નિયમો હેઠળ લાયકાત ધરાવતા ન હતા પરંતુ હવે જેઓ જૂના નિયમો હેઠળ લાયકાત ધરાવે છે તેમને અનુસ્નાતક શિક્ષણ માટે અનુસ્નાતક શિક્ષકો તરીકે માન્ય રાખવા બાબતનો એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

(નોંધ:—જૂના નિયમો હેઠળ અનુસ્નાતક શિક્ષકો તરીકે માન્ય થયેલા શિક્ષકોને જૂન ૧૯૫૫ થી એક વર્ષ માટે ચાલુ રાખવામાં આવેલા છે. પછીના અનુસ્નાતક શિક્ષકોને અનુસ્નાતક શિક્ષણ માટે નવા નિયમો મુજબ માન્યતા મળવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ તરફ વિચારણા માટે મોકલવી.

૫૪. એગ્રિકલ્ચરલ રિસર્ચ સ્ટેશન, સૂરતને એગ્રિકલ્ચરલ સાયન્સમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો માટે માન્યતા આપવા માટે સૂરતના કૉટન બૉટાનિસ્ટ મારફતે શ્રી. એન. વી. જોષી, શ્રી. સી. ટી. પટેલ, શ્રી. ડી. એચ. ચાવડા, શ્રી. કે. બી. દેસાઈ, શ્રી. આર. વી. તિકોટી અને શ્રી. ટી. એન. પટેલ તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એગ્રિકલ્ચરલ રિસર્ચ સ્ટેશન, સૂરતને યુનિવર્સિટીના

નિયમો અનુસાર રેકગ્નાઇઝ્ડ ઈન્સ્ટીટ્યુશન તરીકે માન્ય કરાવવા માટે જો તે સંસ્થા ઇચ્છા રાખતી હોય તો તે માટે અરજી કરવા જણાવવું.

૫૫. વી પી. મહાવિદ્યાલય, આણંદમાં આ વર્ષે બે આફ્રિકન (નિગ્રો) વિદ્યાર્થીઓને ફર્સ્ટ ઇયર સાયન્સમાં દાખલ કર્યા છે, પરંતુ ફર્સ્ટ ઇયર સાયન્સમાં હિંદી ફરજિયાત દાખલ થયેલું હોવાથી તેઓ ફોરેઇનર્સ હોવાને કારણે કોઇ પણ સંજોગોમાં હિંદી લઇ શકે તેમ નહિ હોવાથી તેમાંથી માફી આપીને હિંદીને બદલે અંગ્રેજીનો વધારાનો પેપર લેવાની પરવાનગી આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

(નોંધ:–ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા તરફથી આવા વિદ્યાર્થીઓને હિંદી અને માતૃભાષાના પ્રશ્નપત્રોમાંથી concessions આપવા અંગે એક પત્ર આવ્યો હતો પરંતુ તેમાં સિન્ડિકેટે ઠરાવ્યું છે કે આવા વિદ્યાર્થીઓએ હિંદી ફરજિયાત લેવું જોઇએ.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખવી નહિ.

૫૬. ૧૯૫૫ ના વર્ષમાં, "ઓન્યાયર ઇંગ્લીશ" સાથે મુંબઇ યુનિવર્સિટીની એમ.એ. ની પરીક્ષામાં પાસ ક્લાસમાં પસાર થયેલ મિસ પી. એ. આગસ્કરને ઇન્ટરમિડિયેટ કૉલેજ ફોર વિમેન, પોરબંદરમાં ઇંગ્લીશનાં લેક્ચરર તરીકેની નિમણૂકને ખાસ કેસ તરીકે મંજૂર રાખવા બાબતનો મહિલા મહાવિદ્યાલય ટ્રસ્ટ, પોરબંદરના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

(નોંધ:-આ યુનિવર્સિટીના પરિપત્ર મુજબ લેક્ચરરની નિમણૂક માટેની ઓછામાં ઓછી લાયકાત એમ.એ. સેકન્ડ ક્લાસ છે. પેટલાદ કૉલેજને, એક વર્ષ માટે ખાસ તરીકે આવી પરવાનગી સિન્ડિકેટે આપેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ખાસ કેસ તરીકે તેમની લાયકાતો કોન્ડોન કરી ઇંગ્લીશનાં લેક્ચરર તરીકે એક વર્ષ માટે કામ કરવા દેવું.

૫૭. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટને ફર્સ્ટ ઇયર સાયન્સનો ત્રીજો ડિવિઝન ખોલવા પરવાનગી આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલે માગેલી પરવાનગી આપવી.

૫૮. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરની ઇન્ટર કૉમર્સના વર્ગમાં ૧૬૯ વિદ્યાર્થીઓને દાખલ કરવા પરવાનગી આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

(નોંધ:–સિન્ડિકેટે ઇન્ટર કૉમર્સના વર્ગમાં ૧૬૫ વિદ્યાર્થીઓને દાખલ કરવા પરવાનગી આપેલી છે. ફર્સ્ટ ઇયર કૉમર્સમાં રિએક્ઝામિનેશન લીધેલ હોવાથી ઇન્ટર કૉમર્સમાં સંખ્યા વધીને ૧૬૯ ની થઇ છે. પત્રમાં નીચે મુજબ જણાવે છે.)

"This permission is demanded only as a special case because 15th July was the last date of admitting students in the college and if they go to other colleges, they cannot be admitted because of the time factor. I have admitted them provisionally pending sanction by you and I am sure the sanction will be given as a special case in the interest of students."

આથી ઠરાવવામાં આવે છે કે ખાસ કેસ તરીકે માગેલી પરવાનગી આપવી.

૫૯. ચાલુ શૈક્ષણિક વર્ષમાં કૉલેજમાં દાખલ થયેલા કેટલાક વિદ્યાર્થીઓને સૌરાષ્ટ્ર સરકારના હુકમ અનુસાર કૉલેજો છોડવી પડી હોવાથી તેઓને આ યુનિવર્સિટીની એક્સ્ટર્નલ પરીક્ષાઓમાં બેસવા માટેની વિનંતી આવે તે માન્ય કરવી કે કેમ તે ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ**—ઑર્ડિનાન્સ ૧૭૪ એ મુજબ કોઈ પણ વિદ્યાર્થી જો એક્સ્ટર્નલ પરીક્ષા માટે રજિસ્ટર થાય તે વર્ષમાં જો કૉલેજમાં દાખલ થયેલો હોય તો તે રજિસ્ટર થઈ શકે નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે આ પ્રકારના વિદ્યાર્થીઓને એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ તરીકે રજિસ્ટર કરવા.

૬૦. ઍન્જિનિયરીંગના જિયોલૉજીના પરિણામ અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીના રિપોર્ટની નોંધ લેવી અને જે વિદ્યાર્થીઓના "જિયોલૉજી" ના વિષયમાં ૩૩ અથવા ૩૩ ઉપર ૩૯ સુધી પેપરમાં અને ૧૬ અથવા ૧૬ ઉપર ૧૯ સુધી પ્રેકટીકલ્સમાં માર્કસ આવેલા હોય તે બધાના અનુક્રમે પેપરમાં ૪૦ અને પ્રેકટીકલ્સમાં ૨૦ એ પ્રમાણે માર્કસ ગણવા અને ત્યારબાદ યુનિવર્સિટીના નિયમો તેમ જ પરીક્ષકોની છેવટની મિટીંગમાં લેવાયેલા નિર્ણયો મુજબ તે વિદ્યાર્થીઓને મળતો હોય તે પૂરેપૂરો લાભ આપવો અને તે પ્રમાણે જે વિદ્યાર્થીઓનાં પરિણામ ફેરવવાની જરૂર પડે તે તે વિદ્યાર્થીઓનાં પરિણામ શ્રી. વાઇસ-ચાન્સેલરની મંજૂરી લઈ ફેરવવાં

૬૧. ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન શ્રી. વી. પી. મહેતાની નિમણૂકને તા. ૧-૬-૧૯૫૫ના રોજ એક વર્ષ પૂરું થયું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન, શ્રી. વી. પી. મહેતાને તા. ૧-૬-૧૯૫૫ થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૬૨. પદાવાળા શ્રી. પૃથ્વીસિંહ જી. ઝાલાની નિમણૂકને તા. ૧૫-૬-૧૯૫૫ના રોજ એક વર્ષ પૂરું થયું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પટાવાળા શ્રી. પૃથ્વીસિંહ જી. ઝાલાને તા. ૧૫-૬-૧૯૫૫થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૬૩ પટાવાળા શ્રી. ગુલાબસિંગ માધુસિંગની નિમણૂકને તા. ૧૨-૭-૧૯૫૫ના રોજ એક વર્ષ પૂરું થયું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પટાવાળા શ્રી. ગુલાબસિંગ માધુસિંગને તા. ૧૨-૭-૧૯૫૫થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૬૪. ભંગી શ્રી. રતા વરૂની નિમણૂકને તા. ૨૮-૬-૧૯૫૫ના રોજ એક વર્ષ પૂરું થયું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬૫. એ. એમ. પારેખ લૉ કૉલેજ, રાજકોટને જો જરૂર પડે તો ફર્સ્ટ એલ.એલ.બી. ના સેકન્ડ ડિવિઝન ખોલવા બાબતની પરવાનગી આપવા બાબતમાં મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલી અરજી ઉપરથી પરવાનગી આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૬. ૧૯૫૫ના માર્ચ માસમાં લેવાયેલી ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં ઉમેદવાર નં. ૨૭૯૮ના ફક્ત ગુજરાતી વિષયમાં પૂરતા માર્કસ ન હોવાથી તેને નાપાસ જાહેર કરવામાં આવેલો, પરંતુ તેણે ફરી ચકાસણી માટે અરજી કરતાં તેના તે વિષયમાં પરીક્ષકની ભૂલ અંગે ઓછા માર્કસ મૂકાયેલા માલૂમ પડયા. પરિણામે તેને પાસ થવા જેટલા માર્કસ થતાં તેનું પરિણામ સુધારી તેને પાસ થયેલો જાહેર કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૭. ૧૯૫૫ના એપ્રિલમાં લેવાયેલી બી.એ. ની પરીક્ષામાં બેઠેલ ઉમેદવાર નં. ૫૪૬ ને પાસ કલાસમાં પાસ થયેલ જાહેર કરવામાં આવેલ, પરંતુ તેના ઐચ્છિક વિષયોના માર્કસમાં ઑફિસ ક્લાર્કની ભૂલ માલૂમ પડતાં તેના ખરા માર્કસ પ્રમાણે તેને સેકન્ડ કલાસ મળતો હોઇ તેનું પરિણામ તે પ્રમાણે સુધાર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૮. એમ.ઇ. ની પરીક્ષા તા. ૨૩-૫-૧૯૫૫ના રોજ શરૂ કરવાનું સિન્ડિકેટે ઠરાવેલું, પરંતુ તે તારીખમાં ફેરફાર કરી તા. ૨૫-૫-૧૯૫૫ના રોજ તે પરીક્ષા શરૂ કરવા હુકમ કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૯. યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની બુધવાર તા. ૨૭-૭-૧૯૫૫ના રોજ મળેલી સત્તરમી સભાની નોંધના નીચે જણાવેલા ઠરાવ નં. ૬ ને બહાલી આપવા બાબત.

ઠરાવ નં. ૬

"આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ટરકૉલેજિયેટ સ્પોર્ટ્સ માટે બજેટમાં જે પ્રોવિઝન છે તે પૂરતું નથી પરંતુ હાલ પૂરતી તેની જુદા જુદા ઝોનો વચ્ચે – નોર્થ, સાઉથ અને સૌરાષ્ટ્ર ઝોનોના હરિફો અંગે રહેવે ફેર તથા બૅાર્ડિંગ અને લૉજીંગ અંગે જે ખર્ચો ચાલુ સાલે કરવો પડશે તે ધ્યાનમાં લઈને – નીચેના ધોરણે વહેંચણી કરવી:

	ઝોનનું પોતાનું કૉન્ટ્રીબ્યુશન	યુનિવર્સિટી તરફથી ઝોનને આપવાનું કૉન્ટ્રીબ્યુશન
અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટી	રૂા. ૩૬૩૧	રૂા. ૨૦૦૦
નોર્થ ઝોન લોકલ સ્પોર્ટ્સ કમિટી	રૂા. ૧૬૬૭	રૂા. ૨૨૦૦
સાઉથ ઝોન લોકલ સ્પોર્ટ્સ કમિટી	રૂા. ૧૫૨૬	રૂા. ૧૬૦૦
સૌરાષ્ટ્ર ઝોન લોકલ સ્પોર્ટ્સ કમિટી	રૂા. ૨૧૦૯	રૂા. ૨૨૦૦
	રૂા. ૮૯૩૩	રૂા. ૮૦૦૦

પરંતુ કૉલેજોની સંખ્યા વધેલી હોવાથી અને તેથી દરેક ઝોનને એથ્લેટિક્સ અંગેનો ખર્ચ વધેલો હોવાથી ઈન્ટર કૉલેજિયેટ સ્પોર્ટ્સ માટે જૂના ધોરણે મંજૂર કરવામાં આવેલ રૂા. ૮૦૦૦-૦-૦ ની રકમ પૂરતી નથી અને તેથી ઉપરના સંજોગો ધ્યાનમાં લઈને સદરહુ ગ્રાન્ટમાં ચાલુ સાલે રૂા. ૨૦૦૦ ની રકમ વધારી આપીને તે ગ્રાન્ટની રકમ કુલ રૂા. ૧૦,૦૦૦ ની કરી આપવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે.

... બ. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઈન્ટરગ્રુપ સ્પોર્ટ્સ માટે મંજૂર કરવામાં આવેલી રૂા. ૪,૦૦૦ની રકમમાંથી જરૂરી ખર્ચ કરવા માટે નોર્થ ઝોનની લોકલ સ્પોર્ટ્સની કમિટીને સત્તા આપવામાં આવે છે.

૬. વધુમાં ઈન્ટરગ્રુપની હરીફાઇઓ માટેના અમ્પાયર્સ અને રેફરીઝ બાબતમાં એમ ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં જૂની પ્રથા જ ચાલુ રાખવી અને તેઓનો ખર્ચ ભાગ લેતી કૉલેજોએ જ વહેંચી લેવો અને યુનિવર્સિટીએ તો ફકત જે કોઈ ઝોન તરફથી અમ્પાયર્સ, રેફરીઝ વગેરેની નિમણૂક કરવા માટે માગણી આવે તેને માટે વ્યવસ્થા કરી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૭-૭-૧૯૫૫ની મિટીંગના ઠરાવ નં. ૬માં માગ્યા પ્રમાણે ગ્રાન્ટમાં વધારો કરી કુલ ગ્રાન્ટ રૂા. ૧૦,૦૦૦ની આપવાનું મંજૂર કરવું.

૬૦. નીચે મુજબ દર્શાવેલ નિશાળોને પ્રેક્ટીસીંગ નિશાળો તરીકે ઉપયોગ કરવા પરવાનગી આપવા બાબતનો એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલનો પત્ર.

૧. ધી ન્યૂ હાઇસ્કૂલ, પીરમશાહ રોડ, અમદાવાદ.
૨. ધી ન્યૂ એજ્યુકેશન હાઇસ્કૂલ, રિલીફ રોડ, અમદાવાદ.
૩. પ્રકાશ હાઇસ્કૂલ ફોર ગર્લ્સ. રિલીફ રોડ, અમદાવાદ.
૪. ટ્યુટોરિયલ હાઇસ્કૂલ, ત્રણ દરવાજા, અમદાવાદ.
૫. ટ્યુટોરિયલ હાઇસ્કૂલ. કાળુપુર, અમદાવાદ.
૬. ફેલોશિપ હાઇસ્કૂલ, ઘીકાંટા રોડ. અમદાવાદ.
૭. જે. એલ. ન્યૂ ઇંગ્લીશ સ્કૂલ, ખાસ બજાર, અમદાવાદ.
૮. ભારત સેકન્ડરી સ્કૂલ, ખાડિયા, અમદાવાદ.
૯. આઈ. પી. મિશન હાઇસ્કૂલ, રાયખડ રોડ. અમદાવાદ.
૧૦. શાહપુર ટ્યુટોરિયલ હાઇસ્કૂલ. શાહપુર. અમદાવાદ.
૧૧. નૂતન ફેલોશિપ હાઇસ્કૂલ. નવરંગપુરા, અમદાવાદ.
૧૨. સી. એન. વિદ્યાવિહાર, એલિસબ્રિજ, અમદાવાદ-૬.
૧૩. ઠાકર્સ હાઇસ્કૂલ ફોર બૉયઝ, એલિસબ્રીજ, અમદાવાદ-૬.
૧૪. દીવાન બલ્લુભાઇ હાઇસ્કૂલ ઍન્ડ મિડલ સ્કૂલ, એલિસબ્રીજ, અમદાવાદ.
૧૫. નવચેતન હાઇસ્કૂલ, એલિસબ્રીજ, અમદાવાદ

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલના પત્રમાં જણાવેલી સ્કૂલોને માન્ય કરવી.

૬૧. નીચે મુજબ દર્શાવેલ નિશાળો પ્રેક્ટીસીંગ નિશાળો તરીકે ઉપયોગ કરવા પરવાનગી આપવા બાબતનો શ્રો. રામભા ગ્રેજ્યુએટ્સ ટીચર્સ કૉલેજ, પોરબંદરના પ્રિન્સિપાલનો પત્ર.

૧. ભાવસિંહજી હાઇસ્કૂલ, પોરબંદર.
૨. મહારાણી બાલુબા કન્યા વિદ્યાલય (ગર્લ્સ હાઇસ્કૂલ)
૩. હેનકોક મેમોરિયલ મિડલ સ્કૂલ, પોરબંદર.
૪. નવયુગ વિદ્યાલય હાઇસ્કૂલ, પોરબંદર.
૫. વી. જે. મદ્રેસા હાઇસ્કૂલ પોરબંદર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલના પત્રમાં જણાવેલી સ્કૂલોને માન્ય કરવી.

૬૨. ૧૯૫૫ના માર્ચ-એપ્રિલની મેડિકલ પરીક્ષામાં પ્રેક્ટીકલ માટે નિમાયેલ પરીક્ષક ડૉ. તેલંગને તેમનું ટી. એ. મંજૂર કરવા બાબતમાં તેમના તરફથી આવેલ પત્ર.

(નોંધ:–નિયમ મુજબ તેઓને પ્રેકટીકલ માટે અમદાવાદ આવવું પડે તો તેને માટે ટી. એ. મળી શકે નહિ. સિન્ડિકેટે તેઓને ૧૯૫૪ના ઑકટોબરની પરીક્ષા માટે ખાસ કેસ તરીકે ટી. એ. આપવા ઠરાવેલ હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે ખાસ કેસ તરીકે ટી. એ. આપવાનું મંજૂર કરવું.

૭૩. અ. ૧૯૫૫ની માર્ચ-એપ્રિલની પરીક્ષાઓમાં જે ઉમેદવારોએ ગેરવ્યાજબી બલાઓ લીધા હોય તેવા કેસો ઉપર વિચારણા કરી રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ;

અને

બ. ૧૯૫૫ની માર્ચ-એપ્રિલની પરીક્ષાઓમાં પેપર સેટર્સ, પરીક્ષકો, સુપર-વાઇઝરો, ફ્રેકટોટમ, પ્રૂફ-રીડર્સ, વગેરેએ જે ભૂલો કરી હતી તેવા કેસો ઉપર વિચારણા કરી રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે બન્ને રિપોર્ટ મંજૂર કરવા.

(રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે આપવામાં આવ્યા છે.)

૭૪. આવતી તા. ૨૦-૮-૧૯૫૫ના રોજ રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સ વિભાગના તથા તા. ૨૧-૮-૧૯૫૫ના રોજ શિક્ષક વિભાગના સેનેટના પ્રતિનિધિઓની ચૂંટણીઓમાં જાતે જઈને મત આપવાની યોજના યુનિવર્સિટી દ્વારા પહેલી વખત અમલમાં મૂકાતી હોવાથી તેને અંગેના નિયમો કરવા બાબત તથા નિયમો કરીને વખતસર લાગતાવળગતા સૌને ખબર આપવા બાબતમાં શ્રી. જેઠાલાલ ગાંધી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:–પત્રમાં નીચેની બાબતો ઉપર નિયમો કરવા જણાવેલું છે:

મતદારોને ભાડૂતી કે ખાનગી વાહનોમાં લાવવા અંગે, ચૂંટણીમથકના વિસ્તારમાં કેન્વા-સીંગ કરવા અંગે, મતદારોને ચાહપાણી કે નાસ્તા આપવા અંગે, ઉમેદવારોના એજન્ટ ચૂંટણી અમલદાર પાસે બેસવા અંગે, તેમ જ આવી અન્ય બાબતો અંગે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં હવે આ તબકકે કશા નિયમો થઇ શકે તેમ નથી તેમ જણાવવું.

૭૫. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં સિનિયર બી.કૉમ. ના વર્ગમાં ભણતા વિદ્યાર્થી શ્રી. વિનુભાઇ જે. જોષીની હાજરી નિયમ કરતાં ૧૮ હાજરી ખૂટતી હોવાથી સિન્ડિકેટે તેમની ખૂટતી હાજરી માફ કરેલી નહિ હોવાથી તે બાબતમાં ફરી વિચારણા કરવા બાબતમાં મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી તેમની અરજી ઉપર વિચારણા કરવા બાબત

(નોંધ:–ખૂટતી હાજરીમાં વિદ્યાર્થીએ પ્રથમ મેડિકલ સર્ટિફીકેટ રજૂ કર્યું હતું. તેઓ તેમની અરજીમાં જણાવે છે કે સિન્ડિકેટે આવા જ એક કેસમાં ૧૦ હાજરી ખૂટતી હોવા છતાં પણ તેની હાજરી માફ કરેલી છે, તો તેમની પણ ખૂટતી હાજરી માફ કરવા જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૭૬. **એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં જુનિયર એમ.કૉમ. ના વર્ગમાં ભણતા વિદ્યાર્થી શ્રી હરિવદન એમ. જોષીની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી ખૂટતી હાજરી માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફતે આવેલી અરજી.**

(નોંધ:–વિદ્યાર્થીએ માંદગી બતાવતું મેડિકલ સર્ટિફીકેટ રજૂ કર્યું છે. તેની હાજરી નીચે મુજબ છે:

વર્ષ ૧૯૫૪-૫૫

	કુલ લેક્ચર્સ	ભરવા જોઈતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	ખૂટતાં લેક્ચર્સ
પહેલું સત્ર :	૨૮	૧૯	૧૭	૨
બીજું સત્ર :	૩૭	૨૫	૧૭	૮
			કુલ ખૂટતાં લેક્ચર્સ	૧૦)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૭૭. **એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં જુનિયર એમ.કૉમ. ના વર્ગમાં ભણતા વિદ્યાર્થી શ્રી. શરદચંદ્ર કેશવલાલ શાહની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી ખૂટતી હાજરી માંદગીને કારણે કોન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફતે આવેલી અરજી.**

(નોંધ:–વિદ્યાર્થીએ માંદગી બતાવતું મેડિકલ સર્ટિફીકેટ રજૂ કર્યું છે. તેની હાજરી નીચે મુજબ છે:

વર્ષ ૧૯૫૪-૫૫

	કુલ લેક્ચર્સ	ભરવા જોઈતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	ખૂટતાં લેક્ચર્સ
પહેલું સત્ર :	૨૮	૧૯	૧૩	૬
બીજું સત્ર :	૩૭	૨૫	૨૨	૩
			કુલ ખૂટતાં લેક્ચર્સ	૯)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૬૮. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં જુનિયર એમ.એ. ના વર્ગમાં દાખલ થયેલા શ્રી. આર. એ. મિસ્ત્રીની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બાંહેધરીને કારણે કોન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફતે આવેલી તેમની અરજી.

(નોંધ:–વિદ્યાર્થીએ ડૉકટરનું સર્ટિફીકેટ રજૂ કર્યું છે. વિદ્યાર્થીની હાજરી નીચે મુજબ છે:

કુલ લેકચર્સ	ભરવા જોઇતાં લેકચર્સ	ભરેલાં લેકચર્સ	ખૂટતી હાજરી
૨૧	૧૪	૧૩	૧)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૬૯. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં અનુક્રમે સિનિયર તથા જુનિયર એમ.એ. માં દાખલ થયેલા વિદ્યાર્થીઓ શ્રીમતી વી. બી. ડૉકટર અને શ્રી. જી. એફ. પંડિતની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તેમના નામ સામે જણાવેલ કારણોસર તે કોન્ડોન કરવા બાબતની મજકૂર સ્કૂલના ડાયરેકટર મારફતે આવેલી તેઓની અરજી.

(નોંધ:–વિદ્યાર્થીઓની હાજરી નીચે મુજબ છે:

શ્રીમતી વી. બી. ડૉકટર

સત્ર	કુલ લેકચર્સ	ભરવા જોઇતાં લેકચર્સ	ભરેલાં લેકચર્સ	ખૂટતી હાજરી
બીજું : ગ્રુપ "સી"	૨૬	૯	૪	૫
,, ગ્રુપ "જી"	૨૫	૯	૨	૮

કારણ : માંદગી. ડૉકટરનું સર્ટિફીકેટ રજૂ કર્યું છે.

શ્રી. જી. એફ. પંડિત

સત્ર	કુલ લેકચર્સ	ભરવા જોઇતાં લેકચર્સ	ભરેલાં લેકચર્સ	ખૂટતી હાજરી
પહેલું : ગ્રુપ "સી"	૧૭	૧૨	૬	૬
પહેલું : ગ્રુપ "ઇ"	૧૩	૧૦	૫	૫

કારણ : મોડા દાખલ થવાથી. ડાયરેકટર જણાવે છે કે આ વિદ્યાર્થીએ દાખલ થયા પછી લેવાયેલાં લેકચર્સમાંથી યુનિવર્સિટીના નિયમો પ્રમાણે કે હાજરી ભરેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૮૦. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટનું બી.એસસી. માં કેમિસ્ટ્રી, ફિઝિકસ અને મેથેમેટિકસ પ્રિન્સિપાલ અને સબ્સીડિયરી અને બૉટાની સબ્સીડિયરી માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોમાંથી શરત નં. ૪ સિવાયની શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના પત્રો.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં સરકારને રિપોર્ટ કરવો.

૮૧. યુનિવર્સિટી પ્રેસ અંગેના એસ્ટીમેટ્સ વગેરે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૮૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં જૂન ૧૯૫૪માં ઇન્ટર આર્ટ્સમાં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. સી. એમ. શાહે ઍલિજિબિલિટી સર્ટિફીકેટ માટે જાન્યુઆરી ૧૯૫૨માં અરજી મોકલેલી તેથી તે સ્વીકારવામાં આવી ન હતી, પરંતુ તેમણે ૧૯૫૪-૫૫ના વર્ષમાં બંને સત્રો ભર્યાં છે અને ક્લાસિકલ લેન્ગ્વેજનો ટેસ્ટ પણ પસાર કર્યો છે તે જોતાં તેમને ઇન્ટર આર્ટ્સની એકસ્ટર્નલ પરીક્ષામાં બેસવા દેવા પરવાનગી આપવા બાબતની તેમની અરજી.

(નોંધ:-મજકૂર વિદ્યાર્થી મુંબઇ યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર સાયન્સની પરીક્ષા પસાર કરીને ઇન્ટર આર્ટ્સમાં ઇન્ટર્નલ વિદ્યાર્થી તરીકે દાખલ થયેલા. હાલના નિયમ પ્રમાણે ઈન્ટર્નલ વિદ્યાર્થીઓને અપાતાં કન્સેશન્સ એકસ્ટર્નલ વિદ્યાર્થીઓને આપવામાં આવતાં નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે બેસવા દેવા પરવાનગી આપવી.

૮૩. ઑર્ડિનાન્સ ૨૪૬ નીચે છપાયેલાં **reasons** ને અનુસરીને લૉ પ્રિલિમિનરીના વર્ગમાં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. એમ. આર. મહેતાને તેઓએ લૉ પ્રિલિમિનરી પરીક્ષા પસાર કરી નથી, પરંતુ સત્રો રાખ્યાં છે તે ધ્યાનમાં લઇ તેમને સિનિયર બી.એ માં દાખલ કરી શકાય કે કેમ તે જણાવવા બાબતના રામાનંદ મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-લૉ પ્રિલિમિનરી પાસ થયેલા હોય તેવા વિદ્યાર્થીઓને જ સિનિયર બી.એ. માં દાખલ કરવા એ મુજબનો ઑર્ડિનાન્સ હેન્ડબુક ભાગ બીજો છપાયા પછી ઘડાયો છે અને તે અનુસાર આ વિદ્યાર્થી સિનિયર બી એ. માં દાખલ થવાને લાયક નથી. વિદ્યાર્થીનું તેમ જ પ્રિન્સિપાલનું માનવું એમ છે કે ઑર્ડિનાન્સ ઘડાયા પહેલાં આ વિદ્યાર્થી દાખલ થયેલો હોવાથી તેને સિનિયર બી.એ. માં હેન્ડબુકના ઑર્ડિનાન્સ ૨૬૪ ના reasons પ્રમાણે દાખલ કરી શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલને જણાવવું કે નિયમ અનુસાર લૉ પ્રિલિમિનરીની પરીક્ષા પસાર કર્યા સિવાય બી.એ. માં વિદ્યાર્થીને દાખલ કરી શકાય નહિ.

૮૪. ગુજરાત કૉલેજ, અમદાવાદના શ્રી. સી. ડી. રાવલે જુનિયર એમ.એ. ના વર્ગમાં બીજા સત્રમાં ગ્રુપ "જી"માં ભરેલાં લેક્ચર્સ નિયમ કરતાં ઓછાં હોવાથી તે માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફતે આવેલી તેમની અરજી.

(નોંધ:-વિદ્યાર્થીએ ડૉક્ટરનું સર્ટિફીકેટ રજૂ કર્યું છે. તેમની હાજરી નીચે પ્રમાણે છે:

કુલ લેક્ચર્સ	ભરવા જોઇતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	ખૂટતી હાજરી
૨૪	૧૬	૧૫	૧)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૮૫. જનરલ એજ્યુકેશન કોર્સ અંગે વાઇસ-ચાન્સેલરો તથા શિક્ષણશાસ્ત્રીઓની કન્સલ્ટેટીવ કમિટીએ કરેલાં સૂચનો અંગે આ યુનિવર્સિટીના વિચારો જણાવવા તેમજ આ પ્રોજેક્ટમાં રસ લેતા હોય અને જનરલ એજ્યુકેશનના ત્રણ મુખ્ય Fields માં competency ધરાવતા હોય તેવા બે અથવા ત્રણ ગૃહસ્થોનાં નામો યુનિવર્સિટી સ્ટાફ-માંથી સૂચવવા હિંદ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૮૬. બિલ્ડીંગ કમિટીની તા. ૧૭-૭-૧૯૫૫ના રોજ મળેલી બેઠકની નોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજની નોંધને બહાલી આપવી.

(કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે આપવામાં આવી છે.)

૮૭. રજિસ્ટ્રારના બંગલા માટે મંગાવેલાં ટેન્ડરો તપાસી નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારના બંગલાનો કોન્ટ્રેક્ટ શ્રી. રસિકલાલ ઍન્ડ કંપનીને આપવો.

૮૮. અમદાવાદ શહેરમાં પોસ્ટગ્રેજ્યુએટ ટીચીંગના કોઓર્ડિનેશન અંગે દરેક કૉલે-જોના વર્ગ તથા સાધનો વગેરેની સગવડોનો ઉપયોગ કરવા દેવા પ્રિન્સિપાલોની પરવાનગી લેવી જરૂરી છે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોના પ્રિન્સિપાલોની પરવાનગી લેવી.

૮૯. તા. ૧-૮-૧૯૫૫ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની નીચેની ભલામણ.

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મેસર્સ સ્ટીલ એઇજ પાસેથી લાયબ્રેરી માટે કબાટોના બ્લોકસ નંગ ૬ દરેક રૂા. ૧૨૨૦-૦-૦ બાદ ૫ ટકા વટાવના દરે ખરીદવા."

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ કમિટીની ભલામણ મંજૂર કરવી.

૯૦. પત્નીની માંદગી અંગે દવા તથા ઈન્જેકશન માટે ખર્ચ કરવાનો હોવાથી પોતાના પ્રોવિડંટફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૨૫-૦-૦ ની લોન આપવા બાબતની પટાવાળા શ્રી. શાંતિલાલ વેલજી તન્નાની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામનો નિકાલ કરવાની શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

૯૧. પત્નીની માંદગી અંગે દવાના બીલના પૈસા ભરવાના હોવાથી પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૩૦-૦-૦ ની લોન આપવા બાબતની પટાવાળા શ્રી. ભીમસિંગ અભેસિંગ આસીની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામનો નિકાલ કરવાની શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

૯૨. પોતાની પત્ની, ભાઇ તથા બેબીની માંદગી અંગે ખર્ચ થયેલ હોવાથી પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૨૫૭-૦-૦ ની લોન આપવા બાબતની હેડ કલાર્ક શ્રી. વી. એમ. દેસાઇની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૯૩. ૧૯૫૫ના માર્ચ માસમાં લેવાયેલી ઈન્ટર આર્ટ્સની પરીક્ષામાં લૉજીક પેપર બીજાના સેકશન બીજાના ઉમેદવાર નં. ૨૩૨૩ નું જવાબપત્ર ગૂમ થવાથી તે વિષયના તે વિદ્યાર્થીના બીજા પેપરોમાં મળતા માર્કસના એવરેજ માર્કસ આ સેકશનમાં ગણી તે પ્રમાણે તેનું પરિણામ બહાર પાડવા હુકમ કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

નં. સિ. ૬૧૬૧૨-૨૮-૧૯૫૫
અમદાવાદ-૯.
તા. ૨૬-૮-૧૯૫૫.

જ. મં. મહેતા
ઑફિસિએટીંગ રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ફ"

કામકાજ નં. ૨૯

A meeting of the Committee appointed by the Syndicate and the Academic Council to consider the recommendations made in Chapters III and IV of the Report of the Coordination Committee appointed by the Government of Bombay for coordinating Postgraduate studies in different Universities in the State, was held in the University Office on Thursday, 30th June 1955 at 12–30 p.m. The attendance of members was as under:

1.	Shri R. C. Parikh	Present
2.	Dr. M. D. Avasare	Present
3.	Prin. Dr. M. D. Patel	Absent
4.	Prin. A.de Souza	Absent
5.	Shri H. P. Shukla	Absent
6.	Dr. Motibhai D. Patel	Present
7.	Shri S. B. Junnarkar	Present
8.	Shri Maganbhai P. Desai	Present
9.	Prin S. V. Desai	Absent
10.	Prin. A. K. Trivedi	Present

The Vice-Chancellor also attended the meeting for some time.

The Committee resolved to recommend to the Academic Council and the Syndicate regarding different recommendations given in the summary of the recommendations supplied by the University Office, as under:

Sr. No. of the Recommendation in the summary	**Recommendation of the Committee**
1.	The Committee desires that the Syndicate should extend the term by commencing the first term earlier by 5 days and by closing it 5 days later than at present, i.e. the first term may be kept from 15th June to 15th October. The Committee is not in favour of curtailing the holidays. The Committee also suggests that the Syndicate should prescribe the maximum number of holidays to be observed by the colleges and the Principals of the colleges may be authorised to make adjustments therein according to local needs. The Committee is

Sr. No. of the Recommendation in the summary	Recommendation of the Committee
	also of the opinion that the Government should not link up the question of grants to the Universities with the question of terms in the Universities.
2.	The Committee agrees with the recommendation.
3 and 4	Regarding tutorials, the Committee agrees with the suggestion and is of the opinion that 20% of marks in each paper of 100 marks should be kept for a tutorial in that subject at an examination and passing therein should be made compulsory.
5.	The Committee agrees with the recommendation.
6.	The Committee is of the opinion that generally pass class students need not be admitted for Postgraduate studies and agrees with the recommendation that there should be at least one tutorial every week.
7.	The Committee does not agree fully with the suggestion.
8.	The Committee is of the opinion that the University should accept the suggestion.
9.	The Committee is of the opinion that the suggestion should be accepted and the affiliated colleges also be requested to do the same as far as possible.
10.	The Committee accepts the principle and requests the University that the designations of the posts should be changed and should be made applicable to new entrants. The suggestion regarding pay scales etc. should be accepted if it is confined to University teachers and Professors who are appointed by the University.
11.	The Committee is of the opinion that the University should accept the suggestion.
12.	The Committee agrees with the suggestion.
13.	The Committee agrees with the suggestion.
	This University already pays suitable grants to the individuals.

Sr. No. of the Recommendation in the summary	Recommendation of the Committee
14.	The Committee is of the opinion that this is desirable and it should be considered by the Universities jointly.
15.	The Committee is in favour of the recommendation. Extension may be given upto 64 years if a person is found physically fit.
16.	The Committee suggests that the University should confer Readership, professorship to the teachers and designations of existing staff in the colleges in the University area be changed to Senior Lecturer, Junior Lecturer and Tutor, if deemed fit.
17.	The Committee agrees with the recommendation.
18.	The Committee accepts the suggestions (a) and (b). For (c), the Committee is of the opinion that it is not possible to arrange according to the suggestion but the No. of students in a group for postgraduate level should be five to six and about 20 for post-intermediate stage.
19.	The Committee accepts the suggestion.
20.	The Committee accepts the suggestion.
21.	The Committee agrees with the principle that appropriate Statutes may be framed before the Departments and posts are created, but it does not consider necessary that Government's approval should be obtained thereto before hand.
22.	The Committee agrees with the suggestion.
23.	The Committee agrees with the suggestion and requests the University authorities to keep this in mind while creating centres for Post-graduate studies.
24.	The Committee is of the opinion that the principle should be accepted.
25.	The Committee is of the opinion that the principle should be accepted.

Sr. No. of the Recommendation in the summary	Recommendation of the Committee
	Chapter IV
1.	The Comittee accepts (i), (ii) and (iii). Regarding (iv) the Committee is of the opinion that if the Government agrees to pay the percentage charges and allows to make reservation for major alterations and changes as is done by Government for its own buildings, the University will have no objection in accepting the suggestion.
2 & 3	The Committee is of the opinion that this should be accepted.
4.	Vide Committee's opinion I (iv) above.
5.	This has been fixed now by the Universities Grants Commission and the Committee is of the opinion that this change should be accepted.
6.	The Committee accepts the recommendation.
7.	The Committee accepts the recommendation.
8.	The Committee accepts the suggestion but the necessary expenditure in connection with the elections will have to be made in view of provisions of the Act.
9.	The Committee agrees with the suggestion.
10.	The Committee agrees with the suggestion.
11.	This suggestion is not acceptable as it is not feasible.

The meeting then terminated.

Ahmedabad-9.
Dated 7 July 1955.

Sd/- **J. M. Mehta**
Offg. Registrar.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૩૦

નં. સિં. ૪૮૫૩૬-૪૦-૫૫
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૧૬-૭-૫૫

એફિલિએટેટ કૉલેજોના અને માન્ય થએલી સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર ઉપર વિચારણા અને રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સ્ટેન્ડીંગ કમિટીની ૯મી બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં મંગળવાર તા. ૫-૭-૧૯૫૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે મળેલી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી.

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	હાજર,
૩.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	ગેરહાજર,
૪.	ડૉ. સી. એસ. પટેલ	ગેરહાજર,
૫.	પ્રિન્સિપાલ એ. ડિ સોઝા	હાજર.

૧. તા. ૩-૧૨-૧૯૫૪ના રોજ મળેલી ૮મી બેઠકની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૩-૧૨-૧૯૫૪ના રોજ મળેલી ૮મી બેઠકની નોંધને બહાલી આપવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. તા. ૩-૧૨-૧૯૫૪ના રોજ મળેલી ૮મી બેઠકના ઠરાવ મુજબ આર. આર. લાલન કૉલેજ, ભુજ-કચ્છમાં નીમાયેલ શ્રી. ડી. એસ. પાઠકજીએ બી.એ. અને એમ.એ. ની ડિગ્રી પર્શિયન વિષય સાથે પસાર કરી છે કે નહિ તે પૂછાવતાં તે બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલ નીચે મુજબની માહિતી.

"Shri D. S. Pathakji, Part-time lecturer in Persian in this College has passed B.A. and M.A. Examinations as under:-

B.A. with Persian (Hons.) and English General (B. U. 1950)

M.A. II Class with Persian Principal & Urdu Subordinate (G. U. 1952)."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એસ. પાઠકજીની નિમણૂક મંજૂર કરવી.

૩. તા. ૩-૧૨-૧૯૫૪ના રોજ મળેલી ૮મી બેઠક વખતે ઍફિલિએટેડ કૉલેજો અને માન્ય થયેલ સંસ્થાઓના સ્ટાફમાં થયેલ ફેરફારમાંની નીચે જણાવેલી કૉલેજોના અને સંસ્થાના સભ્યોના નામ સામે જણાવેલી મંગાવવામાં આવેલી હકીકત.

૧.	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.	૧. શ્રી. મખનલાલ ગંજુ અને શ્રી. એસ. એમ. વાડિયા ઈસ્ટ પંજાબ યુનિવર્સિટી, સોલાનમાંથી એમ.એ. ઇંગ્લીશની ડિગ્રી પ્રાપ્ત કરી છે કે વેસ્ટ પંજાબ યુનિવર્સિટી. લાહોરમાંથી પ્રાપ્ત કરી છે અને કયા વર્ષમાં તેમણે મજકૂર ડિગ્રી મેળવી છે તે બાબત અંગે અને શ્રી. મખનલાલ કયા વિષયના લેકચરર છે અને શ્રી. વાડિયા કયા વિષયના પ્રોફેસર છે તે બાબત વિષે પૂછાવતાં તે અંગે કૉલેજ તરફથી આવેલ નીચે મુજબની માહિતી.

"Mr. Makhan'al Ganjoo passed the M.A. Examination in English in the second class in 1954 from the East Punjab University of Solan and Prof. S. M. Wadia passed the M.A. Examination in English in the Second Class in 1921 from the Old Punjab University of Lahore before partition. Mr. Makhanlal Ganjoo is Lecturer in English and Prof. S M. Wadia is appointed Professor of English."

૨.	બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.	૧. શ્રી. મખનલાલ ગંજુએ ઈસ્ટ પંજાબ યુનિવર્સિટી, સોલાનમાંથી એમ.એ. ની ડિગ્રી પ્રાપ્ત કરી છે કે વેસ્ટ પંજાબ યુનિ. લાહોરમાંથી પ્રાપ્ત કરી છે અને કયા વિષયો સાથે મજકુર ડિગ્રી મેળવી છે તે બાબત અંગે પૂછાવતાં કૉલેજ તરફથી જવાબ આવ્યો છે કે તેઓએ એમ.એ. ની ડિગ્રી ઈસ્ટ પંજાબ યુનિ સોલાનમાંથી પ્રાપ્ત કરી છે અને એમ.એ. માં બધાજ વિષયો ઇંગ્લીશ હતા.
૩.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ.	૧. શ્રી. એન. એમ. પંડ્યાએ બી.એસસી. ઑનર્સ અને એમ.એસસી. ઑનર્સ માં કયા વર્ગો (Classes) મેળવ્યા હતા તે બાબત અંગે પૂછાવતાં કૉલેજ તરફથી જવાબ આવ્યો છે કે તેઓએ બી.એસસી. અને એમ.એસસી. માં સેકન્ડ કલાસ મેળવ્યા હતા.
૪.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. એમ. સી. શાહ ઇંગ્લીશ વિષયના પ્રોફેસર છે કે કેમ તે અંગે પૂછાવતાં કૉલેજ તરફથી નીચે મુજબ માહિતી આવી છે.

"Please find below the qualifications of Shri M. C Shah, who is appointed as Professor of English.

Qualifications:

B.A. (2nd Class) with entire English of University of Bombay in 1938.

M.A. (2nd Class by papers) with Entire English of University of Bombay in 1940.

LL.B, (2nd class) of Bombay University in 1945.

Experience:

Eight years' teaching experience in post intermediate classes of affiliated colleges of Bombay, Poona and Nagpur Universities."

૫. બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા, આણંદ. — શ્રી. વી. બી. પ્રીયાણીના શૈક્ષણિક તેમજ પ્રોફેશનલ અનુભવ કુલ કેટલો છે તે બાબત અંગે વિગતવાર જણાવવા કૉલેજને લખતાં તેમના તરફથી આવેલ માહિતી.

૬. પેટલાદ કૉલેજ, પેટલાદ. — શ્રી. એસ. એસ. દવેના શૈક્ષણિક અનુભવ કઈ કઈ સંસ્થાઓમાં છે તે બાબત અંગે પૂછાવતાં કૉલેજ તરફથી આવેલ માહિતી.

આથી ઠરાવવામાં આવે છે કે:—

૧. શ્રી. મખનલાલ ગંજુ અને શ્રી. એસ. એમ. વાડિયાની નિમણૂકને મંજૂર રાખવી.

૨. શ્રી. મખનલાલ ગંજુની નિમણૂકને મંજૂર રાખવી.

૩. શ્રી. એન. એમ. પંડયાની નિમણૂકને મંજૂર રાખવી.

૪. શ્રી. એમ. સી. શાહની નિમણૂકને મંજૂર રાખવી.

૫. શ્રી. વી. બી. પ્રીયાણીની નિમણૂકને મંજૂર રાખવી.

૬. શ્રી. એસ. એસ. દવેની નિમણૂકને નામંજૂર કરવી. તેઓ એમ.એ પાસ કલાસ છે તે ઉપરાંત એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર વિષય લીધેલ હોવાથી હિસ્ટ્રીના વિષયમાં લેકચરર તરીકે લાયકાત ધરાવતા નથી.

૪. ૧. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરમાં કૉમર્સના લેકચરર તરીકે કરેલી શ્રી. એસ. રાજગોપાલની નિમણૂંક માન્ય રાખી ન હતી તે જગ્યાએ લાયક માણસની નિમણૂંક કરવા જણાવતાં કૉલેજ તરફથી આવેલો જવાબ કે શ્રી. એસ. રાજગોપાલને કૉમર્સના ટ્યુટર તરીકે કામચલાઉ જ નીમેલા હતા અને બીજા સત્રની શરૂઆતથી શ્રી. ગોવિંદચંદ ખેરીને કૉમર્સના લેકચરર તરીકે નીમેલા છે.

(નોંધ:—ગોવિંદચંદ ખેરીની નિમણૂકને યુનિવર્સિટીએ મંજૂર રાખી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પત્રમાં જણાવવામાં આવેલ બાબતની નોંધ લેવી.

૨. મજકૂર કૉલેજના ગુજરાતીના લેક્ચરર શ્રી. ડી. એમ. માસ્ટર ઇંગ્લીશ વિષય શિખવાડવા માટે યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નહિ હોવાથી તે વિષય માટે માન્ય કરવામાં આવ્યા નથી એમ જણાવતાં કૉલેજ તરફથી આવેલો જવાબ કે શ્રી. મખનલાલ ગંજુની નિમણૂંક કર્યા પછીથી શ્રી. ડી. એમ. માસ્ટર ઇંગ્લીશ વિષય શિખવાડતા નથી.

આથી ઠરાવવામાં આવે છે કે પત્રમાં જણાવવામાં આવેલ બાબતની નોંધ લેવી તે ઉપરાંત બંને સંસ્થામાં તે કેટલો વખત કામ કરે છે તેની વિગતો મંગાવો.

૫. નીચે જણાવેલી માન્ય સંસ્થાઓ અને ઍફિલિએટેડ કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફારો.

૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૨. બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ
૩. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
૪. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૫. એમ. એન. કૉલેજ, વિસનગર
૬. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર
૭. એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલ ફેરફારો મંજૂર કરવા:

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. જે. આઈ. સેતલવાડ
	૨. શ્રી. એસ. એસ. મેન્સેન-કાઈ
	૩. શ્રી. એસ. જે. સ્વામીનારાયણ
	૪. શ્રી. આર. એન. દેસાઇ
	૫. શ્રી. જ્યોર્જ એમ. મોરીસ
	૬. શ્રી. આર. કે. હોમાવાલા
	૭. શ્રી. વી. આલકિૃષ્ણ
	૮. ડૉ. કુમારી ઓલીવ જોસેફ
૨. બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ.	૧. શ્રી. એન. એન. ભટ્ટચા
૩. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. એ. એન. શુકલ
	૨. શ્રી. આર. એમ. જોષી

	કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૪.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	૧. ડૉ. પી. એલ. શાહ ૨. ડૉ. સી. એચ. નાયક
૫.	એમ. એન. કૉલેજ, વિસનગર.	૧. મિસ ડી. એસ. સોહોની ૨. ડૉ. જી. સી. અમીન ૩. શ્રી. જે. પી. ગાયકવાડ
૬.	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ ભાવનગર.	૧. શ્રી. એસ. જે. ત્રિવેદી
૭.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનીયરીંગ, અમદાવાદ.	૧. શ્રી. પી. એલ. ખેલાની.

૬. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલ તરફથી લેક્ચરર ઇન જ્યુરીસપ્રુડન્સની જગા ઉપર નિમણૂંક કરવા અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. બી. કાનેકર યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નહિ હોવાથી એમની નિમણૂંક માટે પરવાનગી આપી શકાય નહિ તેમ જણાવવું અને તે જગ્યાએ યુનિવર્સિટીએ નિયત કરેલી લાયકાત ધરાવતા માણસની નિમણૂંક કરવા લખવું.

૭. નીચે જણાવેલી ઍફિલિએટેડ કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફારો.

૧. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.

૨. સાર્વજનિક લૉ કૉલેજ, સુરત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલ ફેરફારો મંજૂર કરવા:

	કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
8.	Maize Products Ltd. Employees' Union, Kathwad, c/o Mill Kamdar Union, Rakhial Road, Ahmedabad.	1781
9.	Ahmedabad Banks' Employees' Association 63/2, Opposite Mahavir Swami's Temple, Gandhi Road, Ahmedabad.	1788
10.	Automobile Workers' & Drivers' Association 642, Bala Hanuman, Ahmedabad.	1794
11.	Bandhkam Kamdar Union, c/o Auto Riksbaw Drivers Union, Mission Road, Bhadra, Ahmedabad.	1795
12.	Hotel and Canteen Kamdar Union, 1948/6/2, Mehta Estate, Khadia, Char Rasta, Ahmedabad.	1799
13.	The Ahmedabad Silk Mills' Mazdoor Mandal, Manilal Building, Mirzapur Road, Ahmedabad.	1805

14.	Gujarat Hospital Staff Union, Gandhi Majoor Sevalaya, Bhadra, Ahmedabad.	1817
15	Gujarat Working Journalists' Union, c/o Gujarat Samachar Office, Khanpur, Ahmedabad- .	1830
16.	Bidi Kamdar Union. Dholka, Tawar Bazar, Dholka.	1838

Kaira District

17	Hospital Staff Union, Nadiad, Chandramani Bhuvan No. 2, Mission Road, Nadiad.	1807

Panchmahals District

18.	Western Railway Contractors' Employees' Union, Post Office Shivrajpur Mines, District Panchmahals.	1816

Broach District

19	Ankleshwar Municipal Kamdar Mandal, Samadi Falia Ankleshwar, District Broach.	1738
20.	The Transport Mazdoor Sabha, Rajpipla, Near Vegetable Market, Rajpipla District Broach.	1832

Surat District

21.	Paper Products Kamdar Union (Lal Vavta) Bilimora, Hajat Building, Station Road, Bilimora.	1732
22	Silk Mazdoor Sabha, Navsari c/o. Majoor Mandal, Near Railway Station Navsari.	1746
23.	Surat Hotel Kamdar Union (Red Flag) Near Vasant Talkies, Surat.	1839
24.	Navsari Oil Mazdoor Mandal, Near Baroda Bank Branch, Opposite Railway Station, Navsari.	1844
25.	Engineering and Metal Mazdoor Sabha, Surat Near Police Gate, Gopipura Main Road, Surat.	1846

Baroda District

26	Electricity Kamdar Mandal, Sidhpur, c/o. Majoor Mahajan Sangh, Ganj Bazar, Sidhpur (North Gujarat)	1750
27.	The Visnagar Municipal Water Works and Power House Workers' Union, Visnagar. (North Gujarat.)	1857

પરિશિષ્ટ "ઘ"

કામકાજ નં. ૨૬

લાયબ્રેરી એકાઉન્ટ્સ : ૧૯૫૪-૫૫

(તા. ૧-૯-૧૯૫૪ થી તા. ૩૦-૬-૧૯૫૫)

આવક	રકમ	ખર્ચ	રકમ
૧. યુનિ. ગ્રાન્ટ્સ કમિશન તરફથી ગ્રાન્ટ-પુસ્તક ખરીદી માટે.	૮૦,૦૦૦—૦—૦	૧. એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ : અ. પગાર ખર્ચ	૧૩.૧૫૪—૧-૦
૨. સસ્પેન્સ એકાઉન્ટ્સ	૩૭૮-૧૨—૯	બ. મોંઘવારી તથા બીજાં ખર્ચ	૮ ૩૮૫—૩-૦
૩. પ્રોવીડન્ટ ફંડ : સ્ટાફ સબ્સ્ક્રીપ્શન.	૧,૨૭૯ ૧૨—૦	૨. એકટીંગ તથા બીજાં એલાવન્સ.	૧૬૫ — ૦—૦
	૮૧,૬૫૮—૮—૯	૩. પુસ્તક ખરીદી	૩૨.૬૧૨—૯-૯
ગુ. યુ. જનરલ ફંડ-માંથી ટ્રાન્સફર	૬૪,૮૧૩—૫-૧૧	૪. પુસ્તક ખરીદી Scientific	૩૫,૧૨૦-૧૨-૬
		૫. પુસ્તક ખરીદી Humanities	૨૭ ૦૨૯—૫-૬
		૬. સામયિક લવાજમ	૧૦,૫૯૦-૧૦-૮
		૭. પુસ્તકો તથા સામયિકોની બંધામણી	૩૩૦—૦-૦
		૮. સ્ટેશનરી	૫૧૧-૧૩-૯
		૯. છપામણી તથા કેટલોગ કાર્ડઝ	૨૮૨—૮-૦
		૧૦. જાહેરખબર ખર્ચ	૧૧૮-૧૨-૦
		૧૧. ટપાલ ખર્ચ	૩૬૦—૧-૩
		૧૨. યુનિફોર્મ	૨૨૦—૦-૦
		૧૩. કન્ટીન્જન્સી	૧૮૮-૧૦-૩
		૧૪. ફરનીચર	૧૪,૧૦૫—૫-૦
		૧૫. અન્ય એડવાન્સ	૨૪૧-૧૧-૦
		૧૬. પ્રોવીડન્ટ ફંડ : અ. સ્ટાફ સબ્સ્ક્રીપ્શન	૧,૨૭૯-૧૨-૦
		બ. યુનિ. કોન્ટ્રીબ્યુશન	૧,૨૭૫-૧૦-૦
૧,૪૬,૪૭૧-૧૪—૮			૧,૪૬,૪૭૧-૧૪-૮

નોંધ:-ઉપરાંત પુસ્તક તથા સામયિક લવાજમ અંગે નીચે મુજબના ડિપાર્ટમેન્ટ માટે જણાવેલ ખર્ચ થયેલ છે.

૧. સમાજ વિદ્યાભવન માટે રૂા. ૧૫,૪૭૦-૧-૬

૨. ગુજરાતી ભાષા સાહિત્ય ભવન માટે રૂા. ૩,૭૩૮-૨-૦

પરિશિષ્ટ "ચ"

કામકાજ નં. ૪૨

1. All articles costing more than Rs. 5/- be entered in the Dead Stock Register.

2. The Registrar be empowered to write off articles upto the value of Rs. 200/- when they are useless but not more than the aggregate value of Rs. 1,000/- in one financial year.

3. The Vice-Chancellor be empowered to write off articles upto the value of Rs. 1,000/- when they are useless.

4. The Finance Committee be empowered to write off articles upto the value of Rs. 3,000/- when they are Useless.

5. For writing off articles costing more than Rs. 3,000/- the matter be placed before the Syndicate.

6. Whenever feasible, articles be sold by public auction to realise utmost value.

પરિશિષ્ટ "છ"

કામકાજ નં. ૪૩

સૌરાષ્ટ્ર સરકાર તરફથી મળેલી રૂપિયા એક લાખની નોન-રિકરીંગ ગ્રાન્ટનો ઉપયોગ કેમ કરવો તે બાબત સિન્ડિકેટે તેની તા. ૯–૧૦–૫૪ ની સભામાં નીમેલી સમિતિની એક સભા તા. ૪–૧૦–૫૫ ના રોજ સાંજના ૪–૦ કલાકે સિન્ડિકેટના ઠરાવ ઉપર સૌરાષ્ટ્ર સરકારના ફાઇનાન્સ મિનિસ્ટર શ્રી. એમ. એમ. શાહ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા મળી હતી જેમાં નીચે મુજબ હાજરી હતી.

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર.
૨.	શ્રી. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૩.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર,
૪.	શ્રી. આર. પી. પટેલ	ગેરહાજર,
૫.	શ્રી. બી. આર. શેનોય	હાજર,
૬.	શ્રી. ઉમાશંકર જોષી	હાજર.

સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સૌરાષ્ટ્ર સરકાર તરફથી મળેલી રૂા. ૧,૦૦,૦૦૦–૦–૦ ની રકમનો ઉપયોગ સમાજ વિદ્યાભવનનું મકાન તૈયાર થાય ત્યારે આ મકાનની અંદર આપણી લાયબ્રેરીના એક વિભાગ તરીકે સમાજ વિદ્યાભવનના વિષયો માટેની લાયબ્રેરી કરવામાં કરવો."

(સહી) જ. મં. મહેતા
ઑફિ. રજિસ્ટ્રાર.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શનિવાર તા. ૨૪-૧૨-૧૯૫૫ ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ઉપકુલપતિ શ્રી. હરસિદ્ધભાઇ દ્વિવેદીયાના પ્રમુખપદે મળી હતી તે વખતે હાજરી નીચે મુજબ હતી:

૧.	શ્રી. એચ. વી. દ્વિવેદીયા વાઇસ ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એસ. એસ. ભાંડારકર ડાયરેકટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર,
૩.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. બટુભાઈ એચ. દેસાઇ	હાજર,
૫.	શ્રી. મગનભાઇ પી. દેસાઇ	હાજર,
૬.	શ્રી રતિલાલ મો. ત્રિવેદી	હાજર,
૭.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર,
૮.	પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	હાજર,

૯. પ્રિન્સિ એ. કે. ત્રિવેદી ગેરહાજર,
૧૦. પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ ગેરહાજર,
૧૧. પ્રોફેસર બી. આર. શેનોય હાજર,
૧૨. પ્રિન્સિ. ડૉ. એમ. ડી. પટેલ હાજર,
૧૩. ડૉ. ભાસ્કર આર. પટેલ ગેરહાજર.

૧. તા. ૨૬–૧૧–૧૯૫૫ ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને શ્રી. વાઇસ–ચાન્સેલરે તેના પર સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી એક્ટની કલમ ૨૩ (૨) ના ક્લોઝ (૨) માં જણાવેલા Class II Ordinary Members અનુસાર સેનેટના સભ્યોને ફૅકલ્ટી "એસાઇન" કરવા બાબતની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેના સભ્યોને તેમના નામ સામે જણાવેલ ફૅકલ્ટી "એસાઇન" કરવામાં આવી. (પરિશિષ્ટ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવ્યું છે.)

૩. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફારો ઉપર વિચારણા કરી હેવાલ રજૂ કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૨૪-૧૨-૧૯૫૫ ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધ.

આથી ઠરાવવામાં આવે છે કે સમિતિની નોંધને મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર સરકારને યુનિવર્સિટીએ નિયત કરેલા પગાર ધોરણ મુજબ બધાને પગાર આપવા જણાવવું.

(સમિતિની નોંધ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે આપવામાં આવી છે.)

૪. કૉલેજોના ત્રિવાર્ષિક તપાસ (ટ્રાયેનિયલ ઇન્સ્પેક્શન) અંગેની સ્ટેન્ડીંગ કમિટીના હેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેની બાબત ઍકેડેમિક કાઉન્સિલને મોકલી તેનો અભિપ્રાય મેળવવો.

1. It is desirable to have a limit of admission of students, may be from 800 to 1500 or not exceeding 1000.

2. There should not be more than two divisions of a class. If more than two divisions of a class are opened in a college, to avoid repetition of lectures, additional staff should be appointed.

3. When (1) the strength of a college increases to 1500 students, or (2) distance beween Arts and Science buildings is more than 2 furlongs a separate Principal should be appointed for both.

4. Strict adherence to the prescribed qualifications for teachers and the amount of lecture work required for each paper of 100 marks, should be enforced.

5. A provision to include the Principal as a Regular Member of the "Governing Body" of a college must be made in the constitution of all colleges, where it does not exist.

6. The University should enforce the recent decisions of the Syndicate in the matter of arrangements for imparting Physical Training in all the colleges.

7 College Library must be kept open for atleast during college hours.

8. The Principal and/or the members (Seniors) of the staff of a college must visit the hostel once a week to establish contact with the students.

9. It is desirable that either the University or the Government should provide for a girls' hostel.

10. It is desirable that there should be greater co-operation between the Boards of Studies dealing with the Principal and Subsidiary subjects for the B.Sc. in framing syllabii.

11. Credit should be given at the University Examination for periodical class examination marks, Essay work etc.

12. To prevent neglect of the study of the Principal subjects in the Junior Year of Degree classes, it is advisable that admission to the Final Year Course should be conditional on the student's passing in the Principal subject at the college Annual Examination, on the lines of the present First Year Arts Examinations.

13. The Committee feels that it is desirable:

(a) to have tutorial classes introduced atleast in the Final Year Examinations.

and

(b) M.Sc. teaching should be concentrated at definite centres by co-operation of recognised teachers in a subject, if available in the neighbouring colleges.

14. It is desirable to lengthen the time of period of lectures or practical from 45 to 50 minutes, in view of the students and professors shifting from one room to another and in view of the time involved in calling the roll of bout 150 students in a division.

15. The sub-renting of college hostel rooms or its furniture, must be instantaneously stopped.

16. It is advisable, that the provision may be made for common room for ladies, boys and professors and also for adequate sanitary arrangements.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કૉલેજોમાં લેવાતા પિરિયડો ઉપરથી સંસ્કૃતનો અભ્યાસ-ક્રમ વધારે છે એમ લાગે છે તો તેથી તે બાબત ઘટતું કરવા વિચારણા કરવા સંસ્કૃતની અભ્યાસ સમિતિને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ફ્રાયેનિયલ ઇન્સ્પેકશન કમિટીએ તેના રિપોર્ટમાં કૉલેજોની જે જે ક્ષતિઓ દર્શાવી હોય તે તે સુધારી તે અંગે તા. ૩૧-૧-૫૬ સુધીમાં યુનિવર્સિટી ઑફિસને રિપોર્ટ કરવા તે તે કૉલેજોને જણાવવું.

૫. નીચેની પરીક્ષાઓ ૧૯૫૬માં પ્રથમવાર લેવાની હોવાથી તે અંગેની ફી નિયત કરવા બાબત.

૧. ઇન્ટર સાયન્સ (એગ્રિ.) પ્રથમ વર્ષ.

૨. ઇન્ટર સાયન્સ (એગ્રિ.) (આ પરીક્ષાઓ ૧૯૫૬માં લેવાની નથી પરંતુ ફી નિયત કરવાની છે.)

૩. પ્રથમ વર્ષ ફાર્મસી

૪. ઇન્ટર ફાર્મસી.

નોંધ:- એગ્રિકલ્ચરના નવા કોર્સ મુજબની પરીક્ષા કર્ણાટક યુનિવર્સિટીમાં લેવાય છે.
ફાર્મસી ડિપ્લોમા કોર્સની પરીક્ષા રજપૂતાના યુનિવર્સિટીમાં લેવાય છે.

આ પરીક્ષાઓ માટે તે યુનિવર્સિટીઓમાં ફી નીચે મુજબ લેવાય છે:

૧. ઇન્ટર સાયન્સ (એગ્રિ.) ફર્સ્ટ ઇયર	રૂા. ૪૦-૦-૦
૨. ઇન્ટર સાયન્સ (એગ્રિ)	રૂા. ૪૦-૦-૦
૩. ફર્સ્ટ ઇયર ફાર્મસી	રૂા. ૨૫-૦-૦ (ઇન્ટર ફાર્મસી પાર્ટ I)
૪. ઇન્ટર ફાર્મસી	રૂા. ૩૦-૦-૦ ઇન્ટર ફાર્મસી પાર્ટ II)

ફાર્મસીની પરીક્ષાઓ માટે એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના પ્રિન્સિપાલનું મૌખિક સુચન નીચે મુજબ છે:-

ફર્સ્ટ ઇયર ફાર્મસી	રૂા. ૪૦-૦-૦
ઇન્ટર ફાર્મસી	રૂા. ૫૦-૦-૦

આથી ઠરાવવામાં આવે છે કે નીચેની પરીક્ષાઓ માટે નીચે જણાવ્યા પ્રમાણે ફી રાખવી અને તે પ્રમાણે ઑ. ૧૨૯ માં સુધારો કરવોઃ

૧.	ઈન્ટર સાયન્સ (એગ્રિ) ફર્સ્ટ ઈયર.	રૂા. ૪૦–૦–૦
૨.	ઈન્ટર સાયન્સ (એગ્રિ.)	રૂા. ૪૦–૦–૦
૩.	ફર્સ્ટ ઈયર ફાર્મસી	રૂા. ૪૦–૦–૦
૪.	ઈન્ટર ફાર્મસી	રૂા. ૫૦–૦–૦

બી. એડ. પરીક્ષાના પાર્ટ II માટે

૬. ૧૯૫૬માં લેવાનારી બી. એડ. પરીક્ષાના પાર્ટ II માટે ધી રામ્પા ગ્રેજ્યુએટ્સ ટીચર્સ કૉલેજ, પોરબંદરને રાજકોટને બદલે કેન્દ્ર તરીકે રાખવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધઃ- બી. એડ. માં પાર્ટ I અને II હોય છે. બી. એડ. પાર્ટ II (પ્રેક્ટીકલ લેસન્સ) ની પરીક્ષા પાર્ટ I (લેખિત) પહેલાં એક માસ અગાઉ લેવાય છે. મજકૂર કૉલેજની ૧૯૫૬ માં લેવાનારી બી. એડ. પરીક્ષા માટે રાજકોટને કેન્દ્ર તરીકે રાખવાનું તા. ૧–૧૦–૧૯૫૫ના રોજ મળેલી સિન્ડિકેટે ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પોરબંદરને ચાલુ વરસે બી એડ. પાર્ટ ૧ અને ૨ ની પરીક્ષા માટે કેન્દ્ર રાખવું.

૭. બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢની ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સની પરીક્ષાઓ માટે વધુ ત્રણ વરસ માટે જુનાગઢને કેન્દ્ર તરીકે ચાલુ રાખવા દેવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર.

(નોંધઃ-જુનાગઢને ૧૯૫૫ માં લેવાયેલી ઇન્ટર આર્ટ્સ અને ઈન્ટર સાયન્સની પરીક્ષાઓ માટે કેન્દ્ર તરીકે મંજૂર કર્યું હતું. ૧૯૫૬ માં લેવાનારી ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સની પરીક્ષાઓમાં આશરે નીચે મુજબની સંખ્યાના વિદ્યાર્થીઓ બેસવાના છેઃ

ઇન્ટર આર્ટ્સ.....૯૨ અને ઇન્ટર સાયન્સ.....૬૬.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલને જણાવવું કે ચાલુ વરસે ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સ માટે જુનાગઢ કેન્દ્ર તરીકે ચાલુ રહેશે.

૮. મોરબીને આગામી એટલે કે ૧૯૫૬ ના એપ્રિલ દરમ્યાન લેવાનારી બી.ઇ. (સિવિલ, મિકેનીકલ અને ઇલેકટ્રીકલ) ની પરીક્ષાઓ માટે કેન્દ્ર તરીકે રાખવા બાબતમાં લખધીરજી એન્જિનિયરીંગ કોલેજના પ્રિન્સિપાલનો પત્ર.

(નોંધઃ–સિન્ડિકેટે ફક્ત ગયા વર્ષ માટે જ મોરબીને કેન્દ્ર તરીકે રાખ્યું હતું અને અહીંથી ત્યાં એક સિનિયર સુપરવાઇઝરને સિન્ડિકેટના ઠરાવ અન્વયે મોકલવામાં આવ્યા હતા ૧૯૫૬ ની બી.ઇ. ની પરીક્ષાઓ માટે પણ તે ઠરાવ અમલમાં રહેશે કે કેમ તે કન્ફર્મ કરવા મજકૂર કૉલેજના પ્રિન્સિપાલે આ બાબતમાં લખ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મોરબીને ઍન્જિનિયરીંગ પરીક્ષાઓ માટે કેન્દ્ર રાખવું પરંતુ ગયે વરસે જેમ એક સિનિયર સુપરવાઇઝર બહારથી મોકલવામાં આવેલ હતા તેમ આ વરસે પણ મોકલવા.

૯ વિસનગરને આગામી ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સની પરીક્ષાઓ માટે કેન્દ્ર તરીકે રાખવા બાબતનો એમ. એન. કૉલેજ, વિસનગરના પ્રિન્સિપાલનો પત્ર.

(નોંધઃ–માર્ચ ૧૯૫૬ થી પ્રથમ ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સની પરીક્ષાઓ માટે કેન્દ્ર રાખવા મજકૂર કૉલેજના પ્રિન્સિપાલે વિનંતિ કરી છે. શરૂઆતમાં પ્રાયોગિક પગલાં તરીકે પણ કેન્દ્ર આપવા વિનંતિ કરી છે અને આ વર્ષનું કામ લક્ષમાં રાખીને પછી બીજે વર્ષે આ પ્રશ્નની ફરી વિચારણા કરવાની વિનંતિ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલનો પત્ર ધ્યાનમાં લઈ ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સ માટે વિસનગરને આ વરસે કેન્દ્ર રાખવું.

૧૦. મદ્રાસ યુનિવર્સિટીમાંથી બી.એ. પાસ થયેલા શ્રી. એસ. સાંથી, બી.એ. ના આધારે આ યુનિવર્સિટીમાં અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે નોંધાયા પછી ત્રણ વર્ષે પી.એચ.ડી. ની થિસિસ મોકલી શકે એવા ઇક્વીવેલેન્સની સ્ટેન્ડીંગ કમિટીએ કરેલા અને સિન્ડિકેટે મંજૂર કરેલા ઠરાવ અંગે ફરી વિચારણા કરવા માટે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના ડાયરેક્ટર તરફથી આવેલ પત્ર અંગે સિન્ડિકેટના ઠરાવ અન્વયે મદ્રાસ યુનિવર્સિટીના આ પ્રશ્ન પરત્વેના નિયમો મંગાવતાં તે અંગે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ વિદ્યાર્થીને હાલ તુરત પ્રોવિઝનલ એડમીશન આપી મદ્રાસ યુનિવર્સિટીની એમ.એ. ડીગ્રી મેળવી લાવવા જણાવવું.

૧૧. બી.એ. અને એમ.એ. ની પરીક્ષામાં શીખવવામાં આવતા વિષય એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરમાં અને મેજર રિલિજિયન્સ ઑફ વર્લ્ડના વિષયમાં યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો જ આ વિષયો શીખવાડે એ બાબત અંગેનો એમ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારીયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટના પ્રિન્સિપાલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીના પત્ર સહિત આ બાબત ઍકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલવી.

૧૨. રાધાકૃષ્ણનના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણેના જનરલ એજ્યુકેશન કોર્સીસ દાખલ કરવાની તરફેણમાં જો આ યુનિવર્સિટી હોય તો તે અંગેની યોજના મોકલવા બાબતના તેમજ તેમાં થતા રિકરીંગ તેમજ નોન-રિકરીંગનો અંદાજ જણાવવા બાબતના યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના સેક્રેટરી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલને મોકલવી અને ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું કે આ યુનિવર્સિટીમાં 3 years' degree course દાખલ કરતી વખતે અભ્યાસક્રમ નિયત કરતી વખતે ડૉ. રાધાકૃષ્ણન કમિટીના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણેનો જનરલ એજ્યુકેશનનો કોર્સ દાખલ કરવો કે કેમ ? તે બાબતમાં સિન્ડિકે ઍકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય જાણવા ઇચ્છે છે. સિન્ડિકેટ સિદ્ધાંતિક રીતે કમિટીની ભલામણની તરફેણમાં છે.

૧૩. આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝના અનુસ્નાતક વિદ્યાર્થીઓની હાજરી પ્રથમ સત્રમાં નિયમ કરતાં ઓછી હોવાથી તેઓને તે ખૂટતી હાજરી બીજા સત્રમાં પૂરી કરવા પરવાનગી આપવા બાબતમાં મજકૂર સ્કૂલના ડાયરેક્ટર તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝમાં સિનિયર એમ.એ. ના વિદ્યાર્થીઓ તરફથી તેમની ખૂટતી હાજરી માફ કરવા અંગે વ્યક્તિગત અરજીઓ ડાયરેક્ટર મારફતે આવે તો તેના પર વિચારણા કરવામાં આવશે તેમ જણાવવું.

૧૪. કેમિસ્ટ્રીની અભ્યાસ સમિતિની નીચે મુજબની ભલામણ.

"Further the Board feels that the applications for examinership should be forwarded through the Principal and therefore, resolves to request the Syndicate to take necessary steps in this direction."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડે સૂચવેલું પગલું લેવા માટે કયા કારણો છે તે કારણો જણાવેલ ન હોવાથી કેમિસ્ટ્રી બૉર્ડને કારણો પૂછાવવા.

૧૫. સિન્ડિકેટે તેની તા. ૧-૧૦-૧૯૫૫ના રોજ મળેલી બેઠકમાં ટીચીંગ સ્ટાફને એકસ્ટ્રા ઑર્ડિનરી લિવ આપવી કે કેમ તે અંગે મુંબઇ રાજ્યની બીજી યુનિવર્સિટીઓમાં પૂછાવવા ઠરાવ્યા પ્રમાણે પૂછાવતાં તેમના તરફથી આવેલા જવાબો.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ ખાસ સંજોગોમાં વગર પગારે એકસ્ટ્રા ઑર્ડિનરી લિવ ટીચીંગ સ્ટાફને આપી શકશે

૧૬. રજિસ્ટ્રાર શ્રી. કે. સી. પરીખને માંદગીને કારણે રજા પર ઉતરવું પડયું હોવાથી તેમને સ્પે. (એચ.) મુજબની અડધા પગારની રજા મંજૂર કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારની અડધા પગારે રજા મંજૂર કરવી.

૧૯. નીચે જણાવેલા વિદ્યાર્થીઓની તેઓના નામ સામે જણાવેલ ડીગ્રી માટેના મહાનિબંધો રેફરીઝે સ્વીકાર્યા હોવાથી તેમને તે ડિગ્રીમાં પાસ થએલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

નામ	કૉલેજ	ડીગ્રી
૧. શ્રી. સુબન્ધુ રસિકલાલ પરીખ	ગુજરાત કૉલેજ, અમદાવાદ	એમ.એસસી.
૨. શ્રી. સૂર્યકાન્ત કાનજીભાઇ પરીખ	,,	એમ.એસસી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૮. સ્વ. શ્રી. ભુલાભાઇ દેસાઇની લાયબ્રેરી ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટને મળેલી છે તે યુનિવર્સિટીએ સ્વીકારવા બાબતે ટ્રસ્ટના ચેરમેન તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પુસ્તકોનો સાભાર સ્વીકાર કરવો અને લાયબ્રેરીમાં સ્વ. શ્રી. ભુલાભાઇ દેસાઇ લૉ સેકશન એવો વિભાગ રાખવો.

૧૯. ઑક્ટોબર ૧૯૫૫માં લેવાયેલી બી.ફાર્મની પરીક્ષામાં નાપાસ થયેલા શ્રી. જી. ડી. પટેલ તથા શ્રી. ડી. બી. પટેલના કેસો વિચારવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી તેમની અરજીઓ.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૦. બી. એડ. પાર્ટ–૧ ની રૂા. ૩૦ અને પાર્ટ-૨ ની રૂા ૩૦ એમ કુલ રૂા. ૬૦ ફી છે તેને બદલે મુંબઇ સ્ટેટની બીજી યુનિવર્સિટીઓ પ્રમાણે પાર્ટ–૧ ની રૂા. ૧૫ અને પાર્ટ–૨ ની રૂા. ૧૫ એમ ફી રાખવા બાબત અને તેને ૧૯૫૬ ની પરીક્ષાથી અમલમાં લાવવા બાબતની એ. જી. ટીચર્સ કૉલેજના વિદ્યાર્થીઓની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલથી બી. એડ. પરીક્ષા માટે ફી નીચે પ્રમાણે રાખવા અને તે પ્રમાણે ઑર્ડિનાન્સ ૧૨૯ માં સુધારો કરવો:

બી. એડ. પાર્ટ–૧	રૂા. ૧૫–૦–૦
બી. એ. પાર્ટ–૨	રૂા. ૧૫–૦–૦

૨૧. ત્રીજી એમ.બી.,બી.એસ.ની ઑક્ટોબર ૧૯૫૫ ની પરીક્ષા માટે બી. જે. મેડિકલ કૉલેજના ત્રણ વિદ્યાર્થીઓ, તેઓનું પેથોલૉજી અને બેકટેરીઓલૉજી અંગેનું કામ પ્રિન્સિપાલે સર્ટિફાય કરેલું ન હોવાથી મજકૂર પરીક્ષા માટે લાયક નહોતા પરંતુ આ અંગે મુંબઇ યુનિવર્સિટીને પૂછાવેલું હોવાથી તેઓનો જવાબ પરીક્ષાની તારીખ સુધીમાં આવી ન શકવાથી પરીક્ષામાં પ્રોવિઝનલી દાખલ કરેલા. તેઓ જે વિષયમાં બેઠા હોય

તેમાંથી જેમાં exemption marks મળતા હોય તે મંજૂર રાખવા બાબતનો મજકૂર વિદ્યાર્થીઓની અરજી.

(નોંધઃ– ઑકટોબર ૧૯૫૫ની ત્રીજી એમ.બી.,બી.એસ. ની પરીક્ષામાં ત્રણ વિદ્યાર્થીઓએ એમ.બી.,બી.એસ.ના કોર્સના પેથોલૉજી વિષયના અભ્યાસક્રમને સંતોષકારક રીતે પૂરો કર્યો નહતો તેથી તેઓને Provisionally at their own risk બેસવા દેવામાં આવ્યા હતા. ઑર્ડિનાન્સ ૨૬૭–એ મુજબ તેવા વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દઈ શકાય નહિ. પરંતુ પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે મુંબઈ યુનિવર્સિટીમાં આવા વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવામાં આવે છે તેથી મુંબઇ યુનિવર્સિટીમાં શી પ્રથા છે તે પૂછાવવામાં આવ્યું હતું. મુંબઈ યુનિવર્સિટીના જવાબ પરીક્ષા શરૂ થવાના આગલા દિવસ સુધી આવેલ ન હોવાથી વિદ્યાર્થીઓને પ્રોવિઝનલી બેસવા દેવામાં આવ્યા હતા. મુંબઈ યુનિવર્સિટીના જવાબ મુજબ તે વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસાડી શકાય નહિ તેથી પ્રિન્સિપાલને તેમના ફૉર્મ પાછા બેંચવા પરીક્ષાના દિવસે જણાવ્યું હતું પરંતુ તે બની શકયું ન હતું અને વિદ્યાર્થીઓએ કેટલાક વિષયની પરીક્ષા આપી – મેડિકલ પરીક્ષાઓના નિયમ પ્રમાણે જે વિદ્યાર્થી અમુક વિષયમાં બેસે અને તે વિષયમાં પાસ થાય તો તેને તે વિષયમાં એકઝમ્પશન મળે છે. આ કેસમાં આ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવા માટે લાયક જ ન હોવાથી તેઓ જે વિષયોમાં બેઠા હતા તે વિષયોમાં તેઓનું પરિણામ ધ્યાનમાં લઈ એકઝમ્પશન આપવામાં આવ્યું નથી. વિદ્યાર્થીઓની માગણી છે કે તેઓ જે વિષયોમાં બેઠા છે તે વિષયમાં પાસ થતા હોય તો એકઝમ્પશન આપવું)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીઓએ પેથોલૉજી વિષયનું નિયત કરેલું કામ પૂરું કર્યું છે એ બાબતનું પ્રિન્સિપાલ તરફથી તેઓ સર્ટિફીકેટ રજૂ કરે ત્યારે તેમનું પરિણામ જાહેર કરવા બાબતમાં નિર્ણય લેવા શ્રી. વાઇસ–ચાન્સેલરને સત્તા આપવી.

૨૨. રાજીનામું આપીને છૂટાં થયેલાં જુનિયર કલાર્ક શ્રીમતિ વિમળા વી. અમીનને તેમને ખાતે તેમની જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમ તેમજ તેનું વ્યાજ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતિ વિમળા વી. અમીનને તેમના ખાતે તેમની જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૨૩. રાજીનામું આપીને છૂટા થયેલા જુનિયર કલાર્ક શ્રી. રાજેન્દ્ર એચ. મરચન્ટને તેમને ખાતે જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એચ. મરચન્ટને તેમને ખાતે તેમની જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૨૪. પરિભાષા અંગે નીમેલી કમિટીઓ માટે કાર્ડ ઇન્ડેક્ષ બનાવવા બાબત એવી કેટલાક સભ્યો તરફથી સૂચના આવી છે અને તે કામ ગુજરાતી ભાષા સાહિત્ય ભવનની હસ્તક

કરાવવું એમ જણાવવામાં આવ્યું છે તો તે અંગે જરૂરી સ્ટાફ તથા પુસ્તકો અને સ્ટેશનરી વગેરેનો ખર્ચ મંજૂર કરવા બાબત.

(નોંધ:- વિનયન તથા વિજ્ઞાન વિભાગની પરિભાષા તૈયાર કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિઓની ભલામણ નીચે મુજબ છે:-

૧. વિનયન વિભાગની પરિભાષા સમિતિની ભલામણ:

"આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે:-

૧. પરિભાષા અંગેનું આ કામ મોટું હોવાથી ઘણાં પુસ્તકોની જરૂર પડશે તેથી દરેક ઉપ-સમિતિઓના ચેરમેન જણાવે તે મુજબના પુસ્તકો તાકીદે ખરીદવા કૃપા કરીને ગોઠવણ કરે.

૨. ઉપ-સમિતિના દરેક સભ્યને તે તે પુસ્તકની એક એક નકલ યુનિવર્સિટીના ખર્ચે પુરી પાડવામાં આવે.

૩. આ કામ અંગે સ્ટેશનરી, ટપાલ ટાઇપિંગ કામ વગેરે અંગે જે ખર્ચ થાય તે માટે ઉપ-સમિતિઓના ચેરમેનોને એકંદરે રૂા. સોથી વધુ નહિ એટલા સુધી ખર્ચ કરવાની સત્તા આપવામાં આવે."

૨. વિજ્ઞાન વિભાગની પરિભાષા સમિતિની ભલામણ:

"(C) (i) For executing the work as mentioned in I (b) the Syndicate is requested to sanction the following amount:-

Rs. 5000/- for pure Sciences in the branches of Physics, Chemistry, Biology (Botany and Zoology), Mathematics and Geology.

Rs. 2,000/- for Medicine

Rs. 2,000/- for Engineering

(ii) It is further recommended to the Syndicate that the Chairman, in consulation with the various conveners be empowered to utilize the above amount for-

(a) expenses for the purchase of necessary books, dictionaries, etc.;

(b) appointment of clerical and technical assistants (paid);

(c) typing and cyclostyiying the technical terms;

(d) miscellaneous expenses including stationery, postage, etc.

The resolution I (b) of the Committee is as follows:-

(b) The members mentioned in Resolution I (a) will execute the following work by 15 February 1956 or the latest by 1st March 1956.

(i) Prepare card indices of various technical terms;

(ii) Circulate from time to time, the list of technical terms, to various authorities for their opinion and suggestions. if any;

(iii) Submit to the Chairman the final list of technical words with their own preference as arrived at by consideration of the sub-committees.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિભાગની પરિભાષા સમિતિની ભલામણો તથા તેમણે માગેલી રકમ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે – વિનયન વિભાગની પરિભાષા સમિતિની ભલામણો પૈકીની નં. ૧ અને ૩ મંજૂર કરવી અને ભલામણ નં. ૨ મંજૂર કરવી નહિ.

ઉપ-સમિતિના ચેરમેનને જે પુસ્તક સૂચવે તેની એક એક નકલ વસાવવા યુનિવર્સિટી તરફથી વ્યવસ્થા કરવી અને જો તે પુસ્તક જરૂર પડે તો બધા સભ્યોમાં ફેરવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિનયન વિભાગની પરિભાષા અંગે જો જરૂર લાગે તો જરૂરી સ્ટાફ નીમવાની શ્રી. વાઈસ-ચાન્સેલરને સત્તા આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૬૬–૭૮
અમદાવાદ–૯,
તા ૨–૧–૫૬

જ. મં. મહેતા
ફોર રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ફ"

કામકાજ નં. ૨

Name of persons to whom the faculties have been assigned by the Syndicate

Sr. No.	Name	Faculty assigned
1.	Shri H. V. Divatia, M.A.,LL B. Vice-Chancellor, Gujarat University.	Arts
2.	Shri K. C. Parikh, M.A.,LL.B. Registrar, Gujarat University.	Arts
3.	Shri J. C. Shah, B A.,LL.B. Bombay High Court Justice.	Law
4	Shri D. N. Desai, B.A.,LL B. Minister of Education. Goverament of Bombay.	Law
5.	Dr John Mathai, B A.,B.L. (Madras), B.Litt. (Oxon) D.Sc. (Lond), C I.E. Vice-Chancellor, University of Bombay.	Arts
6.	Dr. M. R. Jayaker, P.C.M.A., Bar-at-Law, D C.L ,LL.D. Vice-Chancellor, University of Poona.	Law
7.	Smt. Hansa Mehta, B.A. (Hons.), Vice-Chancellor, M. S. University of Baroda.	Arts
8.	Shri D. C. Pavate, M A. (Cantab) Vice-Chancellor, Karnatak University.	Arts
9.	Shri K. M. Jhaveri, M.A.,LL B. Vice-Chancellor, S. N. D. T. Women's University.	Law
10.	Shri R. D. Patel, L.C E. Vice-Chancellor, Sardar Vallabhbhai Vidyapith.	Engineering
11.	Shri S. S. Bhandarkar, B A. (Bom. & Lond) Director of Education, Bombay State.	Arts
12.	Shri J. A. Taraporevala, B.Sc. (Bom. & Edin.), M.I. (Struct), E.M I.,C E. (Lond). M.I.E. (India) Director of Technical Education, Bombay State.	Engineering
13.	Dr. B. B. Dixit, M.B.,M.R.C.P.E., D.Ph. (Cal.), Ph.D. (Edin.), F R.S. (Edin), F N.I. The Surgeon General with the Govt. of Bombay.	Medicine

Sr. No.	Name	Faculty assigned
14	Dr. T. G. Shirname, B Ag. (Bom.), Ph.D. (Wales), F.S.S. (Lond.), F.R.Econ.S. (Lond.) Director of Agriculture, Bombay State.	Agriculture
15.	Dr M. R. Mandlekar, D.I.C, Ph.D. (Lond.) Director of Industries, Bombay State.	Engineering
16.	Shri U. N. Mahida, B.E., M.I.E. (India), I.S.E. Chief Engineer to the Govt. of Bombay.	Engineering
17.	Shri R. D. Joshi, B.Sc., A.I F.C., Conservator of Forests, Northern Circle, Baroda.	Agriculture
18.	Shri Morarji R. Desai, Vice-Chancellor, Gujarat Vidyapith.	Arts
	Elected by Secondary Teachers of High Schools	
19.	Shri G. B. Oza, B.A., S.T.C.	Arts
20.	Shri R. C. Patel, B.A.	Arts
21.	Shri J. D. Desai, B.Sc., B.T.	Arts
22.	Shri D. M. Shah, B.A., LL.B., B.T.	Arts
	Elected by Head Masters of High Schools	
23.	Shri R. M. Trivedi, B.A. (Hons.)	Arts
24.	Shri C. C. Shah, M.A., B.T., LL.B.	Arts
	Elected by Municipal School Boards of Authorised Municipalities	
25.	Shri B. P. Shah, B A. LL.B.	Law
26.	Shri M. B. Desai, B.A, LL.B.	Law
	Elected by District School Boards	
27	Shri B. G. Contractor	Arts
28.	Shri L. H. Patel, M.A., LL B	Arts
	Elected by Ahmedabad Municipal Corporation	
29.	Shri K. T. Desai, B.A.	Arts
	Elected by Bombay Legislative Assembly	
30.	Shri M. P. Patel, B.A., LL.B., M.L.A.	Law
31.	Shri M. B. Shah, B.A., M.L.A.	Arts

Sr. No.	Name	Faculty assigned
32.	Shri R. P. Soni, B.A.,B.T.,M.L.A.	Arts
33.	Shri H. B. Mahida, B.A.,LL.B.,M.L.A.	Law
	Elected by Bombay Legislative Council	
34.	Shri P. B. Patwari, B.A.,LL.B.,M.L.C.	Law
	Elected by Ahmedabad Millowners' Association	
35.	Shri N. S. Sodhan	Commerce
	Elected by Registered Trade Unions	
36.	Shri S. P. Dave, B.A.,L.L.B.	Law
	Elected by Donors	
37.	Shri B. K. Muzumdar, M.A., B.Com. (Lond.)	Arts
38.	Shri Balkrishna Harivallabhdas	Commerce
39.	Shri M. C. Patel	Arts
40.	Shri A. N. Sheth, B.Sc. (Pom.)	Science
41.	Shri S. K. Sheth, B.S. (M.I.T. (U.S.A.), M.B.A. (Harward)	Commerce
	Persons nominated by the Chancellor	
42.	The Hon'ble Minister for Education, Govt. of Saurashtra, Rajkot.	Arts
43.	The Hon'ble Minister for Industries, Govt. of Saurashtra, Rajkot.	Commerce
44.	Shri Damodarlal Sharma, B.A. (Dip), Ed. (Edin.), B.Ed. (Hons.) (Edin.) Director of Education, Government of Saurashtra, Rajkot.	Arts
45.	Dr. P. M. Mehta, M.D.,M.S., F.C.P.S., F.Y.C.S. Director, Central Institute of Research in Indigenous Systems of Medicine, Jamnagar.	Ayurvedic Medicine
46.	Sheth Kasturbhai Lalbhai	Commerce
47.	Sheth Amrutlal Hargovandas, B.A.,LL.B.	Commerce
48.	Shri P. G. Shah, M.A.,B.Sc.	Arts
49.	Shri M. P. Desai	Arts
50.	Dr. V. A. Sarabhai, Ph.D. Physical Research Laboratory.	Science

Sr. No.	Name	Faculty assigned
51.	Dr. B. R. Patel, M.D.,M R.C.P.,T.D.D.	Medicine
52.	Dr. R. M. Parikh, M.S.,F.I C.S.	Medicine
53.	Shri V. V. Vaidya	Ayurvedic Medicine.
54.	Prof. Y. G. Naik, M Sc., Ph.D.	Science
55.	Prof. A. M. Raval, M.A.	Arts
56.	Shri L. C. Gandhi, M.A.,LL.B.,B.Sc.	Law
57.	Dr. N. H. Desai, M.B.B S. (Bom.), I.M.D. (Lond.), M.R.C P. (Lond.)	Medicine
58.	Shri H. K. Desai	Law

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૩

નં. સિ. ૮૨૬૨૨–૨૫–૧૯૫૫
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ–૯. તા. ૩૦–૧૧–૫૫

ઑફિલિએટેડ કૉલેજોના અને માન્ય થયેલી સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર ઉપર વિચારણા અને રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સ્ટેડીંગ કમિટીની ૧૮મી બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, ગુરૂવાર તા. ૨૪–૧૧–૧૯૫૫ ના રોજ સાંજના ૪–૦ કલાકે મળેલી જેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ ઢિબેટિયા વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	હાજર,
૩.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	હાજર,
૪.	પ્રિન્સિપાલ એ. ડિસોઝા	ગેરહાજર.

૧. તા. ૫–૭–૧૯૫૫ ના રોજ મળેલી બેઠકની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૫–૭–૧૯૫૫ ના રોજ મળેલી ૯ મી બેઠકની નોંધને બહાલી આપવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. તા. ૫–૭–૧૯૫૫ ના રોજ મળેલી ૯મી બેઠકના ઠરાવ મુજબ બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય અને વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરમાં નીમાયેલ શ્રી. મખનલાલ ગંજુ તથા શ્રી. ડી. એમ. માસ્તર અત્યે સંસ્થામાં કેટલો વખત કામ કરે છે તે પુછાવતાં તે બાબત મજકૂર કૉલેજોના પ્રિન્સિપાલો તરફથી આવેલા નીચે મુજબની માહિતી.

બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલયના પ્રિન્સિપાલની માહિતી

"શ્રી. ડી. એમ. માસ્તર અમારી સંસ્થામાં હિન્દી અને ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે હાલ આખો વખત (full time) કામ કરે છે અને તેઓ કુલ ૧૫ લેકચર લે છે.

શ્રી. મખનલાલ ગંજુ વિષે માગેલી માહિતી અમોએ અમારા તા. ૨૬–૮–૫૫ ના પત્ર નં. યુ. ઓ. ૪–૧૦૯૧ મારફત મોકલી આપી છે. તેઓ અમારી કૉલેજમાં અઠવાડીયામાં હાલ ૬ લેકચર અને ૧ ટ્યુટોરીયલ મલી કુલ ૭ પીરીયડ લે છે."

વી. પી મહાવિદ્યાલયના પ્રિન્સિપાલની માહિતી

"Shri M. P. Ganju, a lecturer in English at our College, takes 8 lectures and 1 tutorial at our college, each lecture and tutorial being of 45 minutes duration.

Shri D. M. Master was taking 6 periods in Hindi at our College prior to the appointment of Shri O. Saraswat as full time lecturer in Hindi at this college. At present Shri D. M. Master does not do any work at our college."

આથી ઠરાવવામાં આવે છે કે પત્રોમાં જણાવવામાં આવેલી બાબતની નોંધ લેવી.

૩. તા. ૫–૭–૧૯૫૫ ના રોજ મળેલી ૯મી બેઠક વખતે એફિલિએટેડ કૉલેજો અને માન્ય થયેલ સંસ્થાઓના સ્ટાફમાં થયેલ ફેરફારમાંની નીચેની જણાવેલી કૉલેજોના સભ્યોના નામ સામે જણાવેલી મંગાવવામાં આવેલી હકીકત:

૧. સર. કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.

શ્રી. એચ. જે. દેસાઇનો શૈક્ષણિક અનુભવ જે ત્રણ વરસ અને સાડાચાર માસનો જણાવ્યો છે તે કયી કયી કૉલેજોનો છે અને તે કૉલેજમાં તેમની નિમણૂકને મંજૂરી આપી હતી કે કેમ તે અંગે પૂછાવતાં કૉલેજ તરફથી આવેલી નીચે મુજબની માહિતી:

"Shri H. J. Desai had first joined this College on 1–7–1951 as a part–timer. He left the College on 19–11–1954. Again he has joined the college on 1–7–1955 as a full time member. He has thus a total teaching experience of three years and four and a half months to his credit."

૨. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ-વિદ્યાનગર, વાયા આણંદ.

શ્રી. પી. પી. ઠાકોર એમ.એ. કયા વર્ગમાં પાસ થયા છે તે અંગે પૂછાવતાં કૉલેજ તરફથી આવેલી નીચે મુજબની માહિતી:

"Shri P. P. Thakore has been appointed as a Tutor in English in the first instance and will be subsequently absorbed as a lecturer. Please consider his name cancelled from the list sent by me along with my No. K. 5145 of 4–8–55,

Shri P. P. Thakore has taken M.A. degree in Pass Class and will be completing his period of 4 terms as a tutor in English by the end of this term."

૩. લખધીરજી ઍન્જિનીયરીંગ કૉલેજ, મોરબી.

શ્રી. સી. ડી. પટેલનો શૈક્ષણિક અનુભવ કેટલો છે અને કયાંનો છે તે અંગે પૂછાવતાં કૉલેજ તરફથી આવેલી નીચે મુજબની માહિતી:

"Shri C. D. Patel has no teaching experience but he has got practical experience of six years

as mentioned in the report of changes in College Staff of Shri C. D. Patel.

આથી ઠરાવવામાં આવે છે કે:-

૧. શ્રી. એચ. જે. દેસાઇની નિમણૂંકને મંજૂર રાખવી.

૨. પ્રિન્સિપાલના પત્રમાં જણાવ્યા મુજબ શ્રી. પી. પી. ઠાકોરની નિમણૂંક સૌ પ્રથમ ટયૂટર તરીકે કરેલી હોઈ પ્રિન્સિપલનો રિપોર્ટ આવશ્યક રહેતો નથી.

૩. આ બાબતમાં પ્રિન્સિપલ ડિસોઝાનો અભિપ્રાય પૂછાવવો.

૪. નીચે જણાવેલી ઍફિલિએટેડ કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફારો:

સ્ટેટમેન્ટ "એ" મુજબ:

૧. વાડીલાલ સારાભાઇ હૉસ્પિટલ, અમદાવાદ.

૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

૩. એલ. એમ. કૉલેજ, ઑફ ફાર્મસી, અમદાવાદ.

૪. ગુજરા કૉલેજ, અમદાવાદ.

૫. આર. આર. લાલન ઈન્ટરમિડિએટ કૉલેજ, ભુજ.

૬. પેટલાદ કૉલેજ, પેટલાદ.

૭. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.

૮. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

૯. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ

૧૦. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ.

૧૧. એમ. એન. કૉલેજ, વિસનગર.

૧૨. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.

૧૩. સામળદાસ કૉલેજ, ભાવનગર.

૧૪. મહિલા મહાવિદ્યાલય, પોરબંદર.

૧૫. ગ્રેયસ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ. નવસારી.

૧૬. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચ.

૧૭. એ. જી. ટિચર્સ કૉલેજ, અમદાવાદ.

૧૮. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.

૧૯. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.

૨૦. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.

૨૧. બી. વી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.

૨૨. લખધીરજી એન્જિનીયરીંગ કૉલેજ, મોરબી.

સ્ટેટમેન્ટ "બી" મુજબ:

૧. વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ, અમદાવાદ.

૨. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.

૩. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.

૪. ગુજરાત કૉલેજ અમદાવાદ.

૫. આર. આર. લાલન ઈન્ટરમિડિએટ કૉલેજ, ભૂજ.

૬. લખધીરજી એન્જિનીયરીંગ કૉલેજ, મોરબી.

સ્ટેટમેન્ટ "સી" મુજબ:

૧. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ.

૨. એમ. જે. કૉલેજ, ઑફ કૉમર્સ, ભાવનગર.

૩. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.

૪. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદ.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજો તથા સંસ્થાના નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલ ફેરફારો મંજૂર કરવા:

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ, અમદાવાદ.	૧. ડૉ. કે. સી. ગુપ્તા ૨. ડૉ. મીસ એસ. સી. પંડ્યા
૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. એમ. એન. જિન્દલ
૩. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.	૧. શ્રી. બી. એ. લાલા (ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર.)
૪. ગુજરાત કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. જે. આઇ. સેતલવાડ ૨. મીસ કે. જી. દેસાઈ ૩. શ્રી. આર. જી. ખીડકર ૪. શ્રી. એ. એચ. આઇ. વોરા ૫. કુમારી એસ. બી. ગુંજીકર

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
	૬. શ્રી. એસ. પી. વાલ્વેકર
	૭. શ્રી. ઇ. એમ. બહમારા
	૮. ડૉ. કે. આર. દીક્ષિત
	૯. ડૉ. એસ. બી. મહાબલ
૫. આર. આર. લાલન ઇન્ટરમિડિએટ કૉલેજ, ભૂજ.	૧. શ્રી. આર. સી. કોઠારી
	૨. શ્રી. એચ. ડી. દવે
	૩. શ્રી. વી. કે. ચાવડા
	૪. શ્રી. ડી. એમ. દેસાઈ
	૫. ડૉ. એન. ઝેડ. પટેલ
	૬. શ્રી. એસ. વી. સ્વાદીયા (ખાસ કેસ તરીકે)
	૭. ડૉ. એ. જી. મુન્શી
૬. પેટલાદ કૉલેજ, પેટલાદ.	૧. શ્રી. આર. એમ. શુકલ
	૨. શ્રી. જે. એસ. મેનીઝીઝ
	૩. શ્રી. એમ. ટી. શાહ
	૪. શ્રી. વી. સી. શાહ
	૫. શ્રી. આર. ડી. જોષી
	૬. શ્રી. ડી. કે. પટવર્ધન
૭. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.	૧. શ્રી. કે. એચ. કામદાર
	૨. શ્રી. ઓ. આર. સારસ્વત
	૩. શ્રીમતી સી. પી. શુકલ
	૪. શ્રી. પી. બી. પરીખ
૮. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ, અમદાવાદ.	૧. શ્રી. બી. એસ. પટેલ
	૨. શ્રી. એચ. જી. ગોસ્વામી
	૩. શ્રી. એન. કે પટેલ
	૪. શ્રી. એમ. જે. શુકલ
૯. રામાનંદ મહાવિદ્યાલય, અમદાવાદ.	૧. શ્રી. એ. આઈ. ખરાદી
	૨. શ્રી. કે. વી. ધોળકીયા
	૩. શ્રી. આર. બી. દેસાઈ

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનુ નામ
૧૦. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ.	૧. શ્રી. જે. એચ. અધ્વર્યુ ૨. શ્રી. વી. પી. ભટ્ટ ૩. શ્રી. એસ. જી. અરસેકર ૪. શ્રી. એમ. સી. શાહ
૧૧. એમ. એન. કૉલેજ, વિસનગર.	૧. શ્રી. એસ. વી. ઘોલકર ૨. શ્રી. વાં. જી. જની ૩. શ્રી. સી. એસ. મોહિલે ૪. શ્રી. એમ. ટી. શાહ ૫. શ્રી. વી. એમ. કુલકર્ણી
૧૨. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બાં. પી. બારિઆ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ નવસારી.	૧. કુમારી બી. ડી. મહેતા ૨. શ્રી. બાં. ટી. પરમાર ૩. શ્રી. પી. એસ. રામસ્વામી
૧૩. સામળદાસ કૉલેજ, ભાવનગર.	૧. શ્રી. જે. જી. ત્રિવેદી ૨. શ્રી. સી. વી. રાવલ ૩. શ્રી. પી. બી. ઝાલા
૧૪. મહિલા વિદ્યાલય, પોરબંદર.	૧. કુમારી પી. એ. અગાસકર ૨. કુમારી જે. એચ. શ્રોફ ૩. શ્રી. જે. એમ. રાજ
૧૫. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચ.	૧. શ્રી. ડી. એચ. દેસાઇ
૧૬. શેઠસ આર્ટ્સ અને સાયન્સ ઇન્ટરમિડિએટ કૉલેજ, અમદાવાદ.	૧. કુમારી એચ. કે. સીપાઈમાલાની ૨. શ્રી. એસ. જી. દવે
૧૭. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. ડી. એમ. ભાવસાર ૨. કુમારી સી. એલ. ભટ્ટ ૩. શ્રી. જી. એમ. પરીખ
૧૮. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. એ. એસ. કાઝી ૨. શ્રી. એમ. જે. મહેતા ૩. શ્રી. વી. પી. દલાલ ૪. શ્રી. પી. એમ. શ્રીનિવાસચારી ૫. શ્રી. ડી. વી. ચિત્રે

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧૯. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	૧. શ્રી. જે. બી. તીજોરીવાલા ૨. શ્રી. સી. જી. લોટીયા ૩. શ્રી. એચ. જે. દેસાઇ
૨૦. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.	૧. શ્રી. એલ. વી. ગોગટે
૨૧. બી. વી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.	૧. શ્રી. આર. શ્રીનિવાસ ૨. શ્રી. જી. એસ. દેસાઇ ૩. શ્રી. એન. સી. પંડયા ૪. શ્રી. એમ. એ. દાતે
૨૨. લખધીરજી એન્જિનીયરીંગ કૉલેજ, મોરબી.	૧. શ્રી. એસ. એસ. ગેરાલા ૨. શ્રી. ટી. એમ. એલ. રાવ

(બ) વાડીલાલ સારાભાઇ હૉસ્પિટલ, અમદાવાદની નીચેની નિમણૂંકો બાબતમાં આ કમિટીનું માનવું છે કે તેઓ પોસ્ટ ગ્રેજયુએટ રિસર્ચ માટેની માન્ય સંસ્થામાં અધ્યાપકો હોવાથી તેઓ જરૂરી લાયકાત ધરાવતા નથી છતાં આ પ્રશ્ન પોસ્ટ ગ્રેજયુએટ શિક્ષણ સંસ્થાને લગતો હોવાથી સ્ટેન્ડીંગ કમિટીનો ઉપરોક્ત અભિપ્રાય સાથે આ પ્રશ્ન બૉર્ડ ઑફ કૅ યુનિવર્સિટી ટીચીંગ સમક્ષ મૂકવો.

૧. ડૉ. જી. આર. કામટ
૨. ડૉ. એમ. બી. વાગ્લે
૩. ડૉ. જે. એમ. જલુંધવાલા
૪. ડૉ. મીસ એસ. એલ. કોપ્પીકર
૫. ડૉ. આર. એમ. નાડકર્ણી
૬. ડૉ મીસીસ એસ. એમ. વાગ્લે

(ગ) નીચે દર્શાવેલ સંસ્થા તથા કૉલેજોનાં નામ સામે જણાવેલ સ્ટાફના સભ્યોની નિમણૂંકો મંજૂર રાખવી.

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. લખધીરજી એન્જિનીયરીંગ કૉલેજ, મોરબી.	૧. શ્રી. એમ. આર. અગ્રવાલ ૨. શ્રી. એસ. ઓ. કાઝી ૩. શ્રી. એલ. ડી. જસવાણી ૪. શ્રી. આઇ. એ. હસન
૨. સામળદાસ કૉલેજ, ભાવનગર.	શ્રી. એન. જે. ત્રિવેદી

(ચ) નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ સ્ટાફ અંગે જરૂરી માહિતી મંગાવવીઃ

૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. ડી. એસ. જોષીએ એમ.એ. કયા વિષયો લઇ પાસ કરી તે પૂછાવવું.
૨. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	ડૉ. ત્રિલોચનસીંગ ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરે છે કે કેમ તે પૂછાવવું. અને જો તેમ હોય તો તેવા સભ્યોના રિપોર્ટ મોકલવાની જરૂર નથી તેમ જણાવવું.
૩. ગુજરાત કૉલેજ, અમદાવાદ.	શ્રી. આર. જી. કુલકર્ણીએ પસાર કરેલી હિન્દી શિક્ષક સનદ પરીક્ષાના અભ્યાસક્રમ અંગે પૂછાવવું.

(ચ) બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદમાં ઓ.સી.સી. ઇન્સ્ટ્રક્ટર તરીકે નીમાએલ શ્રી. સુરજસિંહ સુખરામની નિમણૂંકનો હેવાલ આ યુનિવર્સિટીને કરવાની જરૂર નથી પણ તેવી નિમણૂંક અંગેની જોઇતી ઓછામાં ઓછી લાયકાત માટે નિયમો ઘડવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(છ) નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ અગાઉના સ્ટાફના રિપોર્ટ અંગેની નોંધ લેવી.

-	કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યુટ, નડિયાદ.	૨. શ્રી. બી. કે. શાહ ૨. શ્રી. એચ. આર. ઠક્કર
૨.	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.	શ્રી. એલ. વી. ગોગટે
૩.	બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ.	શ્રી. બી. એન. ભટ્ટ
૪.	ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદ.	ડૉ. વાચસ્પતિ

(જ) પ્રિન્સિપલ ટી. કે. શાહની હાલમાં કૉલેજમાં ન હોવાથી તેમની નિમણૂંકનો રિપોર્ટ ઉપર વિચારણા કરવામાં આવી નહોતી.

૫. **નીચે જણાવેલી ઍફિલિએટેડ કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફારોઃ**

૧. એમ. એન. કૉલેજ, વિસનગર.
૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૩. એલ. એમ. કૉલેજ, ઑફ ફાર્મસી.
૪. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.
૫. મહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ.
૬. આર. આર. લાલન ઇન્ટરમિડિએટ કૉલેજ, ભુજ.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલ ફેરફારો મંજૂર કરવાઃ

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. એમ. એન. કૉલેજ, વિસનગર.	૧. શ્રી. એલ. કે. હજારી (ફક્ત એક વર્ષ માટે
૨. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.	૧. શ્રી. એ. એસ. રાણા ૨. શ્રી. પી. જે. મહેતા
૩. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.	૧. શ્રી. આર. એ. વ્યાસ ૨. શ્રી. એમ. પી. દ્વિવેદી
૪. મહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.	૧. શ્રી. એસ. ટી. ઠાકર ૨. શ્રી. એમ. આર. સંઘવી —
૫. આર. આર. લાલન ઇન્ટરમિડિએટ કૉલેજ, ભૂજ.	શ્રી. જયનારાયણ શુકલ

(ખ) નીચે જણાવેલી કૉલેજના નામ સામે જણાવેલ સ્ટાફના સભ્યની નિમણૂંક મંજૂર કરવામાં નહિ.

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
એમ. એન. કૉલેજ, વિસનગર.	શ્રી. બી. એન. કુલકર્ણી

(ગ) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી "ફોર્મર મેમ્બર" શ્રી. એચ. જી. ગોસ્વામી અંગેના રિપોર્ટની નોંધ લેવી.

૬. **શ્રી. કે. કે. પટણીની કેમિસ્ટ્રીના પ્રોફેસરની જગ્યા માટેની લાયકાત અંગેની તા. ૬-૧૦-૧૯૫૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. કે. પટણી કેમિસ્ટ્રીના પ્રોફેસરની જગ્યા માટે લાયકાત ધરાવતા નથી એમ જવાબ આપવો.

૭. ફાર્મસી કૉલેજમાં થતી નિમણૂંક માટે ઓછામાં ઓછી લાયકાતના નિયમો નક્કી કરવા બાબત.

તિનની લલામણ નીચે મુજબ છે:

Lecturer :

(1) 2nd Class M.Pharm, (where olasses are given at the examination).

Or

(2) 1st Class B.Pharm

Or

(3) 2nd Class B.Pharm and M.Pharm (in the Pass Class), with two years' teaching experience as a Demonstrator.

Or

(4) M.Pharm. (where classes are not given at the examination), with Second Class at the B.Pharm. Examination.

Professor:

(1) D. Litt or D.Sc. (Pharmacy) of this or any other University of repute.

Or

(2) Ph.D. (Pharmacy) of this University, with B.Pharm and M.Pharm. (by papers) both in the Second Class.

Or

(3) Second Class M.Pharm. (by papers) with an additional qualification from a Foreign University of repute, not lower than a 2nd class Honours Degree.

Or

(4) 1st Class M.Pharm. (by papers) of this or any other University of repute or 1st class B.Pharm. of any Foreign University of repute.

Or

(5) Ph.D. (Pharmacy) of this University and 2nd Class B.Pharm with 5 years' teaching experience in Post-Intermediate Classes of an affiliated college.

Or

(6) 2nd Class M.Pharm (by papers) and 2nd Class B.Pharm. with 5 years' teaching experience in Post Interimediate Classes of an affiliated college,

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલી આપવી.

૮. નીચે જણાવેલી ઍફિલિએટેડ કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફારોઃ

૧. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.

૨. એમ. ટી. બી. કૉલેજ, સુરત.

૩. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચ.

૪. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ સ્ટાફમાં થએલ ફેરફારો મંજૂર કરવાઃ

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.	૧. ડૉ. વી. એન. આયર ૨. શ્રી. એન. આર. પટેલ ૩. શ્રી. એચ. પી. સુરાલીવાલા
૨. એમ. ટી. બી. કૉલેજ, સુરત.	શ્રી. સી. આર. ફ્રેસાઇ
૩. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ ભરૂચ.	મીસ એચ. એન. ભોજની
૪. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.	૧. શ્રી. આર. કે. ગાંધી ૨. શ્રી. બી. ટી. ત્રિવેદી ૩. શ્રી. ઇન્દ્રકુમાર શર્મા

પ્રમુખની પરવાનગીથી નીચેની બાબત ઉપર વિચારણા કરવામાં આવી હતીઃ

૯. ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી ફ્રેન્ચના પ્રોફેસર મીસીસ વી. બી. ટાંગાઓનકર એક વર્ષ માટે કૉલેજ છોડી ગયા હોવાથી તેમની જગ્યાએ આસીસ્ટન્ટ લેક્ચરર ઇન ફ્રેન્ચ તરીકે શ્રીમતી રોઝ કે. પરીખની એક વર્ષ માટે નિમણૂંક કરવા માટે આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપલની વિનંતિ મંજૂર કરી શ્રીમતિ રોઝની નિમણૂંકને એક વર્ષ માટે મંજૂરી ખાસ કેસ તરીકે આપવી.

૧૦. નીચે જણાવેલી ઍફિલિએટેડ કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફારો.

૧. બી. જે. ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.

૨. સેંટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે બન્ને કૉલેજોના હવાલથી નીચેની અગાઉના સભ્યો અંગે જણાવેલ બાબતની નોંધ લેવી:

૧. શ્રી. એસ. ભટ્ટાચાર્ય, બી. જે. ઇન્સ્ટિટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.

૨. મીસીસ આઈ. વી. યાર્ડી, સેંટ ઝેવીયર્સ કૉલેજ, અમદાવાદ.

ત્યારબાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

ક. ચ. પરીખ
રજિસ્ટ્રાર

૨-૩૦૧૧-૫૫